મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

# શ્રી જ્ઞાનસાર પ્રકરણ

(ભાગ ૧)

: સંકલન :

પ.પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

પ્રકાશન

શ્રી અનેકાન્તપ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

# શ્રી જ્ઞાનસાર પ્રકરણ

## (અષ્ટક ૧ થી ૧૬)

## (ભાગ ૧)

: સંકલન :

પ.પૂ. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ સ્વ. આ.ભ.શ્રી.વિ.
રામચન્દ્રસૂરીશ્વરજી મ. ના પટ્ટાલંકાર પ.પૂ.સ્વ.આ.ભ.શ્રી.વિ.
મુક્તિચન્દ્ર સૂ.મ. ના શિષ્યરત્ન પ.પૂ. સ્વ. આ.ભ.શ્રી.વિ.
અમરગુપ્તસૂ. મ. ના શિષ્યરત્ન
પ.પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

: પ્રકાશન :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ

: આર્થિક સહકાર :

અ.સૌ. કૈલાસબહેન મનુભાઈની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે
શા. નગીનદાસ કચરાભાઈ પરિવાર
પાલડી-અમદાવાદ

# શ્રી જ્ઞાનસાર પ્રકરણ
## (ભાગ ૧)

આવૃત્તિ : પ્રથમ — વિ.સં. ૨૦૬૩
નકલ : ૧૦૦૦ — શ્રા. સુ. ૧૦

: પ્રાપ્તિસ્થાન :

શા. મુકુંદભાઈ રમણલાલ
૫, નવરત્ન ફ્લેટ્સ
નવાવિકાસગૃહ માર્ગ
પાલડી, અમદાવાદ-૭

પ્રમોદભાઈ છોટાલાલ શાહ
૧૦૨, વોરા આશિષ
પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૯૭

જતીનભાઈ હેમચંદ શાહ
'કોમલ' છાપરીયા શેરી
મહીધરપુરા સુરત-૩

: ફોટો કંપોઝિંગ :
પ્રિંટઑલ પ્રિંટસ્, પૂના-૪૧૧૦૩૭

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे प्रथमं पूर्णताष्टकम्।

## १

અનન્તોપકારી શ્રી અરિહન્તપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ આ 'જ્ઞાનસાર પ્રકરણ' ની રચના કરી છે. પ્રકરણના નામથી એના વિષયનો સામાન્યથી ખ્યાલ આવી જ જાય છે. જ્ઞાન સારભૂત જેમાં છે, એવા પ્રકરણને 'જ્ઞાનસાર' પ્રકરણ કહેવાય છે. તેના દરેક અષ્ટકમાં જણાવેલા અર્થમાં જ્ઞાન જ સારભૂત છે... એ વાત યાદ રાખવી જોઈએ.

આમ પણ સામાન્યથી મોક્ષમાર્ગની સાધનાના માર્ગને જણાવનારા દરેક દર્શનકારોએ જ્ઞાનની પ્રધાનતાને તે તે સમયે વર્ણવી છે. પરન્તુ દરેક દર્શનમાં સાધક વર્ગે જ્ઞાનના વિષયમાં ઔદાસીન્ય સેવવાનું ઉચિત માન્યું છે. એનું કારણ ગમે તે હોય પરન્તુ એ જ્ઞાન પ્રત્યેની ઉપેક્ષા સાથેની મોક્ષની સાધના મોક્ષનું કારણ નહીં બને. સિદ્ધિને જો મેળવી ન આપે તો સાધના નિરર્થક જ બને ને ?

સામાન્ય રીતે આ પ્રકરણમાં વર્ણવેલા તે તે વિષયોમાં, જ્ઞાનની પ્રધાનતાને આંખ સામે રાખીને વિચારણા કરવાનું આવશ્યક છે. જડ અને ચેતન : આ બેનો સંબન્ધ અનાદિનો છે. અત્યન્ત વિરુદ્ધ સ્વભાવવાળાં આ બે તત્ત્વોના ઐક્યથી આપણે આપણા સ્વરૂપનું ભાન ગુમાવ્યું છે. અનાદિની આ અજ્ઞાનદશાનું જ્ઞાન કરાવીને તેને દૂર કરવાના વિશુદ્ધ ઉપાયો આ 'જ્ઞાનસાર' માં વર્ણવ્યા છે. એને સમજતાં પૂર્વે આત્મલક્ષી બનવાનું આવશ્યક છે. માત્ર જડ-પુદ્ગલોની અપેક્ષાની મુખ્યતાએ જીવન જીવવાથી જ્ઞાનની સારતાને સમજવાનું શક્ય નથી.

અનાદિકાળથી આત્મા, પર પદાર્થોમાં જ લીન બની સુખમાં લીન બનવા માટે પ્રયત્નશીલ છે. જ્ઞાનાવરણીયાદિ કર્મોનાં આવરણોને લઈને આપણને આપણા સ્વરૂપનું જ્ઞાન નથી તેમ જ તેના જ્ઞાનની આવશ્યકતા પણ જણાતી નથી. આત્મા પોતાના સ્વરૂપને પરમાર્થથી નિહાળે તો આ જગતમાં કશું જ જોવાનું ન રહે. આત્માને એ રીતે પરપદાર્થની પરિણતિથી દૂર કરી પોતાના સ્વરૂપની રમણતાને પ્રાપ્ત કરાવવાના ઉદ્દેશથી રચાયેલ આ જ્ઞાનસારપ્રકરણની શરૂઆત ગ્રન્થકારશ્રીએ 'પૂર્ણતાષ્ટક' થી કરી છે. આત્માની પૂર્ણઅવસ્થાનો ખ્યાલ ન આવે તો આત્મા પર

પદાર્થમાં લીન બન્યા વિના નહીં રહે - એ સ્પષ્ટ છે. જે જોઈએ છે તે પોતાની પાસે નથી એમ લાગે તો તેને મેળવવા માટે પર પદાર્થને શોધવા પ્રયત્ન થવાનો જ છે, અને ત્યાં સુધી આત્માને પોતાના સ્વભાવનો લાભ થવાની કોઈ જ શક્યતા નથી. તેથી આ પ્રકરણના પ્રથમ અષ્ટક તરીકે 'પૂર્ણતા અષ્ટક' ની રચના છે, જેનો પ્રથમ શ્લોક નીચે જણાવ્યા મુજબનો છે :

**ऐन्द्रश्रीसुखमग्नेन, लीलालग्नमिवाखिलम् ।**
**सच्चिदानन्दपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते ॥१-१॥**

''ઈન્દ્રસંબન્ધી લક્ષ્મીના સુખમાં મગ્ન થયેલા જેમ સમગ્ર જગતને લીલામાં (આનંદ-પ્રમોદમાં) લાગેલું જુએ છે તેમ વાસ્તવિક જ્ઞાનના આનંદથી પૂર્ણ એવા યોગી જનો સમગ્ર જગતને પૂર્ણસ્વરૂપે નીરખે છે.''

આ સંસારમાં પ્રકૃષ્ટ પુણ્યના પ્રભાવે જેમને ઈન્દ્રાદિ સંબન્ધી ઐશ્વર્યનું સુખ પ્રાપ્ત થયું છે, તેવા જીવોને સમગ્ર જગતમાં બધા જ જાણે આનંદપ્રમોદમાં મગ્ન હોય છે - એમ દેખાય છે. પ્રકૃષ્ટ સુખના પરિભોગમાં તેમને જગતના દુઃખનો વિચાર જ આવતો નથી. પેલા રાજપુત્રની વાતમાં આવે છે ને ? કે એકવાર રાજપુત્રે ભિખારીઓને જોયા. મન્ત્રીને પૂછ્યું કે આ લોકો ભીખ કેમ માંગે છે ? મન્ત્રીએ કહ્યું કે રાજાજી ! તેમની પાસે કાંઈ ખાવાનું નથી. એ સાંભળીને રાજપુત્રે કહ્યું કે ખાવાનું ન હોય તો તેઓ ખાજા ખાય. વાત સામાન્ય છે, પરન્તુ તેમાં વિશેષતા છે. સુખમાં લીન બનેલાને બીજાના દુઃખનો સહેજ પણ ખ્યાલ આવતો નથી. સકલ વિશ્વને તેઓ પોતાની કલ્પનાનુસાર લીલાલગ્નસ્વરૂપે જોતા હોય છે.

આવી જ રીતે વાસ્તવિક કોટિના જ્ઞાનના આનંદથી જેઓ પૂર્ણ છે, તેમને આ સમગ્ર જગત પૂર્ણ દેખાય છે. કોઈ પણ સ્થાને કોઈ પણ પ્રકારની ખામી તેમને દેખાતી નથી. કહેવાનો આશય એ છે કે વસ્તુતત્ત્વનું તે તે સ્વરૂપે જ્ઞાન થયા પછી જ્ઞાતાને કોઈ જ કુતૂહલ રહેતું નથી. પોતાની અનુભવાતી સચ્ચિદાનંદની સ્થિતિ આત્માની પૂર્ણતાની અનુભૂતિ કરાવનારી છે. નિત્ય નવા નવા વિષયોનું જ્ઞાન થવાથી અનુભવાતો આનંદ વસ્તુતઃ જ્ઞાનનો આનંદ નથી. બુદ્ધિથી વિષયોને દૂર કરી માત્ર જ્ઞાનને લઈને જે આનંદ અનુભવાય છે, તે સચ્ચિદાનંદ છે. એનો અંશ પણ જો અનુભવવા મળે તો આત્માની પૂર્ણતાનો થોડો પણ ખ્યાલ આવે. આત્માનો મુખ્ય

ગુણ જ્ઞાન છે. પરન્તુ તેના અનુભવથી આનંદ પામવાના બદલે તેના વિષયભૂત પરપદાર્થને લઈને આપણે આનંદ અનુભવીએ છીએ. એટલું જ નહિ, એ માટે સતત પ્રયત્ન પણ કરીએ છીએ. વિચિત્ર છે આ મનોદશા !

શાસ્ત્રકાર પરમર્ષિઓના વચનને અનુસરી થોડું વિચારવાથી સમજાશે કે જડ કે ચેતન દરેક પદાર્થો સ્વસ્વરૂપે પરિપૂર્ણ છે, કોઈ જ અપૂર્ણ નથી. પરપદાર્થો સ્વભાવનું તિરોધાન કરી વિભાવને પ્રાપ્ત કરાવે છે. દરેક પદાર્થનું એવું વાસ્તવિક સ્વરૂપ જાણ્યા પછી વસ્તુમાત્રને પૂર્ણસ્વરૂપે જોવાનું અપ્રતિમ સામર્થ્ય પ્રાપ્ત થાય છે, જેથી આત્મા સ્વસ્વરૂપમાં સ્થિર બને છે અને અખિલ જગતને પૂર્ણસ્વરૂપે જુએ છે.

આ શ્લોકનો અર્થ અન્યત્ર નીચે જણાવ્યા મુજબ કર્યો છે. આત્મિક જ્ઞાનાદિ લક્ષ્મીના સુખમાં મગ્ન બનેલા એવા, જ્ઞાનાદિના આનંદથી પરિપૂર્ણ એવા આત્માઓ સમગ્ર જગતને અવાસ્તવિક પૂર્ણતાની ક્રીડામાં લાગેલાની જેમ જુએ છે. અર્થાત્ કાલ્પનિક પૂર્ણતામાં લાગેલાની જેમ જુએ છે. કારણ કે પરપદાર્થના સંયોગથી પૂર્ણતાને માનનારું સમગ્ર જગત કલ્પનામાં જ રાચી રહ્યું છે.

વસ્તુને વસ્તુસ્વરૂપે જોવા માટે સ્વ-પરના સ્વરૂપને સમજવું જોઈએ. બૌદ્ધિક વિવેકને લઈને એ સમજી શકાય છે. સ્વ-પરની ભિન્નતાને બદલે તેની અભિન્નતાનો ગ્રહ થવાથી વિભાવને સ્વભાવ માની લેવાથી સ્વ-પરનું વાસ્તવિક ભાન થતું નથી, અને તેથી વસ્તુને અપૂર્ણ માનીને તેને પૂર્ણ બનાવવાનો પ્રયત્ન ખરી રીતે તો તદ્દન જ અર્થહીન બની જાય છે. પૂર્ણને પૂર્ણ બનાવવાનું નિરર્થક છે - એ સમજી શકાય છે. સચ્ચિદાનંદથી પૂર્ણ આત્મા સકલ વસ્તુને વાસ્તવિક રીતે પૂર્ણસ્વરૂપે જુએ છે. કારણ કે વસ્તુના સ્વરૂપને તે દેખે છે. પરસ્વરૂપના કારણે જેઓ વસ્તુને પૂર્ણસ્વરૂપે માને છે તે બરાબર નથી. કારણ કે તે પૂર્ણતા ઔપાધિક (અવાસ્તવિક) છે-તે જણાવાય છે :

**पूर्णता या परोपाधेः, सा याचितकमण्डनम् ।**
**या तु स्वाभाविकी सैव, जात्यरत्नविभानिभा ॥१-२॥**

"બીજી (પર) ઉપાધિના કારણે જે પૂર્ણતા છે, તે માંગી લાવેલા અલંકાર જેવી છે. તે પૂર્ણતા જ જો સ્વાભાવિક હોય તો તે ઉત્તમજાતિના અલંકારની શોભા જેવી છે."

અનાદિકાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતાં જ્યારે પણ આપણને થોડી સમજણ મળી, વિચારવાની શક્તિ મળી અને આપણી ઈચ્છાને પૂર્ણ કરવાની થોડી અનુકૂળતા મળી, ત્યારે આપણને જે ઓછું લાગ્યું તે પૂર્ણ કરવા માટે આપણે શક્ય બન્યો એટલો પ્રયત્ન કર્યો. પરન્તુ પૂર્ણતાની વાત તો દૂર રહી, આપણી ઈચ્છા પ્રમાણે પણ આપણે પ્રાપ્ત કરી શક્યા નહિ. જે પણ થોડું મળ્યું એને જ પૂર્ણ માનીને અત્યાર સુધી નભાવ્યું. માની લીધેલી એવી પણ એ પૂર્ણતાનો અંશ પણ વાસ્તવિક નથી. એની અવાસ્તવિકતાનું વર્ણન કરતાં ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં ફરમાવ્યું છે કે આ પર પદાર્થની પ્રાપ્તિને લઈને જણાતી પૂર્ણતા માંગી લાવેલા ઘરેણા જેવી છે.

સામાન્ય રીતે અલંકાર, શરીરની શોભા વધારવા માટે અને આપત્કાળમાં તેને વેચીને પ્રાપ્ત થનારી રકમથી જીવનનો નિર્વાહ કરવા માટે હોય છે. પરન્તુ જ્યારે લગ્નાદિ પ્રસંગે બીજાના અલંકારો લાવીને શરીરને શણગારવાદિનું કાર્ય કરવામાં આવે ત્યારે તે વાસ્તવિક બનતા નથી. કારણ કે એ રીતે અલંકારોનો ઉપયોગ કરનાર સતત ભયભીત હોય છે. અલંકારો, એના માલિકને પાછા આપવાના છે. તૂટી જશે, ચોરાઈ જશે... ઈત્યાદિ ચિન્તાના ભાર નીચે અલંકારોના પરિધાનનો આનંદ જ રહેતો નથી. આ રીતે ઔપાધિક આનંદ વસ્તુતઃ ઉપાધિસ્વરૂપ જ હોય છે.

બસ ! આવું જ ઔપાધિક પૂર્ણતા અંગે બનતું હોય છે. અનાદિકાળથી આ સંસારમાં જીવને સુખાદિની ન્યૂનતા વર્ત્તાય છે. તેની પૂર્ણતા માટે શક્ય પ્રયત્નો કરાયા પછી કર્મના યોગે કેટલીક વાર તે મળી રહે છે. પરન્તુ તે કર્મજન્ય હોવાથી પરોપાધિ-(કર્મસ્વરૂપોપાધિ)જન્ય છે. અવશ્યપણે તેનો વિનાશ થતો હોય છે. આવી સ્થિતિથી આ પૂર્ણતા પણ ઔપાધિક હોવાથી માંગી લાવેલા અલંકાર જેવી છે. એનાથી થોડા સમય માટે પૂર્ણતાનો અનુભવ થાય તોપણ તે તેવા પ્રકારની ચિન્તાથી વ્યાપ્ત હોય છે. જે વસ્તુ પોતાની નથી પણ કર્મે આપી છે તે કર્મ જતાંની સાથે જ જતી રહે - એ સ્પષ્ટ છે. આમ છતાં પરના અલંકારના વિષયમાં જે સમજાય છે તે પરોપાધિજન્ય પૂર્ણતા અંગે સમજાતું નથી - એમાં વિષયોની આસક્તિ મુખ્ય કારણ છે.

સ્વાભાવિક જે પૂર્ણતા આત્માના શુદ્ધ સ્વરૂપે છે, તે તો ઉત્તમકોટિના રત્નની કાન્તિ જેવી છે, એ કર્માદિ પરપદાર્થના સંયોગાદિથી જન્ય નથી, સહજસિદ્ધ છે, અવિનાશી છે અને અપર નિમિત્તથી ઉત્પન્ન થયેલી નથી. ઉત્તમકોટિના રત્નની

વિશેષતા એ છે કે તેનામાં કોઈ પણ પ્રકારના સંસ્કાર કરાય કે ન પણ કરાય, તોપણ તેની કાન્તિ, સુસંસ્કૃત બીજાં રત્નોની કાન્તિ કરતાં પણ વિશિષ્ટ હોય છે. સુસંસ્કૃત સામાન્યરત્ન અને અસંસ્કૃત જાત્યરત્ન : એ બંન્નેની કાંતિમાં જે ફરક છે તે સમજી શકનારા સ્વાભાવિક પૂર્ણતા અને પરૌપાધિક પૂર્ણતા : એ બંન્નેમાં જે ફરક છે, તેને સારી રીતે સમજી શકે છે. પરન્તુ જન્મ-જન્મના પ્રગાઢ સંસ્કારો આ પરૌપાધિક પૂર્ણતા તરફથી નજરને ખસવા દેતા નથી. તેથી સ્વાભાવિક જ્ઞાનાદિગુણોની પરિપૂર્ણતાનો આત્માને વિચાર પણ આવતો નથી. પૂર્ણતાનું વાસ્તવિક સ્વરૂપ સ્પષ્ટ હોવા છતાં અવાસ્તવિક પૂર્ણતાની પ્રતીતિ કેમ થાય છે - તે જણાવવા સાથે વાસ્તવિક પૂર્ણતાનો અનુભવ કરનારા આત્માનું સ્વરૂપ જણાવાય છે :

**अवास्तवी विकल्पैः स्यात्, पूर्णताब्धेरिवोर्मिभिः ।**
**पूर्णानन्दस्तु भगवान्, स्तिमितोदधिसन्निभः ।।१-३।।**

''સમુદ્રના તરઙ્ગો જેવા વિકલ્પોથી પૂર્ણતા વાસ્તવિક કોટિની નથી હોતી. જ્યારે પૂર્ણ આનંદવાળા ભગવાન તરંગ વિનાના શાન્ત સમુદ્ર જેવા છે.''

સમુદ્રમાં જ્યારે તરંગો ઊછળતા હોય છે, ત્યારે તે પૂર્ણ દેખાય છે પરન્તુ તે વાસ્તવિક નથી, એવી જ રીતે વિકલ્પોના કારણે જે પૂર્ણતા અનુભવાય છે તે પણ વાસ્તવિક નથી. તરંગો ઊંચે ને ઊંચે ઊછળતા હોવાથી સમુદ્રનું પાણી ચિકાર છે, સમુદ્રમાં સમાતું નથી અને તે પાણીથી પરિપૂર્ણ છે - એમ જણાતું હોય છે. પરન્તુ તે સાચું હોતું નથી. એવી રીતે વિકલ્પોને લઈને જે પૂર્ણતા અનુભવાય છે, તે પણ વાસ્તવિક નથી. ક્ષણે ક્ષણે ઉદ્ભવતા વિકલ્પોના કારણે જ્યારે પણ તેને પરવશ થઈને થનારા પ્રયત્નાદિથી તે તે વિષયોની પ્રાપ્તિ થાય છે, ત્યારે આત્માને એમ જ લાગે છે કે-મને જે મળ્યું છે તે પૂર્ણ છે. આ પૂર્ણતા ઔપાધિક છે. કારણ કે મળેલા વિષયોની હાનિ થાય છે, ત્યારે આત્માને પાછો અપૂર્ણતાનો અનુભવ થાય છે. વિષયોની પ્રાંપ્તિ અને હાનિના કારણે થનારો પૂર્ણતા અને અપૂર્ણતાનો અનુભવ વાસ્તવિક નથી. આત્માની સાથે જેને કશો જ સંબન્ધ નથી, તેની પ્રાપ્તિ અને હાનિથી અનુભવાતી પૂર્ણતા અને અપૂર્ણતાને વાસ્તવિક માનવાનું ખૂબ જ વિચિત્ર છે. આ અજ્ઞાનની અવસ્થાને દૂર કરવાનું ખૂબ જ અઘરું છે. વસ્તુની ઊણપ સાલે તો તેની ઈચ્છા થવાની છે જ અને તેથી તેની પૂર્તિમાં જ પૂર્ણતા દેખાશે, જે અવાસ્તવિક છે. આજ સુધી આપણે એ અવાસ્તવિક પૂર્ણતાને અનુસરી વસ્તુઓને

ભેગી કરવા માટે પ્રયત્ન કરવામાં કોઈ જ કચાશ રાખી નથી. આત્માના પૂર્ણ સ્વભાવના આવિર્ભાવ માટે થોડો પણ વિચાર કર્યો નથી. આ અષ્ટક આપણને એ અંગે દિશાસૂચન કરે છે.

અવાસ્તવિક પૂર્ણતા વિકલ્પપ્રેરિત છે. સામાન્ય રીતે વસ્તુની ન્યૂનતાને દૂર કરવા માટેની વિચારણા અહીં વિકલ્પ છે. શરીરાદિ પરપદાર્થથી અતિરિક્ત આત્માને જોનારાને કોઈ જ વસ્તુની ન્યૂનતા જણાતી નથી. આત્માને જે વસ્તુની પ્રાપ્તિ થઈ નથી, તેની ખરેખર જ તેને જરૂર નથી અને જે વસ્તુની પ્રાપ્તિ થઈ છે, તેની સાથે આત્માને કશું જ લાગતું વળગતું નથી - આવી જેની મનોદશા છે, તેને વિકલ્પનો સંભવ નથી. વિકલ્પરહિત એવા તે આત્માઓ નિસ્તરંગ સમુદ્ર જેવા શાન્ત અને ગંભીર હોય છે. જ્ઞાનાદિગુણોના નિધાન એવા તે પૂર્ણાનન્દનો અનુભવ કરે છે. જેને કશું જ જોઈતું નથી અને જે છે તે જેને નકામું લાગે છે તેના આનંદની કોઈ સીમા નથી. આવા નિરવધિ આનંદની અનુભૂતિ માટે મુખ્યપણે જ્ઞાનદષ્ટિ કામ કરે છે - તે જણાવાય છે :

**जागर्ति ज्ञानदृष्टिश्चेत्, तृष्णाकृष्णाहिजाङ्गुली ।**
**पूर्णानन्दस्य तत् किं स्याद्, दैन्यवृश्चिकवेदना ? ॥१-४॥**

"તૃષ્ણાસ્વરૂપ કૃષ્ણ સર્પને દૂર કરવા માટે જાંગુલીસમાન જ્ઞાનદષ્ટિ મળે તો, પૂર્ણ આનંદના સ્વભાવવાળાને દીનતાસ્વરૂપ વીંછીની વેદના કઈ રીતે થાય ?"

અવાસ્તવિક પૂર્ણતાનું કારણ વિકલ્પો છે અને વિકલ્પોનું કારણ તૃષ્ણા છે. વિષયોની ભોગેચ્છાને તૃષ્ણા કહેવાય છે. જીવન ટકાવવા માટેની વિષયેચ્છા અને સુખ ભોગવવાની ઈચ્છા : એ બેમાં જે ભેદ છે, એવો ભેદ ઈચ્છા અને તૃષ્ણામાં છે. તૃષ્ણાને પરવશ થયેલા જીવોને અનેકાનેક વિકલ્પોમાં જીવન વીતાવવું પડતું હોય છે. પરન્તુ વિચિત્રતા તો એ છે કે તૃષ્ણાધીન જીવોને એનું સહેજ પણ દુઃખ હોતું નથી. સકલ વિકલ્પોનું કારણ તૃષ્ણા છે. તૃષ્ણામૂલક બધા વિકલ્પો છે. 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' ગ્રન્થમાં અશેષ દોષની જનની અને નિઃશેષગુણોની ઘાતિની તરીકે તૃષ્ણાને વર્ણવી છે. સ્વરૂપથી શુદ્ધ-બુદ્ધાદિ સ્વરૂપ આત્માને પણ, પર વસ્તુમાં આત્મીયતાની બુદ્ધિ થવાથી તૃષ્ણા થતી હોય છે. એવી આત્મીયતાની બુદ્ધિ થવાનું કારણ એક પ્રકારનું અજ્ઞાન છે, જે જ્ઞાનદષ્ટિના આવિર્ભાવથી દૂર થાય છે.

આ શ્લોકમાં તૃષ્ણાને કાળા સર્પની ઉપમા આપી છે. સામાન્ય સાપના ઝેરની અપેક્ષાએ કાળાસર્પનું ઝેર ખૂબ જ ભયંકર હોય છે. તેનું ઝેર લગભગ જાંગુલી વિદ્યાના પ્રયોગથી ઊતરતું હોય છે. અહીં તૃષ્ણાસ્વરૂપ કાળા સર્પનું ઝેર ઉતારવા માટે જાંગુલી વિદ્યાસમાન જ્ઞાનદૃષ્ટિ જ ઉપાયભૂત છે. શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા પરમતારક વચનના પરિશીલનથી આત્માને શરીરાદિ પરપદાર્થોમાં આત્મીયતાનું જ્ઞાન થતું નથી. ભૂતકાળમાં થયેલા એ જ્ઞાનમાં ભ્રમત્વનો ખ્યાલ આવે છે, તેથી પ્રાયઃ તેની તૃષ્ણા થતી નથી. આમ પણ અનુભવની વાત છે કે આપણે જેને આપણી ગણતા નથી એ વસ્તુ ગમે તેટલી સારી હોય તોપણ તેની પ્રત્યે આપણને ખાસ મમત્વ કે તૃષ્ણા રહેતી નથી. પરન્તુ જેની પ્રત્યે આપણાપણાની બુદ્ધિ છે, તે વસ્તુ ગમે તેવી હોય તોપણ તેની પ્રત્યે આપણને ઠીક ઠીક મમત્વાદિ હોય છે. શ્રીવીતરાગપરમાત્માના વચનના પરિજ્ઞાનથી જ્યારે શરીરાદિ પર પદાર્થોમાં આત્મીયતાની બુદ્ધિ નાશ પામે છે અને તેમાં પરત્વની બુદ્ધિ થાય છે, ત્યારે જ્ઞાન-દૃષ્ટિ પ્રાપ્ત થાય છે, જેથી તૃષ્ણાનો અન્ત થાય છે. જેટલા પણ અંશમાં મિથ્યાત્વાદિની મંદતાદિથી જ્ઞાનદૃષ્ટિનો પ્રાદુર્ભાવ થાય છે, તેટલા અંશમાં તૃષ્ણા દૂર થતી હોય છે.

આ રીતે તૃષ્ણા દૂર થવાથી આત્માને સ્વાભાવિક આનંદનો અનુભવ થાય છે. પર પદાર્થની પ્રાપ્તિમાં જ્યારે પણ આનંદ થતો હોય છે, ત્યારે જે પર પદાર્થો પોતાની પાસે ન હોય તે પર પદાર્થોની અપેક્ષાઓ હોવાથી આત્માને દીનતાસ્વરૂપ વીંછીઓની વેદના અનુભવવી પડતી હતી. એક રીતે વિચારીએ તો સમજાશે કે દીનતાજેવું કોઈ દુઃખ નથી. અપેક્ષા મુજબ મળે નહિ, માંગવું પડે અને માંગ્યા પછી પણ મળે તો તિરસ્કારપૂર્વક મળે, આવી સ્થિતિમાં આનંદ ક્યાંથી આવે ? તૃષ્ણાને દૂર કરનારી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થવાથી પરપદાર્થની અપેક્ષા જ રહેતી નથી. તેથી દીનતાનો સંભવ જ નથી. પૌદ્ગલિક(સાંયોગિક) આનંદમાં વીંછીની વેદના સ્વરૂપ દીનતા રહેલી છે. અપેક્ષા દુઃખરૂપ છે. કશું જ જોઈતું નથી-એ ભાવનામાં આનંદ ઘણો છે. દૈન્યનો અંશ પણ નથી. દૈનિક જીવનમાં પણ આપણને નિરપેક્ષતાના આનંદનો અનુભવ થતો જ હોય છે. પરન્તુ પૌદ્ગલિક તૃષ્ણા એ આનંદના અનુભવને સ્થિર થવા દેતી નથી. જેથી પરપદાર્થની ન્યૂનતાને દૂર કરવા તેની પૂર્ણતા માટે આપણે પ્રયત્ન કરવામાં તત્પર બની જઈએ છીએ. જે વસ્તુતઃ ઔપાધિક પૂર્ણતા છે, વાસ્તવિક નથી. વાસ્તવિક પૂર્ણતા વસ્તુની પ્રાપ્તિમાં નથી, પરન્તુ તેની ઉપેક્ષામાં છે - તે જણાવાય છે :

**पूर्यन्ते येन कृपणास्तदुपेक्षैव पूर्णता ।**
**पूर्णानन्दसुधास्निग्धा, दृष्टिरेषा मनीषिणाम् ॥१-५॥**

''જેનાથી કૃપણ લોકો પૂર્ણ થાય છે તેની ઉપેક્ષા જ પૂર્ણતા છે - આ બુદ્ધિશાળીઓની પૂર્ણ આનંદ સ્વરૂપ અમૃતથી સ્નિગ્ધ એવી દષ્ટિ છે.''

ભવાભિનંદી જીવો ક્ષુદ્ર હોય છે. શાસ્ત્રીય પરિભાષામાં ક્ષુદ્ર જીવોને કૃપણ તરીકે વર્ણવ્યા છે. તુચ્છ-બુદ્ધિવાળા જીવો ક્ષુદ્ર-કૃપણ હોય છે. પોતાનું બચાવીને ભોગવવાની વૃત્તિ : એ કૃપણતા છે. પોતાની પાસે વસ્તુ હોવા છતાં તેને રાંખી મૂકવી અને વાપરવી નહિ - એ એક પ્રકારની કૃપણતા છે. આવી કૃપણતાને ધારણ કરનારા જીવો ખૂબ જ ઉત્કટ એવું અન્તરાયકર્મ બાંધતા હોય છે. પુણ્યથી પ્રાપ્ત થયેલી મન વચનકાયાની શક્તિ અને અર્થકામાદિ બાહ્ય સામગ્રીને ધર્મકાર્ય માટે વાપરવાનું મન થાય નહિ - એનું કારણ પણ કૃપણતાસ્વરૂપ દોષ છે. તે દોષના કારણે આત્માને ગાઢ એવા વીર્યાન્તરાયકર્મનો બંધ થાય છે. પરન્તુ ભવાભિનન્દી એવા જીવોને એની કોઈ ચિન્તા હોતી નથી. તેઓ માત્ર સામગ્રીનો સંચય કરવામાં જ તત્પર હોય છે. એ માટે પોતાના મનવચનકાયાની શક્તિનો તેઓ પૂરતો ઉપયોગ કરતા હોય છે. અહીં મમ્મણ શેઠનો વૃત્તાન્ત યાદ રાખવા જેવો છે. મૂશળધાર વરસાદમાં ઘોર અંધારી મધ્યરાત્રિએ બે કાંઠે વહેતી નદીના પ્રવાહમાં કાષ્ઠ લેવા માટે તેઓ પડ્યા હતા. શ્રેણિક મહારાજાએ તપાસ કરાવી તો ખબર પડી કે રત્નોના પોતે બનાવેલા બળદનાં શિંગડાં પૂર્ણ કરવા માટે તેમ કર્યું હતું. વસ્તુસ્થિતિ તો એ હતી કે શ્રેણિકમહારાજાનો સમગ્ર ભંડાર પણ આપી દેવામાં આવે તો ય તેમના બળદનાં શિંગડાં પૂરાં થાય એવાં ન હતાં. આટલી સમ્પત્તિ હોવા છતાં માત્ર તેલ અને ચોળા ખાઈને જીવનાર મમ્મણશેઠ એ રીતે પરિગ્રહ મેળવતા હતા. આથી સામાન્ય રીતે ક્ષુદ્ર-કૃપણ માણસો કેવા હોય છે તેનો ખ્યાલ આવી શકે છે.

આવા ક્ષુદ્ર માણસો જે પરિગ્રહથી પૂર્ણ થાય છે, તે પરિગ્રહની ઉપેક્ષા કરીને બુદ્ધિશાળી આત્માઓ પોતાને પૂર્ણ માને છે. આવી પરિગ્રહની ઉપેક્ષા કરવાથી તેમને પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે. તેથી પૂર્ણાનંદસ્વરૂપ અમૃતથી સ્નિગ્ધ એવી અભ્યન્તર દષ્ટિએ બુદ્ધિમાન આત્માઓ પરિગ્રહની ઉપેક્ષાને જ પૂર્ણતા માને છે. વિષયની પ્રાપ્તિમાં ઈચ્છાની પૂર્ણતાને માનવાનું કામ મૂર્ખ માણસો કરે છે. તાત્ત્વિક વિચારણાને કરનારા વિષયોની ઉપેક્ષામાં પૂર્ણતાને સમજે છે. ઈચ્છાની પૂર્તિ : એ

પૂર્ણતા નથી. પરન્તુ ઈચ્છાનો અન્ત-એ પૂર્ણતા છે. એ પૂર્ણતા જ આત્માને પૂર્ણ આનંદનો અનુભવ કરાવે છે. પરપદાર્થોની પ્રાપ્તિથી પૂર્ણતા પ્રગટતી નથી. અત્યાર સુધીમાં અનંતીવાર એવી પરપદાર્થની પ્રાપ્તિ થઈ. પરન્તુ આત્માનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ ન થયું - એ સ્પષ્ટ છે. એનો વિચાર કર્યા વિના અપૂર્ણતાને દૂર કરવા જ્યારે પણ પરપદાર્થની પ્રાપ્તિ દ્વારા પૂર્ણ થવાનો પ્રયત્ન કર્યો ત્યારે પરિણામે તો પરપદાર્થોની હાનિ જ થઈ છે... ઈત્યાદિ જણાવાય છે :

**अपूर्णः पूर्णतामेति, पूर्यमाणस्तु हीयते ।**
**पूर्णानन्दस्वभावोऽयं, जगदद्भुतदायकः ॥१-६॥**

"અપૂર્ણ પૂર્ણતાને પ્રાપ્ત કરે છે અને જેને પૂર્ણ કરાય છે તે ઓછો (ક્ષીણ) થાય છે. આ પૂર્ણાનન્દનો સ્વભાવ, જગતમાં અદ્‌ભુત વસ્તુઓને આપનારો છે." ઔપાધિક - વિષયોની પ્રાપ્તિથી પોતાને પૂર્ણ માનનારા ક્યારે ય પૂર્ણ થતા નથી. ઈન્દ્રાદિ દેવતાઓ હોય કે ચક્રવર્તી વગેરે મહારાજાઓ હોય, દરેકને પોતાના પુણ્ય મુજબ જ થોડા સમય માટે થોડીઘણી સામગ્રી મળી રહે. પરન્તુ બધાને બધું જ કાયમ માટે મળી રહે - એવું તો ન જ બને. એટલે પૌદ્‌ગલિક દૃષ્ટિએ પૂર્ણતાનો અવકાશ જ નથી. માની લીધેલી પૂર્ણતાનો અવશ્ય નાશ થવાનો જ છે. આ રીતે બાહ્ય પૌદ્‌ગલિક દષ્ટિએ પૂર્ણતાની હાનિ જ છે. આત્મિક દષ્ટિએ તો એ જીવોને એવી પૂર્ણતાનો વિચાર પણ આવતો નથી. તેથી વાસ્તવિક પૂર્ણતાનો પણ તેમને સંભવ નથી. જેમને વાસ્તવિક પૂર્ણતાનો ખ્યાલ છે એવા આત્માઓ જ વાસ્તવિક રીતે પૂર્ણતાને પ્રાપ્ત કરે છે.

પુણ્યયોગે ગમે તેટલું મળે તોપણ વાસ્તવિક રીતે પોતાને જેઓ અપૂર્ણ માને છે - એવા આત્માઓ ચોક્કસ જ પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. અપૂર્ણ પૂર્ણ બને છે અને પોતાને પૂર્ણ માનનાર હીન થાય છે. અદ્‌ભુત છે વાત. પર પદાર્થથી પોતાને પૂર્ણ બનાવવામાં આત્મગુણોની હાનિ થાય છે અને આત્મગુણોમાં પૂર્ણ આનંદને અનુભવનારા આત્માના શુદ્ધ સ્વભાવને પ્રગટ કરી આત્મગુણોથી સદાને માટે પૂર્ણ બને છે. પૂર્ણાનન્દ સ્વભાવનો આ એક ચમત્કાર છે. આ રીતે પૂર્ણાનન્દસ્વભાવ જગતને અદ્‌ભુત - ચમત્કારનું પ્રદાન કરે છે. પૂર્ણાનન્દ સ્વભાવને લઈને આત્મગુણોથી પૂર્ણ બન્યા પછી બાહ્ય પર પદાર્થને લઈને અપૂર્ણ હોવા છતાં એ આત્માઓને ન્યૂનતા(ઓછાપણું) જણાતી નથી તે જણાવાય છે :

**परस्वत्वकृतोन्माथा, भूनाथा न्यूनतेक्षिणः ।**
**स्वस्वत्वसुखपूर्णस्य न्यूनता न हरेरपि ॥१-७॥**

''પરવસ્તુમાં પોતાપણાની બુદ્ધિ કરવાથી ઉન્મત્ત એવા પૃથ્વીના નાથ (રાજાદિ), પોતાને હીન-ન્યૂન માને છે. પોતામાં પોતાપણાની બુદ્ધિ કરવાથી સુખપૂર્ણ આત્મા પોતાની જાતને ઇન્દ્ર કરતાં પણ ઓછી માનતો નથી.''

આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણોને છોડીને શરીરાદિ બધા જ પર પદાર્થો છે. કર્મના યોગે એ પરપદાર્થોનો યોગ આત્માને થયેલો છે. જે વસ્તુ વસ્તુતઃ આત્મસ્વરૂપ નથી, તેમ જ આત્માની પોતાની પણ નથી પરન્તુ અનાદિના ગાઢ સંપર્કના કારણે તે શરીરાદિ પર પદાર્થને આત્મસ્વરૂપ અને આત્મીય સ્વરૂપ આપણે માનતા રહ્યા છીએ. આ અજ્ઞાનદશા ખૂબ જ ગહન છે. આવી અજ્ઞાનાવસ્થામાં વિવશ બનેલા વિવેકહીન આત્માઓ પરવસ્તુમાં પોતાપણા(સ્વત્વ)ની બુદ્ધિ કરવાના કારણે ઉન્માદ(ચિત્તભ્રમ)ને પ્રાપ્ત કરે છે. તેવી અવસ્થાને પામેલા પૃથ્વીના નાથ હોય તો ય પોતાની જાતને ન્યૂન જુએ છે. બીજાની પાસે ઘણું છે અને મારી પાસે કાંઈ નથી - આવી બુદ્ધિના કારણે તેઓ નિરન્તર દીન બની દુઃખનો અનુભવ કરતા હોય છે.

એનાથી તદ્દન જ વિપરીત રીતે જે આત્માઓ અજ્ઞાનને દૂર કરી સ્વ(પોતા)માં જ સ્વત્વ(પોતાપણા)નું જ્ઞાન કરે છે, તેઓને યથાર્થજ્ઞાન થવાથી ઉન્માદની પ્રાપ્તિ થતી નથી. પરન્તુ પરમસ્વસ્થતાનો અનુભવ થવાથી તેઓ સુખથી પૂર્ણ બને છે. તથાપ્રકારના કર્મના ઉદયના અભાવે પોતાની પાસે કાંઈ પણ ન હોય તોપણ તેમને ઈન્દ્ર કરતાં પણ પોતાની પાસે ઓછું લાગતું નથી. અર્થાદ્ ઈન્દ્રાદિ દેવોની અપેક્ષાએ તેઓ પોતાને અધિક સુખી માને છે. જેમને કશું જ જોઈતું નથી, તેમને કશું ઓછું ન જ લાગે - એ સ્પષ્ટ છે. ઉપાધિ 'જોઈએ છે' તેની છે, 'નથી' તેની ઉપાધિ જ નથી. વસ્તુ હોવા છતાં માણસને દુઃખ છે અને વસ્તુ ન હોવા છતાં યોગીજનોને સહેજ પણ દુઃખ નથી, પૂર્ણ સુખ છે. શ્રીનમિરાજર્ષિને સ્વમાં સ્વત્વની બુદ્ધિ થવાથી તેઓ પરમ સુખી હતા અને વાસ્તવિક પૂર્ણતાને પ્રાપ્ત કરનારા તેઓ થયા હતા. 'મારું મારી પાસે છે. જે મારી પાસે નથી તે મારું નથી...' ઇત્યાદિ ભાવનાથી ભાવિત બન્યા વિના આત્માની પૂર્ણતાનો અનુભવ નહિ થાય. આવી પૂર્ણતાને પ્રગટ કરવાની યોગ્યતા જે કાળે થાય છે, તે જણાવાય છે :

**कृष्णे पक्षे परिक्षीणे, शुक्ले च समुदञ्चति ।**
**द्योतते सकलाध्यक्षा, पूर्णानन्दविधोः कला ॥१-८॥**

''કૃષ્ણ પક્ષ ક્ષીણ થયે છતે અને શુક્લ પક્ષનો ઉદય થયે છતે પૂર્ણાનન્દ સ્વરૂપ ચન્દ્રમાની સકલ જનને પ્રત્યક્ષ એવી કલા પ્રકાશિત થાય છે.''

સર્વજનપ્રસિદ્ધ વાત છે કે દરેક મહિનામાં બે પક્ષ હોય છે. એમાંથી કૃષ્ણ પક્ષ પૂર્ણ થયા પછી શુક્લપક્ષનો ઉદય થયે છતે ચન્દ્રમાની કલાનો ઉદય થાય છે. જે અનુક્રમે વધતા વધતા પૂનમના દિવસે સોળે કલાએ ખીલે છે. આવી જ રીતે પૂર્ણ આનંદ સ્વરૂપ ચન્દ્રમાની કલા પણ કૃષ્ણ પક્ષનો ક્ષય થયા પછી શુક્લ પક્ષનો ઉદય થયે છતે ઉદય પામે છે. સામાન્ય રીતે ચરમાવર્તકાળની પૂર્વેના કાળને કૃષ્ણ પક્ષનો કાળ કહેવાય છે. તેમાં રહેલા જીવોને કૃષ્ણપાક્ષિક કહેવાય છે. અસંખ્યાત વર્ષોના કાળથી એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી કાળ થાય છે. એક ઉત્સર્પિણી અને અવસર્પિણીથી એક કાળચક્ર થાય છે. આવાં અનન્તાં કાળચક્રોનો એક પુદ્ગલ પરાવર્તકાળ થાય છે. આજ સુધીમાં આવા અનન્તાનન્ત પુદ્ગલપરાવર્તો આ સંસારમાં આપણા વીત્યા છે. મોક્ષે જતાં પૂર્વેના એક પુદ્ગલપરાવર્તને ચરમાવર્તકાળ કહેવાય છે. જે જીવો ક્યારે પણ મોક્ષમાં જવાના નથી, તેમના માટે ચરમાવર્તકાળની વાત નથી. પરન્તુ જે જીવો જ્યારે મોક્ષમાં જવાના હોય તે કાળની પૂર્વેના એક પુદ્ગલપરાવર્તને ચરમાવર્ત કહેવાય છે. જેને શાસ્ત્રીયપરિભાષામાં ધર્મનો યૌવનકાળ કહેવાય છે. આ કાળમાં જ જીવને સદનુષ્ઠાનાદિની પ્રાપ્તિ થાય છે. આ કાળમાં દરેકને સદનુષ્ઠાનની પ્રાપ્તિ થાય જ, એવો નિયમ નથી. પરન્તુ સદનુષ્ઠાનની પ્રાપ્તિ કોઈને પણ થાય તો ચરમાવર્ત્તવર્તી શુક્લપાક્ષિક જીવોને જ થાય - આ નિયમ છે. કૃષ્ણપાક્ષિક (અચરમાવર્તવર્ત્તી) જીવોને, ધર્મ કરે તોપણ તેના ફળની પ્રાપ્તિ થતી નથી. એ કાળમાં તે જીવોમાં એવી યોગ્યતા હોતી નથી. કર્મની સ્થિતિ લઘુ થવા છતાં તેવી સ્થિતિનો ઉપયોગ કરી લેવાની ક્ષમતા કૃષ્ણપાક્ષિક જીવોમાં હોતી નથી.

છેલ્લા પુદ્ગલપરાવર્ત્તમાં રહેલા શુક્લપાક્ષિક આત્માઓનાં સામાન્ય લક્ષણોનું વર્ણન કરતાં 'યોગબિન્દુ'માં ફરમાવ્યું છે કે - દુઃખીઓને વિશે અત્યન્ત દયાનો પરિણામ, વિદ્યાદિગુણોવાળા આત્માઓ પ્રત્યે દ્વેષનો અભાવ અને સામાન્યથી સર્વત્ર ઔચિત્યપૂર્ણ વર્ત્તન : આ ચરમાવર્ત્તવર્તી જીવોનું લક્ષણ છે. એ લક્ષણોથી, ચરમાવર્ત કાળની પ્રાપ્તિ થઈ છે કે નહિ-તે સામાન્યથી જાણી શકાય છે. અન્યત્ર, અર્ધ પુદ્ગલ

પરાવર્તકાળથી વધારે કાળ આ સંસારમાં રહેવાનું ન હોય એવા જીવોને શુક્લપાક્ષિક તરીકે વર્ણવ્યા છે. આવા જીવોને જ પૂર્ણતાસ્વરૂપ ચન્દ્રમાની કલાની પ્રાપ્તિ થાય છે.

કહેવાનો આશય એ છે કે આત્માના શુદ્ધ સ્ફટિક જેવા નિર્મળ સ્વરૂપની પ્રાપ્તિથી જ વાસ્તવિક પૂર્ણતા પ્રાપ્ત થાય છે. પર (શરીર-વિષયો) પદાર્થની પ્રાપ્તિથી આત્માને પૂર્ણતાનો અંશ પણ પ્રાપ્ત થતો નથી. પરની પ્રાપ્તિથી આત્માને પૂર્ણ માનવાનું મોહ-અજ્ઞાનમૂલક છે. આ અજ્ઞાનાવસ્થાને દૂર કરી આત્માને પૂર્ણ બનાવવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા.....

**।। इति श्रीज्ञानसारप्रकरणे पूर्णताष्टकम् ।।**

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे द्वितीयं मग्नताष्टकम् ।
# २

આ પૂર્વે આત્માની પૂર્ણતાના સ્વરૂપનું વર્ણન કર્યું. સાથે સાથે તેને પામવાના ઉપાયનું પણ સામાન્યથી નિરૂપણ કર્યું. પરન્તુ જ્યાં સુધી આત્મા સ્વગુણોમાં મગ્ન ન બને ત્યાં સુધી આત્માને પૂર્ણતાની પ્રાપ્તિ નહિ થાય. તેથી હવે 'મગ્નતા' નું સ્વરૂપ વર્ણવાય છે.

**प्रत्याहृत्येन्द्रियव्यूहं समाधाय मनो निजम् ।**
**दधच्चिन्मात्रविश्रान्तिर्मग्न इत्यभिधीयते ।।२-१।।**

"ઇન્દ્રિયોના સમુદાયને વિષયોથી નિવૃત્ત કરીને અને પોતાના મનને સમાધિ-યુક્ત કરીને જ્ઞાનમાત્રમાં વિશ્રાન્તિને ધારણ કરનાર આત્માને 'મગ્ન' કહેવાય છે." સામાન્યથી મગ્નતાનો અર્થ આપણે જાણીએ છીએ. પોતાને જે ઇષ્ટ છે, તેને છોડીને બીજે ચિત્ત જાય નહિ અને માત્ર ઇષ્ટ વિષયમાં જ જેનું ચિત્ત લાગી રહે છે, તે વિષયમાં તેને મગ્ન કહેવાય છે. આવી મગ્નતાની વાત લગભગ દરેક સ્થાને પ્રસિદ્ધ છે. પરન્તુ એવી મગ્નતાની અહીં વાત નથી. આત્માના ગુણ સ્વરૂપ માત્ર જ્ઞાનમાં જ જેમનું મન વિશ્રાન્ત છે, તેમને અહીં મગ્ન તરીકે વર્ણવ્યા છે. એ મગ્નતાને પામવા માટે ઇન્દ્રિયોનો પ્રત્યાહાર કરવો જોઈએ અને મનની સમાધિ પ્રાપ્ત કરવી જોઈએ.

યોગનાં આઠ અંગોમાં 'પ્રત્યાહાર' પાંચમું અઙ્ગ છે. આઠ યોગની દષ્ટિઓમાં પાંચમી સ્થિરાદષ્ટિ છે. એ દષ્ટિમાં પ્રત્યાહારની પ્રાપ્તિ થતી હોય છે. યોગદષ્ટિસમુચ્ચયમાં પ્રત્યાહારનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે **"स्वविषयाऽसम्प्रयोगे स्वचित्तस्वरूपानुकारी चेन्द्रियाणां प्रत्याहारः"** – પોતાના વિષયને ગ્રહણ કરવાના અભાવમાં પોતાના ચિત્તના સ્વરૂપનું અનુકરણ કરનારો, ઇન્દ્રિયોનો પ્રત્યાહાર છે. સ્થિરાદષ્ટિમાં યોગીને વિષયોની વિરસતાનું જ્ઞાન હોવાથી તે ઇન્દ્રિયોને વિષયગ્રહણમાં પ્રવર્ત્તાવતા નથી. તેથી વિષયોમાં ઇન્દ્રિયોની પ્રવૃત્તિ થતી ન હોવાથી ઇન્દ્રિયો પોતાના ચિત્તને જ અનુસરે છે. આમ પણ ઇન્દ્રિયો પોતાના ચિત્તનું જ અનુકરણ કરતી હતી. યોગના ચોથા અઙ્ગરૂપે પ્રાણાયામની પ્રાપ્તિ થવાથી યોગીનું

ચિત્ત સ્થિરતાને પ્રાપ્ત કરે છે. સ્થિરચિત્ત વિષયોથી વિમુખ થવાથી વિષયગ્રહણમાં તે પ્રવર્તતું નથી. તેથી તેને અનુસરનારી ઈન્દ્રિયો પણ વિષયગ્રહણમાં પ્રવૃત્ત થતી નથી. ચિત્તના નિરોધની જેવો જ ઈન્દ્રિયોનો નિરોધ છે. એ ઇન્દ્રિયોના નિરોધ સ્વરૂપ અહીં ઇન્દ્રિયોનો પ્રત્યાહાર છે. ચિત્ત ઇન્દ્રિયો અને વિષયો વિદ્યમાન હોવાથી ઇન્દ્રિયો વિષયોનું ગ્રહણ કરતી જ રહેવાની છે. પરન્તુ 'વિષયોનું ગ્રહણ અહીં પ્રત્યાહારમાં થતું નથી.' - આ પ્રમાણે જણાવવાનું તાત્પર્ય એ છે કે - વિષયોના વિકાર સાથે ઈન્દ્રિયો જોડાતી નથી. ચિત્ત નિરુદ્ધ હોવાથી અહીં સારા કે ખરાબ, અનુકૂળ કે પ્રતિકૂળ રૂપે વિષયનું ગ્રહણ થતું નથી. ઈષ્ટ કે અનિષ્ટાદિ સ્વરૂપ વિકલ્પાદિથી ઉત્પન્ન ધર્મોથી રહિત વિષયોનું અહીં ગ્રહણ હોવાથી વિષયોના વિકારનું ગ્રહણ થતું નથી. ઇષ્ટત્વાદિ ધર્મો વિષયના નથી. મનની કલ્પનાથી વિષયમાં આરોપિત છે. ઇન્દ્રિયોના પ્રત્યાહારમાં, આરોપિત ધર્મથી સહિત વિષયોનું ગ્રહણ થતું નથી.

આ પ્રમાણે ઇન્દ્રિયોનો 'પ્રત્યાહાર' કરીને અને મનમાં સમાધિને ધારણ કરીને માત્ર જ્ઞાનમાં વિશ્રાન્ત બનેલા યોગીને મગ્ન કહેવાય છે. સમાધિ, ધ્યાનવિશેષ છે, જે ધ્યાનના ફળ સ્વરૂપે પણ વર્ણવાય છે. જ્ઞાનાદિસ્વરૂપ આત્મગુણોથી બીજી કોઈ પણ વસ્તુ મેળવવાજેવી જણાતી ન હોવાથી યોગીને આત્માદિથી પર એવી કોઈ પણ વસ્તુની ઈચ્છા નથી રહેતી. તેથી મન સમાધિને પ્રાપ્ત કરે છે. પ્રત્યાહાર પછી સમાધિ પ્રાપ્ત ન થાય તો ચિન્માત્રવિશ્રાન્તિને પ્રાપ્ત કરવાનું શક્ય નહિ બને. આત્મા અને તેના ગુણોને છોડીને બીજા બધાની સહેજ પણ ઈચ્છા હોય તો મન સ્થિરતાને નહિ પામે. મનની સમાધિથી યોગીજનો ચિન્માત્રમાં વિશ્રાન્ત થાય છે. તેમની તે વિશ્રાન્તતા જ મગ્નતા છે. કારણ કે જ્ઞાનથી અતિરિક્ત એવી કોઈ પણ વસ્તુમાં ચિત્ત જતું ન હોવાથી તેમાં જ તેઓ લીન બને છે, વિરામ પામે છે.

જ્ઞાનમાત્રમાં મગ્ન બનેલા યોગીજનોનું સ્વરૂપ જણાવવા પૂર્વક અનાદિના વિષયગ્રહણના સંસ્કારનો આવિર્ભાવ કેમ થતો નથી - તે જણાવાય છે :

**यस्य ज्ञानसुधासिन्धौ, परब्रह्मणि मग्नता ।**
**विषयान्तरसञ्चारस्तस्य हालाहलोपमः ॥२-२॥**

''જ્ઞાન સ્વરૂપ સુધા(અમૃત) સમુદ્ર સ્વરૂપ પરબ્રહ્મ(મોક્ષ-પરમાત્મતત્ત્વ)માં જેઓ મગ્ન છે, તેમના માટે વિષયાન્તરમાંનો સઞ્ચાર, હાલાહલ-વિષની

ઉપમાવાળો છે.'' સામાન્ય રીતે શુદ્ધ આત્મતત્ત્વને પરમ બ્રહ્મ (પરબ્રહ્મ) કહેવાય છે, જે શુદ્ધ(સ્વભાવભૂત) કેવલજ્ઞાન સ્વરૂપ છે. મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાન કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થતા હોય છે. અનન્તકાળ રહેનારું અને અનન્ત વસ્તુઓને જણાવનારું કેવલજ્ઞાન શુદ્ધ આત્મતત્ત્વ સ્વરૂપ હોવાથી પરબ્રહ્મસ્વરૂપ છે અને તે અનન્તજ્ઞાનસ્વરૂપ છે. એને પ્રાપ્ત કર્યા પછી આ સંસારમાં જન્મ, જરા અને મરણ વગેરેનો સર્વથા અભાવ થાય છે. તેથી તેને જ્ઞાનામૃતસમુદ્રની ઉપમા આપવામાં આવી છે. લોકમાં પ્રસિદ્ધ છે કે અમૃતના આસેવનથી મરણનો અભાવ થાય છે. કેવલજ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મની પ્રાપ્તિથી આત્માને 'અજરામર' પદની પ્રાપ્તિ થાય છે તેથી 'પરબ્રહ્મ' ને જ્ઞાનામૃત-સમુદ્રની ઉપમા આપી છે.

સર્વોત્કૃષ્ટ જ્ઞાનામૃત સમુદ્ર સ્વરૂપ પરબ્રહ્મમાં જે મગ્ન છે, તે અત્યન્તતુચ્છ ક્ષણિક અને અસાર એવા વિષયોમાં નજર કઈ રીતે માંડે ? જેઓ સર્વોત્કૃષ્ટ વિષયમાં મગ્ન છે, તેઓ અત્યન્ત તુચ્છ એવા રૂપાદિસ્વરૂપ વિષયાન્તર(બીજા વિષયો)માં મગ્ન તો ન જ બને, પણ સંચાર પણ (નજર પણ) ન કરે એ સમજી શકાય છે. જેમના મનવચનકાયાના યોગો પરમબ્રહ્મસ્વરૂપ વિષયમાં વ્યાપૃત(એકરસ) બનેલા છે તેમના તે તે યોગો રૂપાદિ વિષયાન્તરમાં કઈ રીતે વ્યાપૃત બને ? એક બાજુ જ્ઞાનામૃતનો સાગર છે અને એની અપેક્ષાએ બીજી બાજુ રૂપાદિ વિષયાન્તરસ્વરૂપ વિષ છે. અમૃતનો આકંઠ સ્વાદ લેનારા યોગી મહાત્મા વિષયાન્તરસ્વરૂપ વિષનું ભક્ષણ ન જ કરે એ સ્પષ્ટ છે.

ગમે તેટલા લાંબા કાળથી પણ વિષયાન્તર રૂપાદિમાં મગ્ન હોવા છતાં વિષની જેમ તેની ભયંકરતાનો અનુભવ કર્યા પછી પરબ્રહ્મસ્વરૂપ જ્ઞાનામૃતસિન્ધુમાં મગ્ન બનેલા મહાત્મા વિષભક્ષણ ક્યારે પણ ન કરે. એક વાર પણ અમૃતનો સ્વાદ લીધા પછી ચિરપરિચિત એવા વિષયાન્તરસ્વરૂપ વિષનું નામ પણ કોઈ ના લે. રૂપાદિ વિષયાન્તરમાં જેમનું ચિત્ત સંચરણ કરે છે, તેમને જ્ઞાનામૃતસિન્ધુતુલ્ય પરમબ્રહ્મનો વસ્તુતઃ પરિચય જ નથી. વિષયો અને પરબ્રહ્મ એ બંન્નેના સ્વરૂપનો જેને વાસ્તવિક ખ્યાલ છે તે ક્યારે પણ વિષયાન્તરમાં સંચાર નહિ કરે. અમૃતનો આસ્વાદ લેનાર ક્યારે પણ વિષનું ભોજન કઈ રીતે કરે ?

સર્વથા વિશુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ સકલકર્મના ક્ષય સ્વરૂપ મુક્તાવસ્થામાં થાય છે, તેથી તત્સ્વરૂપ પરમબ્રહ્મ છે. એમાં લીન બનેલા આત્માઓ,

વિષયાન્તરમાં કરાતા સંચારને હાલાહલ(વિષ)ના ભક્ષણ જેવું ભયંકર માને છે. તેથી ગમે તેટલા લાંબા કાળના સંસ્કારો હોય તોપણ વિષયોને ગ્રહણ કરવામાં પ્રવૃત્ત થતા નથી. ગમે તેટલી ભૂખ લાગી હોય તોપણ તે વિષભક્ષણ ન જ કરે એ સમજી શકાય છે.

ભૂતકાળના તેવા પ્રકારના કર્મના યોગે યોગીજનોને વિષયોનું ગ્રહણ તો કરવું પડે ને ? - આવી શઙ્કાનું સમાધાન કરતાં જણાવાય છે :

**स्वभावसुखमग्नस्य, जगत्तत्त्वावलोकिनः ।**
**कर्त्तृत्वं नान्यभावानां, साक्षित्वमवशिष्यते ॥२-३॥**

''જગતના વાસ્તવિક સ્વરૂપને જોનારા અને સ્વભાવસ્વરૂપ સુખમાં મગ્ન બનેલા એવા યોગી જનો, આત્મા અને તેના ગુણોને છોડીને અન્ય-શરીરાદિ પરપદાર્થોના કર્તા નથી. પરન્તુ સાક્ષી છે.'' જગતના સર્વ ભાવોને આત્માથી ભિન્ન સ્વરૂપે જોનારા જગતતત્ત્વનું યથાર્થરીતે જ્ઞાન કરનારા છે. તેથી જ તેઓ આત્મ-સ્વભાવભૂત સુખમાં મગ્ન બને છે. જગતના ભાવોની સાથે આત્માને કોઈ જ સંબન્ધ ન હોવા છતાં અજ્ઞાનને લઈને જે જીવો આત્માથી પર એવા કર્માદિ ભાવોને પોતાના માને છે, તેથી તેને ઉત્પન્ન કરનારા અને તેનો વિનાશ કરનારા તરીકે પોતાને માને છે, તે જીવો પર પદાર્થના અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગમાં સુખ કે દુ:ખનો અનુભવ કરતા રહે છે. આ અજ્ઞાનદશાને દૂર કરીને જેઓ પર પદાર્થના સાંયોગિક સુખ-દુ:ખને વાસ્તવિક માનતા નથી, તેઓ આત્માના સ્વભાવભૂત સુખમાં મગ્ન બને છે. આ સ્થિતિમાં અનાદિકાલીન કર્મના યોગે પ્રાપ્ત થયેલા શરીરાદિથી જે કોઈ પણ ભાવો (કર્મગ્રહણાદિ) થાય છે તે કર્માદિજન્ય હોવાથી વસ્તુત: સ્વભાવભૂત નથી, પરન્તુ ઔપાધિક છે. તે તે અન્ય ભાવોનો કર્તા આત્મા નથી, પણ કર્માદિ છે. આત્મા તેનો જ્ઞાતા હોવાથી તે તે ભાવોનો સાક્ષી છે - એમ સમજીને સ્વભાવભૂત સુખમાં તેઓ મગ્ન બને છે. એ દરમ્યાન જે વિષયગ્રહણાદિની પ્રવૃત્તિ થાય છે તે વસ્તુત: કર્મજન્ય છે. આત્માને તેની સાથે કોઈ જ સંબન્ધ નથી. તેનો જ્ઞાતૃત્વ સ્વભાવ હોવાથી તે પ્રવૃત્તિનો આત્મા જ્ઞાતા છે. અર્થાત્ આત્માની જાણપણામાં એ પ્રવૃત્તિ થઈ છે, આત્માએ કરી નથી.

વ્યવહારથી તે તે ક્રિયાઓનો કર્તા આત્મા છે - એમ મનાય છે. પરન્તુ શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા પોતાના ગુણોનો અને પર્યાયોનો જ કર્તા છે. જેની સાથે કશો જ સંબન્ધ નથી તેનો કર્તા તે ન જ હોય - એ સ્પષ્ટ છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યની જેમ આત્મા પણ સ્વગુણાદિનો કર્તા છે. આત્માથી બીજા ભાવોનો તે કર્તા નથી, તે તે ભાવોનો સાક્ષી (જાણવાના સ્વભાવવાળો) છે. આથી સમજી શકાશે કે જગતના જ્ઞાતા એવા સ્વભાવસુખમાં મગ્ન બનેલા યોગી, વિષયગ્રહણ કરવા છતાં તેઓ તે કરતા નથી. શરીર ઈન્દ્રિયો પોતાનું કામ કરે અને આત્મા આત્માનું કામ કરે. તેથી સ્વભિન્નના કાર્યમાં સ્વ માત્ર સાક્ષી છે, કર્તા નથી.

સ્વભાવસુખમાં મગ્ન અને જગતતત્ત્વાવલોકનને કરનારા વિષયોનું ગ્રહણ કરતા નથી, એ સ્પષ્ટ કરાય છે :

**परब्रह्मणि मग्नस्य, श्लथा पौद्गलिकी कथा ।**
**क्वामी चामीकरोन्मादाः, स्फारा दारादराः क्व च ॥२-४॥**

જ્ઞાનામૃતના સમુદ્ર જેવા પરબ્રહ્મમાં જેઓ મગ્ન છે તેમની પુદ્ગલસંબન્ધી કથા શિથિલ હોય છે, તો પછી સુવર્ણાદિને ગ્રહણ કરવા સ્વરૂપ ઉન્માદ ક્યાંથી હોય ? અને સ્ત્રીઓને વિશે અત્યન્ત આદર ક્યાંથી હોય ? સુવર્ણાદિ સ્વરૂપ અને સ્ત્રી વગેરે સ્વરૂપ આત્માતિરિક્ત પદાર્થો પર હોવાથી, અભોગ્ય હોવાથી અને અસાર હોવાથી પરમબ્રહ્મમાં મગ્ન બનેલા તે મહાત્માઓ પર પદાર્થની વાત પણ કરતા નથી. સંયોગવશ જે થોડી પણ વાત થતી હોય તે પણ સાવ શિથિલ હોય છે. અર્થાત્ તેમાં એવો કોઈ રસ હોતો નથી, ઔદાસીન્ય ચિકાર હોય છે.

જે પદાર્થો પર હોય છે (સ્વ કે સ્વકીય હોતા નથી) તેની આપણે આમ પણ વાત કરતા નથી. જેની સાથે આપણને કાંઈ પણ નિસબત નથી, તેની પ્રત્યે આપણું વલણ ઔદાસીન્યથી ભરેલું હોય છે. આપણે તો વાત ન જ કરીએ, પણ બીજા કોઈ એની વાત કરે તો તેમાં આપણે સહેજ પણ રસ લેતા નથી. તેમ જ જે વસ્તુ ભોગ્ય નથી (અર્થાત્ આપણા કામની નથી) તેમાં પણ આપણું ઔદાસીન્ય પરિપૂર્ણ હોય છે. તેવી રીતે જે વસ્તુ અસાર છે તેમાં પણ તે અંગે આપણે ઉપેક્ષાભર્યું વલણ રાખીએ છીએ - એ ખૂબ જ સ્પષ્ટ છે. શુદ્ધ આત્મસ્વરૂપની પ્રતીતિ થયા પછી તેમાં મગ્ન બનેલા યોગી મહાત્માઓને સુવર્ણાદિ(અર્થ) અને સ્ત્રી વગેરે(કામ)નું પરત્વ,

અભોગ્યત્વ અને અસારત્વ વગેરે યથાર્થ રીતે જણાય છે, તેથી તે મહાત્માઓ તેની (પુદ્ગલસંબન્ધી) કથા કરતા નથી. તો પછી તેને ગ્રહણ તો ક્યાંથી કરે ?

સુવર્ણાદિ પર પદાર્થને પોતાના માની, ભોગ્ય માની અને સારભૂત માની એની કથા કરવી અને તેના ગ્રહણાદિની પ્રવૃત્તિ કરવી, એ એક પ્રકારની ઉન્માદની અવસ્થા છે. જડ અને ચેતનના સ્વભાવ(સ્વરૂપ)નો જેમને પૂરતો ખ્યાલ ન હોય એવા જીવો અજ્ઞાનપરવશ ઉન્માદને પ્રાપ્ત કરતા હોય છે અને તેથી અસમંજસ પ્રવૃત્તિ કરતા હોય છે. પરન્તુ પરમબ્રહ્મ(આત્માનું શુદ્ધ સ્વરૂપ)માં મગ્ન બનેલા યોગીજનોને પુદ્ગલ અને પરમતત્ત્વના ભેદનો સ્પષ્ટ ખ્યાલ હોવાથી પુદ્ગલના ગ્રહણાદિની વાત તો દૂર રહી પણ તેની કથા પણ તેમના માટે શિથિલ (કાંઈ ન કરી શકે એવી અસમર્થ) હોય છે. આવી જ સ્થિતિ સ્ત્રીઓના આદરના વિષયમાં પણ હોય છે. કારણ કે સ્વભાવસુખમાં મગ્ન બનેલા યોગી જનોને પૌદ્ગલિક સુખની કથા કરવાનું કોઈ જ કારણ નથી. તેઓ સારી રીતે એ જાણે છે કે પૌદ્ગલિક સુખ; પર છે, પાપનું સ્થાન છે અને વિભાવ છે. સ્વભાવમાં મગ્ન, વિભાવની કથા પણ કઈ રીતે કરે ?

આ વાતનું સમર્થન કરતાં આગમની સાથે સંવાદિત કરાય છે.

**તેજોલેશ્યાવિવૃદ્ધિ ર્યા, સાધોઃ પર્યાયવૃદ્ધિતઃ ।**
**ભાષિતા ભગવત્યાદૌ સેત્થમ્ભૂતસ્ય યુજ્યતે ॥૨-૫॥**

''સાધુમહાત્માને પર્યાયની વૃદ્ધિથી તેજોલેશ્યાની જે વૃદ્ધિ શ્રીભગવતી આદિમાં વર્ણવી છે, તે આવા પરબ્રહ્મમાં મગ્ન એવા સાધુ મહાત્માને ઘટે છે.'' શ્રી ભગવતીસૂત્ર વગેરેમાં પૂ. સાધુમહાત્માઓનો જેમ જેમ સંયમપર્યાય વધતો જાય ત્યારે તેમને તેજોલેશ્યાની અભિવૃદ્ધિ થતી હોય છે - એ પ્રમાણે જણાવ્યું છે. અહીં **'તેજોલેશ્યા'** પદથી પદ્માદિ શુભલેશ્યાનું પણ ગ્રહણ કરી લેવું. સામાન્ય રીતે શુભલેશ્યાઓના કારણે મનની સ્વસ્થતા - પ્રસન્નતા સુંદર હોય છે. ગમે તેવાં શરીરનાં બાહ્ય દુઃખોમાં પણ આત્મા ખૂબ જ સમાધિમાં સુખે કરીને રહે છે. વાણવ્યન્તરાદિ દેવોને જન્મથી જ તે તે લેશ્યાઓની પ્રાપ્તિ થવાથી તે તે દેવો સુખે રહે છે. તેમાં કારણભૂત એવી લેશ્યાઓને ઉપચારથી (કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી) સુખાસિકા કહેવાય છે. વાણવ્યન્તરાદિ દેવો જેમ સુખે રહે છે તેમ પૂ. સાધુ મહાત્માઓ પણ સંયમપર્યાયની વૃદ્ધિથી સુખે કરીને રહે છે. એક મહિનાનો સંયમ-પર્યાય થયે છતે પૂ. સાધુભગવન્તો વાણવ્યન્તર દેવોના સુખ(તેજોલેશ્યા)નું

અતિક્રમણ કરે છે. અર્થાદ્ વાણવ્યન્તરદેવો જે સુખનો અનુભવ કરે છે, તેના કરતાં અધિક એવા સુખનો અનુભવ, પૂ. સાધુભગવન્તો એક મહિનાના સંયમપર્યાયથી કરે છે. આવી રીતે એક એક મહિનાના સંયમપર્યાયની વૃદ્ધિથી તે તે દેવોની તેજોલેશ્યા-(પ્રશસ્ત લેશ્યા - સુખ)નું અતિક્રમણ પૂ. સાધુમહાત્માઓ કરે છે. બાર મહિનાના સંયમપર્યાયમાં તો તેઓશ્રી અનુત્તરવિમાનવાસી દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે. અર્થાદ્ એ દેવોના સુખાનુભવથી અધિક સુખનો અનુભવ કરે છે.

આ બધો પ્રભાવ પરમબ્રહ્મની મગ્નતાનો છે. પૌદ્ગલિક સુખના અનુભવની ઈચ્છાનો જ અભાવ હોવાથી તેનો અનુભવ થાય કે ન પણ થાય-તેથી પૂ. સાધુમહાત્માઓને કોઈ જ ફરક પડતો નથી. સુખ હોય કે દુઃખ હોય એથી પરમબ્રહ્મસ્વરૂપ જ્ઞાનામૃતસાગરની મગ્નતામાં કોઈ જ ફરક પડતો નથી. સુખના અનુભવમાં સુખી હોય - એ સમજી શકાય, પરન્તુ સુખના અભાવમાં પણ એથી વધારે સુખી હોય - એ સમજવાનું ઘણું જ અઘરું છે. માત્ર બાર મહિનાના સંયમ-પર્યાયની વૃદ્ધિથી પ્રાપ્ત થતી આ સિદ્ધિ અદ્ભુત છે. વિશિષ્ટ કોટિના સંયમના અધ્યવસાયસ્થાનમાં રમતા એવા મહાત્માઓને ઉદ્દેશીને ઉપર જણાવેલી વાત છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે સંયમનાં અસંખ્ય અધ્યવસાયસ્થાનો છે. તે બધાંને ઉદ્દેશીને આ વાત નથી. પરન્તુ સ્વભાવસુખમાં મગ્ન એવા મહાત્માઓને ઉદ્દેશીને શ્રી ભગવતી આદિ સૂત્રમાં એ પ્રમાણે જણાવ્યું છે. તરતમતાએ એવી અવસ્થાનો અનુભવ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે દરેક મહાત્માઓને થતો હોય છે.... ઇત્યાદિ સારી રીતે વિચારવું જોઈએ.

દેવોની પાસે સુખનાં સાધનો પૂરતાં હોવાથી તેમને સુખ હોય છે, પરન્તુ પૂ. સાધુભગવન્તોની પાસે એ ન હોવાથી તેઓશ્રી દેવોના સુખને કઈ રીતે વટાવી જાય ? આ શંકાનું સમાધાન કરાય છે :

**ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव शक्यते ।**
**नोपमेयं प्रियाश्लेषै, र्नापि तच्चन्दनद्रवैः ॥२-६॥**

''જ્ઞાનમાં મગ્ન બનેલા મહાત્માને જે સુખ છે, તેનું વર્ણન કરી શકાય એવું નથી તેમ જ પ્રિય એવી સ્ત્રીનાં આલિઙ્ગનોની કે ચન્દનના રસની ઉપમાથી પણ તે જાણી શકાય એવું નથી.'' આત્માના સુખનો સાક્ષાત્કાર જેણે કર્યો છે એવા

મહાત્માના જ્ઞાનાનંદના અનુભવનું વર્ણન કરી શકાય એમ નથી, કારણ કે તે અતીન્દ્રિય છે અને વાણીનો વિષય નથી. માત્ર અનુભવથી ગમ્ય વસ્તુનું વર્ણન શક્ય નથી.

વિષયજન્ય સુખના અનુભવની ઉપમા આપીને પણ તેનું વર્ણન શક્ય નથી- એ શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવાય છે. એનો આશય એ છે કે સામાન્ય રીતે લોકમાં સુપ્રસિદ્ધ સ્ત્રીના પરિભોગનું સુખ અને ચંદનાદિના વિલેપનાદિનાં સુખોની પ્રાપ્તિથી સામાન્યજનો પોતાને પરમસુખી માનતા હોય છે. એમના સુખની જેમ જ જ્ઞાનમાં મગ્ન થયેલા આત્માઓને પરમસુખ હોય છે - આ રીતે ઉપમા આપીને જ્ઞાનમગ્ન મહાત્માના સુખનું વર્ણન પણ શક્ય નથી. કારણ કે વાસ્તવિક રીતે, પ્રિય એવી સ્ત્રીના આલિઙ્ગનાદિથી ઉત્પન્ન થનારું કે ચન્દનાદિના વિલેપનાદિથી ઉત્પન્ન થનારું સુખ, દુઃખસ્વરૂપ છે. આત્મિક સુખથી દૂર રહેલા જીવોએ તે તે પૌદ્ગલિક સુખનો દુઃખમાં આરોપ કર્યો છે. વસ્તુતઃ તે તે સુખ કે દુઃખ કર્મજન્ય હોવાથી તેની જાતિ (પ્રકાર-સ્વરૂપ) એક જ છે. કર્મજન્ય સુખ વસ્તુતઃ દુઃખસ્વરૂપ હોવાથી તેમાં 'સુખત્વ'ની બુદ્ધિ વાસ્તવિક નથી, આરોપિત છે.

સ્ત્રી વગેરે વિષયોનો ઉપભોગ કરતાં પૂર્વે દુઃખનો અનુભવ ચોક્કસ હોય છે. વિષયોના ઉપભોગથી વસ્તુતઃ દુઃખનો પ્રતિકાર જ થતો હોય છે. મૂઢ માણસોએ તે દુઃખના પ્રતિકારને જે સુખ માની લીધું છે, વાસ્તવિક રીતે તેમાં તેમની મૂઢતા સિવાય બીજું કોઈ કારણ નથી. દુઃખ અને વિષયજન્ય અવાસ્તવિક સુખ : એ બંન્નેમાં પરિણામના કારણે, સઙ્ક્લેશના કારણે અને સંસ્કાર આદિના કારણે કોઈ જ ભેદ ન હોવાથી એ સુખ, દુઃખસ્વરૂપ જ મનાય છે. ભોગવતી વખતે તાપ-સઙ્ક્લેશ છે. પરિણામે દુઃખપ્રદ છે અને થોડીવાર પછી ફરી પાછું દુઃખ છે. દુઃખની જેમ જ તે શરીર અને ઈન્દ્રિયોથી ભોગવાય છે તેથી તે સુખ, દુઃખરૂપ છે. જેના ઉપભોગ માટે શરીર અને ઈન્દ્રિયનો ઉપયોગ કરવો પડતો નથી, તે આત્મિક સુખ છે. સુખ આત્માનો ગુણ છે. શરીરનો એ ગુણ નથી. આથી સમજી શકાશે કે જે પરમાર્થથી સુખ જ નથી એવા, પ્રિયાશ્લેષથી કે ચન્દનાદિ વિલેપનાદિથી અનુભવાતા પૌદ્ગલિક સુખની ઉપમાથી, કઈ રીતે જ્ઞાનમગ્ન યોગીના સુખને વર્ણવી શકાય ? અર્થાદ્ જ્ઞાનમગ્ન મહાત્માના સુખનું વર્ણન કોઈ પણ રીતે શક્ય નથી.... એ સ્પષ્ટ કરાય છે :

**शमशैत्यपुषो यस्य, विप्रुषोऽपि महाकथा ।**
**किं स्तुमो ज्ञानपीयूषे, तत्र सर्वाङ्गमग्नता ॥२-७॥**

''જેમના શમની શીતલતાના પોષક એવા બિન્દુની પણ મહાકથા છે, ત્યાં, જ્ઞાનામૃતમાં સર્વાઙ્ગિણી જેમની મગ્નતા છે તેમની સ્તવના અમે કઈ રીતે કરીએ ?'' રાગ અને દ્વેષનો જે ઉપશમ છે તેને શમ કહેવાય છે. ગમે તેવા રાગ-દ્વેષનાં નિમિત્તો મળવા છતાં રાગ-દ્વેષને આધીન બન્યા વિના સ્વભાવસ્થ રહેવાની અવસ્થા શમાવસ્થા છે. જ્ઞાનમાં મગ્ન બનેલા મહાત્માઓ સ્પષ્ટપણે સમજે છે કે કોઈ પણ પદાર્થ(જડ કે ચેતન)માં રાગ-દ્વેષને ઉત્પન્ન કરવાનો સ્વભાવ નથી. વસ્તુનું જે સ્વરૂપ છે તેનો વાસ્તવિક પ્રત્યય જેમને થયો નથી તેઓ મોહાધીન બની વસ્તુના આલંબને રાગાદિને કરતા હોય છે, જે વસ્તુનો સ્વભાવ નથી પરન્તુ વિભાવ છે. તેથી જ સામાન્ય લોકો જેને પામીને રાગ-દ્વેષ કરતા હોય છે, તેને પામીને પણ જ્ઞાનમગ્ન મહાત્માઓ શમાવસ્થાના અનુભવમાં લીન હોય છે. રાગાદિને આધીન બનેલા દુ:ખથી સંતપ્ત હોય છે, ત્યારે તેવા સંયોગોમાં પણ શમાવસ્થાના અનુભવમાં લીન બનેલા પરમશીતલતાનો અનુભવ કરતા હોય છે. દુ:ખમાં પણ આનંદનો અનુભવ કરનારા અને સુખમાં પણ દુ:ખી થનારાની, જ્ઞાનમગ્નતા અને મોહાધીનતાને આપણે સમજી શકીએ છીએ.

સ્વભાવસુખમાં મગ્ન બનેલાની શમાવસ્થા તો આંશિક છે. એના જેવી અવસ્થાઓ આમ તો આત્મગુણોની અપેક્ષાએ અનન્તી છે. શમની શીતલતાને પુષ્ટ બનાવનારા એ બિન્દુ(અંશ)નું વર્ણન કરવા ધારીએ તો તે વર્ણન જ્યાં મહાકથા સ્વરૂપ થાય છે ત્યાં જ્ઞાનમગ્ન મહાત્માઓની સર્વાઙ્ગિણી(બધી રીતે) મગ્નતાનું વર્ણન કઈ રીતે થઈ શકે ? કહેવાનો આશય એ છે કે આત્માના અનન્ત ગુણો છે. એમાં મુખ્ય જ્ઞાન છે. એની મગ્નતાને લઈને શમાદિ ગુણોનો આવિર્ભાવ થાય છે. જેઓ જ્ઞાનમાં મગ્ન છે, તેઓ બધા જ આત્મગુણોમાં મગ્ન છે. જ્ઞાનસ્વરૂપ અમૃતમાં જે મગ્ન છે તે મહાત્માને આત્મા અને તેના ગુણોને છોડીને બીજા બધા જ પર પદાર્થોમાં રસ રહેતો નથી. જ્ઞાનમાં આંશિક મગ્નતા આવે તો થોડોઘણો રસ પર પદાર્થોમાં રહેવાનો. જેમને પર પદાર્થોમાં રસ છે, તેઓને જ્ઞાનમાં મગ્નતા આવવાનું વાસ્તવિક કોઈ કારણ નથી. બધું જ જેને ગમે એને એક પણ ન મળે - એ સ્પષ્ટ છે.

જ્ઞાનની મગ્નતાને લઈને શમશીતલતાનો જેમણે અનુભવ કર્યો છે, તેમના શમશૈત્યપોષક એવા એક અંશની પણ કથા જો મહાકથા બને છે તો જ્ઞાનામૃતમાંની સર્વાઙ્ગિણી મગ્નતાનું વર્ણન અમે કઈ રીતે કરી શકીએ ? અર્થાદ્ એ અમારી શક્તિ બહારની વાત છે. અન્તે આ રીતે જ્ઞાનયોગમાં મગ્ન એવા મહાત્માઓની સ્તવના કરાય છે :

**यस्य दृष्टिः कृपावृष्टि, र्गिरः शमसुधाकिरः ।**
**तस्मै नमः शुभज्ञान-ध्यानमग्नाय योगिने ॥२-८॥**

"જેમની દૃષ્ટિ, કૃપાને વરસાવનારી છે અને જેમની વાણી, શમસ્વરૂપ અમૃતનું સિંચન કરનારી છે, તે શુભજ્ઞાનમય ધ્યાનમાં મગ્ન એવા યોગીને નમસ્કાર થાઓ." આત્માના યથાર્થજ્ઞાનને શુભ(શુદ્ધ) જ્ઞાન તરીકે વર્ણવાય છે. શરીરાદિ પર પદાર્થો છે. આત્માથી તે ભિન્ન છે. બંન્નેના સ્વરૂપાદિ જુદા જુદા છે - ઇત્યાદિ સ્વરૂપે આત્મા અને આત્મેતર શરીરાદિનું ભેદજ્ઞાન થવાથી આત્માદિ સ્વપર પદાર્થનું જે જ્ઞાન થાય છે, તે વસ્તુતઃ શુભજ્ઞાન છે. તેમાં તન્મયતા સ્વરૂપ ધ્યાન છે, જે સ્વસ્વરૂપની એકાકારતાના જ્ઞાનની ધારા સ્વરૂપ છે. તેમાં જેઓશ્રી મગ્ન છે, તેઓશ્રીને નમસ્કાર થાઓ.

એવા મહાત્માઓ આપણી સાથે વાત કરે કે ના કરે, પરન્તુ તેમની દૃષ્ટિ જ આપણા માટે કૃપાવૃષ્ટિ જેવી છે. જ્ઞાનીઓની દૃષ્ટિમાં પણ એવું સામર્થ્ય છે કે જેથી આપણું હિત થયા વિના રહેતું નથી. એમની પાવન દૃષ્ટિથી જ આપણને કર્ત્તવ્યા-કર્તવ્યાદિનું જ્ઞાન થઈ જતું હોય છે, જેથી હિતાહિતની પ્રાપ્તિ-પરિહાર માટે આપણે પ્રવૃત્તિ-નિવૃત્તિ કરી શકીએ છીએ. આવી કૃપાવૃષ્ટિસ્વરૂપ દૃષ્ટિથી પણ જ્યારે આપણું હિત ન થાય, ત્યારે જ્ઞાની મહાત્માઓ થોડાઘણાં વચનોનો ઉપયોગ કરી આપણી ઉપર અનુગ્રહ કરતા હોય છે. તેઓશ્રીની એ પરમતારક વાણી વિષયકષાયના તાપથી સંતપ્ત આત્માઓના એ તાપને દૂર કરવા માટે શમસ્વરૂપ અમૃતના સિંચનને કરનારી હોય છે. આ રીતે કૃપામયી દૃષ્ટિથી અને ક્રોધાદિ કષાયોના અભાવ સ્વરૂપ શમામૃતના સિંચનને કરનારી વાણીથી પરોપકાર કરવામાં તત્પર એવા શુભજ્ઞાનમયધ્યાનમાં મગ્ન બનેલા યોગીજનને નમસ્કાર થાઓ.

સ્વપરકલ્યાણને કરનારી જ્ઞાનમગ્નતાને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ બનેલા આત્માઓ પણ જ્ઞાનમગ્ન આત્માઓની જેમ નમસ્કરણીય છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને પ્રમાદાદિને આધીન બનેલા આત્માઓને કોઈ પણ રીતે જ્ઞાનમગ્નતાને પ્રાપ્ત કરવાનો અધ્યવસાય પણ પ્રગટે એવો સંભવ નથી. આવી સ્થિતિમાં જ્ઞાનમગ્નતાને પામવા માટેનો પ્રયત્ન કરવો, એ ખૂબ જ અઘરું કાર્ય છે. અનાદિના પરસંગનો ત્યાગ કરવો અને નહિ અનુભવેલા આત્મગુણોમાં મગ્ન બનવું, એ ધાર્યા કરતાં ઘણું જ કપરું કામ છે. મનની કલ્પનાનો ત્યાગ કરી જ્ઞાન પ્રત્યે રુચિ ઉત્પન્ન કર્યા વિના જ્ઞાનમગ્નતાની પ્રાપ્તિ શક્ય નથી. અન્તે અપ્રમત્તપણે સ્વાધ્યાયમાં લીન બની જ્ઞાનમગ્ન બનવા માટે આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક અભ્યર્થના. ॥૨-૮॥

**॥ इति श्रीज्ञानसारप्रकरणे मग्नताष्टकम् ॥**

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे तृतीयं स्थिरताष्टकम् ।

## ३

આ પૂર્વે મગ્નતાનું નિરૂપણ કર્યું, સ્થિરતા વિના મગ્નતાનો સંભવ નથી, તેથી હવે સ્થિરતાનું નિરૂપણ કરાય છે. આમ તો સ્થિરતા ખૂબ જ પ્રસિદ્ધ છે. જડ પદાર્થોમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો ક્રિયાથી રહિત હોવાથી તેમાં જે સ્થિરતા છે, તે સદા માટેની છે. પુદ્ગલોમાં પણ સ્થિરતા સ્કન્ધાદિના કારણે છે - એ અંગે અહીં વિચારણા કરવાની નથી. અહીં તો સામાન્યથી આત્માની સ્થિરતાની વિચારણા કરવાની છે. એ સ્થિરતા શુદ્ધ અને અશુદ્ધ : એમ બે પ્રકારની છે. પોતાની ઇચ્છા મુજબ પૌદ્ગલિક ઇષ્ટ ભાવોની પ્રાપ્તિથી અને અનિષ્ટ ભાવોની નિવૃત્તિથી જે સ્થિરતા જણાય છે, તે અશુદ્ધ છે અને સમ્યગ્દર્શનાદિગુણોની પ્રાપ્તિથી તેમ જ રાગાદિદોષોની હાનિથી જે સ્થિરતા પ્રાપ્ત થાય છે, તે શુદ્ધ છે. મોક્ષપ્રાપક સ્વભાવની સ્થિરતા અંગે અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે :

**वत्स ! किं चञ्चलस्वान्तो, भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ?।**
**निधिं स्वसन्निधावेव, स्थिरता दर्शयिष्यति ॥३-१॥**

''હે વત્સ ! ચંચલમનવાળો થઇને તું ભટકી-ભટકીને શા માટે વિષાદ પામે છે ? તારી પોતાની પાસે જ નિધાનને સ્થિરતા દેખાડશે.'' કહેવાનો આશય એ છે કે અનાદિકાળથી આ સંસારમાં સુખની પ્રાપ્તિ માટે અને દુ:ખની નિવૃત્તિ માટે જીવો પ્રયત્નશીલ છે. એવો કોઇ કાળ નથી કે જેમાં એવા જીવો ન હોય. જ્યારે પણ જીવને એવું જણાયું કે આ ઉપાય સુખ નહિ આપે અને દુ:ખને દૂર નહિ કરે, ત્યારે તે ઉપાયને પડતો મૂકી બીજા ઉપાયને જીવે પકડી લીધો. આ રીતે એક ઉપાયનો ત્યાગ કરી બીજા ઉપાયને પકડવા માટે આ જીવે કોઇ સ્થાન બાકી રાખ્યું નથી અને કોઇ કાળ બાકી રાખ્યો નથી. આ રીતે ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના પરિહાર માટેના ઉપાયની શોધમાં ભટકી-ભટકીને જીવ વિષાદને જ પામ્યો છે. પરન્તુ ઇષ્ટને અને અનિષ્ટના અભાવને તે પ્રાપ્ત કરી શક્યો નથી - આ વાત માન્યા વિના ચાલે એવું નથી. આવી વિચિત્ર સ્થિતિને દૂર કરવા ગ્રન્થકારપરમર્ષિ ફરમાવે છે કે મનની અસ્થિરતાના કારણે પોતાની ઇષ્ટ વસ્તુને પામવા માટે બીજે ક્યાંય ભટકવાની જરૂર નથી. મનને સ્થિર કરવાની આવશ્યકતા છે. મનની સ્થિરતા જ પોતાની પાસે રહેલા નિધાનને દેખાડશે.

મૃગની નાભિમાં જ કસ્તુરી હોવા છતાં તે સર્વત્ર તેની શોધમાં ભટક્યા કરે છે. અને પરિણામે શિકારીના શિકારનો ભોગ બને છે. આવી જ દશા અજ્ઞાની જનોની છે. સુખ આત્મામાં છે, અન્યત્ર ક્યાંય નથી. આમ છતાં આપણે તેને અન્યત્ર શોધ્યા કરીએ તો તે ક્યાંથી મળે ? એક સ્થાને તે ન મળે તો બીજે સ્થાને શોધીએ. ત્યાં પણ ન મળે તો ત્રીજે સ્થાને શોધીએ. આથી અસ્થિર મનવાળા જીવોને અન્તે તો વિષાદની જ પ્રાપ્તિ થાય છે. ન મળે તો ન મળ્યાનું દુઃખ અને મળ્યા પછી અતૃપ્તિ વગેરેનું દુઃખ : આ રીતે બંન્ને પ્રકારે જીવને વિષાદ જ પ્રાપ્ત થાય છે. એ વિષાદને દૂર કરવા માટે આત્માના જ્ઞાનાદિગુણોમાં સ્થિરતા પ્રાપ્ત કરવી પડે છે. એકવાર જો એવી સ્થિરતા મળી જાય તો આપણા આત્મામાં જ રહેલા નિધાનને સ્થિરતા જ દેખાડશે. આથી સમજી શકાશે કે વિષયના આસ્વાદની ચંચળતાને છોડીને આત્માના જ્ઞાનાદિ ગુણોમાં મનને સ્થિર કરવાથી અભીષ્ટની પ્રાપ્તિ થાય છે. અસ્થિરતાને લઇને આત્માના જ્ઞાનાદિગુણોનું દર્શન કેમ થતું નથી-તે જણાવાય છે. અસ્થિરતા હોવા છતાં આત્માના જ્ઞાનાદિ ગુણો સ્વરૂપ નિધાનના દર્શનથી સ્થિરતા આવી જાય તો એની મેળે અસ્થિરતા જતી રહેશે પરન્તુ આવું બનતું નથી.... તે જણાવાય છે :

**ज्ञानदुग्धं विनश्येत, लोभविक्षोभकूर्चकैः ।**
**आम्लद्रव्यादिवास्थैर्यादिति मत्वा स्थिरो भव ॥३-२॥**

''ખાટા દ્રવ્યના સંબંધથી જેમ દૂધ નાશ પામે છે તેમ લોભના વિક્ષેપ સ્વરૂપ કૂચાથી અસ્થિરતાના કારણે જ્ઞાનસ્વરૂપ દૂધ વિનાશ પામે છે - એમ માનીને તું સ્થિર થા.'' આત્મા અને તેના ગુણોને છોડીને બીજા બધા પદાર્થોની અભિલાષા સ્વરૂપ લોભના પર્યાયો છે. લોલુપતાસ્વરૂપ પરિણામને લોભ કહેવાય છે. ઇચ્છા, મૂર્ચ્છા ગૃદ્ધિ..... વગેરે લોભના પર્યાય છે. લોભના કારણે ઇચ્છા, મૂર્ચ્છા અને ગૃદ્ધિ વગેરેનો આવિર્ભાવ થતો હોય છે. એ બધા લોભના વિક્ષોભ સ્વરૂપ કૂચા છે. આ અવસ્થાને લઇને મન અસ્થિર બને છે અને તેથી જ્ઞાનસ્વરૂપ દૂધનો નાશ થાય છે. દૂધની જેમ જ્ઞાન, મધુરસ્વાદવાળું અને પૌષ્ટિક છે. તેથી જ્ઞાનને દૂધની ઉપમાથી વર્ણવ્યું છે. ખાટા દ્રવ્યથી જેમ દૂધ નાશ પામે છે, તેમ મનની ચંચળતાના કારણે જ્ઞાન નાશ પામે છે.

અસ્થિરતા ખૂબ જ ખરાબ છે. કાર્યમાત્રના પ્રણિધાનનો તે સૌથી પ્રથમ નાશ કરે છે. પ્રણિધાનનો નાશ થયા પછી ક્રિયાનું (પુરુષાર્થનું) સાતત્ય રહેતું નથી, જેથી

કાર્યની સિદ્ધિ થતી નથી. અત્યંત અનર્થને કરનારી અસ્થિરતા લોભના વિક્ષોભના કારણે થાય છે. આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણોની ઉપેક્ષા કરીને તેનાથી ભિન્ન એવા પરપદાર્થની અભિલાષા થયા પછી મનની સ્થિરતા રહે – એ શક્ય નથી. લોભ સર્વ પાપનું મૂળ છે અને સર્વ ગુણનો વિનાશક છે. અસ્થિરતા દ્વારા તે જ્ઞાનનો નાશ કરે એમાં કોઇ આશ્ચર્ય નથી. આશ્ચર્ય તો એ છે કે આટલું સમજ્યા પછી પણ જીવ, સ્થિર બનવા માટે પ્રયત્નશીલ નથી. આત્માના ગુણોનો અનુભવ થવાથી સ્થિરતા પ્રાપ્ત કરી શકાય છે. પરન્તુ જ્યાં સુધી લોભનો વિક્ષોભ છે ત્યાં સુધી આત્મગુણોનો અનુભવ પણ થઇ શકે એમ નથી. પરપદાર્થના સંયોગાદિની અભિલાષાનો ત્યાગ કરી જ્ઞાનાદિ સ્વરૂપ આત્મગુણોના અનુભવમાં લીન બનવાથી મન સ્થિર બને છે. આત્મગુણોના અનુભવમાં લીન બનવાનું ધારીએ છીએ એટલું સરળ નથી, પરપદાર્થજન્ય સુખાદિના અનુભવની અભિલાષાને છોડી દઈએ તો જ બની શકશે. શ્લોકના અન્તે સ્થિર થવાનો જે ઉપદેશ કરાયો છે, એનું તાત્પર્ય પણ પરપદાર્થની અભિલાષાના ત્યાગમાં સમાવિષ્ટ છે. સ્થિરતા વિના કરાતી મન-વચન-કાયાની તે તે ક્રિયાઓ પણ વ્યર્થ અહિતકારિણી છે, તે જણાવાય છે :

**अस्थिरे हृदये चित्रा, वाङ्नेत्राकारगोपना ।**
**पुंश्चल्या इव कल्याणकारिणी न प्रकीर्तिता ॥३-३॥**

"અસ્થિર ચિત્ત હોતે છતે વચન, ચક્ષુ (ઇન્દ્રિય) કે શરીર સમ્બન્ધી ક્રિયા, અસતી સ્ત્રીની જેમ કલ્યાણકારિણી વર્ણવાતી નથી." અસતી-વ્યભિચારિણી સ્ત્રીની પોતાના પતિની સેવા કરવાદિની જે પ્રવૃત્તિ છે તે વ્યવહારદષ્ટિએ (બાહ્યદષ્ટિએ) ઉચિત હોવા છતાં તેણીનું ચિત્ત પરપુરુષમાં આસક્ત હોવાથી કલ્યાણકારિણી મનાતી નથી. પરન્તુ પાપના બન્ધનું કારણ બનતી હોવાથી તે પ્રવૃત્તિ દુષ્ટ જ બને છે. એવી રીતે જેમનું હૃદય-ચિત્ત પુદ્ગલાદિ પર પદાર્થોમાં અભિલાષાવાળું હોવાથી અસ્થિર છે, એવા જીવો સાવદ્ય(અશુભ) વચનોનો ત્યાગ કરી નિરવદ્ય પણ વચન બોલે તેમ જ ચક્ષુ વગેરે ઈન્દ્રિયોને વિષયોથી દૂર રાખે કે શરીરની સાવદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરી નિરવદ્ય પણ પ્રવૃત્તિ કરે, તોપણ તે પ્રવૃત્તિ બાહ્યદષ્ટિએ શુભ દેખાતી હોવા છતાં વાસ્તવિક રીતે તે કલ્યાણને કરનારી મનાતી નથી. કારણ કે તે, ભાવ વિનાની દ્રવ્યક્રિયા છે. દ્રવ્યક્રિયા પણ ભાવનું કારણ બનવાની હોય તો જ તે પ્રશસ્ય કોટિની મનાય છે. અન્યથા ભાવથી રહિત કે ભાવ લાવવાના ભાવથી રહિત એવી ક્રિયા તુચ્છ

અસાર અને અકલ્યાણકારિણી મનાય છે. કોઇને દ્રવ્યક્રિયા પરંપરાએ ધર્મનું કારણ બની હોય તો તે એવા આત્માઓને કે જે જીવો દેવમનુષ્યાદિનાં સુખોની કે યશ વગેરેની અભિલાષાથી રહિત છે. માત્ર લોકસંજ્ઞાથી ક્રિયાને કરનારાની ક્રિયાઓ પરંપરાથી પણ ધર્મનું કારણ બનતી નથી. આવી ક્રિયાઓને બિલાડીના સંયમ જેવી વર્ણવી છે. ઉંદર પકડવા માટે શરીર સ્થિર કરી અને કોઇ પણ પ્રકારનો અવાજ કર્યા વિના બિલાડી સ્થિર રહે છે, પરન્તુ તેનો આશય હિંસાનો હોય છે તેવી રીતે પરપદાર્થની અભિલાષાને લઇને અસ્થિરચિત્તવાળા જીવોની દ્રવ્યક્રિયા પરપદાર્થની પ્રાપ્તિ વગેરેના આશયપૂર્વકની હોવાથી કલ્યાણકારિણી નથી- એ વાત અસતી સ્ત્રીના ઉદાહરણથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

દ્રવ્યક્રિયાની અસારતાને સમજવા એ દૃષ્ટાન્ત છેલ્લી કક્ષાનું છે. પરપદાર્થની અભિલાષા થયા પછી એને પરવશ બનેલા આત્માઓ કેટલી નીચી કક્ષાએ પહોંચે છે - એનો ચોક્કસ ખ્યાલ એથી આવી જાય છે. સ્વભાવને પ્રગટ કરવાની ભાવનાથી સાધનાનો પ્રારંભ કરનારા આત્માઓએ પરપદાર્થનો વિચાર પણ કરવો ના જોઇએ. અન્યથા સ્વભાવની સ્થિરતાને પ્રાપ્ત કરવાનું શક્ય નહિ બને. મન અસ્થિર બન્યા પછી સાધના સ્થિર નહીં રહે- એ યાદ રાખ્યા વિના ચાલે એવું નથી.

મન અસ્થિર હોય તોપણ બાહ્યદષ્ટિએ તો ક્રિયા શુદ્ધ હોવાથી તે ક્રિયાઓએ પોતાનું ફળ આપવું જ જોઇએ ને ? આ શઙ્કાનું સમાધાન કરાય છે :

**अन्तर्गतं महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम् ।**
**क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ॥३-४॥**

"આત્માની અંદર પડેલા અસ્થિરતાસ્વરૂપ મહાશલ્યનો જો ઉદ્ધાર ન થાય તો ક્રિયાસ્વરૂપ ઔષધ ગુણ ન કરે તો કયો દોષ છે" ? અર્થાદ્ કોઇ દોષ નથી. અસ્થિરતા અભ્યન્તર (ન દેખાય એવું) શલ્ય છે. આ ભવમાં એને દૂર કરવામાં ન આવે તો આત્માની સાથે તે પરભવમાં પણ જાય છે, તેથી મહાશલ્ય છે. શરીરમાં રહેલો કાંટો વગેરે શલ્ય પરભવમાં જતું નથી. આ ભવમાં એનો અન્ત, શરીરના નાશની સાથે જ થઇ જાય છે. પરન્તુ અસ્થિરતાસ્વરૂપ શલ્ય, એનો નાશ ન થાય તો, પરભવમાં પણ આત્મામાં રહેતું હોવાથી મહાશલ્ય છે. પરપદાર્થને અનુસરનાર જ્ઞાન અને વીર્ય સ્વરૂપ અસ્થિરતા છે, જેને અહીં મહાશલ્ય તરીકે વર્ણવી છે. પરભાવવિષયનું જ્ઞાન

અને વીર્ય આત્માના પરિણામને ચંચળ બનાવે છે. કારણ કે એ વખતે એ જ્ઞાન અને વીર્ય, પોતાના કાર્યને કરતું નથી. જ્ઞાન અને વીર્યનું કાર્ય આત્માને સ્વભાવમાં સ્થિર કરવાનું છે. જ્યારે પણ આત્મા પરભાવને અનુસરે છે, ત્યારે તેનું જ્ઞાન અને વીર્ય પોતાના કરવાયોગ્ય કામને છોડી દઇને પરભાવમાં રમણ કરે છે. આ જ અસ્થિરતા છે અને તે મહાશલ્ય છે. આત્માને જેની સાથે કોઇ પણ જાતનો સંબન્ધ નથી, છતાં એવા પરપદાર્થના વિષયમાં આત્મા પ્રવર્ત્તે તો તે તેની અસ્થિરતા છે. આવી આત્મપરિણતિની ચંચળતા સ્વરૂપ અસ્થિરતા મહાશલ્ય છે.

એ મહાશલ્યનો ઉદ્ધાર કરવામાં ન આવે તો ક્રિયાસ્વરૂપ ઔષધ, કોઇ ગુણ (ફાયદો) ન કરે તો એમાં કોઇ જ દોષ નથી. કારણ કે કાંટા વગેરેનું શલ્ય શરીરમાં રહેલું હોય તો ગમે તેટલી દવા લેવામાં આવે તો ય રોગ જાય નહિ. અહીં સ્વગુણોની પ્રાપ્તિ સ્વરૂપ આરોગ્ય છે. એના માટે ક્રિયાઓ ઔષધતુલ્ય છે. પરન્તુ જ્યાં સુધી અસ્થિરતાસ્વરૂપ મહાશલ્ય પડેલું હોય ત્યાં સુધી સ્વગુણોની સિદ્ધિ સ્વરૂપ આરોગ્યની પ્રાપ્તિ, ક્રિયાસ્વરૂપ ઔષધના આસેવનથી પણ થતી નથી. આમાં ઔષધનો અપરાધ નથી. પરન્તુ મહાશલ્યના ઉદ્ધાર માટે કરવાના પ્રયત્નના અભાવનો અપરાધ છે. વિષય કષાય નિદ્રા અને વિકથાદિ પ્રમાદનો ત્યાગ કરી ક્રિયાસ્વરૂપ ઔષધનું આસેવન કરવાથી અસ્થિરતાનો ઉદ્ધાર થાય છે. મહાશલ્યસ્વરૂપ અસ્થિરતાને દૂર કરવા પ્રમાદને દૂર કર્યા વિના ચાલે એવું નથી. પ્રમાદને અને અસ્થિરતાને ખૂબ જ ગાઢ સંબન્ધ છે. એક જશે તો જ બંન્ને જશે. એકના અસ્તિત્વમાં બંન્નેનું અસ્તિત્વ છે અને એકના અભાવમાં બંન્નેનો અભાવ છે. પરભાવનું અનુસરણ, પરભાવનું કરણ (કરવું તે) અને દેશકાળને આશ્રયીને પરભાવમાં રમવા સ્વરૂપ અસ્થિરતા છે. તત્સ્વરૂપ મહાશલ્યના ઉદ્ધાર માટે અપ્રમત્તતા (પ્રમાદનો અભાવ) સાધન છે. તેના સેવનથી આત્માના ગુણોમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.... સ્થિરતાના ફળનું વર્ણન કરાય છે :

**स्थिरता वाङ्मनःकायै, र्येषामङ्गाङ्गितां गता ।**
**योगिनः समशीलास्ते, ग्रामेऽरण्ये दिवा निशि ॥३-५॥**

''મનવચનકાયાના યોગોથી જેમને સ્થિરતા એકરૂપ-આત્મસાત્ થઇ છે, તે યોગીઓ ગામમાં કે વનમાં, રાત્રિમાં કે દિવસમાં રાગ-દ્વેષથી રહિત-સમાન સ્વરૂપે જોનારા હોય છે.'' આત્મગુણોના વિષયની શ્રદ્ધા, તે ગુણોનું જ્ઞાન અને તે ગુણોમાં રમણતા : આ ત્રણની એકાત્મતાને સ્થિરતા કહેવાય છે. મનથી, વચનથી અને

કાયાથી તે સ્થિરતા જેમને અંગેઅંગમાં પરિણમી છે, તે યોગી જનો સર્વત્ર સમાનદષ્ટિવાળા હોય છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સ્વરૂપ સ્વભાવને છોડીને બીજા બધા જ પદાર્થોને પરસ્વરૂપે સમાનરૂપે તેઓ જુએ છે. ગામને પણ પરસ્વરૂપે અને અરણ્યને પણ પરસ્વરૂપે જુએ છે તેમ જ રાત્રિને પણ અને દિવસને પણ પરસ્વરૂપે જુએ છે.

કહેવાનો આશય એ છે કે ગામમાં લોકો રહેતા હોય છે. તેમના સંપર્ક - પરિચયથી યોગીજનોને અનેક પ્રકારની સગવડ પ્રાપ્ત થતી હોય છે. તેમ જ ઘણી બધી અગવડો દૂર થતી હોય છે. પરન્તુ અરણ્યમાં લોકો રહેતા નથી, તેથી તેવી સગવડ મળતી નથી અને અગવડો દૂર થતી નથી, ઉપરથી શ્વાપદાદિના ઉપદ્રવો થતા હોય છે. આવું જ લગભગ કાળને આશ્રયીને દિવસે કે રાત્રે બનતું હોય છે. આમ છતાં યોગીજનોને તેથી કોઇ જ ફરક પડતો નથી. કારણ કે અગવડ-સગવડને તેઓ પરસ્વરૂપે જ જોતા હોય છે. આત્મસ્વભાવમાં રમણ કરવામાં એ અનુકૂળતા કે પ્રતિકૂળતા ન તો સાધક છે અને ન તો બાધક છે. ઉપરથી એમાં અનુક્રમે રાગ કે દ્વેષ કરીએ તો આત્મસ્વભાવમાં અસ્થિરતા થાય છે - એનો યોગીજનોને પૂરતો ખ્યાલ હોય છે. તેથી તેઓ રાગદ્વેષને આધીન બન્યા વિના ઇષ્ટાનિષ્ટતાના અભાવસ્વરૂપ સમાનતાને (તુલ્યત્વને) જ, સર્વત્ર પરપદાર્થમાં ગ્રહણ કરે છે. ઇષ્ટત્વ કે અનિષ્ટત્વ વસ્તુતઃ કોઇ વસ્તુમાં નથી. મનની કલ્પનાથી અજ્ઞાની જીવો વસ્તુમાં ઇષ્ટત્વાદિનો આરોપ કરી રાગદ્વેષની પરિણતિવાળા બને છે. યોગીજનોને આવું બનતું નથી. તેઓ ઇષ્ટત્વાદિની કલ્પનાથી રહિત હોવાથી સમાનશીલ છે. તેથી જ તેઓ સંકલ્પ અને વિકલ્પથી રહિત હોય છે, તે જણાવાય છે :

**स्थैर्यरत्नप्रदीपश्चेद्, दीप्रः सङ्कल्पदीपजैः ।**
**तद्विकल्पैरलं धूमै-रलं धूमैस्तथाश्रवैः ॥३-६॥**

"સ્થિરતાસ્વરૂપ રત્નનો દેદીપ્યમાન દીવો હોય તો સઙ્કલ્પસ્વરૂપ દીપકથી ઉત્પન્ન થયેલા વિકલ્પસ્વરૂપ ધુમાડાથી સર્યું, તેમ જ અત્યન્ત મલિન એવા આશ્રવોથી સર્યું." સ્થિરતા રત્નના દીપક જેવી છે. સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી સ્થિરતાને રત્ન સ્વરૂપ દેદીપ્યમાન દીપક સ્વરૂપે વર્ણવી છે. આવો દીપક હોય તો સઙ્કલ્પસ્વરૂપ જે દીપક છે, કે જેનાથી વિકલ્પસ્વરૂપ ધુમાડા નીકળ્યા જ કરે છે તેવા દીપકનું કશું જ પ્રયોજન નથી રહેતું. વિકલ્પો સ્વરૂપ ધુમાડાને દૂર કરવા માટે સઙ્કલ્પસ્વરૂપ દીપકને

પણ દૂર કરવો પડે છે. કારણ કે વિકલ્પસ્વરૂપ ધુમાડાને પેદા કરનાર જ સઙ્કલ્પસ્વરૂપ દીપક છે.

સામાન્ય રીતે પરપદાર્થની વિચારણાને અનુસરનારી મનની ચંચળતાને સંકલ્પ કહેવાય છે અને તેના વારંવારના સ્મરણને વિકલ્પ કહેવાય છે. કોઈવાર સંકલ્પના કારણે ક્ષણવાર સ્થિરતા પ્રાપ્ત થતી જણાતી હોય છે. તેથી સઙ્કલ્પ દીપકતુલ્ય જણાતો હોય છે. પરન્તુ એ સંકલ્પથી અનેક વિકલ્પો ઊભા થવાથી સઙ્કલ્પદીપક નકામો બને છે. તેને નકામો બનાવનારા વિકલ્પોને તેથી જ ધુમાડાજેવા વર્ણવ્યા છે. જે પણ યોગીજનોને આત્માના જ્ઞાનાદિ ગુણોમાં સ્થિરતા પ્રાપ્ત થઈ છે, તેમને સઙ્કલ્પ-વિકલ્પ પ્રાપ્ત થતા નથી. સ્વસ્વરૂપમાં લીન બનેલા મહાત્માઓને સાંસારિક (પરપદાર્થો સંબંધી) સઙ્કલ્પ-વિકલ્પો થતા નથી. તેથી અત્યન્ત મલિન (અશુદ્ધ) એવા આશ્રવો પણ પ્રાપ્ત થતા નથી. પ્રાણાતિપાતાદિ સ્વરૂપ આશ્રવો છે, જેથી આત્મામાં કર્મ આવે છે. જે આત્મા સમાધિસ્થ છે, તેને કર્મબન્ધના કારણભૂત આશ્રવો ન હોય એ સમજી શકાય છે. પોતાના પરિણામને પરભાવોમાં જોડવાથી આશ્રવો પ્રાપ્ત થાય છે. સ્વભાવોમાં સ્વપરિણામોને જોડવાથી આશ્રવો થતા નથી. આથી સ્પષ્ટ છે કે સ્થિરતાસ્વરૂપ રત્નપ્રદીપને પ્રાપ્ત કર્યા પછી સંકલ્પવિકલ્પના ધુમાડાનું અસ્તિત્વ રહેતું નથી... અસ્થિરતાનો અપાય જણાવાય છે :

**उदीरयिष्यसि स्वान्तादस्थैर्यपवनं यदि ।**
**समाधे र्धर्ममेघस्य घटां विघटयिष्यसि ॥३-७॥**

"જો તું અન્તઃકરણમાંથી અસ્થિરતાસ્વરૂપ પવનને પ્રવર્ત્તાવીશ તો સમાધિસ્વરૂપ ધર્મમેઘના સમુદાયનો નાશ કરીશ." આશય એ છે કે સામાન્ય રીતે સ્વસ્વભાવમાં લીન બન્યા પછી પણ પૂર્વે કરેલા કર્મના યોગે પર પદાર્થમાં મન ખેંચાય છે. ત્યારે યોગીજનો ખૂબ જ અપ્રમત્ત બની સ્વસ્વભાવમાં મનને સ્થિર રાખતા હોય છે. પરન્તુ તેવા પ્રસંગે અત્યાર સુધીના અભ્યાસથી પ્રમાદની પરવશતાએ અન્તઃકરણમાંથી અસ્થિરતાનો પવન શરૂ થાય છે અને એક વખત એવી અસ્થિરતાની શરૂઆત થયા પછી સમાધિસ્વરૂપ જે ધર્મમેઘ છે તે વીખરાઇ જાય છે. આકાશમાં ચિકાર મેઘ ચઢી આવ્યા હોય અને ત્યારે જોરદાર પવન ફૂંકાય તો જેમ વાદળો વીખરાઈ જાય છે તેમ અહીં પણ અસ્થિરતાનો પવન ફૂંકાય તો સમાધિસ્વરૂપ ધર્મમેઘની ઘટા વીખરાય છે. વરસ્યા વિના જ જેમ વાદળો પવનના કારણે વીખરાય છે તેમ

અહીં પણ સમાધિનું ફળ-સિદ્ધિ પ્રાપ્ત થાય એની પૂર્વે તો અસ્થિરતાના પવનને લઇને સમાધિસ્વરૂપ ધર્મવાદળાં વીખરાઇ જશે અને તેથી સિદ્ધિને પ્રાપ્ત કરવાનું શક્ય નહિ બને. અસ્થિર આત્માને સમાધિ પ્રાપ્ત થતી નથી. સ્વસ્વરૂપમાં વિશ્રાન્તિ (વિરામ) : એ સમાધિ છે. જેઓ પરસ્વરૂપમાં રક્ત બની અસ્થિર થયા હોય તેને સમાધિ પ્રાપ્ત ન થાય - એ સ્પષ્ટ છે. તેથી સ્થિરતા માટે પ્રયત્ન કરવાનું જણાવાય છે :

**चारित्रं स्थिरतारूपमेतत्सिद्धेष्वपीष्यते ।**
**यतन्तां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ॥३-८॥**

''સ્થિરતાસ્વરૂપ ચારિત્ર સિદ્ધપરમાત્માઓને પણ માન્યું છે. તેથી મુનિભગવન્તોએ તેની સિદ્ધિ માટે અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ.'' ઉપર જણાવ્યા મુજબ સ્વસ્વભાવભૂત આત્માના જ્ઞાનાદિ ગુણોમાં સ્થિર રહેવા સ્વરૂપ સ્થિરતાનું અહીં વર્ણન કરાયું છે. ભવોભવથી અભ્યસ્ત પરપદાર્થની સ્થિરતા ઔદયિકભાવની મોહજન્ય હોવાથી તે વાસ્તવિક રીતે સ્થિરતા નથી, પરન્તુ દોષ છે. એનો ત્યાગ કરી આત્માના જ્ઞાનાદિ ગુણોમાં સ્થિરતા પ્રાપ્ત થાય તો ક્ષયોપશમભાવના જ્ઞાનાદિ ગુણોનો ઉત્તરોત્તર આવિર્ભાવ થતો જાય છે, જે કાલાન્તરે ક્ષાયિકભાવના આત્મગુણોના આવિર્ભાવનું કારણ બને છે.

ચારિત્રમોહનીયકર્મના ક્ષયથી ક્ષાયિકભાવનું ચારિત્ર પ્રાપ્ત થાય છે. શ્રી સિદ્ધપરમાત્માઓને ચારિત્ર હોતું નથી - એ પ્રમાણે જે જણાવવામાં આવ્યું છે, તે ક્રિયાસ્વરૂપ ચારિત્રને આશ્રયીને છે. નિજગુણની સ્થિરતા સ્વરૂપ ચારિત્રની અપેક્ષાએ એ નિષેધ નથી. શ્રી સિદ્ધપરમાત્માઓને સ્થિરતાસ્વરૂપ ચારિત્ર તો છે જ. એની પ્રાપ્તિ માટે મુનિભગવન્તોએ અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ. શરૂઆતમાં શુભપ્રવૃત્તિ અને અશુભની નિવૃત્તિ સ્વરૂપ ચારિત્રમાં સ્થિરતા પ્રાપ્ત કરી ક્રમશઃ સમ્યગ્દર્શનાદિ આત્મગુણોમાં સ્થિરતાને પ્રાપ્ત કરી શકાશે. પ્રવૃત્તિ-નિવૃત્તિ સ્વરૂપ ચારિત્ર, વ્યવહાર નયની અપેક્ષાએ છે. સ્વસ્વરૂપની રમણતા સ્વરૂપ ચારિત્ર, નિશ્ચયનયની અપેક્ષાએ છે, જે નિજગુણની સ્થિરતા સ્વરૂપ છે. તેથી તેની સાધનામાં યતિજનોએ પ્રયત્ન કરવો જોઇએ : એ કહેવાનો આશય છે.

**॥ इति श्रीज्ञानसारप्रकरणे स्थिरताष्टकम् ॥**

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे चतुर्थं मोहत्यागाष्टकम् ।

## ४

આ પૂર્વે ત્રીજા અષ્ટકમાં સ્થિરતાનું નિરૂપણ કર્યું. એ સ્થિરતા મોહના ત્યાગથી પ્રાપ્ત થાય છે. તેથી હવે મોહત્યાગનું નિરૂપણ કરાય છે. મોહનીયકર્મના ઉદયથી આત્મપરિણતિ અસ્થિર થાય છે. તત્ત્વના નિશ્ચયસ્વરૂપ સમ્યગ્દર્શનને અને સ્વસ્વભાવમાં રમણ કરવા સ્વરૂપ ચારિત્રને રોકનાર મોહનીયકર્મનો ઉદય છે. તેથી મનની સ્થિરતા નાશ પામે છે.

આત્માનો સ્વભાવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને વિશુદ્ધસુખસ્વરૂપ છે. તો પણ આ સંસારમાં આત્માને ભટકવું પડે છે, તેમાં મોહનો દોષ છે. આત્મા અમૂર્ત (રૂપાદિથી રહિત), અકર્ત્તા, સર્વ સઙ્ગથી રહિત અને નિર્મળ સ્વભાવવાળો હોવા છતાં મોહની પરવશતાએ તે કર્મથી અવબદ્ધ અને દીન છે, તેથી સ્વસ્વભાવમાં લીન બનવા સ્વરૂપ સ્થિરતાને પ્રાપ્ત કરવા માટે મોહનો ત્યાગ કરવાનું જણાવાય છે :

**अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत् ।**
**अयमेव हि नञ्पूर्वः, प्रतिमन्त्रोऽपि मोहजित् ॥४-१॥**

"હું અને મારું - આ મોહનો મન્ત્ર છે, જે જગતને અન્ધ બનાવે છે. પણ નञ्(ન)પૂર્વકનો એ જ મંત્ર મોહને જીતનાર પ્રતિમન્ત્ર છે." મોહ, અજ્ઞાન-મિથ્યાજ્ઞાન સ્વરૂપ છે. મોહના કારણે શરીરાદિને આત્મા માનવાનું અને ધનાદિને પોતાનું માનવાનું બનતું જ આવ્યું છે. अहम्(હું) અને मम(મારું) - આ મોહનો મંત્રજાપ સતત ચાલતો રહે છે.

અનન્તો કાળ ગયો, પરન્તુ શરીરાદિથી ભિન્ન એવા આત્માના અસ્તિત્વની પ્રતીતિ ના થઇ. જ્યારે પણ એવી કોઇ વાત મહાપુરુષોએ કરી ત્યારે મિથ્યાત્વાદિ મોહનીયકર્મના ઉદયથી એ વાતની થોડી પણ રુચિ ના થઇ. તેથી શરીરાદિને જ આત્મા માનીને તે તે પ્રવૃત્તિઓ ચાલતી રહી. શરીરાદિને અનુકૂળ પડે એવાં પૌદ્ગલિક સાધનોને પણ પોતાનાં માની મમત્વને ગાઢ બનાવવાની પ્રવૃત્તિ પણ ચાલતી રહી. આ રીતે અહંમમના મંત્રનું રટણ ચાલુ હોવાથી મનની સ્થિરતા રહેતી નથી.

'अहं मम' ના એ મંત્રની પૂર્વે નञ् (न) લગાડવાથી 'नाऽहम् અને 'न मम' આ પ્રતિમન્ત્ર બને છે. શરીરાદિ સ્વરૂપ હું નથી અને આ પુદ્ગલો મારાં નથી, આવી સતત વિચારણાથી अहं मम ની વિચારણા લગભગ દૂર થાય છે. તેથી अहं मम ના મન્ત્રનો નાશ કરનાર એવો આ 'नाऽहम् न मम' નો મન્ત્ર પ્રતિમન્ત્ર બને છે. अहं मम... આ પરિણામથી અશુદ્ધ અધ્યવસાય પ્રગટે છે, જે મોહને પુષ્ટ કરે છે. તાત્ત્વિક રીતે જે પોતાનું સ્વરૂપ નથી, અને જે પોતાનું નથી, તેને સ્વ અને સ્વકીય (હું અને મારું) માનીને સમગ્ર જગત તત્ત્વને જોવા માટે અન્ધ બન્યું છે. આ અન્ધત્વને દૂર કરવા માટે પ્રતિમન્ત્ર 'नाहं न मम' જ ઉપયોગી બને છે. મોહને જીતવા માટેનો એ શ્રેષ્ઠ ઉપાય છે.

અત્યન્ત દુઃખ પડે ત્યારે ઘણીવાર શરીરાદિ પ્રત્યે અને તેને અનુકૂળ પડે એવાં સાધનો પ્રત્યે नाहं અને न मम ની બુદ્ધિ થતી હોય છે. પરન્તુ થોડી વારમાં થોડું પણ દુઃખ જાય અને સહેજ અનુકૂળતા મળે એટલે તે બુદ્ધિ નાશ પામે છે - આ પણ એક મોહની જ ચાલ છે. એટલી બધી મજબૂત પકડ છે ને મોહની ! કોઇ રીતે છટકવા ન દે. તાત્ત્વિક રીતે શરીરાદિમાં પરત્વ અને પરકીયત્વની પ્રતીતિ થાય તો જ મોહને જીતી શકાય. ''હું એકલો છું, મારું કોઇ નથી, હું બીજા કોઇનો નથી.'' આ રીતે મનમાં દીનતાને લાવ્યા વિના પોતાના આત્માનું પોતે અનુશાસન કરવાથી તેમ જ ''જ્ઞાનદર્શનથી યુક્ત મારો એક જ આત્મા શાશ્વત છે, બાકીના બધા બાહ્ય ભાવો કર્મસંયોગથી મળેલા છે, જેને લઇને આજ સુધી દુઃખોની પરંપરા જ પ્રાપ્ત કરી છે, તેથી તેના સંબન્ધનો ત્યાગ કરવામાં જ આત્મશ્રેયઃ છે....'' ઇત્યાદિ વિચારણાથી ભાવિત બનવાથી મોહને કાબૂમાં રાખી શકાય છે - આ વાતને સ્પષ્ટ રીતે જણાવાય છે :

**शुद्धात्मद्रव्यमेवाहं, शुद्धज्ञानं गुणो मम ।**
**नान्योऽहं न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ॥४-२॥**

''શુદ્ધ આત્મદ્રવ્ય સ્વરૂપ જ હું છું. શુદ્ધજ્ઞાનગુણ મારો છે. હું બીજો કોઇ નથી અને બીજા કોઇ મારા નથી. મોહનો નાશ કરવા માટે એ પ્રબળ અસ્ત્ર છે.'' અહીં अहम् પદથી શુદ્ધ આત્મદ્રવ્ય વિવક્ષિત છે, જે કાર્મણવર્ગણાદિ કોઇ પણ પ્રકારના પુદ્ગલદ્રવ્યથી સંશ્લિષ્ટ (દૂધ અને પાણીની જેમ એકરૂપ) થયેલું નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, અવ્યાબાધ અને અમૂર્ત્તાદિ અનન્ત ગુણપર્યાયવદ્, નિત્ય અને

અસંખ્યાત-પ્રદેશી એવું આ આત્મદ્રવ્ય સ્વસ્વરૂપનું કર્તા, ભોક્તા છે. સ્વસ્વરૂપ-કર્તૃત્વાદિ અનન્તધર્મોથી યુક્ત આત્મદ્રવ્ય શુદ્ધ છે. તેને છોડી દઇને બીજું આત્મદ્રવ્ય અશુદ્ધ છે. શુદ્ધ-નિર્મળ આત્મદ્રવ્યને જ अहं પદથી (હું પદથી) સમજાવવામાં આવે છે. અહમ્પદાર્થ શરીર નથી, ઇન્દ્રિયો નથી, મન નથી તેમ જ કર્માદિપુદ્ગલસંશ્લિષ્ટ અશુદ્ધ આત્મદ્રવ્ય પણ નથી.

આવા શુદ્ધ આત્મદ્રવ્યનો શુદ્ધજ્ઞાન ગુણ છે; જે સર્વથા આવરણથી રહિત છે, એક જ સમયમાં સર્વ ક્ષેત્રમાં રહેલાં સર્વ દ્રવ્યોના સર્વ કાળના સર્વ પર્યાયોને જણાવનાર કેવલજ્ઞાનસ્વરૂપ છે. એ શુદ્ધ આત્મદ્રવ્યનો ગુણ છે. આવરણ સાથેનો ક્ષયોપશમાદિભાવનો જ્ઞાનગુણ, શુદ્ધાત્મદ્રવ્યસમ્બન્ધી નથી, અશુદ્ધ એવા આત્મદ્રવ્યનો એ ગુણ છે.

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોથી જીવદ્રવ્ય ભિન્ન છે. કારણ કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયીને ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં અને જીવદ્રવ્યમાં ભેદ છે. તેથી જીવદ્રવ્ય ધર્માસ્તિકાયાદિ સ્વરૂપ નથી. તેમ જ પુદ્ગલાદિસંબન્ધી અને અશુદ્ધ આત્મદ્રવ્ય સમ્બન્ધી વર્ણાદિ ગુણો અને ક્ષયોપશમાદિ ભાવના જ્ઞાનાદિ ગુણો શુદ્ધ આત્મદ્રવ્યમાં ન હોવાથી તે તેના નથી. તેથી જે પોતે નથી અને જે પોતાનું નથી તેને પોતે અને પોતાનું માનવું, એ મોહ છે. આ મોહના પરિણામને(અધ્યવસાયને) ભેદવા માટે હું અન્ય નથી અને બીજા મારા નથી : આ પરિણામ પ્રબળ કારણ છે. પરિણામથી પરિણામ છેદાય - એ સમજી શકાય છે. 'नान्योऽहम् અને नान्ये मम' આ પરિણામ સ્વરૂપ પ્રબળ અસ્ત્રથી મોહનો ક્ષય થાય છે. આથી સમજી શકાશે કે સર્વ પરપદાર્થોમાં આત્માના ભેદની બુદ્ધિ રાખવી જોઇએ. આથી જ નિર્ગ્રન્થ સાધુ મહાત્માઓ, અનાદિની પર પદાર્થોના વિષયમાં થતી આત્મબુદ્ધિના ઉચ્છેદ માટે આશ્રવોનો ત્યાગ કરે છે, ભવનિસ્તારક ગુરુચરણે રહે છે, વનમાં વસે છે, સુખદુ:ખાદિસ્વરૂપ વિપાક-ફળની પ્રત્યે ઉદાસીનતા ધરે છે.... આથી જ તેઓશ્રી પાપનાં ભાજન બનતા નથી - તે જણાવાય છે :

**यो न मुह्यति लग्नेषु, भावेष्वौदयिकादिषु ।**
**आकाशमिव पङ्केन, नाऽसौ पापेन लिप्यते ।।४-३।।**

''આત્માને લાગેલા ઔદયિકાદિભાવોને વિશે જે મોહ પામતો નથી, તે કાદવથી આકાશની જેમ પાપથી લેપાતો નથી.'' આશય એ છે કે જેઓ તત્ત્વમાં (આત્મ-સ્વરૂપમાં) રમણ કરે છે, તેઓ પુણ્યના ઉદયથી કે પાપના ઉદયથી પ્રાપ્ત થયેલા સુખ કે દુઃખ વગેરે સ્વરૂપ ઔદયિકભાવોમાં (કર્મના ઉદયથી પ્રાપ્ત થનારા શુભાશુભ ભાવોમાં) મૂંઝાતા નથી તેમ જ જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયોપશમથી (મંદ આવરણોના ઉદયથી) પ્રાપ્ત થનારા છદ્મસ્થ અવસ્થાના ક્ષાયોપશમિક ભાવના જ્ઞાનાદિ ગુણોમાં મોહ પામતા નથી. કારણ કે તેઓ સમજે છે કે આ બધા ભાવો વાસ્તવિક રીતે પર છે અને અશુદ્ધ છે. આત્માને (શુદ્ધ આત્મદ્રવ્યને) એની સાથે કોઇ નિસબત નથી. કર્મના યોગે સર્જાયેલી આ સ્થિતિ અનાદિકાળની છે. એમાં હર્ષ કે વિષાદ, રતિ કે અરતિ અને રાગ કે દ્વેષ વગેરે કરવાનું વસ્તુતઃ કોઇ જ કારણ નથી.... ઇત્યાદિ વિચારણાથી એ મહાત્માઓનું ચિત્ત ભાવિત હોવાથી તેઓશ્રી પાપથી લેપાતા નથી.

કાદવ આકાશમાં રહેલો હોવા છતાં, કાદવથી આકાશ જેમ લિપ્ત થતું નથી તેમ મોહરહિત (મોહને અનધીન) *મહાત્માઓ, ઔદયિકાદિભાવો લાગેલા હોવા છતાં* પાપથી લેપાતા નથી. પાપબન્ધનું મુખ્ય કારણ મોહ છે. મોહાધીન પ્રવૃત્તિ પાપમાં પરિણમે છે. મોહાધીનતા ન હોય તો પ્રવૃત્તિ પાપમાં પરિણમતી નથી. મોહાધીનતાના અભાવમાં પ્રશમ, સંવેગ અને નિર્વેદાદિ ગુણોથી પર પદાર્થમાં ચિત્ત જતું ન હોવાથી નિકાચિત કર્મના ઉદયમાં થતી પ્રવૃત્તિ પાપબન્ધનું કારણ બનતી નથી. પરન્તુ પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા થાય છે. કારણ કે પોતાના પરિણામ, પરપદાર્થવિષયક ન હોવાથી પરભાવોનો (કર્મબન્ધાદિનો) કર્તા આત્મા બનતો નથી.

આથી જ આ વાતને જણાવતાં અધ્યાત્મબિન્દુમાં ફરમાવ્યું છે કે -''સ્વને સ્વસ્વરૂપે અને પરને પરસ્વરૂપે જાણનાર, સમસ્ત અન્યદ્રવ્યોથી વિરામ પામેલ, તેથી જ જ્ઞાનમયત્વને પ્રાપ્ત કરનાર, એવા સ્વાત્મશીલ સ્વદર્શી અને પોતાના આત્મામાં જ રતિને અનુભવનાર મહાત્માને કોઇ પણ રીતે કર્મબન્ધ થતો નથી.'' આ રીતે પરદ્રવ્યમાં રમણ ન કરનાર આત્મા મુક્ત બને છે. સર્વસઙ્ગના પરિહાર સ્વરૂપ અસઙ્ગ મોક્ષનું કારણ છે. ભાવાશ્રવપરિણતિનો નિરોધ : એ સંયમ છે. તેની રક્ષાદિ માટે આશ્રવોનો ત્યાગ હિતકર છે. જે મહાત્માઓ પરભાવોને અભોગ્ય અને અગ્રાહ્ય માને છે, તેઓ તેમાં (પરભાવોમાં) કઇ રીતે રમે ? અર્થાદ્ ન રમે એ સ્પષ્ટ છે. જોકે

આ રીતે પરભાવમાં તેઓ ન રમે એ સમજી શકાય છે. પરન્તુ કર્મના યોગે લાગેલા એ ઔદયિકાદિભાવોમાં પ્રવર્ત્તવું પડે છે- એનો ખેદ તો થાય ને ? આ શંકાનું સમાધાન કરાય છે :

**पश्यन्नेव परद्रव्यनाटकं प्रतिपाटकम् ।**
**भवचक्रपुरस्थोऽपि, नामूढः परिखिद्यते ।।४-४।।**

''દરેક પડદે પરદ્રવ્યસમ્બન્ધી નાટકને જોતાં ભવચક્રનગરમાં રહેવા છતાં અમૂઢ - મોહને અનધીન મહાત્મા - ખેદ પામતા નથી.'' જેઓ પોતાના સ્વરૂપથી ખસતા નથી અને સ્વધર્મમાં જે એકાગ્ર છે - એવા મહાત્માને અમૂઢ-તત્ત્વવેત્તા કહેવાય છે. એવા આત્માઓ સંસારમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય સ્વરૂપ અવસ્થાઓને વિશે ચાર ગતિના પડદે, જન્મ જરા મૃત્યુ વગેરે સ્વરૂપ પરદ્રવ્યના નાટક જુએ છે, તોય ખેદ પામતા નથી. તેઓ જાણે છે કે કર્મપુદ્ગલોના એ બધા વિચિત્ર વિપાકો છે. જે મારું સ્વરૂપ નથી, એવી કર્મજન્ય વિચિત્ર અવસ્થાને જોઇને તેને પોતાનું સ્વરૂપ માનવાથી મૂઢ માણસોને ખેદ થાય છે જ. પરન્તુ તત્ત્વજ્ઞાની-અમૂઢ મહાત્માઓને સંસારસ્વરૂપ નગરમાં રહેવા છતાં ખેદ થતો નથી. કારણ કે તેઓ આ બધા ભાવોથી આત્માને પર-ભિન્ન જાણે છે.

આ સંસારમાં જેને આપણે પારકા માનીએ છીએ અને આપણા નથી માનતા એવા પદાર્થોને જોઇને આપણને ખેદનો અનુભવ થતો નથી. ખેદનું મુખ્ય બીજ મમત્વ છે. વસ્તુ ગમે તેવી હોય તો ય તેના સ્વરૂપને જોઇને મમત્વના અભાવે ખેદ થતો નથી - આ આપણા અનુભવની વાત છે, તો ખરેખર જ જેઓ સર્વ પદાર્થોને આત્માથી ભિન્ન જ માનતા હોય તેઓને તે તે પદાર્થોની કર્માદિજન્ય તે તે વિચિત્ર અવસ્થાઓને જોઇને ખેદ ક્યાંથી થાય ? આથી સમજી શકાય છે કે કર્મના વિચિત્ર વિપાકોને ભોગવવા છતાં અમૂઢ આત્માઓ ખેદ પામ્યા વિના રહે છે. કર્મ બન્ધાતાં હતાં (ગુણસ્થાનકપ્રત્યયિક બન્ધાતાં હતાં) ત્યારે અરતિ કે અનાદર ન હતો પણ ઉદાસીનતા હતી તો ઉદયની અવસ્થામાં ભોગવતી વખતે દ્વેષ થવાનું કોઇ કારણ નથી. ભોગવતી વખતે જે ઇષ્ટાનિષ્ટની પરિણતિ છે તે નવા કર્મબન્ધનું કારણ છે. તેથી શુભનો ઉદય હોય કે અશુભનો ઉદય હોય પરન્તુ અન્તે તો ગુણનાં (આત્મગુણના) આવરણ હોવાથી તેને વિશે ઇષ્ટાનિષ્ટતા કઇ રીતે હોય ? આટલું સ્પષ્ટ હોવા છતાં જીવ મોહાધીન શાથી બને છે- તે જણાવાય છે :

**विकल्पचषकैरात्मा, पीतमोहासवो ह्ययम् ।**
**भवोच्चतालमुत्तालप्रपञ्चमधितिष्ठति ॥४-५॥**

''વિકલ્પસ્વરૂપ પ્યાલી વડે જેણે મોહસ્વરૂપ આસવ પીધો છે - એવો આ આત્મા ભવસ્વરૂપ દારૂના પીઠામાં વારંવાર જોરથી તાળી પાડવા સ્વરૂપ પ્રપઞ્ચને પ્રાપ્ત કરે છે.'' ચિત્તના વિષય-કષાયોન્મુખ કલ્લોલોને વિકલ્પ કહેવાય છે. સુખપ્રાપ્તિ માટે અને દુ:ખનિવૃત્તિ માટે થતી વિચારણા વિકલ્પસ્વરૂપ છે. આ વિકલ્પોથી આત્મા મોહાધીન બને છે. મોહસ્વરૂપ માદકદ્રવ્યના(આસવના) પાન માટે વિકલ્પો ચષક(મદિરાની પ્યાલી) જેવા છે. જેમ ચષકથી મદ્યપાન કરાય છે તેમ વિકલ્પોથી મોહાસવનું પાન કરાય છે. આ રીતે મોહાસવનું પાન કરનારો આ જીવ ભવસ્વરૂપ દારૂના પીઠામાં પોતાના જેવા માણસોની સાથે જોરશોરથી તાળી આપીને અનેક જાતની ક્રીડાઓ સ્વરૂપ પ્રપઞ્ચને કરે છે. મદિરાથી ઉન્મત્ત બનેલો માણસ જેમ પત્નીને મા કહે છે અને માને પત્ની કહે છે, તેમ મોહાસવનું જેણે પાન કર્યું છે તે આ સંસારમાં વિવેકથી રહિત બની અનેક જાતની કુચેષ્ટાઓ કરે છે. પરપદાર્થને સ્વ અને સ્વકીય માને છે. તેમ જ સ્વ અને સ્વકીય ગુણોને પર અને પરકીય માને છે. મોહના પ્રભાવ નીચે પોતાનું સાન-ભાન ગુમાવીને અકાર્ય કરવામાં જ એ તત્પર હોય છે. પોતાના સ્થાન(સ્વરૂપ)થી ભ્રષ્ટ થઇને આ ભવમાં (દારૂના પીઠામાં) નિરન્તર ભટક્યા કરે છે.

કહેવાનો આશય સમજી શકાય છે કે મદિરા પીધેલા માણસની જેમ જ મોહાસવને પીધેલા જીવની વિટંબણાનો કોઇ પાર નથી. મદિરાપાનથી સાન-ભાન ગુમાવી દીધેલા માણસની દુર્દશાને આપણે જોઇ શકીએ છીએ. પરન્તુ મોહની ઘેરી અસરતળે થયેલી આપણી દુર્દશાને આપણે જોઇ શકતા નથી. એટલું જ નહિ, આપણી એ દુર્દશાને કોઇ જણાવે તો તે સાંભળી લેવાનું પણ ગમે તેવું નથી. આ પણ મોહનો જ પ્રભાવ છે. મોહનું કામ પણ એટલું જ છે. એક વખત સાન જાય અને ભાન જાય પછી બાકીનું બધું જ કાર્ય આત્મા પોતે જ કરે. તે વખતે મોહનો કોઇ જ કાર્યભાર નથી. આથી જ અનન્તજ્ઞાનીઓએ, સ્વસ્થાનબદ્ધ થવા માટે મોહનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો છે. મોહના કારણે જે ભ્રમ થાય છે, તેનું બીજ હવે કહેવાય છે. આશય એ છે કે સાન અને ભાન જવા છતાં મદિરાથી ઉન્મત્ત પણ ગમે તેને ગમે

તે માનતો નથી. કોઇ વિવક્ષિતને જ વિરુદ્ધસ્વરૂપે માને છે અથવા વર્ણવે છે. તેમ મોહાધીન આત્મા પણ કોઇ વિવક્ષિત જ તે તે પરદ્રવ્યમાં સ્વત્વ કે સ્વકીયત્વનું જ જ્ઞાન કરે છે-તેનું બીજ વર્ણવાય છે :

**निर्मलस्फटिकस्येव, सहजं रूपमात्मनः ।**
**अध्यस्तोपाधिसम्बन्धो, जडस्तत्र विमुह्यति ॥४-६॥**

''નિર્મળ સ્ફટિકની જેમ આત્માનું રૂપ(સ્વરૂપ) સ્વભાવથી શુદ્ધ છે. પરન્તુ ઉપાધિના સંબન્ધના અધ્યાસ(સતતાભ્યાસ)ના કારણે જડ આત્મા તેમાં મોહ પામે છે. (અર્થાદ્ ઉપાધિસહિત સ્વરૂપને સમજે છે.) સંગ્રહનયની અપેક્ષાએ આત્મદ્રવ્યત્વરૂપે આત્મદ્રવ્ય એક જ છે. સ્વભાવથી જ સ્ફટિક જેમ નિર્મળ સ્વચ્છ અને પારદર્શક છે, તેમ આ આત્મદ્રવ્ય પણ નિર્મળજ્ઞાનાદિ અનન્તગુણમય સ્વભાવથી જ શુદ્ધ છે. સ્વપ્રકાશસ્વરૂપ આ આત્મદ્રવ્ય ચિદાનન્દસ્વરૂપ છે. પરન્તુ આત્માનું એ સ્વરૂપ જડ આત્મા જાણી શકતો નથી. પુદ્ગલના સંસર્ગથી કર્મસ્વરૂપ ઉપાધિના સંબન્ધને પ્રાપ્ત કરવાથી અનેક અવસ્થાને પામેલા જડ જીવો વસ્તુના સ્વરૂપના જાણકાર ન હોવાના કારણે ઉપાધિના ભાવોમાં મોહ પામે છે. અર્થાદ્ ઔપાધિકભાવને જ પોતાનું સ્વરૂપ માની લેતા હોય છે.

સ્ફટિકની પાસે રહેલ લાલ લીલા કાળા પીળા વર્ણવાળાં પુષ્પોના સાન્નિધ્યથી જેમ કોઇ મૂર્ખ માણસ સ્ફટિકને લાલ લીલું કાળું કે પીળું માની લે છે, તેમ વસ્તુના સ્વરૂપને જણાવનારા બોધથી રહિત એવો જીવ; મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ કે પ્રમાદાદિના યોગે બન્ધાયેલા એકેન્દ્રિયાદિ જાતિ સ્વરૂપ નામકર્મના ઉદયે પ્રાપ્ત એવી એકેન્દ્રિયાદિ અવસ્થાને લઇને પોતાને એકેન્દ્રિયાદિ સ્વરૂપ માની લે છે. પરન્તુ પોતાના સચ્ચિદાનન્દ સ્વરૂપ નિર્મળ શુદ્ધસ્વરૂપને તે જાણતા નથી - આ તેમની મૂર્ખતા છે.

તત્ત્વના જ્ઞાતા તો, ખાણમાં રહેલું રત્ન, મલિન હોય, આચ્છાદિત હોય અને માટીથી યુક્ત હોય તોપણ રત્નના પરીક્ષકો જેમ રત્નસ્વરૂપે જાણી લે છે તેમ આત્માને કર્માદિથી આચ્છાદિત હોવા છતાં અને પ્રકાશ(જ્ઞાનજ્યોતિ)થી વિકલ હોવા છતાં પણ પૂર્ણાનંદ સ્વરૂપ નિર્મળ શુદ્ધરૂપે જાણી લે છે. આથી સ્પષ્ટ છે કે મૂઢ આત્માઓ

કર્માદિ સ્વરૂપ ઉપાધિના કારણે મોહ પામે છે. અજ્ઞાનથી રહિત આત્માઓ આત્માને શુદ્ધસ્વરૂપે જાણે છે તેમ જ આત્માના શુદ્ધ ગુણોને જ શુદ્ધગુણસ્વરૂપે જાણે છે. તેથી કર્મજન્ય (કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા) સુખને સુખાભાસસ્વરૂપે જાણે છે... તે જણાવાય છે :

**अनारोपसुखं मोहत्यागादनुभवन्नपि ।**
**आरोपप्रियलोकेषु, वक्तुमाश्चर्यवान् भवेत् ।।४-७।।**

''મોહનો ત્યાગ કરવાથી આરોપ વિનાના વાસ્તવિક સુખનો અનુભવ કરવા છતાં આરોપ જેમને પ્રિય છે એવા લોકોને વિશે આરોપવાળું અવાસ્તવિક સુખ-સુખ છે : એ પ્રમાણે કહેવા માટે આશ્ચર્યવાન થાય અર્થાદ્ એ પ્રમાણે કહે તો આશ્ચર્ય જ કહેવાય.'' આત્માના સ્વાભાવિક ગુણોના નિશ્ચયના કારણે અને શ્રદ્ધાના કારણે જે સુખનો અનુભવ થાય છે, તે સુખ વાસ્તવિક છે. આરોપ વિનાનું છે. પૌદ્‌ગલિક સુખ તો વસ્તુતઃ સુખ જ નથી. તે કર્મજન્ય છે અને મનને ગમતું હોવાથી તેમાં સુખત્વનો આરોપ કરાયો છે. એક રીતે જોઇએ તો દુઃખની નિવૃત્તિમાં જ સુખત્વનો આરોપ કરાય છે -એ સમજાયા વિના નહિ રહે. અધ્યાત્મસારગ્રન્થમાં એ વિષયમાં જણાવ્યું છે કે દુઃખની નિવૃત્તિને જ મૂઢ માણસો સુખ માને છે. એવી માન્યતામાં તેમની મૂઢતા સિવાય બીજું કોઇ કારણ નથી.

મોહનો ત્યાગ કરવાથી અનારોપ (આરોપથી રહિત) સુખનો અનુભવ કરવા છતાં જેઓ, આરોપની રુચિવાળા લોકોને તેમની રુચિ પ્રમાણે આરોપિત સુખને સુખ તરીકે જણાવે તો આશ્ચર્યનું કારણ બને છે. અર્થાત્ તેવા પ્રકારના વાસ્તવિક સુખનો અનુભવ કરનારા આરોપની રુચિવાળા લોકોને પણ અવાસ્તવિક સુખને સુખ તરીકે જણાવતા નથી. પોતે જે અનુભવ્યું છે, તેનાથી વિપરીત બીજાને કઇ રીતે જણાવે ?

વાસ્તવિક સુખનો અનુભવ કરનારા આમ પણ અવાસ્તવિક સુખને સુખ તરીકે કોઇની પણ આગળ જણાવવા માટે સમર્થ બનતા નથી. અવાસ્તવિક (આરોપિત) સુખ જેને પ્રિય છે એવા લોકોની આગળ પણ તેમની રુચિ પ્રમાણે આરોપવાળા સુખને સુખરૂપે વર્ણવવાનું શક્ય નથી. કારણ કે તત્ત્વનું નિરૂપણ રુચિ અનુસાર કરવાનું હોતું નથી. પરન્તુ તત્ત્વાનુસાર કરવાનું હોય છે. તેઓ સમજે છે કે

વાસ્તવિક રીતે કર્મના ઉદયથી પ્રાપ્ત થતું એ સુખ, સુખ નથી. સુખનું કારણ પણ નથી. વિયોગાદિ દ્વારા દુઃખનું જ કારણ હોવાથી તે વસ્તુતઃ દુઃખસ્વરૂપ છે. એવા દુઃખસ્વરૂપ સુખને કોઇ વાર સામા માણસની રુચિ મુજબ સુખ તરીકે કહેવાઇ ગયું હોય તો વાસ્તવિક સુખનો અનુભવ કરનારાને આશ્ચર્ય થાય છે કે-'આ હું શું બોલ્યો ? કારણ કે આ સુખ નથી'. પરદ્રવ્યથી ઉત્પન્ન થનારા સુખમાં સુખનો આભાસ છે. તે મોહમૂલક હોવાથી તેનું નિવારણ કરવું જોઇએ. પૌદ્ગલિક સુખમાં સુખત્વનું જ્ઞાન ભ્રમસ્વરૂપ છે, જે અભ્યન્તર મિથ્યાત્વ સ્વરૂપ છે. એવા પ્રકારનું મિથ્યાત્વ મોહનો ત્યાગ કરનારા મહાત્માઓને હોતું નથી, તે જણાવાય છે :

**यश्चिद्दर्पणविन्यस्तसमस्ताचारचारुधीः ।**
**क्व नाम स परद्रव्येऽनुपयोगिनि मुह्यति ॥४-८॥**

"જ્ઞાનસ્વરૂપ દર્પણથી પોતાના આત્મામાં સારી રીતે સ્થાપન કરેલા જ્ઞાનાચારાદિ પાંચ આચારથી જેની બુદ્ધિ સારી છે, તે મહાત્મા સર્વથા નિરુપયોગી એવા પરદ્રવ્યમાં ક્યાં મોહ પામે ?" જે મહાત્માનું ચિત્ત સદાને માટે આગમનું અનુસરણ કરે છે, તે મહાત્મા જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારનું પાલન શાસ્ત્રાનુસાર કરે છે. તેમના જ્ઞાનમાં અને પંચાચારમાં કોઇ વિસંવાદ જોવા ન મળે. તેથી આગમના જ્ઞાનસ્વરૂપ દર્પણ વડે પોતાના ચિત્તમાં (આત્મામાં) જ્ઞાનાદિ સમસ્ત પંચાચારનું સ્થાપન થાય છે. આ સારી રીતે સ્થાપન કરાયેલા તે તે જ્ઞાનાચાર દર્શનાચારાદિના કારણે તેઓશ્રીની બુદ્ધિ સુંદર બને છે. કારણ કે આચારથી જ જ્ઞાન શોભે છે. આચારથી શૂન્ય એવી બુદ્ધિ પ્રશસ્ય બનતી નથી.

આ રીતે આગમાનુસાર પ્રવર્તતા આચારથી પ્રાપ્ત પ્રકૃષ્ટ પ્રજ્ઞાવાળા મહાત્માઓને પરપદાર્થ સર્વથા નિરુપયોગી જણાય છે અને તેથી મોક્ષની સાધના માટે તદ્દન નિરુપયોગી એવા પરદ્રવ્યમાં ક્યાંય મોહ થતો નથી. જેઓ તત્ત્વજ્ઞાનથી વિકલ છે, મિથ્યાત્વથી વાસિત છે, પોતાના સ્વરૂપને પણ જાણતા નથી, એવા જીવોને પરદ્રવ્યમાં મોહ થાય છે, જે સુખની ભ્રાન્તિ સ્વરૂપ છે. પરદ્રવ્યની અપેક્ષા સુખના સાધનસ્વરૂપે હોય છે. જેઓ પોતાના જ્ઞાનાદિગુણોના અનુભવમાં મગ્ન છે, તેમને પરદ્રવ્યમાં મોહ થવાનું કોઇ જ કારણ નથી. આથી સમજી શકાશે કે મોહના

નાશ માટે આત્મસ્વભાવની રમણતા સિવાય બીજો કોઇ ઉપાય નથી. આત્મસ્વભાવમાં રમણતાને પ્રાપ્ત કરવા માટે શરૂઆત આગમના શ્રવણથી કરવી જોઇએ. તેથી કુસંગનો ત્યાગ થાય છે. ત્યાર પછી તત્ત્વરુચિ પ્રગટે છે, જેથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેના સામર્થ્યથી સંયોગજન્ય બધા પરપદાર્થોની નિરુપયોગિતા પ્રતિભાસે છે, જે અનુક્રમે પરપદાર્થની અસારતા-અશુચિતાનું જ્ઞાન કરાવવા દ્વારા મોહનો નાશ કરે છે. અન્તે ઉક્ત રીતે મોહના નાશ માટે આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.

**॥ इति श्रीज्ञानसारप्रकरणे मोहत्यागाष्टकम् ॥**

## अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे पञ्चमं ज्ञानाष्टकम्।

### ૫

આ પૂર્વે મોહનો ત્યાગ કરવાનું જણાવ્યું. હવે મોહના ત્યાગ માટે જ્ઞાન આવશ્યક હોવાથી તેનું વર્ણન કરાય છે :

**मज्जत्यज्ञः किलाज्ञाने, विष्टायामिव शूकरः ।**
**ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥५-१॥**

''ખરેખર જ વિષ્ટામાં ભૂંડ જેમ લીન બને છે, તેમ અજ્ઞાનમાં અજ્ઞાની માણસ મગ્ન બને છે અને માનસસરોવરમાં જેમ હંસ લીન બને છે, તેમ જ્ઞાની જ્ઞાનમાં મગ્ન બને છે.'' આત્માનો ગુણ જ્ઞાન છે. સામાન્ય રીતે જાણવું તે જ્ઞાન છે. જીવમાત્રનો એ ગુણ છે. જ્ઞાનાવરણીયકર્મનાં ગમે તેટલાં આવરણો આવે તોપણ સર્વથા જ્ઞાન આવરાતું નથી. સર્વજનવિદિત એવા જ્ઞાનનું વર્ણન કરવાની ખરેખર જ આવશ્યકતા નથી. આમ જોઇએ તો બધા જ જીવો પોતપોતાના ઇષ્ટ વિષયના જ્ઞાનમાં મગ્ન જ હોય છે. પરન્તુ એવા જ્ઞાનની અહીં વાત નથી. કર્મના ઉદયથી પ્રાપ્ત થનારા સુખને મેળવવા માટે અને દુઃખને દૂર કરવા માટે જે જ્ઞાન જોઇએ છે, તે બધાની પાસે પૂરતા પ્રમાણમાં છે અને તે જ્ઞાનમાં આપણે બધા જ મગ્ન છીએ. એ જ્ઞાન અંગે કોઇને કશું જ જણાવવાની આવશ્યકતા નથી. અનન્તજ્ઞાનીઓની દૃષ્ટિએ તે જ્ઞાન નથી. પરન્તુ તે મોટું અજ્ઞાન છે. આત્માને ઓળખવા ના દે અને માત્ર શરીરાદિ બાહ્યપદાર્થોને જ ઇષ્ટાનિષ્ટસ્વરૂપે જણાવ્યા કરે તે વસ્તુતઃ જ્ઞાન નથી. અજ્ઞાનના (જ્ઞાનના અભાવના) કારણે જેમ ચારગતિમય સંસારમાં ભટકવું પડે છે તેમ મિથ્યાજ્ઞાનના કારણે પણ સંસારમાં રખડવું પડે છે. તેથી કાર્યની દૃષ્ટિએ અજ્ઞાનમાં અને મિથ્યાજ્ઞાનમાં ભેદ ન હોવાથી તેની વચ્ચે કોઇ જ ફરક નથી. આવા જ્ઞાનમાં (વસ્તુતઃ અજ્ઞાનમાં) સમસ્ત જગત લીન છે. વિષ્ટામાં જેમ ભૂંડ લીન બને છે તેમ અજ્ઞાની જનો અજ્ઞાનમાં (મિથ્યાજ્ઞાનમાં) મગ્ન છે.

આ સંસારમાંથી મુક્ત કરનારા જ્ઞાનને જ વસ્તુતઃ જ્ઞાન કહેવાય છે. મિથ્યાત્વાદિ મોહનીયકર્મના ક્ષયોપશમાદિથી એ જ્ઞાન પ્રાપ્ત થાય છે. નિરન્તર મોક્ષ અને તેના સાધનસ્વરૂપે રત્નત્રયીની પ્રાપ્તિ : એ બેની વિચારણાથી વ્યાપ્ત એવા જ્ઞાનમાં જ્ઞાની ભગવન્તો મગ્ન હોય છે. આજ સુધી જે જાણ્યું છે તે કામ લાગ્યું નથી અને જે કામનું

છે તે હજી જાણ્યું નથી – એનો ખ્યાલ જ્ઞાની ભગવન્તોને ચોક્કસ જ હોય છે. તેથી તેઓ મોક્ષ અને તેના સાધનભૂત સમ્યગ્દર્શનાદિ ગુણોની વિચારણામાં નિમગ્ન હોય છે. માનસસરોવરમાં જેમ હંસ મગ્ન હોય છે તેમ આત્માનો અનુભવ કરનારા જ્ઞાની ભગવન્તો આત્મલક્ષી જ્ઞાનમાં મગ્ન હોય છે. આ અષ્ટકમાં જે જ્ઞાનની વાત છે, તે આત્મલક્ષી જ્ઞાનની વાત છે. આત્માને અને આત્મગુણોને છોડીને બીજા પર પદાર્થો સમ્બન્ધી જ્ઞાનમાં મગ્નતાની વાત કરવાનું કોઇ જ પ્રયોજન નથી. એ તો સતત ચાલુ છે. જે તકલીફ છે, તે આત્મલક્ષી જ્ઞાનની મગ્નતા અંગે છે. અનાદિના કુસંસ્કારને લઇને વાસ્તવિક કોટિના જ્ઞાનમાં મગ્ન બનવાનું તો દૂર રહ્યું, સામાન્યથી રસ પણ પડતો નથી. હંસનો ભવ જ એવો છે કે તેને માનસસરોવરમાં સહજપણે જ આનંદ આવે છે. મિથ્યાત્વાદિ કર્મનો ક્ષયોપશમાદિ પ્રાપ્ત થાય તો આત્મલક્ષી જ્ઞાનમાં મગ્ન બનવાનું સહજપણે જ થઇ જાય. શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ ધર્મ કરવાથી મિથ્યાત્વાદિ કર્મની નિર્જરા વડે આત્મલક્ષી થોડું પણ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. જ્ઞાન કેટલું છે એનું મહત્ત્વ નથી, જ્ઞાન કયું છે એનું મહત્ત્વ છે. આથી જ સમ્યક્ત્વ વિનાનું નવ પૂર્વનું જ્ઞાન હોવા છતાં તેમને અજ્ઞાની કહેવાય છે અને માત્ર પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિનું જ્ઞાન ધરનારા સમકિતી આત્માઓને જ્ઞાની કહેવાય છે. આ વાતને સ્પષ્ટ કરવા જણાવાય છે :

**निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहुः ।**
**तदेव ज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ॥५-२॥**

"જેનાથી વારંવાર એક નિર્વાણપદની પણ પરિભાવના થાય છે, તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. વધારે જ્ઞાનનો આગ્રહ નથી." સકલકર્મનો ક્ષય થવાથી નિર્વાણપદની-મોક્ષની પ્રાપ્તિ થાય છે. દરેક દર્શનમાં મોક્ષની વાત પ્રસિદ્ધ છે. મોક્ષની વાત કર્યા પછી મોક્ષનું સ્વરૂપ જુદી જુદી રીતે તે તે દર્શનોમાં વર્ણવ્યું છે. એ કેટલા અંશે સઙ્ગત છે, તેના હેતુઓ કયા છે... વગેરેની વિચારણા કરવા સ્વરૂપ નિર્વાણપદની પરિભાવના છે. અનેકાન્તવાદની દષ્ટિએ જ મોક્ષના વાસ્તવિક સ્વરૂપની પરિભાવના સુસઙ્ગત છે અને તે જ મોક્ષની પ્રાપ્તિમાં અવિસંવાદી કારણ છે. એકાન્તવાદમાં મોક્ષનું સ્વરૂપ, મોક્ષના કારણ અને મોક્ષની પ્રાપ્તિ વગેરેની વાતો વિસંવાદી હોવાથી શ્રદ્ધેય નથી... ઇત્યાદિ રીતે નિર્વાણપદની વારંવાર ભાવના કરાવનારા જ્ઞાનને જ ઉત્કૃષ્ટ જ્ઞાન કહેવાય છે.

આવા પ્રકારના જ્ઞાનનું પ્રમાણ ખૂબ જ ઓછું હોય તોપણ ચિન્તાનું કોઇ કારણ નથી. કારણ કે એટલા જ્ઞાનમાત્રથી માષતુષાદિ મહાત્માઓની જેમ મોક્ષની પ્રાપ્તિ થાય છે. આનાથી વિપરીત રીતે જે જ્ઞાનથી ઉપર જણાવ્યા મુજબ નિર્વાણપદની ભાવના થતી નથી, એ જ્ઞાનનું વસ્તુતઃ કોઇ મૂલ્ય નથી. નિર્વાણપદની પરિભાવના માટે આવશ્યક એટલું જ્ઞાન હોય તો તેટલું જ્ઞાન ઉત્કૃષ્ટ છે. એથી વધારે જ્ઞાન હોય તો સારું જ છે. પરન્તુ એ માટે આગ્રહ નથી. કારણ કે નિર્વાણપદનું પરિભાવક એવું અલ્પજ્ઞાન પણ અમૃતજેવું છે. અનાદિના કર્મરોગને દૂર કરવા માટે તે સમર્થ છે. નિર્વાણપદની પરિભાવના ન કરાવનારું જ્ઞાન ગમે તેટલું હોય તોપણ તે અનાદિના કર્મરોગને દૂર કરી શકતું ન હોવાથી વસ્તુતઃ નકામું છે તે જણાવાય છે :

**स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते ।**
**ध्यान्ध्यमात्रमतस्त्वन्यत्, तथा चोक्तं महात्मना ॥५-३॥**

''આત્માના સ્વભાવની પ્રાપ્તિ માટેના ઉપયોગી એવા સંસ્કારનું કારણ બનનારા જ્ઞાનને જ જ્ઞાન તરીકે મનાય છે. બાકી તો એનાથી ભિન્ન એવું જે જ્ઞાન છે, તે તો બુદ્ધિનો અન્ધાપો છે. તે પ્રમાણે મહાત્માએ પણ જણાવ્યું છે....'' (જે ચોથા શ્લોકમાં જણાવાશે.) અનન્તજ્ઞાનાદિ ગુણો અને પર્યાયો સ્વરૂપ આત્માનો સ્વભાવ છે. અનાદિકાળથી લાગેલાં કર્મોનાં આવરણોથી એ સ્વભાવ આવૃત છે. તેને પ્રગટ કરવા સ્વરૂપ આત્મસ્વભાવ લાભ છે. કર્મથી આવરાયેલ જ આપણું આપણે પ્રગટ કરવાનું છે. નવું કશું જ મેળવવાનું નથી. કર્મનાં આવરણો દૂર કરવાથી આપણા એ સ્વભાવનો જ આવિર્ભાવ થાય છે. આ સ્વભાવના લાભ માટે પૂર્વકાળમાં કરેલી સાધનાના સંસ્કારો ખૂબ જ ઉપયોગી બનતા હોય છે. ભૂતકાળમાં કરેલી એ સાધનાના સામર્થ્યથી આત્મામાં તેના સંસ્કારો ખૂબ જ દૃઢ બને છે, જેથી ભવાન્તરમાં આત્મસ્વભાવની પ્રાપ્તિ સહજપણે થતી હોય છે. ભરત મહારાજા, પૃથ્વીચન્દ્ર અને ગુણસાગર આદિ મહાત્માઓ આવા પ્રકારના સંસ્કારો લઇને જન્મ્યા હતા. તેથી ખૂબ જ અલ્પપ્રયત્ને તેઓશ્રી આત્મસ્વભાવનો આવિર્ભાવ કરી શક્યા હતા. આ સ્વભાવનો લાભ અથવા તે સમ્બન્ધી સંસ્કારનું જે જ્ઞાન કારણ બને છે, તેને જ વાસ્તવિક રીતે જ્ઞાન કહેવાય છે. કારણ કે જે જ્ઞાનથી તત્ત્વની પ્રાપ્તિ થાય છે, તેને જ જ્ઞાન કહેવાય છે. જે જ્ઞાન શુદ્ધજ્ઞાનનું કારણ જ ન બને તેને જ્ઞાન કઇ રીતે કહેવાય ? અથવા તો જે જ્ઞાન શુદ્ધ(કેવલ) જ્ઞાનમાં બાધક બને તે જ્ઞાનને જ્ઞાન કઇ રીતે કહેવાય ?

સ્વભાવલાભના અને તેના સંસ્કારના કારણભૂત જ્ઞાનને છોડીને બીજાું બધું જ જ્ઞાન માત્ર વાણીના વિલાસ સ્વરૂપ છે. લૌકિક કે લોકોત્તર કોટિનું પણ એ જ્ઞાન સ્વસ્વરૂપનો સ્પર્શ કરતું નથી. બાહ્યજ્ઞાન સ્વરૂપ એ જ્ઞાન ચિત્તની એક વ્યાક્ષિપ્ત અવસ્થા છે અને બુદ્ધિનું અન્ધત્વ છે. બાહ્યદષ્ટિએ આંખ હોવા છતાં તે પોતાનું કાર્ય કરે નહિ તો ત્યાં જેમ અન્ધપણાનો વ્યવહાર થાય છે તેમ અહીં પણ બુદ્ધિથી પ્રાપ્ત થનારું જ્ઞાન પોતાનું કાર્ય કરે નહિ તો તે બુદ્ધિનો પણ અન્ધાપો જ છે ને ? આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે જે જ્ઞાન, આત્મા અને પરપદાર્થોનું ભેદજ્ઞાન કરાવીને આત્મામાં જ સ્થિર ન કરે અને પરનો પરિત્યાગ ન કરાવે તે બધું જ અરણ્ય-રુદનજેવું છે. તેથી પોપટિયા પાઠ જેવા એ જ્ઞાનનો પરિત્યાગ કરી આત્મસ્વભાવને પ્રગટ કરનારા એવા પારમાર્થિક જ્ઞાન માટે જ પ્રયત્ન કરવો જોઇએ. કારણ કે આ સંસારસ્વરૂપ દુઃખ આત્માના અજ્ઞાનમાંથી ઉદ્ભવેલું છે. આત્માના જ્ઞાનથી જ તેનો નાશ થતો હોય છે. આત્મજ્ઞાનને છોડીને આ દુઃખમય સંસારનો ઉચ્છેદ કરવા માટે બીજો કોઇ ઉપાય નથી.... આ આશયથી મહાત્મા પતંજલિ વગેરેએ પણ એ પ્રમાણે જણાવ્યું છે. મહાત્મા પતંજલિ વગેરેએ જે જણાવ્યું છે, તે જણાવાય છે :

**वादांश्च प्रतिवादांश्च, वदन्तो निश्चितांस्तथा ।**
**तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद् गतौ ।।५-४।।**

''વાદ અને પ્રતિવાદને ચોક્કસપણે તે તે રીતે કરનારા, તલને પીલનારા ઘાંચીની ઘાણીના બળદની જેમ, તત્ત્વના પારને પ્રાપ્ત કરી શકતા નથી.'' વાદીના સિદ્ધાન્તને વાદ કહેવાય છે, જે પૂર્વપક્ષસ્વરૂપ છે. વાદીએ જણાવેલી વાતનો પ્રતિકાર કરવા માટે જે જણાવાય છે, તેને પ્રતિવાદ કહેવાય છે. આ રીતે કોઇ વાર વાદ અને કોઇ વાર પ્રતિવાદ કરનારા વિદ્વાનો ખૂબ જ કુશળતાપૂર્વક અસિદ્ધત્વ અનૈકાન્તિકત્વ વગેરે હેતુદોષોનો પરિત્યાગ કરી પોતપોતાના શાસ્ત્ર પ્રમાણે વાદ અને પ્રતિવાદ કરે છે અને વાદીને જીતીને તેનો પરાભવ પણ કરે છે. પરન્તુ પારમાર્થિક રીતે તેઓને આજ સુધી આત્માદિતત્ત્વની પ્રાપ્તિ થઇ નથી.

કલાકો સુધી ઘાંચીની ઘાણીનો બળદ ચાલે છે, પરન્તુ હોય છે ત્યાં ને ત્યાં જ. આવી જ રીતે વાદવિવાદને નિરન્તર નિપુણતાપૂર્વક કરવા છતાં સ્વસિદ્ધાન્તના અભિનિવેશને લઇને પોતાનું અજ્ઞાન પણ તેઓ દૂર કરી શક્યા નથી. ખૂબ જ

મજબૂત રીતે જે તત્ત્વનું તેઓ પ્રતિપાદન કરે છે, તે તત્ત્વનું તેમને વાસ્તવિક જ્ઞાન જ મળ્યું નથી. એમાં એમના જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમનો અભાવ કારણ નથી, પરન્તુ મિથ્યાત્વમોહનીયકર્મના ક્ષયોપશમનો અભાવ કારણ છે. જેઓ હેતુના દોષોને દૂર કરી શકે છે, તેઓ ચિત્તના દોષને દૂર કરી શકતા નથી. પર્વતમાં ધુમાડો છે કારણ કે ત્યાં અગ્નિ છે -આ પ્રમાણે કહેવામાં આવે તો ઘણે સ્થાને અગ્નિ હોવા છતાં ત્યાં ધુમાડો ન હોવાથી અગ્નિસ્વરૂપ હેતુ વ્યભિચારી-અનૈકાન્તિક મનાય છે, તેમાં અનૈકાન્તિકત્વ દોષ છે. આવી જ રીતે શબ્દ ગુણ છે કારણ કે તેમાં ચાક્ષુષત્વ રહેલું છે અર્થાત્ તેનું ચક્ષુથી પ્રત્યક્ષ થાય છે - આ પ્રમાણે કહેવામાં આવે તો ક્યારે પણ ચક્ષુ ઇન્દ્રિયથી શબ્દનું પ્રત્યક્ષ થતું ન હોવાથી ચાક્ષુષત્વ શબ્દનું સ્વરૂપ જ નથી તેથી ચાક્ષુષત્વ હેતુ અસિદ્ધ કહેવાય છે, તેમાં અસિદ્ધત્વ દોષ છે. આવા હેતુઓના દોષોને દૂર કરી શકનારા અને યુક્તિપૂર્વક સ્વ સ્વ સિદ્ધાન્તનું પ્રતિપાદન કરનારા પણ દાર્શનિક મુમુક્ષુઓ પોતાના અભિનિવેશનો ત્યાગ કરવા શક્તિમાન ના થયા. તેથી તાત્ત્વિક રીતે તત્ત્વના પારને પામી શક્યા નહિ. પોતાનું સમગ્ર જીવન વાદપ્રતિવાદ કરવામાં અને બીજાનો પરાભવ કરવામાં વિતાવવા છતાં તત્ત્વની પ્રાપ્તિ થઇ નહિ. પ્રવૃત્તિમય જીવન હોવા છતાં તેનું કોઇ ફળ ન મળ્યું. એની અપેક્ષાએ પૂ. મુનિભગવન્તોની પ્રવૃત્તિ ખૂબ જ અલ્પ હોવા છતાં આત્મલક્ષી પરિણતિને લઇને તેઓશ્રીને પ્રાપ્ત થતા ફળનો કોઇ પાર નથી.... આ વાતને સ્પષ્ટ રીતે જણાવાય છે :

**स्वद्रव्यगुणपर्यायचर्या वर्या परान्यथा ।**
**इति दत्तात्मसन्तुष्टिर्मुष्टिर्ज्ञानस्थिति मुंनेः ।।५-५।।**

"સ્વ દ્રવ્ય ગુણ અને પર્યાયમાં રહેવું તે શ્રેષ્ઠ છે અને પર દ્રવ્ય ગુણ અને પર્યાયમાં રહેવું તે અન્યથા છે અર્થાત્ શ્રેષ્ઠ નથી. તેથી તત્ત્વના જ્ઞાતા એવા મુનિની આત્માને સન્તોષ આપનારી જ્ઞાનમાંની સ્થિતિ સારભૂત (રહસ્યભૂત) છે." ગુણાદિના આશ્રયને દ્રવ્ય કહેવાય છે. આત્માસ્વરૂપ સ્વદ્રવ્ય છે. એને છોડીને બીજાં બધાં દ્રવ્યો પરદ્રવ્ય છે. બીજાનો આત્મા પણ તત્ત્વતઃ પરદ્રવ્ય છે. સ્વાત્મદ્રવ્યના જ્ઞાનાદિ સહજસિદ્ધ અનન્તા ગુણો છે અને દ્રવ્ય તથા ગુણની ક્રમિકાવસ્થાવિશેષ તેના પર્યાય છે. ગુણાદિથી યુક્ત દ્રવ્ય છે, ગુણો દ્રવ્યાશ્રિત છે અને દ્રવ્યગુણ : ઉભયાશ્રિત પર્યાય છે. સ્વદ્રવ્યગુણ અને પર્યાયમાં તન્મયતા સ્વરૂપ જે ચર્યા છે, તે શ્રેષ્ઠ છે. તેનાથી ભિન્ન પર દ્રવ્ય-ગુણ અને પર્યાયની જે તન્મયતા છે, તે શ્રેષ્ઠ નથી. કારણ કે તે અજ્ઞાનમૂલક છે.

સ્વ દ્રવ્ય ગુણ પર્યાયની ચર્યા(પરિણતિ)માં જ આત્માનું હિત છે. આત્મસ્વભાવના જ્ઞાની અને ભોક્તા આત્માઓ મહાત્માઓ છે. તેઓ આ સંસારથી મુક્ત બને છે. પર પદાર્થોની પરિણતિ જ ભવભ્રમણનું કારણ છે. પરપદાર્થના સઙ્ગથી બન્ધ છે. પરપદાર્થના ત્યાગથી મોક્ષ છે. સર્વ દોષોનું મૂળ પર પદાર્થોના અનુભવનો પરિણામ છે. આથી જ વિરતિનો સ્વીકાર કરનારા મહાત્માઓ; પરિગ્રહાદિ ન રાખવાની પ્રતિજ્ઞા કરે છે, સ્વજનાદિનો ત્યાગ કરે છે, નિઃસહાય (એકાકીપણે) વિહાર કરે છે, આત્મલક્ષી કથાનું શ્રવણ કરે છે, પોતાના અનન્તા ધર્મોના અસ્તિત્વની ચિન્તા કરે છે, સ્વગુણપર્યાયનું ધ્યાન ધરે છે, તેના અનુભવ વડે આત્માની પરિણતિમાં મગ્ન બને છે અને સઘળાય પરભાવોની અનુમોદનાનો ત્યાગ કરે છે. આ રીતે તત્ત્વના જ્ઞાતા એવા મુનિભગવન્તોની સારભૂત જ્ઞાનસ્થિતિ છે. પૂ. મુનિભગવન્તોની જ્ઞાનમાં વિશ્રાન્ત અવસ્થા છે-એ ખરેખર જ સામાન્ય આત્માઓ જાણી શકતા નથી; તેથી રહસ્યભૂત છે અને મુનિજીવનનો સાર-સંક્ષેપ છે, જે આત્માની પરિણતિથી અનુભવાતા સન્તોષથી જ પ્રાપ્ત થાય છે. પરપદાર્થની પરિણતિના ત્યાગમાં જ નિર્ગ્રન્થ મહાત્માઓની મર્યાદા છે. આથી સમજી શકાશે કે અત્યન્ત અલ્પ પણ આત્મલક્ષી એવું જ્ઞાન અનલ્પ ફળને આપનારું છે. પરન્તુ અનલ્પ એવું બાહ્ય જ્ઞાન અલ્પ પણ ફળ આપનારું બનતું નથી. તેથી જ્ઞાનના પ્રમાણ કરતાં જ્ઞાનના પ્રકારનું જ મહત્ત્વ છે... આ વાતને જ પ્રકારાન્તરથી જણાવાય છે :

**अस्ति चेद् ग्रन्थिभिद् ज्ञानं, किं चित्रैस्तन्त्रयन्त्रणैः ।**
**प्रदीपाः क्कोपयुज्यन्ते ?, तमोघ्नी दृष्टिरेव चेत् ।।५-६।।**

"રાગદ્વેષની પરિણતિવિશેષ સ્વરૂપ ગ્રન્થિને ભેદનારું જો જ્ઞાન હોય તો અનેક પ્રકારનાં બીજાં સાધનોનું કોઇ પ્રયોજન નથી. કારણ કે અન્ધકારનો નાશ કરનારી દષ્ટિ જ જો હોય તો દીપકોનો ક્યાં ઉપયોગ હોય છે ?" ઘન, કર્કશ, ગૂઢ અને દુર્ભેદ્ય એવી વાંસની ગાંઠની જેમ રાગ-દ્વેષની તીવ્ર પરિણતિને ગ્રન્થિ કહેવાય છે. અનાદિકાળથી જીવ મિથ્યાત્વી છે. મિથ્યાત્વમોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોટાકોટિ સાગરોપમ પ્રમાણ છે. આયુષ્ય સિવાયનાં સાતે કર્મોની પ્રત્યેકની સ્થિતિ એક અન્તઃકોટાકોટિ સાગરોપમ જેટલી થાય છે ત્યારે જીવને ગ્રન્થિદેશે આવેલો મનાય છે. અનન્તીવાર જીવ ગ્રન્થિદેશે આવે છે અને એક અન્તઃકોટાકોટી સાગરોપમથી અધિક કર્મસ્થિતિ થવાથી તે ગ્રન્થિદેશેથી બહાર પણ નીકળી જાય છે.

ખૂબ જ ઓછા જીવો એવા છે કે જે ગ્રન્થિને ઓળખીને તેને ભેદવા માટે પ્રયત્નશીલ બને છે. સંસારના સુખ ઉપર અને દુઃખ ઉપરના અનુક્રમે તીવ્ર રાગ અને તીવ્ર દ્વેષથી જ આ ચારગતિમય સંસારમાં ભટકવું પડે છે. આ એક જ મોટામાં મોટું દુઃખ છે. એનો અન્ત લાવીએ તો આત્માનું સ્વભાવભૂત સુખ પ્રાપ્ત થઇ શકે. અન્યથા કોઇ પણ ઉપાયે આત્માને પારમાર્થિક સુખની પ્રાપ્તિ થાય એ સંભવિત નથી... ઇત્યાદિ રૂપે ગ્રન્થિને ઓળખવાનું કાર્ય થયા પછી ગ્રન્થિનો ભેદ થાય છે. જેનો નાશ કરવાનો છે, તેને ઓળખ્યા વિના ચાલે એવું નથી. અન્યથા કોઇના બદલે બીજા જ કોઇનો નાશ કરી બેસવાનો પ્રસઙ્ગ આવશે. આ રીતે જો ગ્રન્થિંનો ભેદ થઇ જાય તો આ સંસારનો ચોક્કસ જ અન્ત આવ્યા વિના નહીં રહે. ગ્રન્થિનો ભેદ કરવા માટે ઉપયોગી એટલું જ્ઞાન હોય તો પરપદાર્થોની સાધના માટે ઉપયોગી બનતાં એવાં નિમિત્તોનું કોઇ જ પ્રયોજન નથી. કારણ કે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના ભાવથી પરિણત થયેલા આત્માને પરપદાર્થની અપેક્ષા રહેતી નથી. આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણોમાં લીન-મગ્ન બનેલાને પુદ્ગલાદિ પરપદાર્થની અપેક્ષા રહેતી નથી - એ સમજી શકાય છે. શ્લોકનાં છેલ્લાં બે પદોથી એ વાત દૃષ્ટાન્તથી સમજાવી છે :

આશય એ છે કે અન્ધકારનો નાશ કરનારી આપણી પોતાની જ દૃષ્ટિ હોય તો અન્ધકારને દૂર કરવા માટે પ્રદીપોની અપેક્ષા રહેતી નથી. કારણ કે પોતાથી જે કામ શક્ય બની ગયું હોય તે કાર્યની સિદ્ધિ માટે બીજા પદાર્થોની આવશ્યકતા ક્યાં રહે છે ? દૃષ્ટિ પોતે જ સર્વ પદાર્થોને જોવા સમર્થ હોય તો પછી તેના સહાયભૂત દીપકનું કોઇ જ પ્રયોજન નથી. આ રીતે પરદ્રવ્યની અપેક્ષા ન હોવાથી જ્ઞાનીઓને પરદ્રવ્યના અભાવે પણ આનંદ કઇ રીતે પ્રાપ્ત થાય છે, તે જણાવાય છે :

**मिथ्यात्वशैलपक्षच्छिज्ज्ञानदम्भोलिशोभितः ।**
**निर्भयः शक्रवद् योगी, नन्दत्यानन्दनन्दने ॥५-७॥**

"મિથ્યાત્વસ્વરૂપ પર્વતની પાંખોને છેદનારા જ્ઞાનસ્વરૂપ વજ્રથી શોભતા એવા નિર્ભય યોગી, ઇન્દ્રની જેમ આનંદસ્વરૂપ નન્દનવનમાં ક્રીડા કરે છે." કહેવાનો આશય સ્પષ્ટ છે કે ઇન્દ્રમહારાજા જેમ વજ્રથી શોભે છે તેમ જ ભયથી રહિત હોય છે અને નન્દનવનમાં વિવિધ ક્રીડાઓમાં આનંદથી શોભતા હોય છે, અહીં યોગી પુરુષો પણ એ રીતે ઇન્દ્રમહારાજાની જેમ જ આત્માના પારમાર્થિક આનંદ સ્વરૂપ નન્દનવનમાં રમતા હોય છે.

આનંદના અનુભવ માટે સામાન્યથી ભયનો અભાવ આવશ્યક છે. જો કોઇ પણ પ્રકારનો ભય હોય તો ગમે તેટલાં સુખોના ઢગલામાં પણ સુખનો અનુભવ નહિ થાય અને ભય નહિ હોય તો દુઃખના પહાડો વચ્ચે પણ આનંદનો અનુભવ કરતાં કોઇ પણ રોકી શકે એમ નથી. નિર્ભય અવસ્થાને પ્રાપ્ત કરવા માટે શત્રુઓ ઉપર વિજય મેળવવાનું આવશ્યક છે અને એ માટે શસ્ત્ર આવશ્યક છે. ઇન્દ્રમહારાજાનું પુણ્ય ઘણું છે. તેઓ નિર્ભય છે અને તેમની પાસે જાજ્વલ્યમાન વજ્ર જેવું શસ્ત્ર પણ છે, જેના યોગે નન્દનવનમાં તેઓ આનંદનો અનુભવ કરે છે.

આવી જ રીતે યોગી પુરુષો નિર્ભય હોય છે. કારણ કે તેમને સંસારમાંની કોઇ પણ અનુકૂળતા જોઇતી નથી અને બધી જ પ્રતિકૂળતા વેઠી લેવાની પૂરતી તૈયારી છે, તેથી તેમને કોઇ પણ પ્રકારનો ભય જ નથી. પાપ કરવું નથી અને ભૂતકાળમાં કરેલું પાપ ભોગવી લેવાની મનોદશા સુરક્ષિત છે : આવી પરિણતિ જેમની છે, તેમને ભય હોવાનું કોઇ કારણ નથી. તદુપરાન્ત પર્વતોને પણ ભેદી નાખનાર એવા વજ્રજેવું તેમની પાસે જ્ઞાન છે. આત્મપરિણતિમદ્ એવું જ્ઞાન, મિથ્યાત્વસ્વરૂપ પર્વતની પાંખોને ભેદી નાખતું હોવાથી તે વજ્રજેવું છે. માત્ર વસ્તુનો જ જેમાં પ્રતિભાસ થાય છે, પરન્તુ તેની હેયોપાદેયતાનું વિવેકપૂર્ણ જ્ઞાન થતું નથી, તે જ્ઞાન વિષયપ્રતિભાસ સ્વરૂપ જ્ઞાન છે. હેય, ઉપાદેય અને ઉપેક્ષણીયના વિવેક સાથેના જ્ઞાનને આત્મપરિણતિમદ્ જ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન ચોથા ગુણસ્થાનકે હોય છે અને હેયોપાદેયતાદિના વિવેક સાથેનું જ્ઞાન થયા પછી જે જ્ઞાન હેયનો ત્યાગ તથા ઉપાદેયનો સ્વીકાર કરાવે છે, તે જ્ઞાનને તત્ત્વસંવેદનજ્ઞાન કહેવાય છે. આત્મપરિણતિમદ્ જ્ઞાન મિથ્યાત્વસ્વરૂપ પર્વતની તીવ્રરાગ-દ્વેષસ્વરૂપ બંન્ને પાંખોને છેદી નાંખે છે. તેથી યોગીજનોને મિથ્યાત્વનો ભય રહેતો નથી. જેમને સુખ પ્રત્યે રાગ નથી અને દુઃખ પ્રત્યે દ્વેષ નથી, તેમને આ સંસારમાં કોઇ જ ભય નથી. નિર્ભય હોવાથી જ યોગી મહાત્માઓને આત્માના આનન્દ સ્વરૂપ નંદનવનમાં ક્રીડા કરવાનું શક્ય બને છે. વિષયોના અભાવમાં પણ વિષયોની નિરીહતાના કારણે જે આનન્દનો અનુભવ થાય છે, તે યોગીજનો જ જાણે છે. આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે યોગી પુરુષોના પારમાર્થિક આનન્દના અનુભવનું એકમાત્ર કારણ, ગ્રન્થિભેદને કરનારું આત્મપરિ-ણતિમદ્ તેમનું જ્ઞાન છે. તેથી જ આનન્દના સુપ્રસિદ્ધ સાધનની ઉપમા દ્વારા તેનું વર્ણન કરાય છે અર્થાદ્ તે તે ઉપમાઓ દ્વારા જ્ઞાનનું વર્ણન કરીને તેની સુખસાધનતા જણાવાય છે :

**पीयूषमसमुद्रोत्थं रसायनमनौषधम् ।**
**अनन्यापेक्षमैश्वर्यं ज्ञानमाहुर्मनीषिणः ॥५-८॥**

"જ્ઞાન, સમુદ્રને છોડીને બીજે ઉત્પન્ન થયેલું અમૃત છે. ઔષધથી ભિન્ન રસાયણ છે અને અન્યની અપેક્ષાથી રહિત ઐશ્વર્ય છે એ પ્રમાણે બુદ્ધિમાનો કહે છે." આ રીતે જ્ઞાનને અમૃત, રસાયણ અને ઐશ્વર્ય સ્વરૂપે વર્ણવ્યું છે. સુપ્રસિદ્ધ અમૃતાદિનું સ્વરૂપ આપણે જાણીએ જ છીએ. સમુદ્રથી (સમુદ્રના મંથનથી) અમૃત ઉત્પન્ન થયું છે અને તે મરણથી રક્ષે છે – આ વાત લોકપ્રસિદ્ધ છે. રસાયણ ઔષધ છે અને તેના ઉપયોગથી ગમે તેવા પણ રોગોનો નાશ થાય છે. આવી માન્યતા લોકમાં પ્રસિદ્ધ છે. તેમ જ ઐશ્વર્ય, સમ્પત્તિ પરિવાર અને સત્તા (રાજાદિપણું) વગેરેની અપેક્ષાવાળું હોવાથી અન્યાપેક્ષ છે.

પરન્તુ જ્ઞાનસ્વરૂપ અમૃત આત્મામાં ઉત્પન્ન થયું છે સમુદ્રમાં નહિ. આમ છતાં તે જ્ઞાનસ્વરૂપ અમૃત મરણને દૂર કરી અજરામરઅવસ્થાને પ્રાપ્ત કરાવે છે. જ્ઞાનસ્વરૂપ રસાયણ ઔષધ ન હોવા છતાં સર્વથા રોગરહિત અવસ્થાને પ્રાપ્ત કરાવે છે. દુનિયાનું ઐશ્વર્ય અનેકાનેક પરપદાર્થોની અપેક્ષા રાખે છે. સંપત્તિ રાજ્ય સૈન્ય પરિવાર અને પ્રજાજનો... વગેરે પૂરતા પ્રમાણમાં હોય ત્યારે ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે જ્યારે જ્ઞાનસ્વરૂપ ઐશ્વર્યની પ્રાપ્તિ કોઇ પણ પર પદાર્થની અપેક્ષા વિના થાય છે. જ્ઞાન સ્વયં ઐશ્વર્ય છે. તેને કોઇની પણ અપેક્ષા નથી. દુનિયાનું સામ્રાજ્ય પર પદાર્થોને અવલંબીને છે. પરપદાર્થો ન હોય તો જગતમાં ઐશ્વર્ય મળે એવું નથી. અને પરપદાર્થોની અપેક્ષા પડી હશે તો જ્ઞાનનું ઐશ્વર્ય મળે એવું નથી–એ યાદ રાખવું જોઈએ. આ રીતે સુપ્રસિદ્ધ અમૃત, રસાયણ અને ઐશ્વર્ય : આ સર્વજનપ્રિય શ્રેષ્ઠ વસ્તુની ઉપમાઓથી વિલક્ષણ એવી જ્ઞાનની શ્રેષ્ઠતાને બુદ્ધિમાન મહાત્માઓ વર્ણવે છે. અન્તે આવા જ્ઞાનને પ્રાપ્ત કરી આત્મસ્વભાવભૂત ઐશ્વર્યના સ્વામી બનીએ : એ જ એક અભ્યર્થના. ॥૫-૮॥

**॥ इति श्रीज्ञानसारप्रकरणे ज्ञानाष्टकम् ॥**

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे षष्ठं शमाष्टकम् ।

## ६

પાંચમા અષ્ટકથી જ્ઞાનનું નિરૂપણ કર્યું. અમૃતાદિસ્વરૂપ જ્ઞાન પરિણામ પામેલું હોય તો તેવા જ્ઞાની 'શમ'ને પામેલા હોય છે. તેથી જ્ઞાનના કાર્ય સ્વરૂપ શમનું હવે નિરૂપણ કરાય છે :

**विकल्पविषयोत्तीर्णः, स्वभावालम्बनः सदा ।**
**ज्ञानस्य परिपाको यः, स शमः परिकीर्त्तितः ॥६-१॥**

''ઇષ્ટ-અનિષ્ટ કે સારા - નરસા વગેરે વિકલ્પોથી રહિત અને માત્ર સ્વભાવનું જ આલંબન જેમાં સદાને માટે છે એવો જ્ઞાનનો જે પરિપાક છે, તેને શમ કહેવાય છે.'' આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ અમૃતાદિસ્વરૂપ જ્ઞાન પરમપદની પ્રાપ્તિનું કારણ છે. પરન્તુ જ્યાં સુધી શમની અવસ્થા પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી જ્ઞાનથી પરમપદની પ્રાપ્તિ થતી નથી. શમ દ્વારા જ જ્ઞાન, પરમપદની પ્રાપ્તિમાં કારણ છે. આ રીતે વિચારવાથી સમજાશે કે જ્ઞાન જ કાલાન્તરે શમમાં પરિણમે છે.

રાગ-દ્વેષની પરિણતિના અભાવને 'શમ' કહેવાય છે. ઇષ્ટ વસ્તુ પ્રત્યે રાગ હોય છે અને અનિષ્ટ વસ્તુ પ્રત્યે દ્વેષ હોય છે. મનની રુચિ પ્રમાણે વસ્તુ ઇષ્ટ કે અનિષ્ટરૂપે જણાતી હોય છે. વાસ્તવિક રીતે વસ્તુ વસ્તુ જ છે, તેમાં ઇષ્ટત્વ કે અનિષ્ટત્વ નથી. આપણા મનની કલ્પનાનો એ આવિર્ભાવ છે, જે વસ્તુતઃ અજ્ઞાન-મૂલક છે. વસ્તુતત્ત્વના જ્ઞાનથી એ અજ્ઞાનનો નાશ થાય છે. તેથી પારમાર્થિક એ જ્ઞાન વિષયના અનુકૂલત્વ કે પ્રતિકૂલત્વાદિ વિકલ્પોથી રહિત હોય છે અને માત્ર સ્વભાવનું જ તે જ્ઞાન અવલમ્બન કરે છે. તેથી તે જ્ઞાનનો પરિપાક થાય છે. જ્યારે જ્ઞાનનો આ રીતે પરિપાક થાય છે, ત્યારે તે પરિપક્વ જ્ઞાનને શમ કહેવાય છે. પરિપક્વ અવસ્થા સામાન્યથી ફલોન્મુખ અવસ્થા છે. પોતાનું જે ફળ છે તેને પ્રાપ્ત કરાવવા માટે જ્યારે તે સમર્થ બને છે, ત્યારે તે પરિપક્વ દશાને પ્રાપ્ત કરે છે.

વિકલ્પોના વિષયથી જ્ઞાન જ્યારે શૂન્ય બને છે, ત્યારે જ તે રાગદ્વેષાદિને દૂર કરવા સમર્થ બને છે. વિકલ્પો ચિત્તના ભ્રમથી જન્મે છે. તેને લઇને પારમાર્થિક જ્ઞાન થતું નથી. અજ્ઞાનના કારણે આત્માને રાગ-દ્વેષની પરિણતિ પ્રાપ્ત થાય છે. જેથી

અપારમાર્થિક જ્ઞાન શમને પ્રાપ્ત કરવામાં અવરોધ કરે છે. પરન્તુ જ્યારે આત્માને પોતાના સ્વભાવભૂતજ્ઞાન-દર્શન-ચારિત્રાદિમાં આનંદનો અનુભવ થાય છે ત્યારે તે વિકલ્પોથી નિવૃત્ત બને છે અને તેથી આત્માને રાગ-દ્વેષાદિની પરિણતિના અભાવ સ્વરૂપ શમની પ્રાપ્તિ થાય છે. જે અધ્યાત્માદિ પાંચ યોગમાંના ચોથા સમતાયોગ સ્વરૂપ છે.

અધ્યાત્મ ભાવના ધ્યાન સમતા અને વૃત્તિસંક્ષય : આ પાંચ યોગ છે. ''ઉચિત પ્રવૃત્તિ કરવા સાથે અણુવ્રતાદિનો સ્વીકાર કરનારા મહાત્માઓ, મૈત્રી પ્રમોદ કરુણા અને માધ્યસ્થ્ય : આ ચાર ભાવનાઓથી સારભૂત, શ્રી જિનેશ્વરદેવોનાં પરમ- તારક વચનો મુજબ જીવાદિ તત્ત્વોનું જે ચિન્તન કરે છે, તેને અધ્યાત્મ કહેવાય છે.'' આ યોગથી પાપનો ક્ષય થાય છે.(જ્ઞાનાવરણીયાદિનો ક્ષય થાય છે.) સત્ત્વ (વીર્યોલ્લાસ) પ્રાપ્ત થાય છે, ચિત્તમાં સમાધિ મળે છે અને નાશ ન પામે એવા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ અધ્યાત્મયોગનો જ વારંવાર દરરોજ વધતો અને મનની સમાધિથી યુક્ત કરાતો જે અભ્યાસ છે, તેને ભાવનાયોગ કહેવાય છે. આ ભાવનાયોગના કારણે અશુભ અભ્યાસથી નિવૃત્તિ થાય છે, શુભઅભ્યાસની અનુકૂળતા મળે છે અને સુંદર-સત્ ચિત્તની વૃદ્ધિ થાય છે. પ્રશસ્ત એક વિષયમાં ચિત્તની જે સ્થિરતા છે, તેને ધ્યાન કહેવાય છે; જે સ્થિરદીપક જેવું ધર્મધ્યાનાદિ સ્વરૂપ છે. ધ્યાનયોગથી સર્વત્ર સ્વાધીનતા પ્રાપ્ત થાય છે. સ્થિર પરિણામની પ્રાપ્તિ થાય છે અને કર્મોના (ભવાન્તરને પ્રાપ્ત કરાવનારાં કર્મોના) અનુબન્ધો નાશ પામે છે.

ઇન્દ્રિયોને અને મનને આનંદ આપનારા અથવા આનંદ નહિ આપનારા પદાર્થોને વિશે અવિદ્યા-મિથ્યાજ્ઞાનને લઇને ઇષ્ટ અથવા અનિષ્ટની કલ્પનાથી રાગની અથવા દ્વેષની પરિણતિ થાય છે. પરન્તુ વિવેકની પ્રાપ્તિ થવાથી કલ્પિત ઈષ્ટત્વ અથવા અનિષ્ટત્વનો વિકલ્પ ત્યજી દઈને દરેક પદાર્થોમાં સમત્વની જે પરિણતિ અનુભવાય છે, તેને 'સમતાયોગ' કહેવાય છે. આ યોગથી, મળેલી અનેક લબ્ધિઓનો ઉપયોગ કરવામાં આવતો નથી. કેવલજ્ઞાનાવરણીય અને યથાખ્યાત ચારિત્રાવરણીય વગેરે સૂક્ષ્મ કર્મોનો ક્ષય થાય છે અને કર્મબન્ધનું કારણ હોવાથી તન્તુઓ જેવી ઇચ્છાઓનો વિચ્છેદ થાય છે. આથી સમજી શકાશે કે ઋદ્ધિઓનું અપ્રવર્તન, સૂક્ષ્મકર્મોનો ક્ષય અને અપેક્ષાતન્તુઓનો વિચ્છેદ : આ ત્રણ સમતાયોગનાં ફળ છે.

સામાન્ય રીતે સર્વથા તરઙ્ગોથી રહિત એવા શાન્ત સમુદ્ર જેવું આત્માનું સ્વાભાવિક વિકલ્પોથી રહિત નિર્મળ સ્વરૂપ છે. કર્માદિ પુદ્ગલસ્વરૂપ અન્યદ્રવ્યોના સંયોગથી વિકલ્પસ્વરૂપ અને પરિસ્પન્દસ્વરૂપ વૃત્તિઓનો આત્મામાં પ્રાદુર્ભાવ થાય છે. ત્યાં મનદ્રવ્યના સંયોગથી ઇષ્ટાનિષ્ટત્વાદિ વિકલ્પ સ્વરૂપ વૃત્તિઓનો જે નિરોધ થાય છે (ફરી પ્રાદુર્ભાવ ન થાય એ રીતે સદાને માટે જે નિરોધ થાય છે.) તેને 'વૃત્તિ-સંક્ષય યોગ' કહેવાય છે. આ યોગથી પણ શ્રીકેવલજ્ઞાનની પ્રાપ્તિ, શૈલેશી અવસ્થાની પ્રાપ્તિ અને મોક્ષની પ્રાપ્તિ : આ ત્રણ ફળની પ્રાપ્તિ થાય છે. આ અધ્યાત્માદિ પાંચ યોગોમાંનો સમતાયોગ અને શમ બંન્નેનું સ્વરૂપ એક જ છે. વિકલ્પોનો પરિહાર કર્યા વિના સમતાને પ્રાપ્ત કરવાનું શક્ય નથી. વિકલ્પો મિથ્યાજ્ઞાનથી થાય છે. તેના પરિહાર માટે તાત્ત્વિક જ્ઞાન આવશ્યક છે. વસ્તુતત્ત્વનો પરિચય વસ્તુસ્વરૂપે કરવાથી જ ઇષ્ટત્વ-અનિષ્ટત્વ, અનુકૂલત્વ-પ્રતિકૂલત્વ અને સુખસાધનત્વ-દુઃખસાધનત્વ.... વગેરે વિકલ્પો નાશ પામે છે. એ વિકલ્પોનો નાશ જે રીતે થાય છે તે જણાવવા પૂર્વક 'શમ'નું ફળ જણાવાય છે :

**अनिच्छन् कर्मवैषम्यं, ब्रह्मांशेन समं जगत् ।**
**आत्माऽभेदेन यः पश्येदसौ मोक्षङ्गमी शमी ।।६-२।।**

''કર્મના ઉદયના કારણે જણાતી વિષમતાને ગણકાર્યા વિના ચેતનાંશને આશ્રયીને બધા જીવોને પોતાના જેવા જ(પોતાના સ્વરૂપે જ) સમાનરૂપે જે દેખે છે, તે શમવાળા મહાત્મા મોક્ષગામી છે.'' અનાદિકાળથી આત્માને મિથ્યાત્વ, અવિરતિ અને કષાયાદિના કારણે સતત કર્મબન્ધ ચાલુ છે. તે તે કર્મના ઉદયથી ચાર ગતિ, એકેન્દ્રિયાદિ જાતિ, પૃથ્વીકાયાદિ છ કાય... વગેરે અનેક વિષમતાઓનો અનુભવ આત્માને કરવો પડે છે. આવી કર્મના ઉદયથી જોવામાં આવતી વિષમતાને બુદ્ધિથી દૂર કરીએ તો બાકી રહેલું આત્મતત્ત્વ શુદ્ધબ્રહ્મસ્વરૂપ જ છે. ''એ બ્રહ્મસ્વરૂપને આશ્રયીને બધા જ જીવો સમાન છે. તેમનામાં જણાતી વિષમતા કર્મના ઉદયને લઇને છે'' આવો ખ્યાલ હોવાથી તત્ત્વના જાણકાર મહાત્માઓને તે તે જીવોમાં રાગ કે દ્વેષ થતો નથી. કર્મજન્ય વિષમતાનો વિચાર કર્યા વિના એ મહાત્માઓ સમસ્ત જગતને પોતાથી જુદા સ્વરૂપે ન જોતાં પોતાની સમાન જુએ છે.

કોઇ પણ જીવની પ્રત્યે રાગ-દ્વેષ થવાનું મુખ્ય કારણ તેની પ્રત્યેની ભિન્નતાનું જ્ઞાન છે. બીજામાં અને પોતામાં મૂળભૂત સ્વભાવની અપેક્ષાએ કોઇ ભેદ જ નથી.

જે પણ ભેદ વર્તાય છે તે પણ ઔપાધિક કર્મના ઉદયને લઇને છે. પણ વસ્તુગત એ ભેદ નથી - એનો જેમને ખ્યાલ છે, તેમને તે તે જીવોની પ્રત્યે રાગ-દ્વેષ થવાનું કોઇ જ કારણ નથી. તેથી તેમને રાગદ્વેષની પરિણતિના અભાવના કારણે 'શમ-સમતા'-ની પ્રાપ્તિ થાય છે. જેથી કાલાન્તરે શમને પામેલા તે મહાત્માઓ મોક્ષને પ્રાપ્ત કરનારા બને છે. કારણ કે શમથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ વાતને જ સ્પષ્ટ કરાય છે :

**आरुरुक्षुर्मुनिर्योगं, श्रयेद् बाह्यक्रियामपि ।**
**योगारूढः शमादेव, शुद्ध्यत्यन्तर्गतक्रियः ॥६-३॥**

આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ શમથી જ મોક્ષની પ્રાપ્તિ થતી હોય તો બાહ્યક્રિયા વગેરેનું કોઇ જ પ્રયોજન રહે નહિ. જ્ઞાનથી જ શમની પ્રાપ્તિ થાય છે અને શમથી મોક્ષની પ્રાપ્તિ થઇ જશે. આવી શંકાનું સમાધાન આ શ્લોકથી કરાય છે. ''શમ-સમતા સ્વરૂપ યોગમાર્ગે આરોહણ કરવાની ઇચ્છાવાળા મુનિભગવન્તે બાહ્ય આવશ્યકાદિ ક્રિયા કરવી જોઇએ. પરન્તુ યોગમાર્ગે આરૂઢ થયેલા મહાત્મા અભ્યન્તરક્રિયાને કરતા શમથી જ શુદ્ધ થાય છે.''

જે સાધક મહાત્માઓને શમસ્વરૂપ યોગની પ્રાપ્તિ થઇ નથી, એવા મહાત્માઓને યોગને પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો; તે મહાત્માઓએ, શ્રી વીતરાગ પરમાત્માએ ઉપદેશેલી પરમતારક આવશ્યકાદિ ક્રિયાઓનો આશ્રય કરવો જોઇએ. કારણ કે તેવી બાહ્યક્રિયાઓથી શમની પ્રાપ્તિ થતી હોય છે. જ્યાં સુધી વિષય કષાયથી અને તેનાં નિમિત્તોથી દૂર ન થઇએ ત્યાં સુધી શમને પ્રાપ્ત કરવાનું શક્ય નથી. બાહ્ય ક્રિયાઓમાં પણ મનને સ્થિર કરવાથી સૌથી મોટો લાભ એ થતો હોય છે કે એટલા સમય માટે એ આત્માઓ વિષય-કષાયની પરિણતિથી દૂર થાય છે. યોગની પ્રારંભિક દશામાં વિષય-કષાયનાં નિમિત્તોથી આત્માને દૂર રાખવાનું અદ્ભુત સામર્થ્ય બાહ્યક્રિયાઓમાં રહેલું છે. શમને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય બંધાઇ જાય તો બાહ્યક્રિયાઓ પણ યોગની પ્રાપ્તિનું કારણ બન્યા વિના નહીં રહે. પ્રીતિ ભક્તિ અને વચન : આ ત્રણથી સઙ્ગત અનુષ્ઠાનો બાહ્ય અનુષ્ઠાનો છે. તે અનુષ્ઠાનોના શુભ સંકલ્પથી અશુભ સંકલ્પો દૂર થાય છે અને તેથી અનુક્રમે યોગની આરાધના દ્વારા અસઙ્ગ અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. અસઙ્ગ અનુષ્ઠાન અભ્યન્તર ક્રિયા સ્વરૂપ છે.

સમ્યગ્દર્શનાદિને પામેલા વિશુદ્ધ યોગી જનોને યોગારૂઢ મહાત્માઓ કહેવાય છે. એ મહાત્માઓને યોગ સિદ્ધ હોવાથી તેઓશ્રીને બાહ્યક્રિયાની આવશ્યકતા નથી. કારણ કે બાહ્યક્રિયાથી મેળવવા યોગ્ય ફળની પ્રાપ્તિ તેઓશ્રીને થયેલી છે. પૂર્વકાળના સંસ્કારોને લઇને તેઓશ્રી બાહ્યક્રિયાઓને કરતા જણાતા હોય તોપણ એ મહાત્માઓ અસઙ્ગ અનુષ્ઠાન સ્વરૂપ અભ્યન્તર ક્રિયાઓમાં પરિણત હોવાથી શમના કારણે જ નિર્મળ થાય છે. શમથી જ તે મહાત્માઓની નિર્મળતા કઇ રીતે થાય છે- તે જણાવાય છે :

**ध्यानवृष्टेर्दयानद्याः शमपूरे प्रसर्पति ।**
**विकारतीरवृक्षाणां, मूलादुन्मूलनं भवेत् ॥६-४॥**

''ધ્યાનસ્વરૂપ મેઘની વૃષ્ટિથી દયાસ્વરૂપ નદીમાં શમનું પૂર પસરતું હોય ત્યારે તીર ઉપર રહેલાં વિકારસ્વરૂપ વૃક્ષો મૂળથી ઉચ્છેદ પામે છે.'' કહેવાનું તાત્પર્ય એ છે કે ધર્મધ્યાન અને શુક્લધ્યાન સ્વરૂપ મેઘની વૃષ્ટિ થવાથી દયાસ્વરૂપ નદીમાં શમનું પૂર આવે છે.'' આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાન-વિચય સ્વરૂપ ધર્મધ્યાન ચાર પ્રકારનું છે. 'શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા ત્રણેય કાળમાં અબાધિત છે. પૂર્વાપરનો તેમાં વિરોધ નથી અને એકાન્તે હિતકારિણી છે....' ઇત્યાદિ સ્વરૂપે તેની, ચિત્તની એકાગ્રતાપૂર્વક જે વિચારણા છે, તેને આજ્ઞાવિચય ધર્મધ્યાન કહેવાય છે. આવી જ રીતે કર્માદિ અપાય, તેના ફળસ્વરૂપ વિપાક અને શ્રીતીર્થંકરપરમાત્માદિના સ્વરૂપની વિચારણાને અનુક્રમે અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય ધર્મધ્યાન કહેવાય છે, જે અપ્રમત્તયતિ મહાત્માઓને હોય છે. ચૌદપૂર્વના ક્ષયોપશમવાળા મહાત્માઓને આઠમા ગુણસ્થાનકથી પ્રારંભીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધી શુક્લધ્યાનનો પૂર્વાર્ધ હોય છે અને તેનો ઉત્તરાર્ધ શ્રી કેવલી પરમાત્માને યોગનિરોધ વખતે હોય છે.

આ ધ્યાનસ્વરૂપ મેઘના વરસવાથી દયાનદીમાં પૂર આવે છે. સર્વવિરતિધર્મમાં મુખ્યપણે અહિંસાધર્મ છે અને બાકીનાં મહાવ્રતો તેની રક્ષા માટેની વાડજેવાં છે. સ્વપર ભાવપ્રાણને ન હણવાના પરિણામને ભાવદયા કહેવાય છે. દ્રવ્યદયા પણ ભાવદયાની પ્રાપ્તિ માટે છે. અહિંસાસ્વરૂપ ભાવદયા નદીજેવી છે, જેમાં ધ્યાનની વૃષ્ટિથી પૂર આવે છે. તે પૂર શમસ્વરૂપ છે. ક્રોધાદિ કષાયના હ્રાસથી શમની વૃદ્ધિ થાય છે અને તેથી આત્મામાં દયાના પરિણામ ચિકાર પ્રમાણમાં વધતા હોવાથી

દયાનદીમાં પૂર આવે છે, જેથી દયા નદીના કિનારે રહેલાં જે વિકારસ્વરૂપ વૃક્ષો હતાં તેનો મૂળમાંથી ઉચ્છેદ થાય છે. વિષય-કષાય સ્વરૂપ વિકારવૃક્ષો દયાનદીના પૂરમાં તણાઇ જાય : એ વાત સમજી શકાય છે. વિષયકષાયસ્વરૂપ વિકારોથી યુક્ત આત્મા જ્ઞાનાદિગુણોના આવરણભૂત કર્મોના ઉદયથી સંસારમાં પરિભ્રમણ કરે છે. તે જ આત્મા સ્વસ્વભાવમાં લીન બનવાથી શમને લઇને જ વિકારોને મૂળમાંથી ઉખેડે છે.

આ રીતે કામક્રોધાદિ વિકારો શમથી દૂર થતા હોય તોપણ તે વખતે જ્ઞાન ધ્યાન વગેરે પણ ગુણો હોવાથી વિકારોના ઉન્મૂલનમાં માત્ર શમ જ કારણ છે અને જ્ઞાનાદિ નથી, એ વાત બરાબર નથી - આ શંકાનું સમાધાન કરાય છે :

**ज्ञानध्यानतपःशीलसम्यक्त्वसहितोऽप्यहो ! ।**
**तं नाप्नोति गुणं साधुर्यमाप्नोति शमान्वितः ।।६-५।।**

''જ્ઞાન ધ્યાન તપ શીલ અને સમ્યક્ત્વથી સહિત હોવા છતાં સાધુમહાત્મા જે ગુણ પ્રાપ્ત કરતા નથી, તે ગુણ શમથી યુક્ત એવા સાધુમહાત્મા પ્રાપ્ત કરે છે.'' જીવ અજીવ વગેરે તત્ત્વોના અવબોધને જ્ઞાન કહેવાય છે. પરિણામની સ્થિરતા સ્વરૂપ ધ્યાન છે. ઇચ્છાના નિરોધને તપ કહેવાય છે. બ્રહ્મચર્ય શીલસ્વરૂપ છે અને જીવાદિ તત્ત્વોની રુચિ સ્વરૂપ સમ્યગ્દર્શન છે. તેમ જ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર સ્વરૂપ રત્નત્રયીની સાધના વડે જે મોક્ષની સાધના કરે છે, તે સાધુમહાત્મા છે. આવા સાધુમહાત્મા પણ સમ્યક્ત્વ તપ શીલ જ્ઞાન અને ધ્યાનથી સહિત હોવા છતાં જે કેવલજ્ઞાનસ્વરૂપ ગુણને પ્રાપ્ત કરતા નથી તે કેવલજ્ઞાનને સમતાને પ્રાપ્ત કરેલા સાધુમહાત્મા પ્રાપ્ત કરે છે.

અહીં યાદ રાખવું જોઇએ કે ઉપર જણાવેલા જ્ઞાન ધ્યાન તપ શીલ અને સમ્યગ્દર્શનાદિ ગુણો, સર્વથા આવરણરહિત એવા કેવલજ્ઞાનના પરંપરાએ કારણ છે અને કષાયના અભાવ સ્વરૂપ શમ-યથાખ્યાત ચારિત્ર કેવલજ્ઞાનનું નજીકનું કારણ છે. આથી સમજી શકાશે કે ક્ષયોપશમભાવના જ્ઞાનાદિ ગુણોથી યુક્ત એવા મહાત્માઓ પણ જે ગુણને પ્રાપ્ત કરી શકતા નથી, તે ગુણને પરમકોટિના શમને પામેલા મહાત્માઓ પ્રાપ્ત કરે છે. તેથી જ ધીર અને દર્શનજ્ઞાનાદિ ગુણોના સ્વામી મહાત્માઓ પૂર્વાભ્યાસનો અભ્યાસ કર્યા કરે છે, ગુરુકુળવાસનો આશ્રય કરે છે, લોકથી રહિત એવા વનાદિમાં વસે છે અને આત્માને પરમાત્મસ્વરૂપ બનાવવા શમપૂર્ણ અવસ્થા માટે પ્રયત્ન કરતા રહે છે. આવા મહાત્માઓ નિરુપમ કોટિના હોય છે - તે જણાવાય છે :

**स्वयम्भूरमणस्पर्द्धिवर्द्धिष्णुसमतारसः ।**
**मुनिर्येनोपमीयेत, कोऽपि नासौ चराचरे ॥६-६॥**

''સ્વયમ્ભૂરમણસમુદ્રની સ્પર્ધાને કરનાર એવા વધતા સમતારસવાળા મુનિભગવન્તને જેની ઉપમા આપીને વર્ણવી શકાય એવી આ કોઇ વસ્તુ ચરાચર વિશ્વમાં નથી.'' કહેવાનો આશય એ છે કે જ્ઞાન અને ધ્યાન વગેરે ગુણોથી યુક્ત એવા મુનિભગવન્તો શમને પ્રાપ્ત કરવા માટે ખૂબ જ ઉત્કટ કોટિનો પ્રયત્ન કરે છે. તેથી તેઓશ્રીને વધતા વધતા સમતારસની પ્રાપ્તિ થાય છે, જે સ્વયમ્ભૂરમણસમુદ્રના પાણી કરતાં પણ અધિક હોય છે. આ લોકમાં અસંખ્યાત દ્વીપ અને અસંખ્યાત સમુદ્રો છે. પ્રથમ જંબૂદ્વીપ છે અને છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે, જે અસંખ્યાત યોજન પ્રમાણ (એક રાજનો અર્દ્ધભાગ જેટલો) છે. એ સમુદ્રના અગાધ પાણી કરતાં પણ મુનિભગવન્તનો સમતારસ અત્યધિક છે.

આ જગતમાં એવી કોઇ ચીજ નથી કે જેની ઉપમા આપીને સમતામય મુનિભગવન્તનું વર્ણન કરી શકાય. ચૌદરાજલોકના અસંખ્યાત પ્રદેશ પ્રમાણ આત્મપ્રદેશોમાં દરેક પ્રદેશે અનન્ત સમતારસ છે. સ્વયંભૂરમણસમુદ્રનું સમગ્ર પ્રમાણ અડધા રાજનું છે. આથી સમજી શકાશે કે અચેતન એવા પુદ્ગલસ્કન્ધોથી ઉત્પન્ન થયેલા મૂર્ત પદાર્થોની ઉપમાથી, સમતારસથી પરિપૂર્ણ સહજ આત્યન્તિક એવા મુનિમહાત્માઓનું નિરૂપણ કઇ રીતે થાય ?

દુર્લભ છે આ સમતારસ ! વિશ્વના સકલ શુભાશુભભાવો પર હોવાથી તેમાં રાગદ્વેષ કર્યા વિના ઉદાસીન વૃત્તિને ધરનારા મુનિભગવન્તો શુદ્ધાત્મતત્ત્વનો અનુભવ કરે છે. તેમને કોઇ વંદન કરે તો તેઓશ્રી ઉલ્લાસ પામતા નથી અને તેઓશ્રીની કોઇ હીલના-નિન્દા વગેરે કરે તો તેઓશ્રી ક્રોધિત થતા નથી. ઇન્દ્રિયોને પોતાની કાબૂમાં રાખતા હોવાથી ક્યારે પણ તેઓશ્રી ચિત્તથી ચલિત થતા નથી. રાગ અને દ્વેષને સારી રીતે તેઓશ્રીએ રવાના કર્યા છે. આ રીતે શમ-સમતાનો અનુભવ કરનારા મહાત્માઓને મન, ચક્રવર્તીના ભોગો રોગસમાન છે. ચિન્તામણિ રત્નોના સમૂહો કાંકરાના ઢગલા જેવા છે અને દેવતાઓ બાળક જેવા છે. કર્માદિજન્ય રતિ દુઃખસ્વરૂપ છે. સમતા જ મહાનંદસ્વરૂપ છે.

આ પ્રમાણે સહજભાવે નિજસ્વભાવમાં લીન થવા છતાં અનાદિકાળની પરપરિણતિને લઇને કોઇ વાર મુનિભગવન્તોને પણ રાગાદિજન્ય દુઃખનો અનુભવ થાય ને ? - આવી શંકાનું સમાધાન કરાય છે :

**शमसूक्तसुधासिक्तं, येषां नक्तंदिनं मनः ।**
**कदाऽपि ते न दह्यन्ते, रागोरगविषोर्मिभिः ॥६-७॥**

''જે મહાત્માઓનું મન, શમના સુભાષિત સ્વરૂપ અમૃતથી રાત અને દિવસ સિંચાયેલું છે, તેઓશ્રી ક્યારે પણ રાગસ્વરૂપ સર્પના વિષની ઊર્મિઓથી (તરઙ્ગોથી) બળતા નથી.'' શમ, કષાયના અભાવ સ્વરૂપ છે અને તે ચારિત્રના પરિણામ સ્વરૂપ છે. કારણ કે કષાયના અભાવથી ચારિત્રની પ્રાપ્તિ થતી હોય છે. આ શમસ્વરૂપ ચારિત્રના પરિણામનું સ્વરૂપ, તેના હેતુ અને ફળ-આનું વર્ણન કરનારાં સુભાષિતો (પરમતારક વચનો) સ્વરૂપ જે અમૃત છે તેનાથી રાત અને દિવસ સિંચાયેલું ભીનું ભીનું જેમનું મન છે, તેઓ ક્યારે પણ રાગસ્વરૂપ સર્પના વિષની ઊર્મિઓથી (તરઙ્ગો - અસરથી) બળતા નથી.

જગતના જીવો રાગસ્વરૂપ સર્પથી દંશ પામેલા છે. તેના વિષથી વ્યાપ્ત છે, અને ચાર ગતિમાં ભટકી રહ્યા છે. ઇષ્ટના સંયોગની અને અનિષ્ટના વિયોગની ચિન્તાથી અનેક પ્રકારના શોકાદિ વિકલ્પોને કરતા રહે છે. એઠાં (પોતે અથવા બીજાએ વાપરીને છોડી દીધેલાં) પુદ્ગલોનો સઙ્ગ્રહ કરે છે, અનેક ધનને મેળવવાના ઉપાયોની યાચના કરે છે. કૂવામાં પડે છે, સમુદ્રની મુસાફરી કરે છે અને અહિતકર એવા દ્રવ્યને પણ હિતકર માને છે.

પરન્તુ જગતના પરમોપકારી શ્રી તીર્થંકરપરમાત્માનાં પરમતારક વચનના પુણ્યશ્રવણથી જેમને સમતાધનની પ્રાપ્તિ થઇ છે, તેવા મુનિમહાત્માઓ સ્વસ્વરૂપના આનન્દને ભોગવે છે. સ્વભાવનું અવભાસન, સ્વભાવનું રમણ અને સ્વભાવનો અનુભવ કરવા વડે સદાને માટે અસંગમગ્ન બની આત્મગુણોમાં વિહરે છે. અન્તે મુનિ ભગવન્તોના અનન્યસાધારણ (અનુપમ) શમસામ્રાજ્યની સ્તવના કરાય છે :

**गर्जद्ज्ञानगजोत्तुङ्गरङ्गद्ध्यानतुरङ्गमाः ।**
**जयन्ति मुनिराजस्य शमसाम्राज्यसम्पदः ॥६-८॥**

"પ્રકાશિત થતા જ્ઞાનસ્વરૂપ હાથીઓથી ઉન્નત અને નૃત્ય કરતા ધ્યાન સ્વરૂપ અશ્વો છે જેમાં એવી મુનિરાજની શમસામ્રાજ્યની સંપદા જય પામે છે." કહેવાનો આશય સ્પષ્ટ છે કે મુનિભગવન્તો ખરેખર જ રાજા છે. દુનિયાની કોઇ પણ સામગ્રીની જેમને અપેક્ષા નથી, તેમના ચરણમાં તે સામગ્રી સદાને માટે પડી રહે છે. ચક્રવર્તી રાજા મહારાજા પણ જેમને પોતાની અપેક્ષાએ મહાન માને છે તેઓશ્રી રાજાધિરાજ છે-એમાં કોઇ સંદેહ નથી. ઇચ્છાથી સર્વથા રહિત હોવાથી જ મુનિભગવન્તોને 'મુનિરાજ' કહેવાય છે. જેઓ ઇચ્છાઓના સ્વામી છે તેઓ વાસ્તવિક રીતે બધાના દાસ છે અને જેઓ સર્વથા ઇચ્છાથી રહિત છે, તેઓ જગતના સ્વામી છે.

લોકમાં પ્રસિદ્ધ રાજાઓને જેમ હાથી ઘોડા રથ સૈન્ય અને છત્રચામરાદિની સંપદા હોય છે અને તે સંપદાથી રાજાઓ ઓળખાય છે તેમ અહીં પણ મુનિભગવન્તોને શમનું સામ્રાજ્ય હોય છે. એમાં જ્ઞાનસ્વરૂપ હાથીઓની અને ધ્યાનસ્વરૂપ અશ્વોની સંપદા છે. સ્વપર પદાર્થોનું અવભાસન કરાવનારું જ્ઞાન સ્વયં પ્રકાશરૂપ છે. તેથી પરપદાર્થોનું અવભાસન કરે છે. પરવાદીઓના કુમતોનું નિરાકરણ આ સમ્યગ્જ્ઞાનથી થાય છે. તેથી તે જ્ઞાન ગર્જના કરતા હાથી જેવું છે. આત્માના ગુણોમાં રમણ કરવા સ્વરૂપ ધ્યાન હોવાથી તે નૃત્ય કરતા અશ્વો જેવું છે. આ રીતે સ્વપર પદાર્થના અવભાસન સ્વરૂપ જ્ઞાન હાથીથી અને ધ્યાનસ્વરૂપ અશ્વોથી શોભતી એવી મુનિભગવન્તોની શમસામ્રાજ્યની સમ્પદા જય પામે છે. અન્તે એવી શમસામ્રાજ્ય-સંપદાને પ્રાપ્ત કરવા મુનિભગવન્તોની પરમતારક છત્રછાયામાં રહેવા માટે પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક શુભાભિલાષા......

**॥ इति श्रीज्ञानसारप्रकरणे शमाष्टकम् ॥**

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे सप्तममिन्द्रियजयाष्टकम् ।

## ૭

આ પૂર્વે રાગદ્વેષના અભાવ સ્વરૂપ શમનું વર્ણન કર્યું. એ શમની પ્રાપ્તિ ઇન્દ્રિયો ઉપર જય પ્રાપ્ત કરવાથી થાય છે. ઇન્દ્રિયો સ્વાધીન ન હોય તો શમની પ્રાપ્તિ થતી નથી. તેથી હવે ઇન્દ્રિયો ઉપર જય મેળવવાનું વર્ણન કરાય છે :

**बिभेषि यदि संसारान्मोक्षप्राप्तिं च काङ्क्षसि ।**
**तदेन्द्रियजयं कर्तुं, स्फोरय स्फारपौरुषम् ।।७-१।।**

''જો તને સંસારનો ભય હોય અને મોક્ષપ્રાપ્તિની ઇચ્છા હોય તો તું ઇન્દ્રિયો ઉપર જય મેળવવા માટે ઉત્કટ એવા પુરુષાર્થને કર.'' શ્લોકની શરૂઆતમાં જ ગ્રન્થકારશ્રીએ ખૂબ જ મહત્ત્વનો પ્રશ્ન કર્યો છે, જે ગંભીરપણે વિચારવાની આવશ્યકતા છે. જ્ઞાનસારજેવા પ્રકરણમાં તેના અધ્યયનકર્તાઓને આવા પ્રશ્નનો જવાબ આપવો પડે ત્યારે તેમને પોતાની યોગ્યતા ઉપર શઙ્કા કર્યા જેવું લાગે. પરન્તુ એ પ્રશ્નનો વિચાર કર્યા વિના ચાલે એવું જ નથી.

ધર્મની પ્રવૃત્તિનો પ્રારંભ ક્યારે કરવો અને ક્યાંથી કરવો : આ બન્ને પ્રશ્નોનાં સમાધાન આ શ્લોકમાં ખૂબ જ સ્પષ્ટપણે જણાવ્યાં છે. સંસારનો ભય લાગતો હોય અને મોક્ષ મેળવવાની ઇચ્છા હોય તો ધર્મ કરવો જોઇએ અને તે પણ ઇન્દ્રિયો ઉપર જય મેળવવા માટેના પુરુષાર્થરૂપે કરવો જોઇએ. આજે મોટાભાગે ધર્મની શરૂઆત યોગ્ય રીતે અને યોગ્ય સમયે થઇ નથી-એમ કહીએ તો તેમાં ખોટું નથી. પ્રાયઃ દુઃખના ભયથી આપણે ધર્મ કરીએ છીએ. સંસારનો ભય તો હજુ જન્મ્યો જ નથી, તેથી તેના ભયને લઇને ધર્મ કરવાની વાત જ નથી. પાપના યોગે સંસારમાં દુઃખ આવે છે- એ હજી માની શકાય; પણ પાપના યોગે સંસારમાં રહેવું પડે છે અને તેથી મોક્ષ-પ્રાપ્તિ થતી નથી, એવો વિચારસરખો ય આજ સુધી વાસ્તવિક રીતે ઉદ્ભવ્યો નથી. સંસારમાં સહેજ પણ દુઃખ પડે તો તેના ભયથી તેને દૂર કરવા ધર્મ થઇ પણ જાય. પરન્તુ તે સંસારના ભયથી થયેલો ધર્મ નથી પણ દુઃખના ભયે થયેલો ધર્મ છે. પુણ્યના યોગે સંસારમાં ક્ષણવાર માટે થોડું પણ સુખ મળી જાય અને ત્યારે જો ભય પેદા થાય તો તે સંસારનો ભય છે. તેને લઈને જે ધર્મ થાય છે, તે વાસ્તવિક રીતે થયેલો ધર્મ છે. પાપના યોગે પ્રાપ્ત થયેલાં દુઃખોથી યુક્ત એવા સંસારને તો કોઇ જ ઇચ્છતું નથી.

તેના ઉચ્છેદ માટે બધા જ પ્રયત્નશીલ છે. એ માટે તો કોઇને પણ કશું જ કહેવાનું રહેતું નથી. જે કાંઇ પણ કહેવાનું છે તે પુણ્યથી મળેલા સુખથી યુક્ત સંસારના ઉચ્છેદ માટે કહેવાનું છે. દુ:ખમય સંસાર ના ગમે અને સુખમય સંસાર ગમે - આનો અર્થ એ જ છે કે દુ:ખ ન ગમે અને સુખ ગમે. બાકી તો સંસાર ગમે છે. એના ઉચ્છેદની કોઇ વાત નથી. વાસ્તવિક રીતે ધર્મ તો સંસારના ઉચ્છેદ માટે તેમ જ મોક્ષની પ્રાપ્તિ માટે છે- તે સ્પષ્ટ રીતે અહીં જણાવ્યું છે.

આ રીતે સંસારનો ભય લાગ્યા પછી અને મોક્ષની ઇચ્છા થયા પછી જે ધર્મ કરવાનો છે, તે ઇન્દ્રિયો ઉપર જય પ્રાપ્ત કરવા સ્વરૂપે કરવાનો છે. મુમુક્ષુ જનોને સારી રીતે સમજાય છે કે ઇષ્ટ વસ્તુઓના રાગને લઇને અને અનિષ્ટ વસ્તુઓના દ્વેષને લઇને અત્યાર સુધી આ સંસારમાં આપણે ભટકતા જ રહ્યા છીએ. ઇન્દ્રિય અને મનને જે ગમે એને મેળવવા માટે તેમ જ ઇન્દ્રિયો કે મનને જે ન ગમે તેને દૂર કરવા માટે આપણે ચિકાર પ્રયત્ન કર્યો છે, જે આપણા આ અનાદિકાળના સંસારનું મુખ્ય બીજ છે. ઇન્દ્રિયોની પરવશતાએ, એ બીજની રક્ષા બરાબર કરી છે. સંસારના આ મૂળભૂત બીજને ઉખેડવા માટે ઉત્કટ પ્રયત્ન કર્યા વિના ચાલે એવું નથી. પાંચે ય ઇન્દ્રિયોના તેવીસ વિષયો શલ્યજેવા છે. આશીવિષજેવા ખૂબ જ ભયંકર છે. એની અભિલાષામાત્રથી પણ આત્માને પરાણે દુર્ગતિમાં જવું પડે છે. જ્યાં સુધી આ ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવામાં આવે નહિ ત્યાં સુધી આ ચારિત્રાદિ ધર્મથી પણ સંસારનો અન્ત નહિ આવે.

શ્રી આચારાઙ્ગસૂત્રમાં પણ આર્યસુધર્માસ્વામીજીએ આર્ય જંબૂસ્વામીજીને ઉપર જણાવેલી વાત જણાવી હતી. શ્રીમદ્ જંબૂસ્વામીજીએ ગણધર ભગવાન શ્રીસુધર્માસ્વામીજીને પૂછેલું કે 'ભગવન્ ! આટલાં વર્ષોથી ચારિત્રધર્મની આરાધના કરું છું તો ય કેવલજ્ઞાન કેમ મળતું નથી ? આપશ્રી કહો તો પર્વત ઉપરથી ઝંપાપાત કરું ! અગ્નિમાં બળી મરું ! અથવા તો સિંહના મોઢામાં માથું નાખું ! જે કહો તે કરું !'.... ત્યારે પૂ.ગણધરભગવન્તે ફરમાવેલું કે આટલું સત્ત્વ હોય તો આ બધું કરવાની જરૂર નથી. પણ પાંચ ઇન્દ્રિયોની સાથે યુદ્ધ કરવા માંડ !

કહેવાનું તાત્પર્ય એ છે કે ઇન્દ્રિયોને જીતવાનું ખૂબ જ અઘરું છે. પુણ્યથી મળતું હોય તોપણ છોડી દેવું અને એ પણ, નડે છે માટે છોડવું છેઃ આ આશયથી છોડી દેવું - એ ધાર્યા કરતાં ઘણું જ અઘરું છે. વિષયોના ઉપભોગમાં જ્યાં સુધી

સુખનો અનુભવ થયા કરશે ત્યાં સુધી ઇન્દ્રિયોને જીતવાનો વિચાર પણ નહિ આવે. ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવાની વાત તો ત્યાર પછીની છે. ધર્મ તો થયા કરશે. જ્ઞાન ધ્યાન તપ ત્યાગ વગેરે બધું થશે, થયું હતું અને થાય પણ છે. પરન્તુ એની પાછળનો ઇન્દ્રિયજયનો આશય સચવાતો નથી. ઇન્દ્રિયો આપણું શું બગાડે છે કે જેથી તેની ઉપર આપણને જય મેળવવો પડે ? આ શંકાનું સમાધાન કરાય છે :

**वृद्धास्तृष्णाजलापूर्णैरालवालैः किलेन्द्रियैः ॥**
**मूर्च्छामतुच्छां यच्छन्ति, विकारविषपादपाः ॥७-२॥**

"તૃષ્ણાસ્વરૂપ પાણીથી પરિપૂર્ણ એવા ઇન્દ્રિયોસ્વરૂપ ક્યારાથી વધેલાં વિકારસ્વરૂપ વિષવૃક્ષો અત્યન્ત મૂર્ચ્છાને પ્રાપ્ત કરાવે છે." લોભની વિકલતાને અને લાલસાને સામાન્યથી તૃષ્ણા કહેવાય છે. લોભના કારણે માણસ વિષયને મેળવવા માટે આકુળવ્યાકુળ બને છે. જ્યાં સુધી એ વિષયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે વિકલજેવો જ હોય છે. એ લોભના કારણે થયેલી વિકલતાને તૃષ્ણા કહેવાય છે, જે વિષયની લાલસા સ્વરૂપ છે. સર્વત્ર અને સર્વદા વિષયોની સામે જોતાં જ રહેવાની પ્રવૃત્તિ લાલસાને જણાવે છે. વિષયો મળે કે ન પણ મળે, તોપણ તેની આશાનો અન્ત ન આવે – એ તૃષ્ણાનો પ્રભાવ છે.

વિષયોનો ઉપભોગ કરવામાં રસિક એવી ઇન્દ્રિયો તૃષ્ણાસ્વરૂપ પાણીને બરાબર સંગ્રહી રાખે છે. તૃષ્ણાજલથી પરિપૂર્ણ ઇન્દ્રિયોસ્વરૂપ ક્યારા વિકારસ્વરૂપ વિષવૃક્ષોને વધારે છે અને વધેલાં એ વિષવૃક્ષો જીવને અત્યન્ત મૂર્ચ્છિત કરે છે. વિષયોનું સેવન એક પ્રકારનું વ્યસન છે. જ્યાં સુધી વિષયોનું સેવન કર્યું ન હોય ત્યાં સુધી બધું બરાબર ચાલ્યા કરે. પરન્તુ એકાદવાર પણ એનો અનુભવ કરવામાં આવે તો પછી એ વિષયના અનુભવ વિના જીવને ચેન જ ન પડે. અહીં તો ભવોભવથી અનુભવેલા વિષયો હોવાથી આત્મા તો વિકારમય બનેલો છે. એની ઘેરી અને ઝેરી અસર નીચે આત્મા તો અત્યન્ત મૂર્ચ્છિત અવસ્થામાં પડેલો છે. સાન અને ભાન બન્ને જતા રહેલા છે. આવી સ્થિતિમાં આત્માને ભાનમાં લાવવા ઇન્દ્રિયો ઉપર જય મેળવ્યા વિના ચાલે એવું નથી. ઇન્દ્રિયો માંગ્યા કરે અને એ મુજબ આપણે આપ્યા જ કરીએ તો ઇન્દ્રિયો ઉપર ક્યારે ય વિજય મેળવી શકાશે નહિ. વિષયોથી દૂર રહેવા માટે પ્રયત્ન કરી ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવી લઇએ તો આ આત્મા મોહની મૂર્ચ્છામાંથી મુક્ત બને.

તૃષ્ણાસ્વરૂપ પાણીથી પરિપૂર્ણ એવી ઇન્દ્રિયો ક્યારાસ્વરૂપે વિકારસ્વરૂપ વિષવૃક્ષોને સીંચ્યા જ કરે છે. આવા સંયોગોમાં ખરેખર તો તૃષ્ણા ઉપર જ કાપ મૂકવો જોઇએ. તૃષ્ણાના કારણે ઇન્દ્રિયો વિષયોની પાછળ દોડ્યા કરે છે. આમ છતાં તૃષ્ણાઓ ક્યારે પણ પૂર્ણ થઇ નથી, થતી નથી અને થવાની પણ નથી. એનો અન્ત લાવવા માટે એની ઉપેક્ષા કરવા સિવાય બીજો કોઇ ઉપાય નથી. વિષયોની પ્રાપ્તિ થયા પછી પણ તૃષ્ણાનો અન્ત આવતો નથી. એની પરંપરા ચાલ્યા જ કરતી હોય છે. આકાશનો જેમ અન્ત નથી, તેમ તૃષ્ણાનો પણ અન્ત નથી. સુવર્ણ અને રૂપાના કૈલાસપર્વત જેટલા અસંખ્યાત પણ પર્વતોના આપણે સ્વામી હોઈએ તોપણ તૃષ્ણાનો અન્ત જ નહિ આવે. તૃષ્ણાથી આકુળ થયેલા લોકોને જ વિષયો રમણીય લાગે છે. વિષયોના આસેવનથી એ તૃષ્ણા વધતી જ જાય છે. તેથી ઇન્દ્રિયોને વિષયોથી દૂર જ રાખવી જોઇએ..... એ પરમાર્થ છે. આ રીતે તૃષ્ણાનો અન્ત જ ન હોય અને તેથી ઇન્દ્રિયોને તૃપ્તિ થવાની ન હોય તો શું કરવું - તે જણાવાય છે :

**सरित्सहस्रदुष्पूरसमुद्रोदरसोदरः ।**
**तृप्तिमान्नेन्द्रियग्रामो भव तृप्तोऽन्तरात्मना ॥७-३॥**

"હજારો નદીઓથી દુઃખે કરીને પૂર્ણ કરી શકાય અર્થાત્ પૂર્ણ ન કરી શકાય એવા સમુદ્રના મધ્યભાગ જેવો આ ઇન્દ્રિયોનો સમુદાય ક્યારે પણ તૃપ્તિમાન થતો નથી. તેથી તું અન્તરાત્મા વડે (શુદ્ધ મન વડે) તૃપ્ત થા !" આશય એ છે કે હજારો નદીઓ સમુદ્રમાં ભળતી હોવા છતાં આજ સુધી સમુદ્ર પૂર્ણ થયો નથી. જેટલું પાણી એમાં જાય છે તે તેમાં સમાતું જ જાય છે. આવું જ ઇન્દ્રિયોનું છે. અનન્તો કાળ વ્યતીત થયો. એકેક વિષયોને અનન્તીવાર ભોગવ્યા છે. પરન્તુ ઇન્દ્રિયો તૃપ્ત થઇ નથી. જે વિષયો ભોગવ્યા નથી એવા ભવિષ્યકાળના વિષયોની ઇચ્છા અને વિચારણા ચાલી જ રહી છે. ભૂતકાળમાં જે ભોગવ્યું છે, તેનું નિરન્તર સ્મરણ ચાલે છે. અને વર્તમાનમાં ભોગવી રહ્યા છે તેની પ્રત્યે મમત્વ છે. આ રીતે વિષયોને આશ્રયીને ત્રણેય કાળમાં ઇન્દ્રિયો અશુદ્ધ પ્રવૃત્તિમય છે. આમ છતાં ઇન્દ્રિયોને તૃપ્તિ નથી. ગમે તેટલું ભોગવીએ પણ ક્ષણવાર તૃપ્તિ દેખાય પછી તો જાણે ભોગવ્યું જ નથી-એવો જ અનુભવ થયા કરે. અતૃપ્તની જેમ ભટક્યા જ કરીએ અને તોપણ તૃપ્તિનું નામે ય સાંભળવા ન મળે. ખૂબ જ ભયંકર છે આ વિષયની તૃષ્ણા ! વિષયો ખૂટે પણ તૃષ્ણા ન મટે. ઇન્દ્રિયોની અભિલાષા કોઇ પણ રીતે પૂરી થવાની નથી. સમુદ્રના

મધ્યભાગની જેમ તે ખરેખર જ દુષ્પૂર (અપૂરણીય) છે. તેની પૂરણીયતા માટે શમ અને સન્તોષ સ્વરૂપ અભ્યન્તર ઉપાય છે. એને છોડીને બીજો કોઇ જ ઉપાય નથી. જે મળ્યું છે, તેનાથી નભાવી લેવાનો પરિણામ સન્તોષ છે અને જે મળ્યું છે તેની પણ અપેક્ષા છોડી દેવી તે શમ છે.

આત્માના જ્ઞાનાદિ ગુણોનું આલંબન લીધા વિના તૃષ્ણાનો ક્ષય નહિ થાય. શરીરાદિ પરભાવોને સ્વ અને સ્વીય (પોતે અને પોતાના) સ્વરૂપે માનવાથી તૃષ્ણા વધતી જ રહેવાની. જેની સાથે આત્માને કશો જ સંબંધ નથી એવા તે તે વિષયોની તૃષ્ણા મોહના કારણે છે. આત્માનો શુદ્ધ અનુભવ કરતાં કરતાં મોહની માત્રા ઘટવાથી કાલક્રમે તૃષ્ણા પણ વિલય પામે છે. આ રીતે આત્માના આન્તરિક સ્વરૂપની પ્રતીતિથી તૃષ્ણાનો નાશ થવાથી આત્મા તૃપ્તિનો અનુભવ કરે છે. મારે જે જોઇએ છે તે બધું જ મળ્યું છે- આવી તૃપ્તિ કરતાં, મારું મારી પાસે જ છે, મારે કશું જ મેળવવાનું નથી - આવી તૃપ્તિને મેળવીને આત્માએ તૃપ્ત થવું જોઇએ. મેળવીને તૃપ્ત થવાનું ક્યારે ય શક્ય નહિ બને, છોડીને જ તૃપ્ત બનાશે - એ નિરન્તર સ્મરણીય છે. આત્માને ઇન્દ્રિયો જે રીતે હેરાન કરે છે- તે જણાવાય છે :

**आत्मानं विषयैः पाशैः, भववासपराङ्मुखम् ।**
**इन्द्रियाणि निबध्नन्ति, मोहराजस्य किङ्कराः ॥७-४॥**

''સંસારમાં રહેવાથી ઉદ્વેગને પામેલા આત્માને વિષયસ્વરૂપ પાશ વડે મોહરાજાની નોકર જેવી ઇન્દ્રિયો બાંધી દે છે.'' અનાદિકાળથી ચારગતિમય સંસારમાં આત્મા વસે છે. પૂ.ભવનિસ્તારક ગુરુભગવન્તાદિના અચિન્ત્ય સામર્થ્યથી કોઇ વાર આ સંસારમાંથી મુક્ત થવાની ઇચ્છા થઇ જાય ત્યારે મોહરાજાને આધીન નોકર જેવી બધી જ ઇન્દ્રિયો પોતપોતાના રૂપ રસાદિ વિષયો સ્વરૂપ પાશ (જાળ-બન્ધન) નાંખીને આત્માને બાન્ધી દે છે, કે જેથી આત્મા આ સંસારમાંથી સહેજ પણ ખસી શકતો નથી.

મોહની એ એક કરામત છે કે પોતાની પકડમાંથી સહેજ પણ ખસી જતો આત્મા જણાય એટલે તેની સામે થોડા અનુકૂળ વિષયો નાંખી દે છે, જેને જોઇને આત્માને તે સેવવાનું મન થઇ જાય; જેથી ભવવાસની પરાઙ્મુખતા જતી રહે છે, અને તદુપરાન્ત સંસારમાં જ રહેવાની ઇચ્છા ફરીથી મજબૂત બની જાય છે. આ

સંસારમાં અનેકવાર ભવનો ઉદ્વેગ પ્રાપ્ત થયેલો, પરન્તુ તે ટક્યો નહિ. આવી જ રીતે મોહે નાંખેલા વિષયના પાશોમાં આપણે ફસાયેલા. જે વખતે ભવોદ્વેગ પ્રાપ્ત થાય તે જ વખતે ત્યાંથી ખસી ગયા હોત તો આપણી પરિસ્થિતિ જુદી જ હોત. વિષયોની અભિલાષા અનાદિની છે. એની સામે ક્ષણિક ભવોદ્વેગ શું કરે ? આથી સમજી શકાશે કે મોહની ચાલ ખૂબ જ વિચિત્ર છે. એને તોડી પાડવા માટે ખૂબ જ ઉત્કટ મનોબળ કેળવીને અપ્રમત્ત બનવું પડે છે. રાત અને દિવસ બધા સ્થાને મોહનો આપણી ઉપર પડછાયો પડેલો છે. ગમે ત્યારે તક મળતાંની સાથે આત્માને વિષયોના પાશથી બાન્ધી લેતાં તેને વાર થતી નથી. વિષયની અભિલાષા એ ભવનું મૂળ છે. વિષયની અભિલાષાનો પરિત્યાગ વિષયોના પાશને નિરર્થક બનાવે છે. ઉપર જણાવ્યા મુજબ મોહ દ્વારા વિષયના પાશથી બન્ધાયેલા જીવો આમ બદ્ધ છે, પરન્તુ વિષયોની પ્રાપ્તિ માટેના સાધનભૂત ધનાદિ પાછળ નિરન્તર દોડ્યા કરે છે - એ વિચિત્રતાને જણાવાય છે :

**गिरिमृत्स्नां धनं पश्यन्, धावतीन्द्रियमोहितः ।**
**अनादिनिधनं ज्ञान-धनं पार्श्वे न पश्यति ॥७-५॥**

આશય એ છે કે ભવવાસથી પરાઙ્મુખ થયેલા આત્માને પણ ઇન્દ્રિયો વિષયોના પાશથી બાંધી દે છે. આમ છતાં આત્માને એનો સહેજ પણ ખ્યાલ આવતો નથી. એવો થોડો પણ ખ્યાલ આવત તો તેનાથી મુક્ત થવા માટે આત્મા પ્રયત્ન કરત. પરન્તુ આવું બનતું નથી-તે આ શ્લોકથી જણાવાય છે.... પર્વતસમ્બન્ધી માટીને ધનસ્વરૂપે જોઇને, ઇન્દ્રિયોથી મોહ પામેલ જ્યાંત્યાં દોડે છે. પરન્તુ અનાદિકાળનું અને કાયમ માટે રહેનારું જ્ઞાનસ્વરૂપ ધન, પોતાની પાસે હોવા છતાં તેને તે જોતો નથી.''

ઇન્દ્રિયોમાં મોહ પામેલ વિષયાસક્ત આત્માઓને ગમે તે રીતે જાણવામાં આવ્યું હોય છે કે મણિમાણેકાદિ રત્નોની ખાણ પર્વતોમાં હોય છે. તેથી તે તે પર્વતોની માટીને સુવર્ણ અને રત્નો.... વગેરે સ્વરૂપ ધન તરીકે તે જોતા હોય છે. તે ધનને મેળવવાની આશાએ તે તે પર્વતો તરફ તેઓ દોડતા હોય છે. પરન્તુ અનાદિકાળથી પોતાની પાસે રહેલું અને સદાને માટે પોતાની પાસે રહેનારું એવું જ્ઞાનસ્વરૂપ જે ધન છે, તેને તેઓ જોતા નથી. નિગોદની અવસ્થામાં પણ દરેક આત્મામાં સત્તાસ્વરૂપે કેવળજ્ઞાન રહેલું છે. કર્મનાં આવરણોથી આવૃત્ત હોવાથી તે

પ્રગટ નથી. ઘાતિકર્મના સર્વથા ક્ષયથી તે પ્રગટ થાય છે, જે સર્વદા રહે છે. પોતાની પાસે સર્વદા અને સર્વત્ર રહેનારું કેવલજ્ઞાનસ્વરૂપ ધન વિદ્યમાન હોવા છતાં ઉપાધિભૂત અવાસ્તવિક અને વિનશ્વર એવા ધનની લાલસાએ જીવો ઇન્દ્રિયોથી મોહિત થઇ અહીં-ત્યાં સર્વત્ર ભટક્યા જ કરે છે. જેટલી મહેનત ઇન્દ્રિયોને તૃપ્ત કરવા માટે આજ સુધી કરી છે, તેટલી મહેનત આત્મામાં રહેલા કેવલજ્ઞાનને પ્રાપ્ત કરવા માટે કરી હોત તો આ ભવના ભ્રમણનો અન્ત આવત. મોહની ગતિ વિચિત્ર છે. જે પોતાનું અને પાસે છે તેની સામે જોવા પણ દે નહિ અને જે પર અને દૂર છે, તેની પાછળ દોડાવ્યા જ કરે. કોઇ વાર આપણે અટકી જઇએ તોપણ મોહ જે રીતે દોડાવ્યા કરે છે, તે જણાવાય છે :

**पुरः पुरः स्फुरत्तृष्णा-मृगतृष्णानुकारिषु ।**
**इन्द्रियार्थेषु धावन्ति, त्यक्त्वा ज्ञानामृतं जडाः ॥७-६॥**

આશય એ છે કે ઇન્દ્રિયોને વિશે મોહ પામેલા જીવો વિષયોની પાછળ દોડ્યા કરે છે. પણ કોઇ વાર એમને લાગે કે દોડવામાં કસ નથી, તેથી તેઓ અટકી પણ જાય. પરન્તુ આવા વખતે આગળને આગળ વધતી તૃષ્ણાના કારણે તે જીવો પાછા દોડતા થઇ જાય છે - તે આ શ્લોકથી જણાવાય છે. ''આગળ ને આગળ વધતી જતી એવી ભોગતૃષ્ણાને કારણે, મૃગતૃષ્ણા(મૃગજળ જેવા મિથ્યા)નું અનુકરણ કરનારા ઇન્દ્રિયોના વિષયો વિશે જડ જીવો જ્ઞાનામૃતનો ત્યાગ કરી દોડે છે.

વધતી એવી ભોગની તૃષ્ણાના કારણે જીવ રઘવાયો થઇને ભોગનાં સાધનોની શોધમાં દોડ્યા જ કરતો હોય છે. તે વખતે તેને તત્ત્વાતત્ત્વનો વિચાર જ આવતો નથી. મધ્યાહ્ને પાણી પીવાની અત્યન્ત ઇચ્છા થવાથી મૃગને જેમ વૃક્ષની છાયામાં પાણીની ભ્રાન્તિ થવાથી તે તરફ દોડવાનું બને છે તેમ અહીં પણ તાત્ત્વિક રીતે ઇન્દ્રિયોના વિષયોના ઉપભોગમાં સુખની ભ્રાન્તિ થવાથી વિષયાસક્ત જીવો વિષયો તરફ દોડે છે. પરન્તુ મૃગજળ તરફ દોડતા એવા મૃગની જે દુર્દશા થાય છે તેવી જ દુર્દશા આ વિષયાસક્ત જીવોની થાય છે. મોહની ગતિ જ વિચિત્ર છે. વાસ્તવિક જ્ઞાનસ્વરૂપ અમૃતનો ત્યાગ કરી મૃગજળ જેવા ઇન્દ્રિયોના વિષયો તરફ એ જડ લોકો દોડ્યા કરે છે. આથી સ્પષ્ટ છે કે જડતાનો ત્યાગ કરી ઇન્દ્રિયો ઉપર વિજય મેળવી લેવો પડે. અન્યથા ઇન્દ્રિયો ઉપર વિજય મેળવી લેવામાં ન આવે તો આત્માને જે અનિષ્ટની પ્રાપ્તિ થાય છે - તે જણાવાય છે :

**पतङ्गभृङ्गमीनेभसारङ्गा यान्ति दुर्दशाम् ।**
**एकैकेन्द्रियदोषाच्चेद्, दुष्टैस्तैः किं न पञ्चभिः ॥७-७॥**

''ચક્ષુ વગેરે એક એક ઇન્દ્રિયના દોષથી પતંગિયું ભમરો મત્સ્ય હાથી અને મૃગ જો દુર્દશાને પામે છે, તો જેની પાંચે ય ઇન્દ્રિયો દુષ્ટ છે તે દુર્દશાને કેમ ન પામે ?'' ચક્ષુઇન્દ્રિય ઘ્રાણેન્દ્રિય રસનેન્દ્રિય સ્પર્શનેન્દ્રિય અને શ્રવણેન્દ્રિયઃ આ પાંચ ઇન્દ્રિયોના રૂપ ગન્ધ રસ સ્પર્શ અને શબ્દ સ્વરૂપ પાંચ વિષય છે. તેમાંના એક એક વિષયની આસક્તિ સ્વરૂપ એક એક ઇન્દ્રિયના દોષથી પણ પતંગિયાં ભમરા માછલાં હાથીઓ અને મૃગલાઓ જે દુર્દશાને પામ્યાં છે, તે આપણે જાણીએ છીએ. અગ્નિના રૂપમાં આસક્ત બની પતંગિયાં અગ્નિમાં પડીને મરી જાય છે. કમલની સુગન્ધમાં આસક્ત બની ભમરાઓ સાંજ પડે કમલમાં જ પુરાઇ જાય છે અને પછી તે કમલને હાથી ખાઇ જાય છે. માછીમારે માછલાં પકડતી વખતે નાંખેલી ગલ ઉપર મૂકેલા માંસના કટકામાં આસક્ત બની માછલાં માછીમારની જાળમાં ફસાઇને અન્તે પોતાના પ્રાણ ગુમાવે છે. વનમાં હાથીઓને પકડવા માટે ખાડા ઉપર ગોઠવેલા પાટિયા ઉપર હાથિણીનાં પૂતળાં વગેરે ગોઠવાય છે. તેના સ્પર્શમાં આસક્ત બની જ્યારે હાથી દોડે છે ત્યારે તે ખાડામાં પડી જાય છે. ત્યાર પછી તે પકડાઈ જાય છે અને આવી જ રીતે સંગીતના શબ્દોના શ્રવણમાં આસક્ત બનેલાં મૃગલાઓ પોતાના પ્રાણ ગુમાવે છે. કારણ કે શિકારીઓ તેમને મારી નાંખતા હોય છે.

આ રીતે તે તે જીવો એક એક ઇન્દ્રિયના દોષથી જો દુર્દશાને પામતા હોય છે, તો પાંચે ઇન્દ્રિયોના દોષોથી દુષ્ટ બનેલા જીવો દુર્દશાને કેમ ના પામે ? અર્થાત્ પતંગિયાદિ જીવોની દશા કરતાં પણ ભયંકર એવી દશાને તેઓ પ્રાપ્ત કરનારા બને છે. આજ સુધી આવા કંઇકેટલાય ચક્રવર્તીઓ વાસુદેવો પ્રતિવાસુદેવો માંડલિકો વગેરે જીવો નરકાદિ ગતિમાં ભયંકર દુર્દશાને પામ્યા છે. તેથી ગમે તેમ કરીને વિષયસ્વરૂપ વિષના સઙ્ગથી દૂર રહેવું જોઇએ. જે લોકો ઇન્દ્રિયોથી જિતાયા નથી તેઓ ખરેખર જ ધીર પુરુષોમાં શ્રેષ્ઠ છે - તે જણાવાય છે :

**विवेकद्विपहर्यक्षैः, समाधिधनतस्करैः ।**
**इन्द्रियै र्न जितो योऽसौ, धीराणां धुरि गण्यते ॥७-८॥**

''વિવેકસ્વરૂપ હાથીને મારી નાખવા માટે સિંહસમાન અને સમાધિસ્વરૂપ ધનનું હરણ કરવા માટે ચોરજેવી ઇન્દ્રિયોથી જે જિતાયા નથી, તેઓ ધીર પુરુષોમાં અગ્રગણ્ય મનાય છે.'' સ્વ અને પર, હેય અને ઉપાદેય તેમ જ સદ્ અને અસદ્ ઇત્યાદિનું વિવેચન કરનારને વિવેક કહેવાય છે. વિવેકસ્વરૂપ હાથીને મારી નાંખવા માટે ઇન્દ્રિયો સિંહજેવી છે. ઇન્દ્રિયોમાં આસક્ત બને એટલે વિવેક નાશ પામે. વિષયાસક્ત જીવો વિવેકશૂન્ય હોય છે. થોડો પણ વિવેક હોય તો તે આત્માઓ વિષયાસક્ત બની શકતા નથી.

આત્મા અને આત્મીય જ્ઞાનાદિ ગુણોના અનુભવમાં લીન બનવા (વિશ્રામ કરવા) સ્વરૂપ સમાધિ છે. કર્મના ઉદયથી પ્રાપ્ત થનારા પૌદ્ગલિક-ઔદયિકભાવોમાં આનંદનો અનુભવ કરવો એ વસ્તુતઃ સમાધિનો આભાસ છે. જોઇતું મળી ગયાનો આનંદ રતિસ્વરૂપ છે અને સ્વભાવમાં લીન બનવું તે સમાધિ છે. સ્વભાવ અને વિભાવમાં જે ભેદ છે તે આપણે સમજી શકીએ છીએ. કર્મના ઉદયે મળતા ભાવો વિભાવ છે અને કર્મના ક્ષયોપશમાદિથી પ્રાપ્ત થનારા ભાવો સ્વભાવ છે. સમાધિ સ્વરૂપ ધનને હરી લેવાનું કામ ઈન્દ્રિયો કરે છે. ઈન્દ્રિયોને આધીન બન્યા પછી વિષયમાં આસક્ત બનેલા જીવોને સમાધિ મળે એ વાતમાં તથ્ય નથી. સમાધિ મેળવવાનું મન થાય તો સમજવાનું કે વિષયોની આસક્તિ ઘટી છે. સમાધિના નામે સુખ માંગવાની પ્રવૃત્તિ આજે ઘણી ચાલે છે. એ એક માયાનો જ પ્રકાર છે. સુખની પ્રાર્થના મોહ છે અને સુખની અનભિલાષા સમાધિ છે. આ સમાધિનું હરણ કરવાનું કામ ઇન્દ્રિયોસ્વરૂપ ચોર કરે છે. આવી ઇન્દ્રિયોથી જે જિતાયા નથી તેઓ ધીરપુરુષોમાં અગ્રગણ્ય મનાય છે. આથી જ મુનિભગવન્તો વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા સ્વરૂપ સ્વાધ્યાયમાં લીન બની પાંચ ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવા પ્રયત્નશીલ બને છે. જેઓ વૈરાગ્યથી વાસિત છે તેઓ ધન્ય છે. જેઓ ગુરુવચનમાં રક્ત છે, જેઓ સંસારના ભોગોથી વિરામ પામેલા છે, જેઓ યોગના અભ્યાસમાં લીન છે અને જેઓ પર્વતાદિ નિર્જન સ્થાને પોતાના યૌવનકાળને વિતાવે છે, તેઓ બધા જ ધન્ય ધન્ય છે. આ બધાથી પણ વિશેષ રીતે તેઓ ધન્યવાદને પાત્ર છે કે જેઓ પોતાની પાંચે ય ઇન્દ્રિયોને વિશે પ્રમાદ કરતા નથી. અન્તે ઉપર જણાવેલી રીતે પાંચે ય ઇન્દ્રિયોને જીતવા માટે આપણે અપ્રમત્ત બની રહીએ એ જ એક શુભાભિલાષા.

॥ इति श्रीज्ञानसारप्रकरणे इन्द्रियजयाष्टकम् ॥

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे अष्टमं त्यागाष्टकम् ।

## ८

સાતમા અષ્ટકથી ઇન્દ્રિયજયનું નિરૂપણ કર્યું. ઇન્દ્રિયો ઉપર જય મેળવ્યા પછી તેને વધારવા માટે કે ટકાવવા માટે ત્યાગની આવશ્યકતા છે. તેથી હવે ત્યાગનું વર્ણન કરાય છે. સામાન્યથી કોઇ પણ વસ્તુને છોડી દેવી : એને ત્યાગ કહેવાય છે. આપણા માટે ત્યાગ : એ નવી વસ્તુ નથી. જાણે અજાણે આજ સુધી એ ત્યાગની પ્રવૃત્તિ સતત ચાલતી જ રહી છે. અહીં જે ત્યાગની વાત કરવાની છે, તે ઇન્દ્રિયજયની રક્ષા કે વૃદ્ધિ માટેના ત્યાગની વાત છે. દુઃખ અને દુઃખસાધનનો ત્યાગ આપણે કરતા જ આવ્યા છીએ. તે અંગે કશું જ જણાવવાનું ન હોય-એ સમજાય એવું છે. પરન્તુ સુખ અને સુખનાં સાધનોના ત્યાગની કર્તવ્યતા અંગે જ અહીં કહેવાનું છે. ઇન્દ્રિયોના વિષયોને અનુલક્ષીને ત્યાગનું નિરૂપણ આ પૂર્વે કર્યું છે. અહીં સુખનાં સાધનોને મેળવી આપનારાં માતાપિતાદિના ત્યાગ અંગે મુખ્યપણે જણાવાય છે :

**संयतात्मा श्रयेच्छुद्धोपयोगं पितरं निजम्।**
**धृतिमम्बाञ्च पितरौ, तन्मां विसृजतं ध्रुवम् ॥८-१॥**

''સંયમને અભિમુખ થયેલો આત્મા શુદ્ધ-ઉપયોગસ્વરૂપ પોતાના પિતાનો અને ધૃતિસ્વરૂપ પોતાની માતાનો આશ્રય કરે. તેથી જન્મના નિમિત્તભૂત હે માતાપિતા ! તમે મને ચોક્કસ છોડો.'' આશય એ છે કે મુમુક્ષુ આત્મા જાણે છે કે આહાર-પર્યાપ્તિનામકર્મના ઉદયથી માતાની કુક્ષિમાં મારે જનમવું પડેલું. એમાં નિમિત્ત બનેલાં મારાં માતાપિતા લૌકિક રીતે જ માતા-પિતા છે. વાસ્તવિક રીતે મારા આત્માને એમની સાથે કોઇ નિસબત નથી. સંસારથી મુક્ત બનવા માટે સંયમને અભિમુખ બનેલા મુમુક્ષુ શુદ્ધ-ઉપયોગ-સ્વરૂપ પોતાના પિતાનો જ આશ્રય કરે છે.

રાગદ્વેષથી રહિત એવા જ્ઞાનને શુદ્ધ ઉપયોગ કહેવાય છે. જ્ઞાનાત્મક ઉપયોગ હોવા છતાં તે શુદ્ધ જ હોય એવો નિયમ નથી. જ્ઞાનમાં આપણી રુચિ-માન્યતા ભળે છે ત્યારે તે જ્ઞાન શુદ્ધ બનતું નથી. રાગદ્વેષથી તે જ્ઞાન મલિન બનતું હોવાથી અશુદ્ધ બને છે. જ્ઞાનમાં વિષયનો પ્રતિભાસ તો રહેવાનો જ. પરન્તુ વિષયના સારાનરસા-પણાનો પણ ત્યારે જે પ્રતિભાસ થાય છે તે ઉપયોગને અશુદ્ધ બનાવે છે. અનવરત વહેતા નદીના નિર્મળ નીરને જેમ કચરો અશુદ્ધ બનાવે છે, તેમ આપણી રુચિ

આપણા ઉપયોગને અશુદ્ધ બનાવે છે. શુદ્ધાત્મતત્ત્વસ્વરૂપ આપણો આવિર્ભાવ શુદ્ધ ઉપયોગથી થાય છે, તેથી તે પિતા જેવો છે. સંયમાભિમુખ થયેલા આત્માઓ શુદ્ધ-ઉપયોગનો જ આશ્રય કરતા હોય છે. કર્મના યોગે ગમે તેટલી સારી લાગતી અવસ્થા અન્તે તો પર કે પરકીય સ્વરૂપ હોવાથી ત્યાજ્ય કોટિની જ છે.

શુદ્ધ ઉપયોગના આશ્રયે રહેનારા આત્માઓ માટે માતાતુલ્ય ધૃતિ છે, જે આત્મરતિસ્વરૂપ છે. ગમે તેવા દુઃખના પ્રસઙ્ગે પોતાની માતા પાસે હોવાથી છોકરાઓને જેમ ભય થતો નથી તેમ ગમે તેવા પ્રાણાન્ત ઉપસર્ગોની વચ્ચે પણ જેમની આત્મરતિ સ્વરૂપ ધૃતિ ટકી રહે છે, તેમને કોઇ જ ભય નથી અને તેથી આત્માના શુદ્ધ આત્મતત્ત્વનો આવિર્ભાવ થતો હોય છે. પુણ્યથી મળેલા સુખથી આત્માને શુદ્ધ ઉપયોગ દૂર રાખે છે અને પાપથી આવેલા દુઃખના ભયથી આત્માને આત્મરતિસ્વરૂપ ધૃતિ દૂર રાખે છે. તેથી શુદ્ધાત્મતત્ત્વનો આવિર્ભાવ થાય છે, જે શુદ્ધઉપયોગસ્વરૂપ પિતાના અને ધૃતિસ્વરૂપ માતાને આશ્રયીને છે.

આ રીતે પારમાર્થિક માતા-પિતાને આશ્રયે રહેવાથી લૌકિક માતા-પિતાને ઉદ્દેશી મુમુક્ષુ જણાવે છે કે તમે મને છોડી દ્યો. કારણ કે વસ્તુતઃ હું તમારો પુત્ર નથી અને તમે મારા માતા-પિતા નથી. આ વિષયમાં એક કથા છે તે યાદ રાખવા જેવી છે. મગધદેશમાં વજ્રજંઘ રાજાની ધારિણીદેવીનો અત્યન્ત સુંદર સુભાનુ નામનો રાજપુત્ર હતો. અનુક્રમે શ્રીવીતરાગપરમાત્માએ ઉપદેશેલા પરમતારક ધર્મની આરાધનામાં કુશળ એવા તે કુમારને સો કન્યાઓ સાથે પરણાવવામાં આવ્યો. એક વાર તેમના નગરમાં પોતાના સુવિશાલ પરિવારથી પરિવરેલા ત્રણ લોકના નાથ શ્રી સંભવનાથ સ્વામી સમવસર્યા. વનપાલકની વધામણીથી એ વૃત્તાન્તને જાણીને પોતાની સો સ્ત્રીઓની સાથે સપરિવાર શ્રી અરિહન્તપરમાત્માને વંદન કરવા સુભાનુ ગયો. ત્યાં શ્રીતીર્થંકરપરમાત્માનું ચમત્કારને કરનારું સ્વરૂપ જોઇને તેને ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી વિરતિનો પરિણામ થયો. ત્યાર પછી અશરણોનાં શરણ અને મહાસાર્થવાહ એવા શ્રીતીર્થંકરપરમાત્માની પાસે તે કુમારે સર્વવિરતિ સામાયિક માટે પ્રાર્થના કરી. એ મુજબ શ્રી અરિહન્તપરમાત્માએ તેને સામાયિક આપ્યું અને તે કુમાર સાધુ થયો. તે જ વખતે તેના આયુષ્યકર્મનો ક્ષય થવાથી કાળધર્મ પામી તે મહાત્મા દેવ થયા. આ બધો વૃત્તાન્ત સાંભળી કુમારનાં માતાપિતા પરિવાર સાથે ત્યાં આવ્યાં અને કરુણ વિલાપ કરવા લાગ્યા. તે જ વખતે સુભાનુનો જીવ દેવસ્વરૂપે ત્યાં આવ્યો.

ત્યાં પોતાનાં માતા-પિતાને તેણે કહ્યું કે પરમસુખને આપનારા પરમતારક શ્રી જિનેશ્વરદેવનાં ચરણોને પામી શા માટે વિલાપ કરો છો ? માતા-પિતાએ દેવને કહ્યું કે અમારો પરમપ્રિય એવો પુત્ર મરણ પામ્યો છે. તેથી તેના વિયોગે અમે રડીએ છીએ. ત્યારે તે દેવે રાજાને કહ્યું કે રાજન્ ! તમને તમારા પુત્રનો જીવ વહાલો છે કે તેનું શરીર વહાલું છે ? જો તમને તેનો જીવ વહાલો હોય તો તે હું છું અને શરીર વહાલું હોય તો કલેવર છે. ક્યાં રાગ કરશો ? આ પુત્ર છે, માતા છે, પિતા છે... ઇત્યાદિ મનની કલ્પનામાત્ર છે. તેથી અવાસ્તવિક એવા સંબન્ધોના વિકલ્પોથી શા માટે મોહ પામો છો ? આ પ્રમાણેના દેવવચનથી પ્રતિબોધ પામી તે બધાએ ત્યાં પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. કહેવાનું તાત્પર્ય એ છે કે જન્મનાં નિમિત્તભૂત માતાપિતા વાસ્તવિક નથી. પરમાર્થથી તેમની સાથે આત્માને કોઇ જ સંબન્ધ નથી. તેથી તેમને ઉદ્દેશીને મુમુક્ષુ જણાવે છે કે મને છોડો. મેં તો તમારો ત્યાગ કરી જ દીધો છે. તમે પણ મારો ત્યાગ કરો... આવી જ રીતે બન્ધુઓના ત્યાગને ઉદ્દેશીને પણ જણાવાય છે :

**युष्माकं सङ्गमोऽनादि, र्बन्धवोऽनियतात्मनाम् ।**
**ध्रुवैकरूपान् शीलादिबन्धूनित्यधुना श्रये ॥८-२॥**

"હે બન્ધુઓ ! તમારો, અનિયત આત્માઓની સાથેનો સઙ્ગમ અનાદિનો છે. હવે ચોક્કસ એક સ્વરૂપવાળા શીલ વગેરે બન્ધુઓનો હું આશ્રય કરું છું." - આશય એ છે કે અનાદિકાળથી આ સંસારમાં રહેતા આ જીવે અનન્તા જીવોની સાથે અનન્તીવાર સમ્બન્ધો બાન્ધ્યા છે. આજે જેમને આપણે બન્ધુ માનીએ છીએ, એવા બન્ધુઓ તો આજ સુધી અનન્તા થઇ ગયા છે. તેમાં દરેક ભવમાં બન્ધુઓ બદલાતા જ ગયેલા. કોઇ એક વ્યક્તિ દરેક ભવમાં બન્ધુ તરીકે ન રહી. ગયા ભવના શત્રુઓ બંધુ તરીકે થયા અને એ ભવના બન્ધુઓ શત્રુ તરીકે થયા. આવા તો અનિયત સમ્બન્ધો અનન્તી વાર પ્રાપ્ત કર્યા. પરન્તુ ન તો તેથી સુખ મળ્યું અને ન તો તેથી કલ્યાણ થયું. તેથી હવે હું, ચોકકસપણે સદાને માટે દરેક ભવમાં નિયતપણે બન્ધુત્વભાવને ધરનારા પારમાર્થિક બન્ધુ જેવા શીલ સત્ય શમ દમ અને સન્તોષ વગેરેને આશ્રયે રહીશ.

શીલ, સદાચારસ્વરૂપ છે. સત્ય, મહાવ્રતાદિસ્વરૂપ છે. વિષયકષાયની પરિણતિનો જે અભાવ છે તેને શમ કહેવાય છે. ઇન્દ્રિયોને વિષયો તરફ જતી રોકવી

તેને દમ કહેવાય છે અને લોભનો અભાવ એ સન્તોષ છે. આપણા શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિમાં એકાન્તે સહાયક બનનારા શીલાદિ ગુણો વાસ્તવિક બન્ધુ છે. અનાદિકાળથી કલ્યાણનાં દર્શન પણ નહિ પામેલા આપણને કલ્યાણના ભાજન બનાવવાનું કાર્ય શીલાદિ ગુણો કરે છે. દુઃખમાં સહાય કરે અને સુખમાં ભાગ ના પાડે તે વાસ્તવિક બન્ધુ છે. બાકીના તો નામના બન્ધુ છે. પત્ની અને જ્ઞાતિજનોના ત્યાગને ઉદ્દેશીને જણાવાય છે :

**कान्ता मे समतैवैका, ज्ञातयो मे समक्रियाः ।**
**बाह्यवर्गमिति त्यक्त्वा, धर्मसंन्यासवान् भवेत् ॥८-३॥**

''એક સમતા જ મારી પત્ની છે અને સમાનક્રિયાવાળા સાધુઓ મારા જ્ઞાતિજનો છે-એમ માનીને બાહ્ય (લૌકિક) સ્વજનાદિ સમુદાયનો ત્યાગ કરીને ગૃહસ્થધર્મનો ત્યાગ કરવાવાળા થવું જોઇએ.'' સ્વસ્વરૂપને સિદ્ધ કરવામાં તત્પર એવા મુમુક્ષુ માટે સમતા પત્નીતુલ્ય છે. રાતદિવસ તત્ત્વાવલમ્બને જીવનારા આત્માઓ માટે રમણ કરવા યોગ્ય હોવાથી સમતાને કાન્તા તરીકે વર્ણવી છે. સમતા જતી રહે અને મમતા આવી જાય તો તત્ત્વનું આલમ્બન પણ જતું રહે. ઇષ્ટાનિષ્ટ, પ્રતિકૂળ-અનુકૂળ, સુખ-દુઃખ... ઇત્યાદિ દ્વન્દ્વોમાં સમપરિણામ રાખવા સ્વરૂપ સમતા છે, જે તત્ત્વના અવલમ્બનથી પ્રાપ્ત થાય છે અને સમતાના કારણે જ એ અવલમ્બન ટકી રહે છે. સ્વસ્વરૂપના જ્ઞાતાઓને ખરેખર જ સમતા ગુમાવવાનું કશું જ કારણ નથી. જ્ઞાનના કારણે તેઓશ્રીને સ્વપરનો વિવેક પૂર્ણપણે હોય છે. તત્ત્વાતત્ત્વનો સ્પષ્ટ ખ્યાલ હોવાથી તેઓશ્રીની સમતા ટકી રહે છે, એટલું જ નહિ, તે ખૂબ જ દૃઢ બને છે.

આવી જ રીતે મારી જેમ જ સાધુપણાની કિયાને કરનારા પૂ. સાધુભગવન્તો મારા જ્ઞાતિજનો છે. તેઓ સતત આત્મીયભાવે બધી જ રીતે મારું ધ્યાન રાખતા હોય છે. પ્રમાદને દૂર કરી ક્રિયામાં હું અપ્રમત્ત બનું એનો એ મારા જ્ઞાતિજનો ચોક્કસ ખ્યાલ રાખે છે. આ પ્રમાણે પારમાર્થિક માતાપિતા, બન્ધુઓ, કાન્તા અને જ્ઞાતિજનોના આશ્રયે રહીને લૌકિક એવાં માતા-પિતાદિનો ત્યાગ કરી લૌકિક એવા ગૃહસ્થધર્મના ત્યાગી બનવું જોઇએ. ધર્મને સારી રીતે મૂકવો અર્થાદ્ એકવાર મૂકી દીધા પછી બીજી વાર પાછો લેવો ના પડે - એ રીતે ધર્મને મૂકવો તે ધર્મસંન્યાસ છે. ઔદયિકભાવે પ્રાપ્ત થયેલા બાહ્યપરિવારનો ત્યાગ કરી ક્ષયોપશમભાવે પ્રાપ્ત થનારા પરિવારના

આશ્રયે રહેવું જોઇએ. પછી કાલક્રમે એ ક્ષયોપશમભાવે પ્રાપ્ત થયેલો પરિવાર પણ અન્તે તો વિભાવ હોવાથી, તેની ઇચ્છાનો, તેને ગ્રહણ કરવાનો અને તેને ભોગવવાનો પણ ત્યાગ કરવાનું જણાવાય છે. કારણ કે ક્ષયોપશમભાવ વખતે પણ શુદ્ધ અથવા તો મંદરસવાળા કર્મપ્રદેશોનો ઉદય હોય છે. તેથી તે પણ ત્યાજ્ય (ત્યાગ કરવા યોગ્ય) છે - એ જણાવાય છે :

**धर्मास्त्याज्या: सुसङ्गोत्था:, क्षायोपशमिका अपि ।**
**प्राप्य चन्दनगन्धाभं, धर्मसंन्यासमुत्तमम् ।।૮-૪।।**

''ચન્દનના ગન્ધની જેમ આત્મસાત્ થયેલા ધર્મસંન્યાસ સ્વરૂપ ઉત્તમ યોગને પ્રાપ્ત કરી, સુંદર સઙ્ગથી ઉત્પન્ન થયેલા ક્ષયોપશમભાવના ક્ષમા વગેરે ધર્મો પણ ત્યાગ કરવા યોગ્ય છે.'' આશય એ છે કે લૌકિક માતાપિતાદિ પરિવારનો ત્યાગ કરી મુમુક્ષુ આત્મા જ્યારે ગૃહસ્થધર્મના ત્યાગ સ્વરૂપ ધર્મસન્ન્યાસયોગને પ્રાપ્ત કરે છે, ત્યારે તેને ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી ક્ષમા મૃદુતા અને ઋજુતા વગેરે ધર્મોની પ્રાપ્તિ થાય છે. શરૂઆતમાં ખૂબ જ ઉપયોગપૂર્વક એમાં અતિચારાદિનો પરિહાર કરવા દ્વારા તે ક્ષમાદિ ધર્મોની આરાધના કરવાનું બનતું હોય છે. પરન્તુ ધીરે ધીરે તેના સતત અભ્યાસથી એ ધર્મ ચન્દનના ગંધની જેમ જ્યારે આત્મસાત્ થઇ જાય છે, ત્યારે તે ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કરી તાત્ત્વિક ધર્મસન્ન્યાસને મુમુક્ષુ આત્માઓ પ્રાપ્ત કરે છે.

ધર્મસન્ન્યાસયોગના અભ્યાસ વખતે સાધન તરીકે ઉપયોગી બનેલા ક્ષમાદિ ધર્મોનો પણ ત્યાગ કર્યા વિના તાત્ત્વિકધર્મસન્ન્યાસયોગની પ્રાપ્તિ થતી નથી. એ ધર્મસંન્યાસયોગને પ્રાપ્ત કરવા માટે ચંદનના ગંધની જેમ ક્ષમાદિ ધર્મોને આત્મસાત્ કરવા જોઇએ. ચન્દનનો ગંધ સ્વાભાવિક છે. કોઇના ગન્ધના કારણે તે ગન્ધ નથી. તેવી જ રીતે ક્ષમાદિ ધર્મો સ્વભાવમાં પરિણમે ત્યારે તે ધર્મો આત્મસાત્ થતા હોય છે. ઉપકાર કે અપકારાદિના આલંબને કરાતી ક્ષમા વગેરે ધર્મો, સ્વભાવપરિણત ન હોવાથી વસ્તુતઃ એ તાત્ત્વિક નથી, ઔપાધિક છે. આત્મસ્વભાવને અનુલક્ષીને થતા એ ક્ષમા વગેરે ધર્મો ચન્દનગન્ધજેવા છે. ક્ષાયિકભાવના (ચારિત્રમોહનીયાદિ કર્મના ક્ષયથી પ્રાપ્ત થનારા) ક્ષમાદિ ધર્મોને પામવાની ઇચ્છા હોય ત્યારે તેની પૂર્વેના ક્ષયોપશમભાવના તે ધર્મોનો ત્યાગ કરાય છે, જે ચન્દનગન્ધ જેવો તાત્ત્વિક ધર્મ-સન્ન્યાસયોગ છે. આ રીતે ક્ષયોપશમભાવના ધર્મોનો પણ ત્યાગ કરવા યોગ્ય છે, તો

તે ધર્મોને પ્રાપ્ત કરાવનારા પૂ. ગુરુભગવન્તનો પણ ત્યાગ કરવો જોઇએ ને ? આ શંકાનું સમાધાન કરાય છે :

**गुरुत्वं स्वस्य नोदेति, शिक्षासात्म्येन यावता ।**
**आत्मतत्त्वप्रकाशेन, तावत्सेव्यो गुरूत्तमः ॥८-५॥**

"જ્યાં સુધી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા આત્મસાત્ કરવા વડે આત્મતત્ત્વના પ્રકાશથી પોતાનું ગુરુત્વ પ્રગટ થતું નથી, ત્યાં સુધી ગુરુઓમાં ઉત્તમ એવા ગુરુભગવન્તનો ત્યાગ ન કરતાં તેઓશ્રીની સેવા કરવી જોઇએ." ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા જે મુમુક્ષુ આત્માએ જ્ઞાન અને આચારને પ્રાપ્ત કર્યા છે, તે સ્વયં પોતાની મેળે પોતાની જાતને અસત્ પ્રવૃત્તિથી દૂર રાખી શકે છે અને સત્પ્રવૃત્તિમાં પ્રવર્તાવી શકે છે. ગ્રહણ-આસેવન શિક્ષાને આત્મસાત્ બનાવનારા મુમુક્ષુઓને બીજાના ઉપદેશની અપેક્ષા રહેતી નથી. કોઇવાર આત્મસાત્ કરેલી શિક્ષાવાળા આત્માઓને પોતાની સાધનામાં આનંદ ન આવે અને તેથી સાધનામાં શૈથિલ્ય આવે ત્યારે પૂ.ગુરુદેવશ્રીના પરમતારક ઉપદેશની આવશ્યકતા ઊભી થતી હોય છે. પરન્તુ પોતાની સાધનાથી જેમને આત્મતત્ત્વનો પ્રકાશ પ્રાપ્ત થાય છે, તેમને એવો પ્રસઙ્ગ આવતો નથી. કારણ કે અનન્તસુખમય એવા આત્મસ્વરૂપના વિષયમાં સંશય, ભ્રમ અને સ્પષ્ટતાના અભાવ સ્વરૂપ-અનધ્યવસાયને દૂર કરીને સ્પષ્ટ નિશ્ચય કરી લીધો હોવાથી આવા આત્માઓને પોતાની સાધનામાં ક્યારે પણ આનંદ આવે નહિ- એવું બનતું નથી. જેમ જેમ આનંદ વધતો જાય તેમ તેમ પ્રમાદ દૂર થતો જાય અને જેમ જેમ પ્રમાદ દૂર થતો જાય તેમ તેમ આનંદ વધતો જાય. તેથી પ્રમાદને દૂર કરવા માટે પણ પૂ.ગુરુદેવના ઉપદેશની આવશ્યકતા રહેતી નથી.

પરન્તુ આવી સ્થિતિ જ્યાં સુધી મુમુક્ષુને પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી તેને પૂ.ગુરુભગવન્તની નિશ્રામાં જ રહેવું જોઇએ. કોઇ પણ રીતે તેઓશ્રીનો ત્યાગ કરવો નહિ. તેઓશ્રીમદ્ તત્ત્વના ઉપદેશ સ્વરૂપ અંજનના પ્રયોગ દ્વારા આત્માના અનુભવના સુખનો અનુભવ કરાવે છે. તે પૂ.ગુરુભગવન્તની કૃપા અગાધ છે, જેથી પરમઅમૃતના આસ્વાદનો અનુભવ થાય છે. પરમપદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેઓશ્રીનાં પરમતારક ચરણોના શરણે રહેવું જોઇએ. જે મુમુક્ષુ કાયમ માટે ગુરુકુલવાસને છોડતા નથી, તેઓ ધન્ય છે. કારણ કે તેથી તેઓ જ્ઞાનના ભાજન બને છે અને તેમનું દર્શન તથા ચારિત્ર નિર્મળ-સ્થિર બને છે. આથી જ તત્ત્વજિજ્ઞાસુ એવા

ચક્રવર્તીઓ તેમ જ શેઠિયાઓ પોતાના ચક્રવર્તિપણાનો તેમ જ શેઠિયાપણાનો ત્યાગ કરી પૂ. ગુરુભગવન્તોનાં ચરણકમલની સેવા કરે છે. આવી જ રીતે પૂ. ગુરુભગવન્તની જેમ પોતાની ભૂમિકાને ઉચિત જ્ઞાનાચારાદિનો પણ ત્યાગ કરવાનો નથી – તે જણાવાય છે :

**ज्ञानाचारादयोऽपीष्टाः, शुद्धस्वस्वपदावधि ।**
**निर्विकल्पे पुनस्त्यागे, न विकल्पो न च क्रिया ॥८-६॥**

''જ્ઞાનાચારાદિ આચારો પણ પોતપોતાના શુદ્ધ ઉપયોગની સ્થિતિ સુધી સારા છે, ઉપાદેય છે. પરન્તુ નિર્વિકલ્પકદશાથી યુક્ત એવા ત્યાગમાં, 'આ હેય છે અને આ ઉપાદેય છે' આવો વિકલ્પ કે તેને અનુકૂળ એવી ક્રિયા પણ આવશ્યક હોતી નથી.'' જ્ઞાનાચાર દર્શનાચાર અને ચારિત્રાચાર વગેરે આચારો, ધર્મની આરાધના તરીકે વિહિત છે. આત્માના જ્ઞાનાદિ ગુણોના આવિર્ભાવની વૃદ્ધિ માટે તે આચરાય છે તેથી તેને આચાર કહેવાય છે. જ્યાં સુધી આત્માને પરપરિણતિસ્વરૂપ અશુભ ઉપયોગમાંથી સ્વપરિણતિસ્વરૂપ શુભ ઉપયોગમાં સ્થિરતા લાવવા માટે અનેક વિકલ્પોની વિચારણા કરવાની આવશ્યકતા છે ત્યાં સુધી સવિકલ્પદશામાં જ્ઞાનાદિ આચારો ઇષ્ટ છે. સંયમજીવનની સ્થિરતા માટે જ્ઞાનાદિના આચારો જેવું એક પણ સાધન નથી. જ્ઞાનાચારાદિથી રહિત એવા સંયમજીવનને સંયમજીવન કહેવાનું જ શક્ય નથી.

કહેવાનો આશય એ છે કે વિષયકષાયની અનાદિની પ્રવૃત્તિ અને વિચારણાથી આત્માને દૂર કરવા માટે જ્ઞાનાદિની પ્રવૃત્તિ અને વિચારણા કરાય છે. આમ જોઇએ તો બન્ને પરપરિણતિ છે. પરન્તુ વિષયકષાયની અનાદિની પ્રવૃત્તિ અને વિચારણા અશુભ છે અને જ્ઞાનાચારાદિની એ પ્રવૃત્તિ અને વિચારણા શુભ છે. કારણ કે ભવિષ્યમાં એથી શુદ્ધાત્મતત્ત્વનો આવિર્ભાવ થવાનો છે. જે શુદ્ધ નથી અથવા તો શુદ્ધનું કારણ બન્યું નથી કે બનવાનું નથી તે અશુભ છે. જે અશુભ કે શુભ નથી તે શુદ્ધ છે. શુદ્ધ સ્વરૂપમાં કોઇ વિચારણા નથી કે ક્રિયા નથી. બાહ્ય કે અભ્યન્તર ક્રિયા અને હેય કે ઉપાદેયની વિચારણા શુદ્ધ ઉપયોગ સ્વરૂપ ત્યાગમાં હોતી નથી. પૂર્વના સંસ્કારથી તે વર્તાય તો ય તેનું કોઇ જ પ્રયોજન નથી. આથી સમજી શકાશે કે જ્ઞાનાચારાદિ, સ્વસ્વસ્થિતિની પ્રાપ્તિ થાય નહિ ત્યાં સુધી ઇષ્ટ છે. પણ ત્યાર પછી નિર્વિકલ્પ એવા શુદ્ધ ત્યાગના અવસરે ન તો વિકલ્પ છે અને ન તો ક્રિયા છે. કારણ કે તે વખતે

આત્મા સ્વસ્વરૂપના અનુભવમાં મગ્ન છે. તેને કશું જ મેળવવાનું નથી. બધું તેની પાસે છે અને તેને કશું જ છોડવાનું નથી. બધું જ છૂટી ગયું છે. તેથી હેય-ઉપાદેયનો કોઇ વિકલ્પ નથી. અથવા તો વિકલ્પજન્ય કોઇ જ ક્રિયા પણ નથી. આ રીતે ગ્રહણ અને ત્યાગ સ્વરૂપ ક્રિયાનો અભાવ હોય છે - તે જણાવીને હવે ક્રિયામાત્રને આશ્રયીને ત્યાગની કર્તવ્યતાને જણાવાય છે :

**योगसंन्यासतस्त्यागी, योगानप्यखिलांस्त्यजेत् ।**
**इत्येवं निर्गुणं ब्रह्म, परोक्तमुपपद्यते ।।૮-૭।।**

"બાહ્ય અને અભ્યન્તર સમસ્ત પરભાવના ત્યાગી આત્માએ યોગસંન્યાસ યોગથી સઘળા ય યોગોનો ત્યાગ કરવો જોઇએ. આ પ્રમાણે કરવાથી બીજાં શાસ્ત્રોના જાણકારોએ જણાવેલ નિર્ગુણ બ્રહ્મ ઉપપન્ન બને છે." ચાર ઘાતિકર્મોના સર્વથા ક્ષયથી આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે. ભવોપગ્રાહી - અઘાતિ ચાર કર્મોના ઉદયથી ઉત્કૃષ્ટપણે આત્મા દેશોન (નવ વર્ષ ઓછાં) પૂર્વ કરોડ વર્ષ સુધી કેવલીપણામાં વિચરે છે. અન્તે મન-વચન-કાયાનો નિરોધ કરવા સ્વરૂપ યોગસંન્યાસયોગથી મન-વચન-કાયાના સર્વ યોગોનો ત્યાગ કરે છે, જેથી આત્મા સંપૂર્ણ સ્વસ્વરૂપનો અનુભવ કરે છે. આ રીતે સ્વસ્વરૂપની પ્રાપ્તિ માટે સકલ પર પદાર્થોનો ત્યાગ કરવાનું આવશ્યક છે. પોતાની ગુણસ્થાનકની પરિણતિ અનુસાર તે તે ધર્મોનો ત્યાગ કરવાથી ક્રમશઃ આત્મતત્ત્વનો તે તે અંશે આવિર્ભાવ થતો જાય છે. આથી સ્પષ્ટ છે કે ત્યાગ : એ નિર્જરાનું મૂળ છે.

યોગસંન્યાસયોગથી આત્મા સકલ પર ધર્મોથી રહિત બને છે. તેથી તેમાં એક પણ પરપ્રત્યયિક ગુણ ન હોવાથી તે નિર્ગુણ બને છે. આથી જ બીજા શાસ્ત્રવિદોએ જણાવેલી નિર્ગુણ બ્રહ્મની વાત સંગત બને છે. સત્ત્વ રજસ્ અને તમસ્ : આ ત્રણ ગુણોથી રહિત આત્મતત્ત્વ શુદ્ધ છે, ચિન્મય છે અને નિરુપાધિક છે. એવી અવસ્થા યોગસંન્યાસયોગથી જ પ્રાપ્ત થાય છે. અનન્તગુણમય પોતાનું સ્વરૂપ હોવા છતાં યોગસંન્યાસયોગની પૂર્વાવસ્થામાં ઔપાધિક ગુણોથી આત્માનો પ્રતિભાસ થતો હોય છે. અજ્ઞાનથી બીજાના કારણે આત્માને ગુણવાન તરીકે માનીને આત્માના ગુણોની ઉપ્રેક્ષા થતી હતી. તેથી જ આત્માને નિર્ગુણ બ્રહ્મ સ્વરૂપે જોનારાએ આત્માને નિર્ગુણ જણાવ્યો હતો. વસ્તુતઃ આત્મા નિર્ગુણ નથી, અનન્તગુણમય છે - તે જણાવાય છે :

**वस्तुतस्तु गुणैः पूर्णमनन्तै र्भासते स्वतः ।**
**रूपं त्यक्तात्मनः साधो, र्निरभ्रस्य विधोरिव ॥८-८॥**

"પરપદાર્થોને વિશે પોતાપણાની બુદ્ધિનો ત્યાગ કરનારા એવા પૂ.સાધુભગ-વન્તોનું સ્વરૂપ, મેઘના આવરણથી રહિત એવા ચન્દ્રમાની જેમ, વાસ્તવિક રીતે અનન્તગુણોથી પૂર્ણ સ્વરૂપે જણાય છે." કહેવાનો આશય એ છે કે આત્મા અને તેના ગુણોને છોડીને બીજા બધા જ પરપદાર્થો છે. તેના સતત પરિચયથી આત્માને તેમાં પોતાપણાની બુદ્ધિ હોવાથી સ્વસ્વરૂપનો અનુભવ થતો નથી. પૂ.સાધુભગવન્તોએ એવી આત્મપણાની બુદ્ધિનો ત્યાગ કરી લીધો હોવાથી તેમનું પોતાનું સ્વરૂપ અનન્ત ગુણોથી પરિપૂર્ણ તેઓશ્રીને ભાસે છે.

આકાશમાં વાદળ ન હોય તો ચન્દ્રમાનું સ્વરૂપ જે રીતે નિર્મળ પરિપૂર્ણ ભાસે છે તેમ મોક્ષપદની સાધનાને કરનારા પૂ. સાધક મહાત્માના કર્મનાં આવરણોનો ક્ષય થવાથી તેઓશ્રીનું સ્વરૂપ જ્ઞાનાદિ અનન્ત ગુણોથી પરિપૂર્ણ દેખાય છે. આથી જ બાધક એવી પરપરિણતિનો ત્યાગ કરી સાધક પરિણતિમાં પણ અપવાદયુક્ત સંયમની સાધનાનો ત્યાગ કરી ઉત્સર્ગયુક્ત સંયમની સાધનાનું અવલંબન લઇને આત્માને કર્મરહિત બનાવવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.

**॥ इति श्रीज्ञानसारप्रकरणे त्यागाष्टकम् ॥**

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे नवमं क्रियाष्टकम् ।

## ९

આ પૂર્વે ત્યાગનું વર્ણન કર્યું. સામાન્ય રીતે સાધકની ભૂમિકાને અનુસરીને તે તે પરભાવોનો ત્યાગ કરવો જોઈએ : એનું વર્ણન કરીને હવે ત્યાગની કારણભૂત ક્રિયાનું વર્ણન કરાય છે. આત્મા જે કરે છે, તેને ક્રિયા કહેવાય છે. તેના સામાન્યથી શુભ અને અશુભ : એમ બે પ્રકાર છે. ચારગતિમય આ સંસારમાં આત્માને જેથી જવું પડે છે તેને અશુભક્રિયા કહેવાય છે. અને સંસારનો ઉચ્છેદ કરી આત્માને મુક્ત કરનારી ક્રિયાને શુભક્રિયા કહેવાય છે. આત્મા માટે ક્રિયા કોઈ નવી વસ્તુ નથી. તેથી આમ જોઈએ તો તેનું નિરૂપણ કરવાની આવશ્યકતા નથી. પરન્તુ રાત અને દિવસ અશુભક્રિયામાં રક્ત રહેનારા પણ કેટલાક લોકો મોક્ષસાધક ક્રિયાનો અપલાપ કરતા હોય છે. તેમની વાતમાં આપણે આવી ના જઈએ, એ માટે ગ્રન્થકારશ્રીએ અહીં મોક્ષસાધક ક્રિયાનું નિરૂપણ કર્યું છે.

જ્ઞાન અને ક્રિયાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાન અંગે આ પૂર્વે નિરૂપણ કર્યું છે. તેમ જ પ્રસઙ્ગવશ હવે પછી પણ આવશ્યક એવું એ અંગે નિરૂપણ કરાશે. આ અષ્ટકમાં ક્રિયાનું નિરૂપણ કરાય છે. આરંભ-પરિગ્રહાદિને અનુકૂળ એવી ક્રિયાઓથી આ સંસાર નિષ્પન્ન (પ્રાપ્ત, સર્જાયેલ) છે. પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ, વિનય, વૈયાવૃત્ત્ય અને સ્વાધ્યાયાદિની ક્રિયાથી સંસારનો ઉચ્છેદ થાય છે. તેથી સંસારના ક્ષય માટે સંવર કે નિર્જરા સ્વરૂપ ક્રિયાઓ કરવી જોઈએ. અહીં સાધક આત્માની સાધનભૂત ક્રિયાનું નિરૂપણ કરવાનું છે. જ્ઞાન અને ચારિત્રથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ સ્વરૂપ ચારિત્ર છે. એમાં સ્વસ્વરૂપનું ગ્રહણ અને પરસ્વરૂપનો ત્યાગ, એ બંન્ને સ્વરૂપ ક્રિયાઓ મોક્ષની સાધક છે. ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી દર્શનાચાર સેવ્યા વિના ચાલે એવું નથી. કેવલજ્ઞાન ન મળે ત્યાં સુધી જ્ઞાનાચારનું સેવન આવશ્યક છે. યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ચારિત્રાચારનું પાલન આવશ્યક છે. પરમશુક્લધ્યાન ન આવે ત્યાં સુધી તપાચાર છે અને સર્વસંવરભાવની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી વીર્યાચાર હોય છે. આ રીતે પંચાચારથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. પંચાચારના પાલન વિના મોક્ષની પ્રાપ્તિ નથી. આથી સમજી શકાશે કે ગુણથી પૂર્ણ બનવા માટે

ક્રિયા કરણીય છે. ગુણથી પૂર્ણ એવા મહાત્માઓ જે પણ ક્રિયા કરે છે, તે પરના ઉપકારનું કારણ બને છે - વગેરે જણાવાય છે :

**ज्ञानी क्रियापरः शान्तो, भावितात्मा जितेन्द्रियः ।**
**स्वयं तीर्णो भवाम्भोधेः, परांस्तारयितुं क्षमः ॥९-१॥**

"જ્ઞાની, ક્રિયામાં તત્પર, કષાયરહિત, આત્મસ્વરૂપમાં લીન અને ઈન્દ્રિયોને જીતનાર મહાત્મા પોતે સંસારસમુદ્રથી તરે છે અને બીજાને સંસારસમુદ્રથી તારવા માટે સમર્થ બને છે." યથાર્થરૂપે તત્ત્વના સ્વરૂપને જે જાણે છે, તે જ્ઞાની છે. સ્વ અને પર, ગુણ અને દોષ, હેય અને ઉપાદેય, હિત અને અહિત તેમ જ સાધક અને બાધક... ઇત્યાદિ દ્વન્દ્વોનાં તત્ત્વોને જે યથાર્થપણે જાણતા જ નથી, તે સંસાર-સમુદ્રથી તરી શકતા નથી. તારક એવાં સાધનોમાં જ્ઞાનની પ્રાથમિકતા જણાવવા માટે શ્લોકમાં 'ज्ञानी' આ પ્રથમ પદ છે. સમર્થ જ્ઞાની પણ ક્રિયામાં તત્પર ન હોય તો તે પણ તરી શકતા નથી. ગમે તેટલા જાણકાર હોય તોપણ તેઓ તે પ્રમાણે કરે જ નહિ તો ભવથી કઈ રીતે તરે ? આથી જાણકાર પણ ક્રિયામાં તત્પર હોવા જોઈએ એ સમજી શકાય છે.

જ્ઞાની અને મોક્ષસાધક ક્રિયામાં તત્પર એવા મહાત્મા પણ જો કષાયથી સહિત હોય તો તેઓશ્રી ભવસમુદ્રથી તરી શકતા નથી, તેથી તેઓશ્રી કષાયથી રહિત શાન્ત હોવા જોઈએ. આવા પણ મહાત્મા જો મોક્ષથી ભાવિત ન હોય તો તેઓશ્રી સંસાર-સાગરથી તરી શકતા નથી. તેથી તેઓશ્રી ભાવિતાત્મા હોવા જોઈએ. શુદ્ધ આત્મસ્વરૂપમાં રમણ કરનારા તેઓશ્રી સ્વપરના તારક બને છે. આવા સ્વપરતારક મહાત્મા જો ઈન્દ્રિયોને આધીન બની જાય તો તેઓશ્રી ભવસમુદ્રને તરી શકે નહિ. તેથી તેઓશ્રી જિતેન્દ્રિય હોવા જોઈએ - એ સ્પષ્ટ છે. આવા જ મહાત્માઓ સ્વયં સંસારસાગરથી તરી જાય છે અને પોતાની પાસે આવેલા સેવકજનોને ભવસાગરથી તારે છે.

આ રીતે અન્યત્ર પણ ફરમાવ્યું છે કે દર્શન અને જ્ઞાન ચારિત્રનું કારણ છે અને ચારિત્ર મોક્ષનું કારણ છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ એ મુજબ ફરમાવ્યું છે કે સમ્યગ્દષ્ટિને જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનીને ચારિત્રગુણો પ્રાપ્ત થાય છે. ચારિત્રના ગુણોથી રહિત આત્માને મોક્ષ નથી અને મોક્ષ વિના નિર્વાણ નથી. આથી સ્પષ્ટ છે

કે ક્રિયાયુક્ત જ્ઞાન હિતકર છે. એકલું જ્ઞાન કે એકલી ક્રિયા હિતકર નથી- એ વાત જણાવાય છે :

**क्रियाविरहितं हन्त, ज्ञानमात्रमनर्थकम् ।**
**गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ॥९-२॥**

''ક્રિયા વગરનું જ્ઞાન ખરેખર જ અનર્થક છે. માર્ગનો જાણકાર પણ ગતિ વગર પોતાના ઈષ્ટનગરને પ્રાપ્ત કરતો નથી.'' - મોક્ષનાં સાધનોને વિશે જે પ્રવૃત્તિ કરાય છે તેને ક્રિયા કહેવાય છે. વસ્તુના સંવેદનને જ્ઞાન કહેવાય છે. મોક્ષસાધક ચારિત્રની ક્રિયાથી રહિત માત્ર સંવેદનસ્વરૂપ જ્ઞાન હોય તો તે અનર્થક છે. અર્થાત્ તેનાથી મોક્ષસ્વરૂપ કાર્યની સિદ્ધિ થતી નથી. દૃષ્ટાન્તથી આ વાતને સમજાવતાં શ્લોકના ઉત્તરાદ્ર્ધથી જણાવ્યું છે કે જે નગરમાં જવાનું હોય તે નગરના માર્ગનું જ્ઞાન હોય તો પણ જવા માટે પગ પણ ન ઉપાડે તો તે નગરમાં કોઈ રીતે પહોંચે નહિ. આવી જ રીતે સંસારનાં અને મોક્ષનાં કારણોનું સંવેદન હોવા છતાં સંસારમાંથી ખસવા અને મોક્ષમાં જવા માટે ચારિત્રની કોઈ જ ક્રિયા કરે નહીં તો મોક્ષની પ્રાપ્તિ કોઈ પણ રીતે નહીં જ થાય.

કારણ વિના કાર્યની સિદ્ધિ થતી નથી. કાર્યમાત્રની પ્રત્યે કોઈ એક કારણ ઉપયોગી બનતું નથી. તે તે કારણોનો સમુદાય જ કાર્યનું કારણ બને છે. અર્થાત્ કાર્યની સિદ્ધિ સ્વાનુકૂલ સામગ્રીથી જન્ય છે. જ્ઞાન દર્શનની જેમ મોક્ષની સામગ્રીમાં ચારિત્રનો પણ સમાવેશ છે. જો મોક્ષની પ્રત્યે કેવલ જ્ઞાનને જ કારણ માની લેવાય તો ઉપર જણાવ્યા મુજબ ગતિ વિના જ માત્ર માર્ગના જ્ઞાનથી ઈચ્છિત નગરની પ્રાપ્તિનો પ્રસઙ્ગ આવશે, જે પ્રતીતિથી બાધિત હોવાથી ઈષ્ટ નથી. અર્થ અને કામની પ્રાપ્તિ માટે કે તેના પરિભોગાદિ માટે ક્રિયાને ઉપાદેય માનનારાને ધર્મ અને મોક્ષ માટે ક્રિયાની કર્તવ્યતાને સમજવાનું ખૂબ જ સરળ છે. સાચા જ્ઞાની જ તેઓ છે કે જેઓ ક્રિયાને ઉપાદેય માને છે- આ વાતને દૃષ્ટાન્ત સાથે જણાવાય છે :

**स्वानुकूलां क्रियां काले, ज्ञानपूर्णोऽप्यपेक्षते ।**
**प्रदीपः स्वप्रकाशोऽपि, तैलपूर्त्यादिकं यथा ॥९-३॥**

''જ્ઞાનથી પૂર્ણ હોય તોપણ તે મહાત્મા કાર્ય કરવાના અવસરે તે તે વિવક્ષિત કાર્યને અનુકૂળ એવી ક્રિયાને ઈચ્છે છે. સ્વયં પ્રકાશ સ્વરૂપ હોવા છતાં દીપક જેમ

તેલ પૂરવાદિની ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ પૂર્ણ જ્ઞાની પણ ક્રિયાની અપેક્ષા રાખે છે.'' - આશય એ છે કે સ્વ અને પરનું વિવેચન કરવામાં જેઓ સમર્થ છે એવા પૂર્ણ જ્ઞાની પણ, જ્યારે તેમને કોઈ પણ કાર્ય કરવાનો અવસર ઉપસ્થિત થાય છે, ત્યારે તે કાળમાં તેઓ તે તે કાર્યને અનુકૂળ એવી ક્રિયાની અપેક્ષા રાખે છે. અર્થાદ્ આવા સમર્થજ્ઞાની પણ પોતે કરવા ધારેલા તે તે કાર્યને કરતી વખતે માત્ર જ્ઞાનથી તે તે કાર્ય કરી શકતા નથી. તેમને તે તે કાર્ય કરવા માટે કોઈ ને કોઈ ક્રિયા કરવી જ પડે છે. ક્રિયા વિના તેઓ તે તે કાર્ય કરી શકતા નથી.

સમ્યગ્જ્ઞાની આત્મા જ્યારે સંવર-કાર્ય કરવાની રુચિવાળા હોય છે, ત્યારે તે મહાત્મા વિરતિ ગ્રહણ કરવાની ક્રિયા કરે છે. ચારિત્રથી યુક્ત પણ મહાત્મા કેવલજ્ઞાન સ્વરૂપ કાર્યની રુચિ ધારણ કરનારા બને ત્યારે તે મહાત્મા શુક્લધ્યાનારોહણની ક્રિયા કરે છે. શ્રી કેવલીપરમાત્મા સંવરભાવને પૂર્ણપણે પ્રાપ્ત કરવા યોગનિરોધની ક્રિયા કરે છે. આથી જ કહેવાય છે કે 'જ્ઞાની ક્રિયાની અપેક્ષા રાખે છે.' એ મુજબ જ પૂ. સાધુમહાત્માઓને આવશ્યક ક્રિયાનું વિધાન છે. પ્રદીપ સ્વયં પ્રકાશ સ્વરૂપ હોવા છતાં તેને જેમ તેલ પૂરવાદિની ક્રિયાની અપેક્ષા છે તેમ જ્ઞાનથી પૂર્ણ આત્માઓને પણ તે તે કાર્ય કરવાના અવસરે ક્રિયાની આવશ્યકતા છે.

ક્રિયા આત્માના વીર્યની શુદ્ધિનું કારણ છે. હેય અને ઉપાદેયનું જ્ઞાન મળ્યા પછી આત્મા હેયની નિવૃત્તિ અને ઉપાદેયની પ્રવૃત્તિ ન કરે તો વીર્યાન્તરાયકર્મનો બંધ થાય છે. વીર્ય ફોરવવાથી વીર્યાન્તરાયકર્મનો ક્ષયોપશમ થાય છે. એ માટે ક્રિયા : એ અદ્ભુત સાધન છે. શક્તિસમ્પન્ન પણ આત્માઓ પ્રમાદને લઈને ભયંકર કોટિનું વીર્યાન્તરાયકર્મ બાંધતા હોય છે. પ્રમાદને દૂર કરવા માટે ક્રિયા ખૂબ જ ઉપયોગી બને છે. પરમકલ્યાણકારિણી એવી પણ ક્રિયાનો જેઓ અનાદર કરે છે- તેમની મૂર્ખતા જણાવાય છે :

**बाह्यभावं पुरस्कृत्य, येऽक्रियां व्यवहारतः ।**
**वदने कवलक्षेपं, विना ते तृप्तिकाङ्क्षिणः ॥९-४॥**

''વ્યવહારથી 'ક્રિયા' એ બાહ્યભાવ છે - એમ કહીને જેઓ ક્રિયાને માનતા નથી, તેઓ મુખમાં કોળિયો નાખ્યા વિના તૃપ્તિને ઈચ્છનારા છે.'' કહેવાનું તાત્પર્ય એ છે કે ''માત્ર વ્યવહારનયને આશ્રયીને જ ક્રિયા મનાય છે. નિશ્ચયથી તો જ્ઞાન જ

મોક્ષનું કારણ છે. જ્ઞાન આત્માનો ગુણ છે અને ક્રિયા શરીરનો ધર્મ છે. આત્મા અને શરીર ભિન્ન છે. આત્માને અને શરીરને કોઈ સંબન્ધ નથી. શરીર શરીરનું કામ કરે છે અને આત્મા આત્માનું કામ કરે છે. શરીર અને આત્માને અભિન્ન-એક માનવાથી આત્માને સંસારમાં રહેવાનું થાય છે. આત્મા અને શરીરનું ભેદજ્ઞાન થઈ જાય તો આત્મા સંસારથી મુક્ત બને છે. શરીર અને તેની ક્રિયા : એ બાહ્યભાવ છે. આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણો વસ્તુતઃ આભ્યન્તર ભાવો છે. મોક્ષની પ્રાપ્તિમાં બાહ્યભાવો ઉપયોગી નથી....'' ઈત્યાદિ માન્યતાને આધીન બની ક્રિયાના બાહ્યસ્વરૂપને આગળ કરી ક્રિયાને નહિ માનનારા કેટલાક અક્રિયાવાદી એવા લોકો, વસ્તુતઃ ગુરુભગવન્તનાં ચરણોની સેવા કર્યા વિના ક્રિયાનો નિષેધ કરે છે. 'બાહ્ય ક્રિયા કરવાનું કોઈ પ્રયોજન નથી' એમ કહીને ક્રિયાનો અનાદર કરવાનું તેમનું કાર્ય ખરેખર જ વિચિત્ર છે.

ભોજનથી જેને તૃપ્તિની ઈચ્છા હોય તેઓ ભોજનનો એક પણ કોળિયો પોતાના મુખમાં નાંખે નહિ તો તૃપ્તિ ક્યાંથી થાય ? ઈચ્છાને પૂર્ણ કરવા માટે જેમ ભોજનની બાહ્યક્રિયા અપેક્ષિત છે તેમ મોક્ષની પ્રાપ્તિ માટે પણ બાહ્યક્રિયાની અપેક્ષા છે. જડ એવા કર્માદિથી સંબદ્ધ આત્મા સંસારમાં પરિભ્રમણ કરે છે. શુદ્ધકેવલ આત્મા સંસારમાં પરિભ્રમણ કરતો નથી. અશુદ્ધ બન્ધાય છે, શુદ્ધ નહિ. વ્યવહાર-પ્રસિદ્ધ આત્માની બદ્ધાવસ્થાને દૂર કરવા માટે ક્રિયાની આવશ્યકતા છે. નિશ્ચયનય-પ્રસિદ્ધ આત્મસ્વરૂપના આવિર્ભાવ માટે જે પણ દૂર કરવું પડે તેને દૂર કરવા માટે ક્રિયાની આવશ્યકતા છે. આપણું સ્વરૂપ કેવું છે – એનો જેમ વિચાર કરીએ છીએ, તેમ આપણું વર્તન કેવું છે : એનો વિચાર કરવાથી ક્રિયાની આવશ્યકતા કેટલી છે - તે સમજી શકાશે. આપણા વર્ત્તનથી અશુદ્ધ (કર્મબદ્ધ) બનેલા આત્મતત્ત્વને શુદ્ધ બનાવવાનું સામર્થ્ય વિહિત એવી સર્વ ક્રિયાઓમાં છે. એ અચિન્ત્યસામર્થ્યપૂર્ણ ક્રિયાઓનું જે અદ્ભુત ફળ છે – તે વર્ણવાય છે :

**गुणवद्बहुमानादे, र्नित्यस्मृत्या च सत्क्रिया ।**
**जातं न पातयेद् भाव-मजातं जनयेदपि ॥९-५॥**

''ગુણસંપન્ન આત્માઓ પ્રત્યે બહુમાનાદિના કારણે અને નિત્ય સ્મૃતિના કારણે થતી સત્ક્રિયા, પ્રાપ્ત થયેલા ભાવ-પરિણામને જવા દેતી નથી અને ભાવ-પરિણામ જો પ્રાપ્ત થયેલો ન હોય તો તેને પ્રાપ્ત પણ કરાવે છે.'' – સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્ર તેમ જ ક્ષમા માર્દવ અને આર્જવાદિ ગુણો છે. એ ગુણોને ધારણ કરનારા

આત્માઓની પ્રત્યે જે આન્તરિક પ્રીતિ છે, તેને ગુણવદ્બહુમાન કહેવાય છે. શ્લોકમાં બહુમાનાદિ અહીં જે 'आदि' પદ છે, તે आदि પદથી દોષનો પશ્ચાત્તાપ, પાપની દુર્ગંછા, અતિચારની આલોચના, દેવ ગુરુ અને સાધર્મિકની ભક્તિ તેમ જ ઉત્તરગુણોની શ્રદ્ધા વગેરે પણ સમજવા. પાંચ મહાવ્રતાદિના પાલન માટે આવશ્યક એવા નિર્દોષભિક્ષા, પ્રતિલેખના, પ્રમાર્જનાદિ ગુણોને તેમ જ દિક્પરિમાણાદિ ગુણોને ઉત્તરગુણો કહેવાય છે. પૂર્વે ગ્રહણ કરેલાં વ્રતોનું અને સામાયિકાદિ છ આવશ્યકોનું સદા સ્મરણ કરવું તે નિત્ય સ્મૃતિ છે. ગુણવદ્બહુમાનાદિથી અને નિત્ય સ્મૃતિથી સત્ક્રિયા થાય છે. અર્થાદ્ ગુણવદ્બહુમાનાદિના કારણે વિનયાદિ ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ સત્ક્રિયા થાય છે.

આ સત્ક્રિયા પૂર્વે જો સમ્યગ્જ્ઞાન સંવેગ કે નિર્વેદ આદિ સ્વરૂપ ભાવ ઉત્પન્ન થયા હોય તો તે સમ્યગ્જ્ઞાનાદિ સ્વરૂપ ભાવોને આ સત્ક્રિયા ટકાવી રાખે છે અને પડવા દેતી નથી. એટલું જ નહિ ધર્મધ્યાનાદિ સ્વરૂપ જે ભાવો ઉત્પન્ન થયા નથી, એવા ભાવોને ઉત્પન્ન પણ કરે છે. શ્રી શ્રેણિકમહારાજા અને શ્રીકૃષ્ણમહારાજાદિને ગુણવાનો પ્રત્યેના બહુમાનથી ભાવની પ્રાપ્તિ થયેલી. શ્રીમતી મૃગાવતીશ્રીજીને પાપના પશ્ચાત્તાપથી ભાવની પ્રાપ્તિ થઈ હતી. શ્રીઅઈમુત્તા મુનિવરને પાપની આલોચનાથી ભાવ ઉત્પન્ન થયો હતો. અને ગુરુ પ્રત્યેની ભક્તિથી શ્રી ચંડરુદ્રાચાર્ય મ. ના શિષ્યને ભાવની પ્રાપ્તિ થઈ હતી. આ રીતે અનેકાનેક મહાત્માઓને તે તે સત્ક્રિયાથી ભાવની પ્રાપ્તિ થયાનું શાસ્ત્રોમાં વર્ણવ્યું છે. અપ્રાપ્ત ભાવને ઉત્પન્ન કરનારી અને પ્રાપ્તભાવની રક્ષાને કરનારી સત્ક્રિયા છે - એ જણાવીને હવે પડી ગયેલા ભાવને, સત્ક્રિયા ફરીથી તદ્ભાવની વૃદ્ધિને કરનારી છે તે જણાવાય છે :

**क्षायोपशमिके भावे, या क्रिया क्रियते तया ।**
**पतितस्यापि तद्भावप्रवृद्धि र्जायते पुनः ।।९-६।।**

"ક્ષયોપશમથી જન્ય એવા ભાવના વિષયમાં જે ક્રિયા કરાય છે, તે ક્રિયાથી જ્ઞાનાદિ ભાવથી પડી ગયેલાના પણ ભાવની ફરીથી વૃદ્ધિ થાય છે." - જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય : આ ચાર કર્મોનો ક્ષયોપશમ હોય છે. અનન્તજ્ઞાન અનન્તદર્શન અનન્તચારિત્ર અને અનન્તવીર્ય આત્માના ગુણો હોવા છતાં કર્મથી આવરાયેલા છે. એ કર્મસ્વરૂપ આવરણો જ્યારે શુદ્ધ બને છે અથવા તો મંદરસવાળાં બને છે, ત્યારે તે આવરણો હોવા છતાં જે પણ ગુણોનો અંશે પણ

અનુભવ થાય છે, તે ક્ષયોપશમભાવે થયેલો હોય છે. ક્ષયોપશમભાવના વિષયમાં આવરણ નિર્મળ હોય છે. આવરણ હોય છે, પણ તે નિર્મળ-પારદર્શક હોય છે. અહીં સત્ક્રિયાને આશ્રયીને વર્ણન હોવાથી સામાન્યથી ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમ-ભાવની અને તેને અનુકૂળ વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમભાવની વિચારણા છે. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ તો મુખ્યપણે જ્ઞાન દર્શન માટે ઉપયોગી બને છે. સત્ક્રિયાની પ્રત્યે ચારિત્રને અનુકૂળ એવો વીર્યાન્તરાયકર્મનો ક્ષયોપશમ મુખ્યપણે કારણ બને છે.

આવો ક્ષયોપશમભાવ હોતે છતે વંદન નમન પૂજન અને સત્કાર વગેરે સ્વરૂપે જે સત્ક્રિયા કરાય છે તે ક્રિયાઓ, તેને કરનારા જો પરિણામથી પડી ગયેલા હોય અર્થાદ્ જ્ઞાનાદિ ગુણોથી પરાઙ્મુખ હોય તો તેમને ફરીથી જ્ઞાનાદિ ગુણોની સન્મુખ બનાવીને તેમની આત્મપરિણતિ(ભાવ)માં વૃદ્ધિને કરે છે. ઔદયિકભાવના વિષયમાં કરાતી તેવી ક્રિયાથી ભાવની વૃદ્ધિ થતી નથી.

ઉચ્ચગોત્રકર્મ, સુભગનામકર્મ, યશનામકર્મ, આદેયનામકર્મ અને અન્તરાયકર્મ વગેરેના ઉદયથી જે ક્રિયાઓ થાય છે, તે ઔદયિકી ક્રિયા કહેવાય છે. તેનાથી બાહ્યરીતે તપ અને જ્ઞાન વગેરેની પ્રાપ્તિ થાય છે. પરન્તુ તેથી આત્મકલ્યાણ થતું નથી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને અન્તરાય કર્મના ક્ષયોપશમથી જે ક્રિયાઓ થાય છે, તે આત્મસ્વરૂપને પ્રકાશિત કરે છે. આથી સમજી શકાશે કે કર્મનિર્જરા માટે કરાતી સત્ક્રિયા ક્ષયોપશમભાવની છે. મિથ્યાત્વની મંદ અવસ્થામાં અથવા તેની ક્ષયોપશમભાવની અવસ્થામાં કરાતી ક્રિયા સત્ક્રિયા છે. એવી સત્ક્રિયા ગુણની રક્ષા માટે અને વૃદ્ધિ માટે કરવી જોઈએ-એ પ્રમાણે જણાવાય છે :

**गुणवृद्ध्यै ततः कुर्यात्, क्रियामस्खलनाय वा ।**
**एकं तु संयमस्थानं, जिनानामवतिष्ठते ॥९-७॥**

''તેથી ગુણવૃદ્ધિ થાય-એ માટે અને સાધનામાર્ગેથી આપણે ખસી ના જઈએ-એ માટે ક્રિયાને કરવી જોઈએ. એક જ પ્રકારનું સંયમસ્થાન, ક્ષાયિક ચારિત્રવન્ત મહાત્માઓને હોય છે.'' - આત્માના જ્ઞાન દર્શન અને ચારિત્ર વગેરે ગુણો વધે એ માટે અર્થાદ્ આવિર્ભાવ પામેલા એ ગુણોનો વિકાસ (સમ્પૂર્ણ આવિર્ભાવ) થાય એ

માટે શ્રી વીતરાગપરમાત્માએ વિહિત કરેલી ક્રિયા કરવી જોઈએ તેમ જ આપણે આરંભેલી મોક્ષની સાધનાના માર્ગે આપણું અવસ્થાન ટકી રહે : એ માટે ક્રિયા કરવી જોઈએ. કારણ કે આત્મવીર્ય (ઉલ્લાસ) ચંચળ છે. આજ સુધીનો આપણો અનુભવ છે કે પ્રગટેલો ઉલ્લાસ બહુ વાર ટકતો નથી. એ ઉલ્લાસને ટકાવી રાખવા માટે શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલી ક્રિયા કરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

લગભગ દરેક મુમુક્ષુની એ ફરિયાદ છે કે સાધનાના પ્રારંભકાળનો ઉલ્લાસ સાધનાના કાળમાં રહેતો નથી. આ ફરિયાદનો અન્ત લાવે - એવા ઉપાયને અહીં ગ્રન્થકારશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યો છે. ઉલ્લાસ ટકતો નથી-એ જેટલું સાચું છે, એના કરતાં 'એને ટકાવવા માટે આપણે કશું જ કર્યું નથી' - એમ કહેવું વધારે સાચું છે. જાણે કે સાધનાનો પ્રારંભ જ આપણું સાધ્ય હોય અને સિદ્ધિ સાધ્ય જ ન હોય : એ રીતે વર્ત્તીએ તો ઉલ્લાસ ટકે- એ વાતમાં કોઈ જ તથ્ય નથી. સંયમનાં અસંખ્ય અધ્યવસાયસ્થાનો છે. તેની હાનિ અને વૃદ્ધિ થતી જ હોય છે. વર્તમાન અધ્યવસાય-સ્થાનમાં હાનિ થવાની કે વૃદ્ધિ થવાની શક્યતા સતત રહેલી છે. પ્રતિપાત (ફેરફાર) વિનાનું અપ્રતિપાતી એવું સંયમસ્થાન શ્રીવીતરાગપરમાત્માને જ હોય છે. બીજાને તે હોતું નથી. તેથી સાધક મુમુક્ષુ આત્માઓએ નવાં નવાં અધ્યવસાયસ્થાનોને પામવા માટે ક્રિયા કરવી જોઈએ. તેથી જ નિર્ગ્રન્થ મહાત્માઓ વનમાં વસે છે. શ્રીનન્દીશ્વરાદિતીર્થની યાત્રાએ જાય છે. કાયોત્સર્ગ કરવા દ્વારા શરીરને સ્થિર રાખે છે. વીરાસનાદિ દ્વારા શરીરનો સંકોચ કરે છે અને અત્યન્ત ઘોર એવા અભિગ્રહોને ધારણ કરી ચારિત્રને વિશુદ્ધ બનાવે છે.... આ પ્રમાણે વચનાનુષ્ઠાનને કરવાથી મુમુક્ષુ-સાધક આત્માને અસઙ્ગ ક્રિયાની પ્રાપ્તિ થાય છે - તે જણાવાય છે :

**वचोऽनुष्ठानतोऽसङ्गा क्रिया सङ्गतिमङ्गति ।**
**सेयं ज्ञानक्रियाभेद-भूमिरानन्दपिच्छला ॥९-८॥**

''વચનાનુષ્ઠાનના કારણે મુમુક્ષુને અસઙ્ગક્રિયાની પ્રાપ્તિ થાય છે. આ અસઙ્ગક્રિયા જ્ઞાન અને ક્રિયાના અભેદનું સ્થાન છે તેમ જ આનંદથી વ્યાપ્ત છે. (લચપચ છે.)'' - શાસ્ત્રના અર્થનું અનુસરણ કરીને સર્વત્ર ઔચિત્યપૂર્વક કરાતું જે અનુષ્ઠાન છે તેને વચનાનુષ્ઠાન (વચનક્રિયા) કહેવાય છે. એ અનુષ્ઠાનથી ક્રમે કરીને અસઙ્ગક્રિયાની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રાર્થનું પ્રતિસંધાન કર્યા વિના પૂર્વપ્રયોગથી શાસ્ત્રાનુસાર આત્મસાત્ થયેલી જે ક્રિયા છે, તેને અસઙ્ગક્રિયા કહેવાય છે, જે

વિકલ્પથી રહિત હોય છે અને વિના પ્રયત્ને થતી હોય છે. અર્થાત્ પહેલાં થતી હતી માટે થાય છે. કરવાના ઈરાદે થતી નથી.

તે આ અસઙ્ગક્રિયા વખતે જ્ઞાન અને ક્રિયાનો ભેદ રહેતો નથી. તાદાત્મ્ય સિદ્ધ થાય છે. જ્ઞાન અને ક્રિયાનો અહીં અભેદ હોવાથી જ્ઞાનક્રિયાના અભેદની ભૂમિરૂપ અસઙ્ગક્રિયા છે. આથી સમજી શકાશે કે જ્યાં સુધી સંપૂર્ણપણે આત્માના ગુણોનો આવિર્ભાવ થતો નથી, ત્યાં સુધી નિરનુષ્ઠાનસ્વરૂપ ક્રિયા કરવાની છે. અર્થાત્ તેઓશ્રી(અસઙ્ગક્રિયાના સ્વામી) જે કરે છે, તે ક્રિયા છે. તેઓશ્રી કઈ ક્રિયા કરે છે ? એ પ્રશ્ન અસ્થાને છે. આ અસઙ્ગક્રિયા સ્વાભાવિક આનંદ સ્વરૂપ અમૃતના રસથી ભીંજાયેલી છે. ક્ષયોપશમભાવે કરાતી સત્ક્રિયાનું આ ફળ છે. અન્તે આ અસઙ્ગક્રિયાની પ્રાપ્તિ માટે ક્ષયોપશમભાવની સત્ક્રિયા કરવામાં આપણે તત્પર બની રહીએ એ જ એકની એક શુભાભિલાષા.

**॥ इति श्रीज्ञानसारप्रकरणे नवमं क्रियाष्टकम् ॥**

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे दशमं तृप्त्यष्टकम् ।

## १०

આ પૂર્વે ક્રિયાની અનિવાર્યતાનું સ્વરૂપ વર્ણવ્યું. કેટલીક વાર જ્ઞાની અને ક્રિયાવાન પણ મદ અને લોભને આધીન બની ક્રિયાના સદભ્યાસને નિષ્ફળ બનાવવાનું કાર્ય કરી બેસતા હોય છે. તેથી લોભ અને મદ કર્યા વિના આત્મસ્વરૂપના જ અનુભવથી મુમુક્ષુ આત્માએ તૃપ્ત બનવું જોઈએ- એ જણાવવા પારમાર્થિક તૃપ્તિનું વર્ણન કરાય છે :

**पीत्वा ज्ञानामृतं भुक्त्वा, क्रियासुरलताफलम् ।**
**साम्यताम्बूलमास्वाद्य तृप्तिं याति परां मुनिः ॥१०-१॥**

''જ્ઞાનસ્વરૂપ અમૃતનું પાન કરીને ક્રિયાસ્વરૂપ કલ્પવૃક્ષની વેલડીના ફળને ખાઈને અને સમતાસ્વરૂપ તામ્બૂલનું આસ્વાદન કરી મુનિમહાત્મા પરમતૃપ્તિનો અનુભવ કરે છે.'' યથાર્થરૂપે સ્વપરપદાર્થનું જે અવભાસન છે, તે જ્ઞાન છે. મુનિ ભગવન્તો સતત નિયમિતપણે એ જ્ઞાનામૃતનું પાન કરે છે તેમ જ નિરન્તર સદ્‌યોગની જે તેમની પ્રવૃત્તિ છે તેને અહીં ક્રિયાસ્વરૂપ કલ્પવૃક્ષની લતા-વેલડી તરીકે વર્ણવી છે. એ ક્રિયાસ્વરૂપ સુરલતાના ફળ તરીકે આત્મસ્વભાવની રમણતામાં સ્થિરતા પ્રાપ્ત થાય છે. મુનિભગવન્તો તેવા પ્રકારના ક્રિયાસુરલતાના ફળને વાપરે છે. ત્યાર પછી સમતાસ્વરૂપ મુખવાસને વાપરે છે. તેથી તેઓશ્રીને પરમ તૃપ્તિનો અનુભવ થાય છે.

પીવા માટે અમૃત હોય, ખાવા માટે કલ્પવૃક્ષનાં ફળો હોય અને ઉપર ઉત્તમકોટિનો મુખવાસ હોય તો તૃપ્તિનો પરમ અનુભવ થાય : એમાં આશ્ચર્ય નથી. સારામાં સારું ખાવા-પીવા મળે તો સારામાં સારી તૃપ્તિનો અનુભવ કરવાની વાત આપણા માટે નવી નથી. પરન્તુ અમૃતતુલ્ય જ્ઞાન, કલ્પવેલડીના ફળતુલ્ય ક્રિયા અને મુખવાસતુલ્ય સમતાના અનુભવથી તૃપ્તિનો અનુભવ કરવાની વાત આપણા માટે સાવ જ નવી છે. માત્ર પુદ્‌ગલના પરિભોગમાં આનંદનો કે તૃપ્તિનો અનુભવ કરનારાને જ્ઞાનાદિના કારણે થનારી તૃપ્તિની કલ્પના પણ ક્યાંથી આવે ? પૂજ્ય મુનિભગવન્તો સદાને માટે જ્ઞાન અને ક્રિયામાં મગ્ન બની પરમ તૃપ્તિનો અનુભવ કરે છે. પુણ્યના યોગે ગમે તેટલી અનુકૂળતા મળે તોપણ તેને ભોગવવી નહિ અને પાપના ઉદયથી

ગમે તેટલી પ્રતિકૂળતા આવે તોપણ તેને વેઠી લેવી – આ અધ્યવસાય જ જ્ઞાનાદિની તૃપ્તિના અનુભવને જણાવે છે. જ્ઞાન અને ક્રિયામાં રક્ત રહેનારા પણ જો સમતાને ધારણ ન કરે તો જ્ઞાનાદિની તૃપ્તિને અનુભવી ન શકે. પાન અને ભોજન સારાં હોવા છતાં તેના પાચન માટે પ્રયત્ન કર્યા વિના તે સારા ફળને આપતા નથી. પાન અને ભોજનના પાચન માટે મુખવાસ(તાંબૂલ) ઉપયોગી બને છે. તેમ અહીં જ્ઞાની અને ક્રિયાવાન મહાત્માઓ માટે જ્ઞાન અને ક્રિયાના અજીર્ણથી દૂર રાખવા સમતાસ્વરૂપ મુખવાસ ઉપયોગી બને છે.

ઔપાધિક પુદ્ગલથી ઉત્પન્ન થયેલા વિભાવ સ્વરૂપ ભાવોથી ભાવિત થયેલા આત્માઓ અનાદિકાળથી મિથ્યાત્વ, અજ્ઞાન અને અસત્ક્રિયામાં રાગાદિના કારણે આસક્ત હોય છે. જગતના લોકોએ ભોગવીને છોડી દીધેલા એંઠાજેવા, ભોગવવા માટે અયોગ્ય એવા વિષયોમાં મગ્ન બની તે આત્માઓ જે તૃપ્તિ અનુભવે છે, તે વસ્તુતઃ તૃપ્તિ જ નથી. કારણ કે એવા વિષયોને પ્રાપ્ત કર્યા પછી પણ તૃષ્ણા વધતી જ હોય છે, તે શાન્ત થતી જ નથી. ક્ષણવાર એમ લાગે કે તૃપ્તિ થઈ છે પણ તે વાસ્તવિક હોતી નથી. જે તૃપ્તિ પછી તૃષ્ણા રહેતી નથી તે તૃપ્તિ વાસ્તવિક છે. આથી જ સારા આત્માઓ ચંચળ એવા કામિનીઓના વિલાસોનો ત્યાગ કરે છે. કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલાં સત્ફળોને ગણકારતા નથી. આસક્તિજનક ભાવોનો (વિષયોનો) સંગ કરતા નથી, શરીરને શણગારતા નથી અને સ્વાધ્યાયાદિ દ્વારા તત્ત્વના શ્રવણ, મનન અને નિદિધ્યાસનાદિમાં આત્માને લીન બનાવે છે. આ રીતે પૂ. મુનિભગવન્તોને જ્ઞાન, ક્રિયા અને સામ્યમાં જે પરમતૃપ્તિનો અનુભવ થાય છે – તેનું કારણ જણાવાય છે :

**स्वगुणैरेव तृप्तिश्चेदाकालमविनश्वरी ।**
**ज्ञानिनो विषयैः किं तै, र्यै र्भवेत् तृप्तिरित्वरी ।।१०-२।।**

‘‘સ્વસ્વરૂપના જ્ઞાની મહાત્માને સ્વજ્ઞાનાદિ ગુણોથી જ સર્વદા નાશ નહિ પામનારી જો તૃપ્તિ હોય તો જેનાથી અલ્પ કાળ માટે તૃપ્તિ થાય એવા તે શબ્દાદિ વિષયોથી શું ? અર્થાત્ તેનું કોઈ પ્રયોજન નથી.’’ – સારી રીતે જેણે સ્વ અને પરતત્ત્વનું જ્ઞાન કરી લીધું છે એવા જ્ઞાનીને, સ્વ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવને લઈને સ્વભાવભૂત અને અમૂર્ત અસઙ્ગ અને અનાકુલ એવા આનંદથી યુક્ત જ્ઞાનાદિ ગુણોથી જ જો તૃપ્તિ હોય તો બહારના શબ્દ રૂપ રસ અને ગન્ધાદિ વિષયોનું કોઈ

જ પ્રયોજન નથી. કારણ કે જ્ઞાનાદિ ગુણોથી થનારી તૃપ્તિ હંમેશાં વિનાશ ન પામનારી છે અને વિષયોથી થનારી તૃપ્તિ ખૂબ જ અલ્પકાલીન હોય છે, ઔપચારિક - અવાસ્તવિક હોય છે. તેથી જ્ઞાનીમહાત્માઓને વિષયજન્ય તૃપ્તિની ઈચ્છા હોતી નથી. વિષયજન્ય તૃપ્તિ, પરભાવમાં વિલાસ સ્વરૂપ છે, જે કર્મબન્ધનું કારણ છે.

અનન્તો કાળ ગયો, અનન્તી વાર વિષયોનો ઉપભોગ કર્યો, પરન્તુ આજ સુધી આત્મસ્વરૂપ પ્રાપ્ત ન થયું અને ન તો એ વિષયો આપણા સુખના કારણ બન્યા. દુઃખને જ સુખ માનીને આપણે આજ સુધી જીવ્યા - આવી વિચિત્ર દશાનો ચોક્કસ ખ્યાલ જ્ઞાનીઓને હોવાથી જ તેઓ વિષયાભિમુખ થતા નથી. આત્મસ્વરૂપના રસિક મુમુક્ષુઓ આથી જ આત્મગુણોના અનુભવથી જ તૃપ્તિનો અનુભવ કરે છે. તૃપ્તિના અનુભવ માટે તેમને વિષયનું કોઈ જ પ્રયોજન નથી. વિષયના ઉપભોગથી અનુભવાતી તૃપ્તિ કરતાં સ્વગુણોના અનુભવથી જે તૃપ્તિ થાય છે, તેનું વર્ણન થાય એવું નથી; તે કલ્પનાતીત છે - તે જણાવાય છે :

**या शान्तैकरसास्वादाद्, भवेत् तृप्तिरतीन्द्रिया ।**
**सा न जिह्वेन्द्रियद्वारा, षड्रसास्वादनादपि ॥१०-३॥**

''શાન્તરસના આસ્વાદથી જે અતીન્દ્રિય તૃપ્તિ થાય છે, તે રસનેન્દ્રિય દ્વારા છ રસના આસ્વાદનથી પણ થતી નથી.'' કહેવાનો આશય સ્પષ્ટ છે કે વિષય અને કષાયની પરિણતિના અભાવથી આત્માને સહજપણે જે શાન્ત અવસ્થાનો અનુભવ થાય છે, તે શાન્તરસનો આસ્વાદ છે. દુનિયાની કોઈ સારી વસ્તુ જોઈતી નથી અને પોતાની પાસે રહેલી કોઈ પણ ખરાબ વસ્તુ દૂર કરવી નથી - આવી ભાવનાથી ભાવિત બનેલા આત્માઓ જ વસ્તુતઃ સ્વસ્થ રહી શકે છે. અન્યથા સ્વસ્થતા જાળવવાનું શક્ય બનતું નથી. વિષયો મુખ્યપણે પ્રવૃત્તિમાં નિમિત્ત બને છે અને કષાયો નિવૃત્તિમાં નિમિત્ત બનતા હોય છે. ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટની નિવૃત્તિ માટેનો પ્રયાસ આત્માને ચંચળ અને અશાન્ત બનાવે છે. સ્થિરતા અને શાન્તિ એનાથી હણાય છે.

કોઈપણ પૌદ્‌ગલિક પરપદાર્થો સ્વભાવથી સારા કે ખરાબ નથી. મોક્ષની પ્રપ્તિ માટે સારાં પુદ્‌ગલો કારણ - સાધક નથી અને ખરાબ પુદ્‌ગલો બાધક નથી - એમ સમજીને આત્મસ્વભાવનો જ જો અનુભવ કરવામાં આવે તો જીવનમાં

પરમશાન્તિના રસનો આસ્વાદ અનુભવાય. એથી જે તૃપ્તિ થાય છે, તે અતીન્દ્રિય છે. ઈન્દ્રિયો દ્વારા ત્યાં રૂપાદિ વિષયોનું ગ્રહણ નથી. તેથી જ એ તૃપ્તિનો અનુભવ ઈન્દ્રિયોનો વિષય બનતો નથી. અતીન્દ્રિય એવી આ તૃપ્તિ રસનેન્દ્રિય દ્વારા છયે રસનો આસ્વાદ લીધા પછી પણ પ્રાપ્ત થતી નથી.

સામાન્ય રીતે અહીં રસનેન્દ્રિયથી તીખા કડવા ખાટા તુરા ખારા અને મધુર રસના આસ્વાદનથી થનારી તૃપ્તિની વાત જણાવી છે. પરન્તુ એનાથી સ્પર્શનેન્દ્રિયાદિ બધી જ ઈન્દ્રિયો દ્વારા બધા જ વિષયોના ઉપભોગથી પણ અતીન્દ્રિય તૃપ્તિનો સંભવ નથી – એ વાત પણ સમજી લેવાની છે. પાંચેય ઈન્દ્રિયોમાં રસનેન્દ્રિયની ઉપર વિજય મેળવવાનું કામ ખૂબ જ કપરું છે. એ સૂચવવા શ્લોકમાં જિહ્વેન્દ્રિયનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો છે. સ્પર્શનાદિ ઈન્દ્રિયોનો નિગ્રહ હજુ શક્ય છે. પરન્તુ રસનેન્દ્રિયનો નિગ્રહ લગભગ અશક્યજેવો છે. સંયમજીવનમાં જે કાંઈ ગણો તે એક રસનેન્દ્રિયનો જ વિષય છે. રૂપ ગન્ધ સ્પર્શ અને શબ્દમાં તો રસ ખાસ પડતો નથી. એનો ભોગ કરવાથી સાધુમહાત્મા લોકમાં નિંદાને પાત્ર બને છે. રસના પરિભોગમાં એવું બનતું નથી. ઉપરથી લોકો એમ માનતા હોય છે કે મહાત્મા તપસ્વી છે. મહાત્માને સંયમની સાધનામાં એ અનુકૂળ છે. તેઓશ્રીના પાત્રે પડશે તો આપણને લાભ મળશે. તેથી લોકો મહાત્માને ખૂબ જ ભક્તિથી આહારપાણી વહોરાવતા હોય છે. સંયમજીવનમાં જેટલો રસાસ્વાદ લેવાનું સરળ છે એટલું બીજા વિષયોનો પરિભોગ કરવાનું સરળ નથી.... ઇત્યાદિ વાતને જણાવવા માટે અહીં રસનેન્દ્રિયનો સાક્ષાદ્ ઉલ્લેખ છે. બાકી તો પાંચેય ઈન્દ્રિયોના સર્વ વિષયોના પરિભોગથી પણ અતીન્દ્રિય તૃપ્તિની પ્રાપ્તિ થવાની નથી.

ઈન્દ્રિયોથી પૌદ્ગલિક વિષયોનો અનુભવ થાય છે. આત્મા સ્વરૂપનો અનુભવ કરે છે. તે પુદ્ગલના રૂપાદિ ગુણોનો વાસ્તવિક રીતે જ્ઞાતા છે, ભોક્તા નથી. પુદ્ગલના ગુણો વાસ્તવિક રીતે આત્માને માટે ભોગ્ય નથી. મોહના ઉદયથી આહારાદિ સંજ્ઞાને લઈને વિષયોનું આસ્વાદન છે, સ્વાભાવિક નથી. આત્માના જ્ઞાનાદિ ગુણોનો અનુભવ સ્વરૂપથી હોવાથી તેને લઈને થનારી તૃપ્તિ વાસ્તવિક તૃપ્તિ છે. પૌદ્ગલિક વિષયોના અનુભવથી થનારી તૃપ્તિ વાસ્તવિક નથી, આરોપિત છે – તે જણાવાય છે :

**संसारे स्वप्नवन् मिथ्या, तृप्तिः स्यादाभिमानिकी ।**
**तथ्या तु भ्रान्तिशून्यस्य, सात्मवीर्यविपाककृत् ।।१०-४।।**

''સંસારમાં સ્વપ્નની જેમ મિથ્યા અભિમાનથી ઉત્પન્ન થયેલી તૃપ્તિ મિથ્યા-કાલ્પનિક છે. ભ્રમથી રહિત - સમ્યગ્જ્ઞાનીને આત્માના વીર્યને પુષ્ટ કરનારી તે તૃપ્તિ વાસ્તવિક છે.'' આ સંસારમાં તૃષ્ણાથી ગ્રસ્ત થયેલા અજ્ઞાની જીવો માને છે કે 'મણિ રત્ન વગેરે ધન મને મળ્યું અને દુઃખમાં મીઠાં વચનો બોલવામાં નિપુણ એવો સ્વજનવર્ગ મને મળ્યો.' - આ પ્રમાણે માનીને તે જીવો સંસારમાં તૃપ્ત થઈને રહે છે. પરન્તુ આ ધન અને આ પરિવાર કાલ્પનિક છે, સર્વથા પર છે, કર્મના ઉદયથી મળેલા છે અને કર્મબન્ધના કારણભૂત એવા રાગ-દ્વેષને કરાવે છે. તેથી વાસ્તવિક રીતે તે ધન અને પરિવાર દુઃખ સ્વરૂપ જ છે. એનાથી થવાવાળી તૃપ્તિ મૃગતૃષ્ણાજેવી છે, સુખનું કારણ નથી.

પરન્તુ જેઓ ભ્રાન્તિથી (મિથ્યાજ્ઞાનથી) રહિત છે અને સમ્યગ્જ્ઞાનથી સહિત છે, એવા તત્ત્વાભિમુખ આત્માને પોતાના સ્વરૂપના આવિર્ભાવના અનુભવ સ્વરૂપ જે તૃપ્તિ છે; તે વાસ્તવિક છે, સુખનું કારણ છે અને આત્માના સહજ વીર્યની પુષ્ટિને કરનારી છે. તેથી ક્રમે કરી ગુણોનો આવિર્ભાવ થાય છે. આથી આવી વાસ્તવિક તૃપ્તિનો અનુભવ કરવા માટે પૂ. ગુરુદેવશ્રીની સેવા, આગમનું શ્રવણ અને તત્ત્વનું ગ્રહણ (જ્ઞાન) વગેરે ઉપાયો આરાધવા જોઈએ. યદ્યપિ આત્માને વિષયના ઉપભોગથી પણ તૃપ્તિનો અનુભવ થતો હોય છે. વિષયોના આસ્વાદનથી આત્મા પ્રસન્ન બને છે, સન્તુષ્ટ થાય છે અને પોતાને જે કરવાનું છે તે કરવા માટે ઉત્સાહવાળો બને છે. પરન્તુ વસ્તુતઃ એ અનુભવ વાસ્તવિક રીતે શરીરાદિ પુદ્ગલનો છે. અજ્ઞાનને કારણે તેનો આરોપ આત્મામાં કરાય છે - એ જણાવાય છે :

**पुद्गलैः पुद्गलास्तृप्तिं, यान्त्यात्मा पुनरात्मना ।**
**परतृप्तिसमारोपो, ज्ञानिनस्तन्न युज्यते ॥१०-५॥**

''પુદ્ગલોના કારણે પુદ્ગલો તૃપ્તિને પામે છે અને આત્મા આત્માને કારણે તૃપ્તિ પામે છે. પરતૃપ્તિનો આરોપ કરવાનું જ્ઞાની માટે ઉચિત નથી.'' આશય એ છે કે પુદ્ગલસ્વરૂપ વિષયોના ઉપભોગથી શરીરાદિ પુષ્ટ થાય છે. તે સ્વરૂપ તૃપ્તિ પણ શરીરાદિને થાય છે. આત્માને એથી કોઈ જ લાભ નથી. અનાદિના શરીરાદિના યોગે શરીરાદિની તૃપ્તિ જાણે આત્માની જ તૃપ્તિ હોય - એ રીતે આપણે વર્તીએ છીએ. એ અજ્ઞાનના કારણે શરીરાદિ પરપદાર્થોની તૃપ્તિનો આરોપ આત્મામાં કરાય છે. પરન્તુ જ્ઞાની મહાત્માને એવો આરોપ કરવાનું ઉચિત નથી. કારણ કે તેઓશ્રીને

સમ્યગવબોધ હોવાથી આત્માના ધર્મને જ તેઓશ્રી આત્મામાં સ્વીકારે છે. પુદ્ગલના ઉપચય(પુષ્ટિ) વગેરે ધર્મોને તેઓશ્રી આત્મામાં સ્વીકારતા નથી.

પુદ્ગલના ઉપભોગથી આત્માને સુખનો અનુભવ માનવો-એ મિથ્યાજ્ઞાન છે. આથી જ શાસ્ત્રમાં ફરમાવ્યું છે કે તપ તપે, ચારિત્રનું આચરણ કરે અને શ્રુત પણ નવ પૂર્વ જેટલું ભણે પરન્તુ પર પદાર્થના ઉપભોગથી સુખની પ્રાપ્તિ થાય છે - એમ માને તો તે સમ્યગ્ વિજ્ઞાન નથી. પૂજ્યપાદ આ.ભ.શ્રી. હરિભદ્ર સૂ. મહારાજાએ પણ ફરમાવ્યું છે કે 'જે શ્રુતજ્ઞાની છે, શીલવાન છે, ત્યાગી છે અને શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા માર્ગની આરાધનામાં પ્રીતિવાળો છે, એવો આત્મા પરવસ્તુને કે પરવસ્તુના સંગને ધર્મ માને તો તે જડ છે.' આથી સ્પષ્ટ છે કે આત્માનું સહજ સ્વરૂપ જે જ્ઞાનાદિ છે, તે ધર્મ છે. પૌદ્ગલિક પદાર્થોના આસ્વાદનથી તેની પુષ્ટિ થતી નથી. આ આરોપથી રહિત સ્વાભાવિક આત્મગુણોના આવિર્ભાવથી અનુભવાતી જે તૃપ્તિ છે તે જ્ઞાની ભગવન્તો જ જાણે છે. સામાન્ય માણસો જાણતા પણ નથી - તે જણાવાય છે :

**मधुराज्यमहाशाका - ग्राह्ये बाह्ये च गोरसात् ।**
**परब्रह्मणि तृप्तिर्या, जनास्तां जानतेऽपि न ॥१०-६॥**

''અત્યન્ત ઈષ્ટ એવા રાજ્યની મોટી આશાવાળા જેને ગ્રહણ કરી શકતા નથી અને વાણી દ્વારા જેનું વર્ણન કરી શકાય એમ નથી, એવા પરમબ્રહ્મને વિશે જે તૃપ્તિ છે, તેને લોકો જાણતા પણ નથી, તો તેના અનુભવને કઈ રીતે કરે ?'' કહેવાનો આશય એ છે કે શુદ્ધજ્ઞાનાદિમય જે આત્મા છે તે પરબ્રહ્મ છે. સચ્ચિદાનન્દમાં લીનતા સ્વરૂપ પરબ્રહ્મની તૃપ્તિ છે. મધજેવા મધુર - અત્યન્તપ્રિય એવા રાજ્યની મોટી આશા જેમને છે - એવા લોકોથી આ પરમબ્રહ્મ અગ્રાહ્ય છે. સંસારના સુખ પ્રત્યે જ જેમની દષ્ટિ સ્થિર છે તેમને શુદ્ધ આત્મતત્ત્વ ગ્રાહ્ય ન જ બને એ સમજી શકાય એવું છે. આવા લોકોને પરબ્રહ્મનું સ્વરૂપ સમજાવવાનું પણ શક્ય નથી. કારણ કે તે વચનથી (વાણીથી) બાહ્ય છે. અર્થાદ્ તે પરમબ્રહ્મ વચનાતીત છે. વાણીનો એ વિષય જ નથી. સામાન્યથી (ઉપર ઉપરથી) એનું સ્વરૂપ વચનથી જાણ્યા પછી તેનું વાસ્તવિક સ્વરૂપ અનુભવથી ગ્રાહ્ય બને છે તેથી પરબ્રહ્મ વચનથી બાહ્ય છે.

આવા પરબ્રહ્મનું સ્વરૂપ, તત્ત્વાવલોકન સ્વરૂપ ચક્ષુથી રહિત એવા લોકો જાણતા પણ નથી, તો તેના અનુભવની વાત ક્યાંથી હોય ? એવા લોકોને પરમાત્માસ્વરૂપ પરમબ્રહ્મનું જ્ઞાન ન હોવાથી પરબ્રહ્મમાં તૃપ્તિને કરી શકતા નથી. તેઓ પુદ્ગલના ઉપભોગથી માત્ર પૌદ્ગલિક તૃપ્તિનો જ અનુભવ કરે છે; જે ઔપચારિક છે, વાસ્તવિક નથી. વાસ્તવિક તૃપ્તિ આત્માના શુદ્ધ સ્વરૂપના અનુભવથી પ્રાપ્ત થતી હોય છે, જે હજારો પુદ્ગલોના પરિભોગથી પણ શક્ય નથી. આમ છતાં વિષયોથી અતૃપ્ત આત્માઓ વિષયોનો પરિભોગ કરી તૃપ્તિના ઓડકાર ખાધા જ કરે છે. તેમના તે ઓડકાર કેવા છે તે જણાવાય છે :

**विषयोर्मिविषोद्गारः, स्यादतृप्तस्य पुद्गलैः ।**
**ज्ञानतृप्तस्य तु ध्यान-सुधोद्गारपरम्परा ॥१०-७॥**

''પુદ્ગલોથી અતૃપ્ત લોકોને વિષયોના વિલાસ સ્વરૂપ વિષના ઓડકાર આવે છે અને જ્ઞાનથી જે લોકોને તૃપ્તિ છે, તેમને ધ્યાન સ્વરૂપ અમૃતના ઓડકારની પરંપરા પ્રાપ્ત થાય છે.'' કહેવાનું તાત્પર્ય એ છે કે અનાદિના આ સંસારમાં અનન્તકાળ સુધી આપણા જીવે અનન્તાં પુદ્ગલોનો પરિભોગ કર્યો છે, પરન્તુ આજ સુધી તૃપ્તિ થઈ નહિ. જ્યારે પણ પુદ્ગલનો પરિભોગ કરાય છે, ત્યારે નવી જ વસ્તુ વાપરતા હોઈએ - એવો અનુભવ થાય છે. એવી કોઈ ચીજ નથી કે આટલા કાળમાં આપણે એ વાપરી ના હોય. પણ અનાદિકાળથી અતૃપ્ત એવા લોકો નિત્ય અનેકાનેક પુદ્ગલોનો ચિકાર ઉપભોગ કરતા હોય છે. તેથી પાંચેય ઈન્દ્રિયોના વિષયોના વિલાસો સ્વરૂપ વિષના ઓડકાર આવ્યા જ કરે છે. લોકમાં પ્રસિદ્ધ છે કે ચિકાર પ્રમાણમાં ખાનારાને અજીર્ણના ઓડકાર આવતા હોય છે, જે પરિણામે પ્રાણને પણ હરી લે છે. આવી જ અવસ્થા પુદ્ગલના પરિભોગથી થતી હોય છે. જેમ જેમ પુદ્ગલોનો પરિભોગ વધે છે તેમ તેમ વિષય, કષાય અને વિકથાદિ દોષો વધે છે; જે આત્માને કર્મબન્ધ દ્વારા જન્મમરણાદિ દુઃખોનું કારણ બને છે. તેથી ખરેખર જ ઈન્દ્રિયોનાં સુખો દુઃખસ્વરૂપ છે, વિષયોથી વિરક્ત બનેલા આત્માઓને માટે તે ગ્રાહ્ય બનતાં નથી.

પોતાના આત્માના સ્વરૂપનો અવબોધ જેમને પ્રાપ્ત થયો છે-એવા મહાત્માઓ જ્ઞાનથી તૃપ્તિનો અનુભવ કરે છે. તેથી આત્મસ્વરૂપમાં એકાકાર બનવા સ્વરૂપ ધ્યાનમાં તેઓ લીન બને છે. જેથી એ ધ્યાનસ્વરૂપ અમૃતના ઓડકારની પરંપરા પ્રાપ્ત થાય છે. આ એક અદ્ભુત વસ્તુ છે. ઉપભોગનાં સાધનોનો કોઈ ઉપયોગ નથી

પણ સુખનો પાર નથી. જ્ઞાનથી તૃપ્ત આત્માઓને પ્રવૃત્તિ લગભગ નહિ છતાં પરમતૃપ્તિ છે અને પુદ્‌ગલોના પરિભોગથી અતૃપ્ત લોકોને પ્રવૃત્તિ ઘણી છે પણ સુખનો અંશ પણ નથી. તૃપ્તિ અને તેના અભાવમાં અનુક્રમે સુખ અને દુઃખ છે. સુખના પરિભોગનાં સાધનોમાં સુખ નથી, તેમ જ દુઃખનાં સાધનોમાં દુઃખ નથી. ઇત્યાદિ જણાવાય છે :

**सुखिनो विषयातृप्ता, नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।**
**भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरञ्जनः ॥१०-८॥**

"વિષયોથી અતૃપ્ત એવા ઈન્દ્ર અને ઉપેન્દ્ર (કૃષ્ણ) વગેરે પણ સુખી નથી. જ્ઞાનથી તૃપ્ત અને રાગ વિનાના એક ભિક્ષુ (પૂ.સાધુ મ.) જ લોકમાં સુખી છે." - અનેક પ્રકારના સ્ત્રીઓની સાથેના વિલાસ, મધુરાદિ છયે રસોનું ભોજન, સુગન્ધી પુષ્પાદિ દ્રવ્યોથી સુવાસિત આવાસ, મૃદુશબ્દોનું શ્રવણ અને અદ્‌ભુત રૂપનું દર્શન વગેરે અનેકાનેક વિષયોનાં અસંખ્યાત વર્ષો સુધીના ઉપભોગથી પણ આશ્ચર્ય છે કે ઈન્દ્ર અને ઉપેન્દ્ર વગેરે તૃપ્તિ પામ્યા નથી. કારણ કે વિષયોના ભોગો વસ્તુતઃ તૃપ્તિનું કારણ જ નથી. જો એ તૃપ્તિનું કારણ હોત તો ઈન્દ્રાદિને અત્યાર સુધી તૃપ્તિ થઈ હોત. પરન્તુ એવું બન્યું નથી. 'વિષયોના ભોગો તૃપ્તિનું કારણ છે.' આવી જે લોકમાં માન્યતા છે – તે વાસ્તવિક નથી. અસદ્‌ના આરોપના ઘરની એ માન્યતા છે.

આ કર્મસહિત અનન્તાનન્ત જીવો જ્યાં રહે છે એવા ચૌદરાજ લોકમાં એક ભિક્ષુસ્વરૂપ પૂ. સાધુમહાત્મા જ સુખી છે. આહારમાં આસક્ત બન્યા વિના માત્ર શરીરાદિના નિર્વાહ માટે ભિક્ષા માંગવાનો સ્વભાવ છે જેનો તેને ભિક્ષુ કહેવાય છે. પરિગ્રહથી સર્વથા રહિત એવા ભિક્ષુને છોડીને બીજા કોઈ સુખી નથી. ભિક્ષા મળે કે ન પણ મળે તોય પૂ.સાધુમહાત્મા જ્ઞાનથી જ તૃપ્ત છે. રાગાદિ દોષોની શ્યામતાથી રહિત હોવાથી નિરંજન છે. પોતાના જ્ઞાનાદિ ગુણોના જ ભોક્તા હોવાથી રાગાદિથી તેઓશ્રી રંગાતા નથી. વિષયોમાં તૃપ્તિને ઉત્પન્ન કરવાનો સ્વભાવ જ નથી, તેથી વિષયભોગોથી તૃપ્તિ થતી નથી.

આ પ્રમાણે 'વિશેષાવશ્યક' માં પણ ફરમાવ્યું છે કે "હે સૌમ્ય ! પ્રત્યક્ષ જણાતું સુખ, સુખ જ નથી; તે દુઃખના પ્રતિકાર રૂપ હોવાથી જુદું જ છે, દુઃખસ્વરૂપ જ છે. તેથી પુણ્યના ફળ સ્વરૂપે પ્રાપ્ત થનારું સુખ દુઃખ જ છે. વિષયસુખ દુઃખના

પ્રતિકાર સ્વરૂપ હોવાથી ચિકિત્સાની જેમ પરમાર્થથી દુઃખસ્વરૂપ જ છે. રોગના પ્રતિકાર સ્વરૂપ ચિકિત્સા જેમ સુખ નથી તેમ વિષયસુખ પણ સુખ નથી પણ તેને ઉપચારથી સુખ ગણે છે. પરન્તુ ઉપચાર પણ વાસ્તવિક સુખની પ્રસિદ્ધિ વિના શક્ય નથી. અર્થાદ્ વિષયસુખ વિના બીજું, જ્ઞાનાદિ સ્વરૂપ સ્વગુણોની રમણતાદિનું સુખ છે તેનો આરોપ વિષયસુખમાં કરાય છે. શાતા અને અશાતા બંન્ને દુઃખ છે. બંન્નેના અભાવમાં સુખ છે. કારણ કે શરીર કે ઈન્દ્રિયાદિના કારણે ઉત્પન્ન થનારું સુખ, દુઃખ છે અને શરીરાદિના અભાવમાં થનારું સુખ, સુખ છે.

શાતાવેદનીય કર્મ અને અશાતાવેદનીયકર્મ : એ બંન્નેમાં ફળને આશ્રયીને ભેદ છે. પરન્તુ અવ્યાબાધ સુખને રોકવાની અપેક્ષાએ બંન્ને એક છે. જે આત્માના ગુણનો ઘાત કરે એવા દુઃખને સુખસ્વરૂપે કોણ સ્વીકારે ? આથી સ્પષ્ટ છે કે આત્માની જ્ઞાનાનંદના અનુભવ સ્વરૂપ તૃપ્તિ જ પ્રશસ્ય છે. પરન્તુ ઔપાધિક વિષયસુખના અનુભવથી થતી તૃપ્તિ અપ્રશસ્ય છે. પ્રશસ્ય તૃપ્તિની પ્રાપ્તિ માટે સમ્યક્ત્વને ધારણ કરનારા આત્માઓ અરિહન્તપરમાત્માની પૂજાસ્તવનાદિ કરે છે. દેશવિરતિને ધારણ કરનારા સામાયિક અને પૌષધાદિમાં સ્થિર રહે છે. મુનિભગવન્તો અનેકાનેક પરીસહો અને ઉપસર્ગોને સહન કરે છે, આગમનો સ્વાધ્યાય કરે છે અને ક્ષમાદિ ધર્મથી આત્માને ભાવિત કરે છે. અન્તે ક્ષમાદિ દશ પ્રકારના યતિધર્મથી આત્માને ભાવિત કરી વાસ્તવિક તૃપ્તિને અનુભવવા આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક શુભાભિલાષા.

**॥ इति श्रीज्ञानसारप्रकरणे दशमं तृप्त्यष्टकम् ॥**

## अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे एकादशं निर्लेपाष्टकम्।
## ११

આ પૂર્વેના અષ્ટકમાં તૃપ્તિનું સ્વરૂપ વર્ણવ્યું. પારમાર્થિક તૃપ્તિનો અનુભવ તો તે કરી શકે કે જે બાહ્ય પદાર્થોના સ્વરૂપમાં લેપાઈ જાય નહિ. તેથી આ અગિયારમા અષ્ટકથી નિર્લેપતાનું વર્ણન કરાય છે :

**संसारे निवसन् स्वार्थसज्ज: कज्जलवेश्मनि ।**
**लिप्यते निखिलो लोको, ज्ञानसिद्धो न लिप्यते ॥ ११-१॥**

"કાજળના ઘર જેવા આ સંસારમાં સ્વાર્થ સાધવામાં તત્પર રહેનારો સમગ્ર લોક કર્મથી લેપાય છે, પરન્તુ જ્ઞાનસિદ્ધ આત્માઓ લેપાતા નથી." આ ચૌદ રાજલોકમાં કાર્મણવર્ગણાનાં પુદ્ગલો અંજનથી ભરેલી ડબીની જેમ ઠાંસી-ઠાંસીને ભર્યાં છે. અનાદિકાળથી તે પુદ્ગલોને ગ્રહણ કરી આત્માનું સ્વરૂપ આચ્છાદિત કરવાનું કાર્ય જીવો સમયે સમયે કરતા આવ્યા છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને પ્રમાદ વગેરે હેતુઓથી જીવ કર્મથી લેપાય છે. આત્માનું શુદ્ધ સ્ફટિક જેવું નિર્મળ સ્વરૂપ, આ કર્મસ્વરૂપ કાજળથી લેપાયેલું છે.

ચારગતિમય આ સંસાર કાજળનું ઘર છે. એમાં સ્વાર્થ સાધનાર આત્માઓ વસે છે. અનાદિકાળના અજ્ઞાનમૂલક કુસંસ્કારના કારણે જીવો સ્વાર્થસજ્જ બનેલા છે. જે આત્મસ્વરૂપ નથી એવા શરીરમાં આત્મપણાની બુદ્ધિ કરીને તેના (શરીરના) સર્વ પ્રયોજનો(તે તે અર્થ)ની સિદ્ધિ માટે જીવો તત્પર છે તેમ જ ઇન્દ્રિયોના તે તે વિષયો પોતાના ન હોવા છતાં તેને પોતાના માનીને તેને સિદ્ધ (પ્રાપ્ત) કરવા જીવો તત્પર છે. અર્થાદ્ પોતાના માની લીધેલા સ્વાર્થને સિદ્ધ કરવા જીવો સજ્જ છે. આવા સંસારમાં રહેતા લોકો રાગાદિથી અને કર્માદિથી લેપાય છે. આવી લિપ્તતાનું મુખ્ય કારણ તેમની સ્વાર્થસજ્જતા છે. પરવસ્તુને સ્વ અને સ્વકીય માની આત્મા તે તે વસ્તુને પામવા માટે સ્વાર્થપરાયણ બને છે. સંસારમાં સર્વત્ર સ્વાર્થની પ્રધાનતા જોવા મળે છે. સ્વાર્થપ્રધાન જીવો કર્મ અને તેના વિપાકથી લેપાય છે પરન્તુ જ્ઞાનસિદ્ધ આત્મા એ રીતે લેપાતો નથી.

સ્વપર પદાર્થોમાં વિવેક કરનારા આત્મસ્વભાવભૂત જ્ઞાનને વરેલા મહાત્માઓ જ્ઞાનસિદ્ધ છે. વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણી લીધેલું હોવાથી એ મહાત્માઓ પરપદાર્થમાં તદ્દન જ ઉદાસીનતાને ધારણ કરે છે. તેથી સંસારમાં રહેવા છતાં તેઓ કોઈ પણ પ્રવૃત્તિ -નિવૃત્તિ, રાગ-દ્વેષને આધીન થઈને નથી કરતા.આથી જ સ્વભાવસ્થ થયેલા તેઓશ્રી કર્માદિથી લેપાતા નથી. કર્માદિનો લેપ, રાગ અને દ્વેષના કારણે થાય છે અને રાગ-દ્વેષ મમત્વના કારણે તેમ જ અહંકારાદિના કારણે થાય છે. આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણોને છોડીને પુદ્ગલાદિસ્વરૂપ પર પદાર્થને પોતાના માનવા તે મમત્વ છે અને શરીરને આત્મા માનવો તે અહંકાર છે. સ્વપર પદાર્થોના વિવેકપૂર્ણ જ્ઞાતાઓને એવું મમત્વ કે અહંકાર ન હોવાથી તેઓ કર્માદિથી લેપાતા નથી.

જ્ઞાનસિદ્ધ આત્માઓ લેપાતા નથી - આ પ્રમાણે શ્લોકમાં જણાવ્યું છે. ત્યાં જ્ઞાનસિદ્ધ આત્માઓ કેમ લેપાતા નથી તે જણાવાય છે :

**नाहं पुद्गलभावानां, कर्ता कारयितापि च ।**
**नानुमन्तापि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ।।११-२।।**

''કર્માદિ પુદ્ગલોના ભાવોનો (પરિણામોનો) હું કર્તા નથી, તે ભાવોને કરાવનારો પણ નથી અને અનુમોદનારો પણ નથી. - આવા પ્રકારના આત્મજ્ઞાનવાળા કઈ રીતે લેપાય ? અર્થાદ્ લેપાતા નથી.'' આશય એ છે કે સામાન્યથી આત્મા અનાદિકાળથી કર્માદિથી બદ્ધ છે. એ કર્મોના ઉદયથી તેના શુભાશુભ ફળને ભોગવનારો છે અને ચારગતિમય સંસારમાં પરિભ્રમણ કરનારો છે તેમ જ સ્વયં કર્માદિથી બદ્ધ વગેરે સ્વરૂપ આત્મા બીજા આત્માઓની તે તે અવસ્થાઓની પ્રત્યે પ્રેરક બની તે તે અવસ્થાઓને કરાવનારો પણ છે અને અજ્ઞાનને આધીન બની પોતાની એ પ્રવૃત્તિની અનુમોદના પણ આત્મા કરે છે. વસ્તુતઃ કર્માદિ પુદ્ગલો પરદ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્યના ભાવને કરવાનું, કરાવવાનું કે અનુમોદવાનું કાર્ય આત્માનું નથી. શરીર અને આત્માના ઐક્યના જ્ઞાનથી આત્માને પુદ્ગલના ભાવોનો કર્તા, કારયિતા (કરાવનાર) અને અનુમોદનારો મનાય છે. વાસ્તવિક રીતે તો તે આત્માની અજ્ઞાન દશા છે.

આત્માનું વાસ્તવિક જ્ઞાન જેમને થયું છે, તેઓ સારી રીતે સમજે છે કે આત્માનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાનાદિમય છે. કર્માદિ પુદ્ગલભાવોની સાથે આત્માને કોઈ

પણ પ્રકારનો તાત્ત્વિક સંબન્ધ નથી. આત્મા ચેતન છે. પુદ્ગલ જડ છે. પુદ્ગલભાવોને કરનારો, કરાવનારો કે અનુમોદનારો આત્મા નથી તેમ જ તેનાથી પ્રાપ્ત થનારાં સુખ દુઃખાદિનો ભોક્તા પણ આત્મા નથી. સ્વસ્વરૂપમાં રમણ કરનારા આત્માને પર પદાર્થાદિનું કર્તૃત્વ વગેરે સઙ્ગત નથી. દ્રવ્ય, દ્રવ્યસ્વરૂપે નિત્ય છે. જ્ઞાનાદિ ગુણો અનાદિના સહજ છે. તેના પર્યાયો (પરિણામ) ક્રમિક છે. આત્મા સ્વપર્યાયોનો કર્તા છે. તેનો જ્ઞાતૃત્વ સ્વભાવ છે. સ્વગુણોનો ભોક્તા છે અને સ્વગુણોમાં રમણ કરનાર આત્મા છે. - આ પ્રમાણે આત્માનું સ્વરૂપ જેણે જાણી લીધું છે તે આત્મજ્ઞાની મહાત્મા કર્માદિથી લેપાતા નથી.

આમ પણ ચાલુ વ્યવહારમાં બીજાએ કરેલા કાર્યની પ્રત્યે આપણને મમત્વ થતું નથી તેમ જ દ્વેષ પણ થતો નથી. જ્યારે પણ બીજાએ કરેલા કાર્યની પ્રત્યે સહેજ પણ મમત્વાદિ થાય છે ત્યારે તે પૂર્વે તે કાર્યની પ્રત્યે થોડોઘણો પણ સંબંધ આપણો છે - એમ આપણે માની લીધેલું હોય છે. જેની સાથે આપણો નામનો પણ સંબંધ નથી : એવા કાર્યની પ્રત્યે આપણને સહેજ પણ મમત્વ કે દ્વેષ થતો નથી. આવી જ રીતે આત્માનું જ્ઞાન જેમને થયું છે, એવા આત્મજ્ઞાની મહાત્માઓને પુદ્ગલાદિ ભાવો(પરભાવો)ની પ્રત્યે પોતાનો કોઈ જ તાત્ત્વિક સંબન્ધ નથી, એનો પૂરતો ખ્યાલ હોવાથી તેઓ કર્માદિથી લેપાતા નથી. કારણ કે આત્મજ્ઞાનીઓ પરભાવોમાં ઔદાસીન્ય રાખનારા છે. જેમને તેવા પ્રકારનું ઔદાસીન્ય પ્રાપ્ત થયું નથી, તેઓ પરમાર્થથી આત્મજ્ઞાનવાળા નથી.

વ્યવહારનયથી આત્મા પુદ્ગલભાવોનો કર્ત્તા, કરાવનારો અને અનુમોદનારો છે. કારણ કે અશુદ્ધ આત્મા રાગાદિને કારણે કર્મબન્ધાદિને કરે છે. માત્ર શરીરાદિથી કર્મબન્ધાદિ થતા નથી. નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા સ્વભાવથી જ શુદ્ધ હોવાથી તે કર્માદિ પુદ્ગલભાવોનો કર્ત્તા વગેરે નથી. ઉભય નયને આશ્રયીને આત્મા કથંચિત્ પુદ્ગલભાવોનો કર્ત્તા અકર્ત્તાદિ છે. સ્વપરના વાસ્તવિક વિવેકપૂર્વકના જ્ઞાનવાળા કર્માદિથી લેપાતા નથી. એમાં કારણભૂત જે આત્મપરિણતિ છે- તે જણાવાય છે :

**लिप्यते पुद्गलस्कन्धो, न लिप्ये पुद्गलैरहम् ।**
**चित्रव्योमाञ्जनेनेव, ध्यायन्निति न लिप्यते ।।११-३।।**

''પુદ્ગલો વડે પુદ્ગલસ્કન્ધ લેપાય છે. જુદા જુદા વર્ણવાળું આકાશ જેમ કાજળથી લેપાતું નથી, તેમ પુદ્ગલો વડે હું (આત્મા) લેપાતો નથી - આ પ્રમાણે વિચારનાર આત્મજ્ઞાની લેપાતા નથી.'' કહેવાનો આશય એ છે કે અનાદિકાળથી આત્માને શરીર અને કર્મ વગેરે પુદ્ગલોનો સંયોગ છે. આ અનાદિના સંયોગને જ્યારે આત્મા તાદાત્મ્ય(અભેદ)સ્વરૂપે માને છે ત્યારે આત્મા કર્મનો બંધ કરે છે. પરન્તુ સદ્ગુરુભગવન્તાદિના પાવન પરિચયથી આત્માનું પારમાર્થિક સ્વરૂપ સમજાય છે ત્યારે આત્માને કર્માદિનો લેપ થતો નથી. કારણ કે તેને તે તે પુદ્ગલોથી તદ્દન જ પોતાના વિલક્ષણ સ્વરૂપનું ભાન થતું હોય છે. કર્માદિ પુદ્ગલો કર્માદિ પુદ્ગલસ્કન્ધની સાથે ભળે છે. અર્થાદ્ વાસ્તવિક રીતે પુદ્ગલ સ્કંધ જ પુદ્ગલની સાથે લેપાય છે. આકાશમાં સામાન્ય રીતે અનેકાનેક વર્ણો દેખાય છે. પરન્તુ ચિત્ર વિચિત્ર પણ આકાશ ક્યારે પણ અંજન(કાજળ વગેરે)થી જેમ લેપાતું નથી તેમ જ્ઞાનાદિ સહજ સિદ્ધ સ્વરૂપવાળો આત્મા ક્યારે પણ કર્માદિથી લેપાતો નથી.

કર્મસહિત આત્માને કર્માદિ પુદ્ગલોનો લેપ છે. શુદ્ધ આત્માને કર્મબન્ધ નથી-એ રીતે કર્માદિ પુદ્ગલસ્કન્ધ જ કર્માદિ પુદ્ગલથી લેપાય છે. કર્માદિ પુદ્ગલસ્કન્ધ આત્માથી ભિન્ન છે. તેથી સ્વથી ભિન્ન પરના લેપથી સ્વ-આત્માને લેપાવાનું કોઈ જ કારણ નથી - આ પ્રમાણે તાત્ત્વિક રીતે વિચારનારા આત્માને કર્મબન્ધ થતો નથી. શરીર પ્રત્યે જ્યાં સુધી મમત્વ પડ્યું છે અને કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા સુખાદિ પ્રત્યે જ્યાં સુધી રાગાદિ છે ત્યાં સુધી આત્માનું વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ અનુભવાશે નહિ અને તેથી વાસ્તવિક રીતે આત્માની નિર્લેપતાની વાત, વાતમાત્ર જ રહેવાની છે. આત્માના શુદ્ધ સ્વરૂપને અનુભવવા માટે શરીરાદિ પરપદાર્થોથી પર(દૂર) થયા વિના બીજો કોઈ ઉપાય નથી. આત્મા અને શરીરાદિના વાસ્તવિક સ્વરૂપનું પરિભાવન કરવાથી જ તે તે પર પદાર્થોથી આત્માને દૂર રાખી શકાય છે.

અનાદિકાળના પરિચયથી, શરીરાદિ પરપદાર્થો અને આત્મા : એ બંન્નેને ભિન્ન માનવાનું ખૂબ જ અઘરું છે. અનાદિથી અજ્ઞાનાદિને લઈને આત્માને આપણે કર્માદિથી લિપ્ત જ જાણ્યો છે. ભવનિસ્તારક સદ્ગુરુભગવન્તોની પુણ્યકૃપાથી આત્માનું શુદ્ધ-નિર્લેપસ્વરૂપ જાણ્યા પછી પણ એ સમજણ, અનાદિના પેલા કુપરિચયથી ટકી રહેતી નથી. અપ્રશસ્ત વ્યવહારમાં એક વખત પણ તે તે વિષયમાં ભેદજ્ઞાન થઈ જાય તો તેનું નામ પણ આપણે લેતા નથી. અહીં પણ એક વાર આત્મા અને શરીરાદિને વિશે

ભેદજ્ઞાન થઈ જાય તો તેથી કર્માદિથી આત્મા અલિપ્ત જ રહે છે. આ રીતે આત્માની અલિપ્તતાનું જ્ઞાન થયા પછી પણ તે ટકી રહેતું નથી. તે ટકી રહે અને લિપ્તતાનું જ્ઞાન પાછું આવી ન જાય એ માટે જ્ઞાની ભગવંતોની તે તે ક્રિયા હોય છે - તે જણાવાય છે :

**लिप्तताज्ञानसम्पात-प्रतिघाताय केवलम् ।**
**निर्लेपज्ञानमग्नस्य, क्रिया सर्वोपयुज्यते ॥११-४॥**

''નિર્લેપજ્ઞાનમાં જે મગ્ન છે, તેમની બધી ક્રિયાઓ, લિપ્તતાજ્ઞાનને આવતા રોકવા માટે જ ઉપયોગી બને છે.'' આશય એ છે કે 'હું શુદ્ધ છું, નિર્લેપ છું, કર્માદિ પુદ્ગલભાવોનો હું કર્ત્તા વગેરે નથી'. .... ઈત્યાદિ સ્વરૂપ નિર્લેપતાના જ્ઞાનમાં જેઓ મગ્ન છે, તેઓ પ્રતિક્રમણાદિ સ્વરૂપ જે કોઈ આવશ્યક ક્રિયા કરે છે તે બધી જ ક્રિયાઓ, 'હું અશુદ્ધ છું, કર્માદિથી લેપાયેલો છું અને કર્માદિ પુદ્ગલભાવોનો કર્ત્તા વગેરે છું'.... ઇત્યાદિ સ્વરૂપ લિપ્તતાના જ્ઞાનને આવતું રોકવા માટે તેઓશ્રીને ઉપયોગી બને છે.

'હું શુદ્ધ છું...' ઇત્યાદિ જ્ઞાન જ્યારે પણ થાય ત્યારે એનો આપણને ખ્યાલ હોય છે જ કે આપણું તે મૂળભૂત સ્વરૂપ છે. વર્ત્તમાનમાં તો તે સ્વરૂપ કર્મનાં આવરણોથી તદ્દન જ અશુદ્ધ અને આચ્છાદિત છે. દૂધ અને પાણીની જેમ અને લોઢું અને અગ્નિની જેમ આત્મા અને કર્મ એકમેક થયેલાં છે. આવી સ્થિતિમાં આપણા પોતાના સ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ રાખી, શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલી પરમતારક ક્રિયાને કરીને આપણા તે શુદ્ધ સ્વરૂપને આવિર્ભૂત કરવાનું છે. એ માટે નિર્લેપતાનું જ્ઞાન અનિવાર્ય છે. નિરન્તર એ જ્ઞાનમાં મગ્ન બની રહેવાય અને એ જ્ઞાનના બદલે ફરી પાછું લિપ્તતાનું જ્ઞાન આવી ન જાય : એ આશયથી નિર્લેપજ્ઞાનમાં મગ્ન બનેલા તે મહાત્માઓ આવશ્યકાદિ ક્રિયાઓનું આલંબન લે છે.

આથી સમજી શકાશે કે સામાન્યપણે જ્ઞાનીમહાત્માને ક્રિયાનું ખાસ કોઈ પ્રયોજન નથી. ગુણની રક્ષા માત્રના ઉદ્દેશથી જ તેમને ક્રિયાઓનો ઉપયોગ છે. આપણે ગમે તેટલા પણ શુદ્ધ થયા હોઈએ તો ય પાછા અશુદ્ધ ન થઈએ એનો અવશ્ય ઉપયોગ રાખવો જોઈએ. આપણાં વસ્ત્રો શુદ્ધ છે એનો અર્થ એ નથી કે આપણે ધૂળમાં આળોટીએ. જેનાં વસ્ત્રો ચોખ્ખાં છે તેણે ધૂળમાં આળોટવાનું તો

છોડી જ દેવું જોઈએ ને ? અલિપ્તતાનું જ્ઞાન થયા પછી લિપ્તતાનું જ્ઞાન આવી જાય નહિ - એ માટે રાત અને દિવસ નિરંતર સ્વાધ્યાયમાં રહેવું જોઈએ. નિદ્રા-વિકથાદિ પ્રમાદથી દૂર-સુદૂર રહેવું જોઈએ.

ઉપર જણાવ્યા મુજબ લિપ્તતાના જ્ઞાનના પ્રતિઘાત માટે જેમ ક્રિયા ઉપયોગી બને છે તેમ એ જ્ઞાનના (લિપ્તતાજ્ઞાનના) પ્રતિઘાત માટે મદથી દૂર રહેવાનું એટલું જ ઉપયોગી છે - તે જણાવાય છે -

**तप:श्रुतादिना मत्त:, क्रियावानपि लिप्यते ।**
**भावनाज्ञानसम्पन्नो, निष्क्रियोऽपि न लिप्यते ॥११-५॥**

''તપ શ્રુત આદિને લઈને અભિમાનવાળો ઉત્તમક્રિયાવાન હોવા છતાં કર્માદિથી લેપાય છે. ભાવનાજ્ઞાનથી સમ્પન્ન મહાત્મા ક્રિયાથી રહિત હોય તોપણ કર્માદિથી લેપાતા નથી.'' શ્રી જિનકલ્પિક મહાત્માઓની જેમ જ વિશુદ્ધ ચારિત્રની ક્રિયાને કરનારાને પણ પોતાના તપ કે શ્રુતાદિનું અભિમાન હોય તો તેઓને જ્ઞાનાવરણીયાદિ કર્મોનો બંધ થાય છે. સામાન્ય રીતે મદ (અભિમાન) આઠ પ્રકારનો છે. કર્મના ઉદયાદિથી મળેલી ઉત્તમોત્તમ જાતિ, કુળ વગેરે સામગ્રીનો મદ કરવાથી મુખ્યપણે અન્તરાયાદિ કર્મ પણ બંધાય છે, જેના વિપાક સ્વરૂપે ઉત્તમ સામગ્રીની પ્રાપ્તિ થતી નથી. કર્મના ઉદયથી મળેલી સામગ્રીનો સદુપયોગ કરી લેવાને બદલે તેનો મદ કરી કર્મનો બંધ કરવાનું કાર્ય, વસ્તુતઃ જ્ઞાનીઓનું નથી. તેવા પ્રકારનો મદ કરી કર્મબન્ધ કરનારા જ્ઞાનીઓ વાસ્તવિક રીતે જ્ઞાની જ નથી. શ્રી સ્થૂલભદ્રમહારાજાએ જ્ઞાનનો મદ કર્યો, તો તેઓશ્રીને શ્રુતનો અન્તરાય પ્રાપ્ત થયો તેમ જ શ્રી કૂરગડુમહાત્માએ પૂર્વભવમાં તપનો મદ કર્યો, તો તેના પછીના ભવમાં તેઓશ્રીને તપનો અન્તરાય પ્રાપ્ત થયો. અત્યન્ત ઉત્કટકોટિનું ચારિત્ર પાળવા છતાં જ્ઞાન(શ્રુત) અને તપનો મદ કરવાથી તેવા વિપાકને પામ્યા પછી પણ મદનો સર્વથા ત્યાગ કરી તેઓશ્રી આત્મકલ્યાણના ભાજન બન્યા. ઉત્તમ કોટિનું ચારિત્ર આરાધવા છતાં એ મહાત્માઓ તપ કે શ્રુત વગેરેનો મદ કરે તો કર્મથી લેપાય છે.

પરન્તુ ભાવનાજ્ઞાનથી ભાવિત આત્માઓ નિષ્ક્રિય હોવા છતાં પણ કર્માદિથી લેપાતા નથી. શ્રી ભરતમહારાજા તેમ જ શ્રી પૃથ્વીચન્દ્રજી આદિએ તેવા પ્રકારની એવી કોઈ ચારિત્રની (બાહ્ય) ક્રિયા કરી ન હોવા છતાં તેઓશ્રી કર્મથી લેપાયા ન

હતા. એ ભાવનાજ્ઞાનનો પ્રભાવ હતો. શ્રી આચારાંગાદિ સૂત્રમાં આ વિષયમાં જણાવ્યું છે કે – 'જ્ઞાની આત્મા ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરી સંસારનો અન્ત કરનાર છે અને બાલ જીવો વિષયાદિને પરવશ બની ચાર ગતિમાં ભટકે છે.' .. આ રીતે પૂર્વે જણાવ્યા મુજબ લિપ્તતાના જ્ઞાનના પ્રતિઘાત માટે જો જ્ઞાનીને પણ ક્રિયા ઉપયોગી છે, તો ક્રિયાને લઈને કર્મબન્ધ તો થવાનો જ. તેથી જ્ઞાની નિર્લેપ કઈ રીતે રહે ? - આ શઙ્કાનું સમાધાન નયની વિવક્ષાથી કરાય છે :

**अलिप्तो निश्चयेनात्मा, लिप्तश्च व्यवहारतः ।**
**शुध्यत्यलिप्तया ज्ञानी, क्रियावान् लिप्तया दृशा ॥११-६॥**

"નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા કર્મથી અલિપ્ત છે અને વ્યવહારનયથી આત્મા કર્મથી લેપાયેલો છે. જ્ઞાની અલિપ્તતાની દૃષ્ટિવડે શુદ્ધ થાય છે અને ક્રિયાવાન લિપ્તતાની દૃષ્ટિ વડે શુદ્ધ થાય છે." – આ પૂર્વે જણાવ્યા મુજબ આત્મા ચેતન છે અને કર્મ જડ છે : એ બન્નેનો ક્ષીરનીરન્યાયે સંશ્લેષ થવા છતાં તાદાત્મ્યભાવ થતો નથી. અર્થાદ્ જડ ચેતન થતું નથી અને ચેતન જડ થતો નથી. આથી નિશ્ચયનયની દૃષ્ટિએ આત્માને કર્મબન્ધ થતો જ નથી.

વ્યવહારનયની દૃષ્ટિએ આત્માને અનાદિકાળથી કર્મના સંશ્લેષના કારણે કર્મનો બન્ધ થતો જ આવ્યો છે. આવી સ્થિતિમાં જ્ઞાની આત્માઓ અને ક્રિયાવાન આત્માઓ જે રીતે પોતાના આત્માને શુદ્ધ બનાવે છે, તે શ્લોકના ત્રીજા અને ચોથા પદથી જણાવ્યું છે. એનો આશય એ છે કે – 'આત્મા શુદ્ધ છે, પરમજ્ઞાનમય છે, કર્માદિ પુદ્ગલભાવોનો કર્ત્તા નથી અને નિર્લેપ છે....' ઇત્યાદિ પ્રકારે જેમને આત્માની અલિપ્તદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે, તેવા જ્ઞાનીભગવન્તો તે અલિપ્ત દૃષ્ટિ વડે જ શુદ્ધ થાય છે. અર્થાત્ કર્મથી રહિત થાય છે. આ વાત વાસ્તવિક દૃષ્ટિને લઈને છે. માયારહિતપણે જેઓ વ્યવહારમાં પણ વર્ત્તતા હોય તેમને આશ્રયીને છે. મજેથી વિષયાદિને ભોગવતાં હોય અને પ્રતિકૂળતામાં આકુળ-વ્યાકુળ થતા હોય તેવા આત્માઓની અલિપ્તતાની આ વાત નથી. જેમને પુદ્ગલમાત્ર અડતું ન હોય એવા જ્ઞાનીની અલિપ્તતાની દૃષ્ટિ ખરેખર જ તે આત્માને શુદ્ધ બનાવે છે. પરન્તુ આવી તાત્ત્વિક અલિપ્તતાની દૃષ્ટિ જેમને પ્રાપ્ત થઈ નથી, એવા આત્માઓને પોતાનો આત્મા કર્માદિથી લેપાયેલો છે – એમ જ લાગતું હોય છે. તેથી તેમની દૃષ્ટિ આત્માની લિપ્તતાની જ હોય છે. આ આત્માઓને ચોક્કસપણે ખ્યાલમાં હોય છે કે મિથ્યાત્વ કે અવિરતિ વગેરેની ક્રિયાના

કારણે આ આત્મા કર્માદિથી લિપ્ત-બદ્ધ છે. તેથી તેનાથી રહિત થવા માટે શ્રીવીતરાગ પરમાત્માએ ઉપદેશેલી સમ્યક્ત્વ કે વિરતિ પ્રત્યયિક ક્રિયાને કર્યા વિના ચાલે એમ નથી. મલિન વસ્ત્રના મેલને દૂર કરવા માટે જેમ સાબુ વગેરે આવશ્યક છે તેમ કર્મથી બદ્ધાત્માની શુદ્ધિ માટે તે તે ક્રિયા પણ આવશ્યક છે. આથી સમજી શકાશે કે લિપ્તતાની દષ્ટિના કારણે આત્માની શુદ્ધિ માટે ક્રિયા આવશ્યક છે. આત્માની શુદ્ધિ થયે છતે ક્રિયા સ્વયં વિરામ પામે છે, જેથી ક્રિયાના કારણે બન્ધનું સાતત્ય રહેતું નથી... આ રીતે જીવની યોગ્યતા મુજબ આત્માની શુદ્ધિ માટે જ્ઞાન અને ક્રિયા બંન્નેની અપેક્ષા છે. જે સાધનની ન્યૂનતા હોય, તે સાધનને મેળવી લેવા મુમુક્ષુએ પ્રયત્ન કરી લેવો જોઈએ. વસ્તુતઃ જ્ઞાન અને ક્રિયાની રુચિ ક્રમિક નથી, એકસાથે જ હોય છે. કારણ કે અન્યતર(જ્ઞાન અને ક્રિયા બેમાંથી એક)ની રુચિ, વાસ્તવિક રીતે બીજાની રુચિના અભાવે ઉભયની રુચિના અભાવને જણાવતી હોવાથી તે આભાસરૂપ છે. બેથી સિદ્ધ થનારું કાર્ય હોય ત્યારે એકની રુચિ હોય અને બીજાની રુચિ ન હોય એવું ના બને. પ્રાપ્તિ ક્રમે કરી થાય એ બને. તેથી જે સાધન ન હોય તે મેળવી લેવું જોઈએ. બંન્નેના (જ્ઞાન-ક્રિયાના) સમાવેશથી જ આત્મા શુદ્ધ બને છે, તે જણાવાય છે :

**ज्ञानक्रियासमावेशः, सहैवोन्मीलने द्वयोः ।**
**भूमिकाभेदतस्त्वत्र, भवेदेकैकमुख्यता ॥११-७॥**

"જ્ઞાનદષ્ટિ(અલિપ્તતાદષ્ટિ) અને ક્રિયાદષ્ટિ(લિપ્તતાદષ્ટિ) : આ બંન્ને એકીસાથે ખૂલે તો જ્ઞાન અને ક્રિયાનો સમાવેશ થાય છે. જીવની યોગ્યતાવિશેષને લઈને અહીં એક-એકની મુખ્યતા છે." કહેવાનો આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ જ્ઞાનદષ્ટિ અને ક્રિયાદષ્ટિ બંન્ને ક્રમિક નથી. એકસાથે બંન્નેનો આવિર્ભાવ છે. કારણ કે એકલું જ્ઞાન જેને રુચે છે અને એકલી ક્રિયા જેને રુચે છે - તે બન્ને મિથ્યાદષ્ટિ છે. સમકિતદષ્ટિ આત્માને જ્ઞાન અને ક્રિયા બંન્નેની રુચિ છે. એથી તેઓને જ મોક્ષની પ્રાપ્તિ પણ થતી હોય છે.

આ રીતે જ્ઞાન અને ક્રિયા, બંન્નેની દષ્ટિ એકસાથે ખૂલવાથી મોક્ષના સાધનભૂત જ્ઞાન અને ક્રિયાનો સમાવેશ થાય છે, અન્યથા તેનો સમાવેશ થતો નથી. ન તો એકલું જ્ઞાન આત્માની શુદ્ધિમાં કામ લાગે છે અને ન તો એકલી ક્રિયા આત્માની શુદ્ધિમાં કામ લાગે છે. બંન્નેનો સમાવેશ જ આત્માની શુદ્ધિ માટે કામ લાગે છે. જ્ઞાનથી દીપકની જેમ આપણને સદ્-અસદ્નું ભાન થાય છે. તપ વગેરેની ક્રિયાથી કર્મમલનો

વિગમ થાય છે અને સંયમથી નવાં કર્મ આવતાં રોકાય છે. ત્રણેના સમાવેશથી આત્મા, કર્મથી સર્વથા મુક્ત થાય છે. આ રીતે મોક્ષની પ્રત્યે ત્રણેય કારણ હોવા છતાં જીવની ભૂમિકાને આશ્રયીને જ્ઞાન અને ક્રિયાની મુખ્યતા મનાય છે. ધ્યાનના અવસરે જ્ઞાનની મુખ્યતા છે અને વ્યવહારની અપેક્ષાએ ક્રિયાની મુખ્યતા છે. સામાન્ય રીતે ઉત્તરોત્તર ગુણસ્થાનકે જ્ઞાનની મુખ્યતા છે અને પૂર્વ પૂર્વ ગુણસ્થાનકે ક્રિયાની મુખ્યતા છે. બંન્ને સાધનની પ્રાપ્તિમાં જ મોક્ષની પ્રાપ્તિ શક્ય છે. એકતર સાધનની પ્રાપ્તિથી મોક્ષની પ્રાપ્તિ શક્ય નથી. બન્નેના સમાવેશથી જ મોક્ષની સાધના ફળને પ્રાપ્ત કરાવનારી બને છે. જે સાધન અપ્રાપ્ત છે તેને મેળવી લેવાથી સામગ્રીની પૂર્ણતા થાય છે. મુમુક્ષુએ એ તરફ જ લક્ષ્ય કેળવી લેવું જોઈએ. કારણ કે જ્ઞાનસહિત જ ક્રિયા(અનુષ્ઠાન) મોક્ષનું કારણ બને છે. એવા અનુષ્ઠાનને કરનારા આત્માઓ વાસ્તવિક રીતે મોક્ષના સાધક છે - એ જણાવાય છે :

**सज्ञानं यदनुष्ठानं, न लिप्तं दोषपङ्कतः ।**
**शुद्धबुद्धस्वभावाय, तस्मै भगवते नमः ॥११-८॥**

''જેમનું અનુષ્ઠાન (ક્રિયા) જ્ઞાનસહિત છે અને દોષસ્વરૂપ કાદવથી ખરડાયેલું નથી, એવા શુદ્ધ બુદ્ધ સ્વભાવવાળા યોગી મહાત્માઓને નમસ્કાર થાઓ.'' આશય એ છે કે સામાન્યથી જ્ઞાનસહિત (સમ્યગ્જ્ઞાનસહિત) અનુષ્ઠાન દોષથી રહિત હોય છે, પરન્તુ આ લોક સમ્બન્ધી કે પરલોક સંબન્ધી ઈચ્છાને લઈને તેમ જ ક્રોધાદિ કષાયને કારણે અનુષ્ઠાન દોષથી લેપાય છે.

શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ જે અનુષ્ઠાન કરે છે, તેઓ સારી રીતે સમજે છે કે આત્માનો સ્વભાવ શુદ્ધજ્ઞાનમય છે. શરીરાદિ પરપદાર્થોની સાથે કોઈ પણ પ્રકારનો તાત્ત્વિક સંબન્ધ નથી. એ અતાત્ત્વિક સમ્બન્ધને લઈને અજ્ઞાનાદિના કારણે આજ સુધી એને તત્ત્વ માનવાથી આત્માના સ્વભાવનો આવિર્ભાવ થયો નથી. આવા પ્રકારની સમજણ ધરાવનારા મહાત્માઓ અપ્રમત્તપણે અનુષ્ઠાનને શુદ્ધ - દોષથી રહિત બનાવે છે. અનુક્રમે પોતાના શુદ્ધ અને બુદ્ધ સ્વભાવને પ્રગટ કરવા તેઓશ્રી સમર્થ બને છે. અન્તે આવા શુદ્ધ બુદ્ધ સ્વભાવવાળા ભગવન્તોને નમસ્કાર કરી આપણા શુદ્ધ બુદ્ધ સ્વભાવને પ્રગટ કરવા આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.

**॥ इति श्रीज्ञानसारप्रकरणे एकादशं निर्लेपाष्टकम् ॥**

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे द्वादशं निःस्पृहाष्टकम् ।

# १२

આ પૂર્વે અગિયારમા અષ્ટકમાં આત્માની નિર્લેપતાનું વર્ણન કર્યું. એ નિર્લેપતા નિઃસ્પૃહતાના કારણે પ્રાપ્ત થાય છે. પરપદાર્થની સ્પૃહાના કારણે આત્માને કર્મબન્ધ થાય છે, જેથી આત્મા કર્મથી લેપાય છે. અભિલાષા, ઈચ્છા અને સ્પૃહા : સામાન્ય રીતે એક જ છે. પ્રવૃત્તિના કારણે આત્માને જેટલો કર્મબન્ધ થાય છે, એના કરતાં આત્માને ઈચ્છાના કારણે કર્મબન્ધ અનેકગુણો છે. આત્માને કર્મથી દૂર રાખવા માટે ઈચ્છાનો અન્ત કર્યા વિના બીજો કોઈ જ ઉપાય નથી.

રાગમૂલક ઈચ્છા છે. તેના અન્ત માટે રાગથી દૂર રહેવાની જરૂર છે. પાપની પ્રવૃત્તિનો ત્યાગ કર્યા પછી પણ પાપની પ્રવૃત્તિના કારણભૂત રાગનો પરિણામ તો પડી જ રહે છે. પાપની પ્રવૃત્તિ થઈ ન જાય એ માટે પ્રયત્ન થાય તોય પાપના કારણભૂત રાગ ન થઈ જાય એ માટે પ્રયત્ન કરવાનો વિચાર પણ લગભગ આવતો નથી. નિગોદાદિ ઉપર પગ ન પડી જાય-એનો ખ્યાલ રાખનારાને પણ બાબા-બેબીને રમાડવાનું મન થઈ જાય, એને રમાડે પણ ખરા અને વાત્સલ્ય આપવાને બહાને વહાલ પણ વરસાવે. ખૂબ જ કપરું કામ છે રાગને મારવાનું ! હિંસા જેમ પાપ છે તેમ રાગ પણ પાપ છે ને ? જે દિવસે એ બંન્ને સરખા જણાશે ત્યારે નિઃસ્પૃહતા પ્રાપ્ત થશે. હિંસા વિરાધના લાગે અને રાગની પ્રવૃત્તિ પ્રભાવના લાગે-એ ઈચ્છાને મારવાનું લક્ષણ નથી. આજ સુધી આપણે પાપની પ્રવૃત્તિને દૂર કરવા માટે થોડોઘણો પ્રયત્ન કર્યો છે. ગ્રન્થકારશ્રીએ આ અષ્ટકથી પાપના મનને દૂર કરવા તરફ આપણું ધ્યાન દોર્યું છે. નિર્લેપતાના નિર્વાહ માટે પૂ. મુનિભગવન્તો જે રીતે નિઃસ્પૃહ થાય છે, તે જણાવાય છે :

**स्वभावलाभात् किमपि, प्राप्तव्यं नावशिष्यते ।**
**इत्यात्मैश्वर्यसम्पन्नो, निःस्पृहो जायते मुनिः ॥१२-१॥**

''આત્માના સ્વભાવની પ્રાપ્તિથી બીજું કાંઈ પણ મેળવવાયોગ્ય બાકી રહેતું નથી. આ રીતે આત્માના જ્ઞાનાદિ ગુણો સ્વરૂપ ઐશ્વર્યથી સમ્પન્ન મુનિમહાત્મા નિસ્પૃહ બને છે.'' જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય અવ્યાબાધ અને અમૂર્ત્તપણું વગેરે

આત્મસ્વભાવ છે. ક્ષયોપશમાદિભાવે એ આત્મસ્વભાવની પ્રાપ્તિ થવાથી મુનિ ભગવન્તને કોઈ પણ બીજી વસ્તુ મેળવવાજેવી લાગતી નથી. પરપદાર્થની ઈચ્છા થવાનું વાસ્તવિક કારણ જ એ છે કે આત્માને જ્ઞાનાદિ ગુણોનું પોતાનું ઐશ્વર્ય જ પ્રાપ્ત થયું નથી. તેથી જ નિઃસ્પૃહતા પ્રાપ્ત થતી નથી. પરદ્રવ્યની ઈચ્છા જ સ્વસ્વભાવની પ્રાપ્તિના અભાવને જણાવે છે. સ્વસ્વભાવનો પરિચય થયા પછી એને પ્રાપ્ત કરવાની ઈચ્છા સહજ રીતે જ થતી હોય છે. સૌથી વિકટ પ્રશ્ન જ એ છે કે સ્વભાવનો પરિચય જ કઈ રીતે કરવો. સહેજ પણ એ આત્મસ્વભાવનો પરિચય થવા માંડે એટલે પરપદાર્થોની સ્પૃહા વચ્ચે આવ્યા વિના રહેતી નથી.

આત્માના જ્ઞાનાદિ ગુણો મેળવવાની વાત તો દૂર રહી, પરન્તુ અનાયાસે મળી ગયેલા એ ગુણો, એવા આનંદનો અનુભવ કરાવતા નથી કે જેવો આનન્દાનુભવ અનુકૂળ વિષયની પ્રાપ્તિથી થતો હોય છે. ભાગ્યે જ એવો આત્મા મળી આવે કે ધર્મથી આત્માના જ્ઞાનાદિ ગુણોને પામી જે આનંદ પામે. તેની સામે ધર્મથી થોડું પણ સુખ પામી આનંદ પામનારની સંખ્યા ઘણી મોટી છે. 'વિષયો સુખનું કારણ છે માટે વિષયોની સ્પૃહા થાય છે.' એવું નથી. પરન્તુ 'વિષયો સુખનું કારણ છે' - એ માની લીધેલું હોવાથી વિષયોની સ્પૃહા થાય છે. 'વિષયો સુખનું કારણ છે' - એ પ્રમાણેની માન્યતા જ અજ્ઞાનમૂલક છે. વિષયોની સ્પૃહા સુખની સ્પૃહાના કારણે છે. કર્મથી પ્રાપ્ત થનારું સુખ વસ્તુતઃ દુઃખસ્વરૂપ છે. તેથી તે દુઃખની જેમ જ સ્પૃહણીય નથી. અનાદિકાળના અજ્ઞાનાદિ સંસ્કારોને લઈને સુખની સ્પૃહા થયા જ કરે છે. તેને દૂર કરવા માટે આત્મસ્વભાવને પ્રગટ કરવા સિવાય બીજો કોઈ જ ઉપાય નથી. પરન્તુ એ સરળ નથી.'' અત્યાર સુધી જે થોડું પણ (અવાસ્તવિક તો અવાસ્તવિક પણ) સુખ મળ્યું છે તે આ સ્પૃહાને કારણે મળ્યું છે. સાવ જ સ્પૃહા ખરાબ છે એવું નથી...'' ઇત્યાદિ માન્યતાને કારણે સ્પૃહાને દૂર કરવાની સ્પૃહા પણ થતી નથી. સુખ અને તેના સાધનભૂત વિષયોની સ્પૃહા ખૂબ જ ખરાબ છે. તેનાથી જે વિડંબના ભોગવવી પડે છે, તે જણાવાય છે :

**संयोजितकरैः के के, प्रार्थ्यन्ते न स्पृहावहैः ? ।**
**अमात्रज्ञानपात्रस्य, निःस्पृहस्य तृणं जगत् ॥१२-२॥**

''સ્પૃહામાં મગ્ન એવા પુરુષો હાથ જોડીને કોની કોની પાસે પ્રાર્થના કરતા નથી ? જ્યારે માત્રાતીત જ્ઞાનને ધરનારા સ્પૃહાથી રહિત એવા મહાત્માને સમગ્ર

જગત તૃણની જેમ અસાર છે.'' સ્પૃહાના કારણે જીવોને અનેકાનેક વિડંબના ભોગવવી પડતી હોય છે. પરન્તુ વિચિત્રતા તો એ છે કે સ્પૃહાના કારણે એ વિડંબના, વિડંબના લાગતી નથી. કોઈ પણ વિષયની સ્પૃહા થઈ ગયા પછી તેને મેળવી લેવા માટે શું કરવું પડે અને ન કરવું પડે એ કહી શકાય એવું નથી.

ગમે તેવા કુલીન અને ખાનદાન માણસને પણ એ સ્પૃહાની પરવશતાને લઈને પોતાની કુલીનતાનો ત્યાગ કરવો પડતો હોય છે. માંગવું અને મરવું : બંન્ને સમાન લાગવા છતાં સ્પૃહાની પરવશતા યાચના કરાવ્યા વિના રહેતી નથી અને યાચના કર્યા પછી પણ જ્યારે સ્પૃહા-ઈચ્છા મુજબ વસ્તુ મળે નહીં ત્યારે હાથ જોડીને કરગરવું પડે છે અને એ મુજબ પ્રાર્થના કરવી પડે છે. એ પણ રાજા મહારાજાદિ મોટા માણસ પાસે જ નથી કરવી પડતી, ગમે તેવા માણસની પણ પાસે પ્રાર્થના કરવી પડતી હોય છે. જેનું મોઢું જોવું પણ ના ગમે તેની પાસે હાથ જોડીને પણ પ્રાર્થના કરવી પડે-આ કાંઈ જેવી-તેવી વિટંબણા નથી. શ્લોકના પૂર્વાદ્ર્ધથી તેનું યથાસ્થિત વર્ણન કરાયું છે.

શ્લોકના ઉત્તરાદ્ર્ધથી નિઃસ્પૃહ મહાત્માઓની મનોદશાનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે જેઓ અમાત્ર-અપરિમિત એવા જ્ઞાનના ભાજન છે, એવા નિસ્પૃહ મુનિભગવન્તને મન આ સમગ્ર જગત તૃણની તોલે છે. તૃણ જેમ નિઃસાર અને તુચ્છ છે તેમ સંપૂર્ણ જગત પરપદાર્થ સ્વરૂપ હોવાથી નિઃસાર છે. જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે આત્માના સ્વભાવભૂત જ્ઞાનાદિની તોલે આવી શકે. અલ્પ પ્રમાણમાં જ્ઞાન મળ્યું હોય તો આ જગતમાં કોઈ વસ્તુ સારભૂત લાગત પરન્તુ પૂરતા પ્રમાણમાં (અપરિમિત) અહીં જ્ઞાન હોવાથી કોઈ પણ વસ્તુ સારભૂત જણાતી નથી. તેથી સર્વથા સ્પૃહાથી રહિત એ મુનિભગવન્તોને જગત તૃણની જેમ નિઃસાર અને તુચ્છ લાગે એમાં આશ્ચર્ય નથી. આશ્ચર્ય તો એ છે કે જ્ઞાનીને સ્પૃહા હોય. વાસ્તવિક રીતે તો જેમને પર પદાર્થોની સ્પૃહા હોય તેમને જ્ઞાન પ્રાપ્ત જ થયું નથી. જ્ઞાનનું ફળ જ વિરતિ છે. જેમને સ્પૃહા થતી હોય છે તેમના માટે વિરતિને પામવાનું શક્ય બનતું નથી. જે કારણથી કાર્યની ઉત્પત્તિ ન થાય તે કારણને, તે કાર્યનું કારણ માનવાનો કોઈ અર્થ નથી. તેથી પારમાર્થિક રીતે જ્ઞાની મહાત્માઓ સ્પૃહાને છેદવા માટે જ્ઞાનનો ઉપયોગ કરતા હોય છે - તે જણાવાય છે :

**छिन्दन्ति ज्ञानदात्रेण, स्पृहाविषलतां बुधाः ।**
**मुखशोषं च मूर्च्छां च, दैन्यं यच्छति यत्फलम् ॥१२-३॥**

''જેનું ફલ મુખશોષ મૂર્ચ્છા અને દીનતાને આપે છે, તે સ્પૃહાસ્વરૂપ વિષવેલડીને પંડિત પુરુષો જ્ઞાન સ્વરૂપ દાંતરડા વડે છેદી નાંખે છે.'' આશય એ છે કે અપરિમિતજ્ઞાનના ભાજન સ્વરૂપ મહાત્માઓ સ્પૃહાથી રહિત હોય છે - આ વાત આ પૂર્વે જણાવી છે. એનું કારણ આ શ્લોકથી જણાવાયું છે. સ્પૃહા વિષલતાજેવી છે. સામાન્ય રીતે વિષભક્ષણથી મોઢું સુકાય છે. ત્યારબાદ મૂર્ચ્છા પ્રાપ્ત થાય છે અને દીનતા પ્રાપ્ત થાય છે. તેથી સ્પૃહા પણ મુખશોષાદિનું કારણ હોવાથી તેને વિષલતા સ્વરૂપે વર્ણવી છે.

સ્પૃહાને ધરનારા બીજાની પાસે માંગ્યા વિના રહી શકતા નથી. માંગ્યા પછી લગભગ ઈચ્છા મુજબ મળતું ન હોવાથી મોઢું સુકાવા સ્વરૂપ જ ફળ પ્રાપ્ત થતું હોય છે. જે પણ થોડું મળે તેની પ્રત્યે અપાર મૂર્ચ્છા પ્રાપ્ત થાય છે અને જે મળ્યું નથી, તેને મેળવવા માટે દીનતા ધારણ કરવી પડે છે. આ બધાં ફળો સ્પૃહાસ્વરૂપ વિષલતાના છે. સ્પૃહાસ્વરૂપ વિષવેલડી આ બધા ફળને નિરંતર આપે છે. આવા પ્રકારની સ્પૃહાસ્વરૂપ વિષલતાને જ્ઞાની મહાત્માઓ જ્ઞાનસ્વરૂપ દાતરડા વડે છેદી નાંખે છે. સ્પૃહાને છેદવા માટે જ્ઞાનજેવું અત્યન્ત ધારદાર બીજું કોઈ સાધન નથી. જ્ઞાનના અચિન્ત્ય સામર્થ્યનો જેમને ખ્યાલ છે, તેઓશ્રી જ્ઞાનનો ઉપયોગ બરાબર કરી લે છે. આપણા અનાદિના દોષોનો વાસ્તવિક પરિચય કરાવીને તેનાથી સર્વથા વિમુક્ત થવાનો માર્ગ આપણને જ્ઞાન જ જણાવે છે. માત્ર આપણને એ અનાદિના દોષોને જોવાની અને તેનાથી મુક્ત થવાની ઈચ્છા હોવી જોઈએ. જોકે જ્ઞાનમાં, એવી ઇચ્છા ન હોય તો એવી ઈચ્છાને ઉત્પન્ન કરવાનું પણ અદ્‌ભુત સામર્થ્ય ભરેલું છે. જેમ જેમ જ્ઞાન મળતું જાય તેમ તેમ આપણને આપણા તે તે દોષોનું દર્શન થવાથી તેને દૂર કરવાની ઈચ્છા થતી હોય છે.

પરન્તુ મિથ્યાત્વમોહનીયાદિ કર્મનો જોઈએ તેવો ક્ષયોપશમ વગેરે ન હોય તો જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ દિવસે દિવસે સ્પૃહા પણ વધતી જતી હોય છે. વર્તમાનમાં લગભગ એવો અનુભવ થાય છે કે જ્ઞાનીઓને ઈચ્છાની કોઈ અવધિ જ નથી. ઈચ્છાઓને પૂર્ણ કરવા માટે જ જાણે જ્ઞાન ન હોય - એ રીતે જ લગભગ પ્રવૃત્તિઓ ચાલતી હોય છે. આવી સ્થિતિમાં સ્પૃહાને છેદવાની વાત યાદ આવતી નથી. પોતાની તમામ શક્તિનો એકમાત્ર ઉપયોગ સ્પૃહાને પૂર્ણ કરવામાં કરાય છે. વાસ્તવિક રીતે આવા લોકો જ્ઞાની મનાતા નથી. જ્ઞાની તે છે કે જે પોતાની બુદ્‌ધિ-

પ્રતિભાનો ઉપયોગ સ્પૃહાના ઉચ્છેદ માટે કરે છે. પરમાર્થના જ્ઞાતાઓ સારી રીતે સમજે છે કે સર્વ દુઃખોનું મૂળ જ સ્પૃહા છે. અનિષ્ટની પ્રાપ્તિ પણ માની લીધેલા ઈષ્ટની સ્પૃહામાંથી થઈ છે. સુખ ભોગવવાની ઈચ્છા અને દુઃખ દૂર કરવાની ઈચ્છા સર્વ અનિષ્ટોનું મૂળ છે. સર્વ અનિષ્ટોને ઉત્પન્ન કરનારી સ્પૃહાને ઓળખવાની અત્યંત આવશ્યકતા છે. તેની ભયંકરતાનો પરિચય થયા વિના તેનો ઉચ્છેદ કરવાની ભાવના નહિ જાગે તેથી તેની ભયંકરતાને ચોથા શ્લોકથી વર્ણવાય છે :

**निष्कासनीया विदुषा, स्पृहा चित्तगृहाद् बहिः ।**
**अनात्मरतिचाण्डालीसङ्गमङ्गीकरोति या ॥१२-४॥**

''જે અનાત્મરતિસ્વરૂપ ચાંડાલણીના સઙ્ગનો સ્વીકાર કરે છે તે સ્પૃહાને, ચિત્તસ્વરૂપ ઘરમાંથી બહાર વિદ્વાને કાઢી મૂકવી જોઈએ.'' એક વાત અહીં સ્પષ્ટપણે જણાવી છે કે વિદ્વાને સ્પૃહાને દૂર કરવી જોઈએ. તેનો આશય આપણે સમજી શકીએ છીએ કે વિદ્વાન જ સ્પૃહાને દૂર કરી શકે છે. મૂર્ખ-અજ્ઞાની જીવોનું એ કામ નથી. તેમ જ જે સ્પૃહાને દૂર કરે છે તે જ વિદ્વાન છે. ભણેલા પણ સ્પૃહાને આધીન બનેલા વાસ્તવિક રીતે અભણ છે. જ્ઞાનનું એ એક જ કાર્ય છે કે તે સ્પૃહાને દૂર કરે છે. જ્ઞાન વિના સ્પૃહાને દૂર કરવાનું કોઈ પણ રીતે શક્ય નથી. જ્ઞાન હોય અને સ્પૃહાને દૂર ન કરે તો તે વાસ્તવિક રીતે જ્ઞાન જ નથી-એમ જ માનવું રહ્યું.

સ્પૃહાનું સ્વરૂપ વર્ણવતાં શ્લોકના ઉત્તરાર્દ્ધથી ફરમાવ્યું છે કે સ્પૃહા, અનાત્મરતિ ચાણ્ડાલી છે. ચાણ્ડાલણીને આપણે સારી રીતે જાણીએ છીએ, એનો પડછાયો પણ આપણે ના લઈએ. પરન્તુ આપણા આત્મામાં અનાદિકાળથી ઘર કરી રહેલી અનાત્મરતિને આપણે પરમાર્થથી જાણી શક્યા નથી. આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણોને છોડીને જેટલા પદાર્થ છે તે બધા જ પદાર્થો અનાત્મભૂત છે. પૌદ્ગલિક પરપદાર્થની રતિ ખરેખર જ ચાંડાલણીજેવી છે. ચાંડાલણીને મડદા પ્રત્યે પ્રીતિ હોય છે. તેમના માટે આજીવિકાનું સાધન મડદું છે. મડદાને ઠેકાણે પાડીને તેમ જ તેનાં કપડાં વગેરે વસ્તુઓ લઈને તેનાથી પોતાની આજીવિકા તેઓ ચલાવે છે. લગભગ આવી જ સ્થિતિ અહીં અનાત્મરતિની પણ છે. મડદું જેમ જડ છે તેમ અનાત્મભૂત પુદ્ગલ પણ જડ છે. તેની પ્રીતિને લઈને અનાત્મરતિ થતી હોય છે. પ્રીતિનું કાર્ય રતિ છે. જ્યાં રતિ છે, ત્યાં પ્રીતિ હોય-એ સ્પષ્ટ છે. અચેતન-જડ એવા અનાત્મભૂત પદાર્થોમાં થનારી રતિ ચાંડાલણીજેવી છે અને સ્પૃહા એની સઙ્ગિની

છે. પ્રીતિ, રતિ અને સ્પૃહા : આ ત્રણનું ચક્કર નિરંતર ચાલ્યા જ કરે છે. વિદ્‌વાનોનું કર્તવ્ય છે કે પોતાના ચિત્તસ્વરૂપ ઘરમાંથી એ સ્પૃહાને કાઢી મૂકવી જોઈએ. સ્પૃહા જતી રહેશે તો રતિ અને પ્રીતિ એની મેળે જતી રહેશે. રતિ અને પ્રીતિને સાથ જ સ્પૃહાનો છે. તે જ જો નીકળી જાય તો રતિ અને પ્રીતિ ન રહે એ સમજી શકાય છે. ગમે તેટલો સારો માણસ હોય પરન્તુ તે જો ખરાબ માણસનો સંગ કરતો હોય તો તેને લોકો ખરાબ નજરે જુએ છે. આવી જ રીતે અનાત્મરતિસ્વરૂપ ચાંડાલણીનો સંગ કરનારી સ્પૃહાને લઈને સ્પૃહાવાળા હલકા તરીકે જોવાય છે - તે જણાવાય છે :

**स्पृहावन्तो विलोक्यन्ते, लघवस्तृणतूलवत् ।**
**महाश्चर्यं तथाप्येते, मज्जन्ति भववारिधौ ।।१२-५।।**

"સ્પૃહાવાળા લોકો, ઘાસ અને રૂની જેમ તુચ્છ અને હલકી કોટિના જોવાય છે અને તો ય તેઓ ભવસમુદ્રમાં ડૂબે છે - એ મોટું આશ્ચર્ય છે." કહેવાનો આશય સ્પષ્ટ છે કે જેઓ સ્પૃહાવાળા છે, તેઓ પોતાની અભીષ્ટ વસ્તુને પ્રાપ્ત કરવા માટે ગમે તે કરવા માટે તત્પર હોય છે. તેમને બીજાની પાસે યાચના કરવામાં સહેજ પણ સંકોચ કે શરમ નડતી નથી. એકવાર તેમને 'ના' કહેતાં આપણે સંકોચ કે શરમ અનુભવીએ પણ સ્પૃહાવાળાને યાચના કરતાં તે નડે નહિ. તેથી લોકની દૃષ્ટિએ તેઓ ઘાસ અને આકડાના રૂની જેમ તુચ્છ અને હલકા દેખાય છે.

સામાન્ય રીતે ઘાસ અને રૂજેવી વસ્તુઓ પાણીમાં તરતી હોય છે ડૂબતી નથી. પરન્તુ ઘાસ અને રૂ જેવા આ સ્પૃહાવાળા જીવો લોભાદિને આધીન બની ભવસમુદ્રમાં ડૂબી જાય છે, આ એક મોટું આશ્ચર્ય છે. લોકની દૃષ્ટિએ હલકા હોવા છતાં ડૂબે છે - તે આશ્ચર્ય છે. પરન્તુ કર્મના ભારથી તેઓ ભારે હોવાથી ભવસમુદ્રમાં સ્પૃહાવાળા ડૂબે એમાં આશ્ચર્ય નથી. આ રીતે આશ્ચર્યનો વિરોધ દૂર થાય છે. હલકી વસ્તુ ડૂબે છે તે આશ્ચર્ય છે. પરન્તુ હલકા લોકો કર્મથી ભારે છે માટે ડૂબે છે તેથી આશ્ચર્ય નથી. આ વસ્તુને અનુલક્ષીને અન્યત્ર જણાવ્યું છે કે - તૃણ કરતાં આંકડાનું રૂ હલકું છે અને એ રૂ કરતાં પણ હલકો યાચક છે. આમ છતાં તેને વાયુ લઈ જતો નથી. (પવનથી યાચક ઊડી જતો નથી.) કારણ કે વાયુને લાગે છે કે હું તેને લઈ જઈશ તો તે મારી પાસે પણ માંગશે. ભારે દયનીય સ્થિતિ છે યાચકની ! આનાથી તદ્દન વિરુદ્ધ સ્થિતિ નિઃસ્પૃહ મહાત્માઓની છે. તેથી જ તેઓ પરમસુખી છે. દુઃખનું મૂળ વિષયનો અભાવ નથી, તેનું મૂળ ઈચ્છા છે. મહાત્માઓને એવી કોઈ

ઈચ્છા નથી કે જેથી તેઓ દુઃખી થાય. સુખનાં સાધનો તેમની પાસે હોય કે ન પણ હોય તેથી તેમને કોઈ જ ફરક પડતો નથી. પૌદ્ગલિક સુખની ઈચ્છાનો અભાવ હોવાથી તેઓ પરમ સુખી છે. સુખ ભોગવનારા સુખી નથી પણ સુખ જેમને જોઈતું નથી, તેઓ સુખી છે. આ રીતે પૌદ્ગલિક બાહ્ય સુખનાં સાધનોની ઈચ્છાથી રહિત બનીને પરમ સુખી થયેલા મહાત્માઓને આદર, સત્કાર કે પ્રતિષ્ઠાદિ પ્રાપ્ત ન થાય તો તેની પણ ઈચ્છાનો ત્યાગ કરી, પોતાના પરમ સુખને હાનિ ન પહોંચે તેમ કરવાનું જણાવાય છે. પૌદ્ગલિક સુખોનો ત્યાગ કર્યા પછી પણ માનસન્માન આદિની ઈચ્છાનો કે તેની પ્રાપ્તિથી થનારા અહંકારાદિનો ત્યાગ કરવાનું ખૂબ જ કપરું છે. તેથી તે વિષયમાં જણાવાય છે :

**गौरवं पौरवन्द्यत्वात्, प्रकृष्टत्वं प्रतिष्ठया ।**
**ख्यातिं जातिगुणात् स्वस्य, प्रादुष्कुर्यान्न निस्पृहः ॥१२-६॥**

"સ્પૃહાથી રહિત મહાત્મા નગરના લોકોથી વંદાતા હોવાથી પોતાના ગૌરવને, પ્રતિષ્ઠા પ્રાપ્ત થવાથી પોતાના ઉત્કર્ષને તેમ જ જાતિસ્વરૂપ ગુણને લઈને પોતાની ખ્યાતિને પ્રગટ ન કરે" આશય એ છે કે પૌદ્ગલિક તે તે વિષયોની સ્પૃહાનો ત્યાગ કર્યા પછી મહાત્માઓનો આદરસત્કાર આદિ ખૂબ જ બહુમાનથી લોકો કરતા હોય છે. આવા આદરસત્કારને પામીને નિઃસ્પૃહ મહાત્મા પોતાની મોટાઈ પ્રગટ ન કરે. સમગ્ર લોકમાં ઉચ્ચસ્થાને બિરાજવાથી 'હું શ્રેષ્ઠ છું'.... ઇત્યાદિ રીતે પોતાના પ્રકૃષ્ટપણાને પ્રગટ ન કરે તેમ જ પોતાની ઉત્તમ જાતિ વગેરેને લઈને કોઈ પણ પ્રકારની પ્રસિદ્ધિને પ્રગટ ન કરે.

પૌદ્ગલિક સુખોનો ત્યાગ કર્યા પછી પણ ગમે તે કારણે જીવને માનસન્માનની સ્પૃહા પહેલાં કરતાં પણ વધતી હોય છે. ભૌતિક સ્પૃહાનો ત્યાગ કરવાથી આત્મા સારો લાગે છે. લોકોની નજરે ભૌતિક સ્પૃહા વગરના આત્માઓ આદરણીય બને છે. તેથી ખૂબ જ સરળતાથી ભૌતિક સ્પૃહાનો ત્યાગ થઈ જાય છે. પરન્તુ આટલું કર્યા પછી બીજા લોકો તરફથી માનપાનને મેળવી લેવાની સ્પૃહા જતી નથી. ત્યાગ કરવાથી પ્રાપ્ત થનારી વંદનીયતા, પ્રતિષ્ઠા અને ઉત્તમ જાતિ વગેરેને લઈને પોતાનું ગૌરવ પ્રકૃષ્ટત્વ અને પ્રસિદ્ધિ વગેરેને પ્રાપ્ત કરી લેવાની સ્પૃહા ખૂબ જ તીવ્ર હોય છે. સારું કર્યા પછી આપણે સારા સ્વરૂપે બધે છવાઈ જઈએ - એવી સ્પૃહા સતત રહેતી હોય છે. આથી જ આ શ્લોકથી નિઃસ્પૃહ મહાત્માઓને તેનો ત્યાગ કરવાનું જ જણાવાયું

છે. બાહ્ય વિષયોની સ્પૃહાનો ત્યાગ કર્યા પછી અભ્યન્તર વિષયો(માન-સન્માન-ખ્યાતિ.. વગેરે)ની સ્પૃહાનો ત્યાગ કરાય નહિ તો બાહ્ય વિષયોની સ્પૃહાનો ત્યાગ નિરર્થક બને છે.

બાહ્ય વિષયોનો ત્યાગ કરીને નિસ્પૃહતાનો દેખાવ ખૂબ જ વ્યવસ્થિત રીતે કરાતો હોય છે. જોનારને સ્પૃહાની ગંધ પણ આવે નહિ - એની પૂરતી કાળજી લેવાય છે. પોતાના ગૌરવને વધારવાના આશયથી જ્યારે શાસનના ગૌરવને વધારવાની પ્રવૃત્તિ શરૂ થાય છે, ત્યારે આ સ્પૃહા છાની નથી રહેતી. 'શાસનથી પ્રભાવિત થાય તો ગમે કે આપણાથી પ્રભાવિત થાય તો ગમે ?' આ પ્રશ્નનો વાસ્તવિક જવાબ આપી શકાય એવું નથી. સંસારનો ત્યાગ કર્યા પછી પણ શાસન કરતાં આપણી જાત મહત્ત્વની લાગે એ નિસ્પૃહતાનું લક્ષણ નથી. શાસનના કે પદના ગૌરવના નામે પોતાનું ગૌરવ વધારવાની અપેક્ષા નિઃસ્પૃહતાના અભાવને જણાવનારી છે.

આપણી પાસે આવીને જનારા શાસનનો પ્રેમ કેળવીને જવાના બદલે આપણી પ્રત્યે પ્રેમ કેળવીને જાય અને આપણને એ ગમી જાય તો માનવું પડે કે આપણી સ્પૃહા નાશ પામી નથી. ગૌરવ, ઉત્કર્ષ અને ખ્યાતિ... વગેરેની સ્પૃહા ખૂબ જ તીવ્ર કોટિની હોય છે. સરળતાથી તેનો નાશ કરી શકાતો નથી. લોકના સંપર્કથી દૂર રહીએ તો તેવી સ્પૃહાથી દૂર રહી શકાય. પરન્તુ એ રીતે જીવવાનું કઈ રીતે ફાવે ? ભૌતિક પદાર્થોનો ત્યાગ કરવાનો અને ગૌરવાદિનો પણ ત્યાગ કરવાનો. પછી જીવવામાં સ્વાદ જ ક્યાં રહે ? તદ્દન જ શુષ્ક જીવન જીવવું પડે. કોઈ પણ પ્રકારના સુખનો અનુભવ જ થાય નહિ - આ પ્રમાણે માનનારાને ઉદ્દેશીને જણાવાય છે :

**भूशय्या भैक्षमशनं, जीर्णं वासो वनं गृहम् ।**
**तथाऽपि निःस्पृहस्याहो !, चक्रिणोऽप्यधिकं सुखम् ।।१२-७।।**

''ભૂમિ ઉપર સૂવાનું, ભિક્ષામાં મળેલું ખાવાનું, જીર્ણ વસ્ત્ર અને ઘર વનજેવું હોવા છતાં નિઃસ્પૃહ મહાત્માઓને ચક્રવર્ત્તીઓ કરતાં અધિક સુખ હોય છે - એ આશ્ચર્ય છે.'' અનાદિકાળથી આપણે વિષયોના ઉપભોગમાં જ સુખનો અનુભવ કર્યો છે, તેથી પાંચેય ઈન્દ્રિયોના ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ માટે અને અનિષ્ટ વિષયોના પરિહારાદિ માટે આપણે સતત પ્રયત્ન કરતા હોઈએ છીએ. આમ છતાં આપણી ઈચ્છા પ્રમાણેનું સુખ આજ સુધી મળ્યું નથી. એટલું જ નહિ, અનન્તો કાળ વીતશે

તોપણ તે મળશે નહિ. આ વાતની જેમને વાસ્તવિક શ્રદ્ધા જન્મી છે, તે આત્માઓ વિષયોને પ્રાપ્ત કરવાના પ્રયત્નને છોડીને સ્પૃહાનો ત્યાગ કરવા માટે પ્રયત્ન કરતા હોય છે.

એ રીતે સ્પૃહાથી રહિત થયેલા મહાત્માઓ ભૂમિ ઉપર સુએ છે. ભિક્ષા દ્વારા પ્રાપ્ત થયેલું તુચ્છ અસાર અને અલ્પ પ્રમાણવાળું ભોજન કરે છે. જીર્ણ-ઘસાઈ ગયેલાં વસ્ત્ર વાપરે છે અને વનજેવા નિર્જન ગૃહમાં રહે છે. તોપણ તેમને ચક્રવર્તી કરતાં અધિક સુખનો અનુભવ થાય છે. અહીં પેલા સંન્યાસીનું દષ્ટાન્ત યાદ રાખવું જોઈએ. એક સંન્યાસી હતો. એકવાર તે રાજાની પાસે ગયો હતો. રાજાએ તેને કહ્યું કે – આ રાજમહેલની કોઈ જગ્યામાં તું રહી જા. આ માટીના ભાજનમાં તું વાપરે છે, તેના બદલે તું હું આપું છું તે ધાતુના પાત્રમાં વાપર અને શરીર ઉપરના ચીંથરા સ્વરૂપ વસ્ત્રોનો ત્યાગ કરી બીજાં સારાં વસ્ત્રોને તું ધારણ કર – આ પ્રમાણે રાજાનાં વચનોને સાંભળીને સંન્યાસીએ રાજાને કહ્યું કે રાજન્ ! આપને રાજમહેલમાં રહીને જે સુખ પ્રાપ્ત થાય છે, એવું જ સુખ મને વગડામાં રહેવાથી પણ મળે છે. હું પણ ભૂમિ ઉપર શાંતિથી આપની જેમ જ છસાત કલાક સૂઈ જઉં છું. આ માટીના ભાજનમાં જમવાથી આપની જેમ જ મારું પણ પેટ ભરાઈ જાય છે અને આપના મુલાયમ બહુમૂલ્ય વસ્ત્રોથી જેમ આપનું શરીર ઢંકાઈ જાય છે તેમ રાજન્ ! મારા શરીરની લાજ પણ આ ઝાડ-પાનના વસ્ત્રથી રહી જ જાય છે, તો પછી આપણામાં ફરક જ ક્યાં છે ? કહેવાનો ભાવ એ છે કે સુખ સામગ્રીમાં નથી, સંતોષ વિષયોની પ્રાપ્તિમાં નથી અને સમાધિ સુખના ઉપભોગમાં નથી. સુખ, સન્તોષ અને સમાધિ સ્પૃહાના અભાવે છે. ખરેખર જ સર્વથા સ્પૃહારહિત આત્માને જે સુખનો અનુભવ થાય છે તે નરેન્દ્રોને થતો નથી. અનુકૂળ વિષયોની પ્રાપ્તિમાં જે સુખનો અને પ્રતિકૂળ વિષયોની પ્રાપ્તિમાં જે દુ:ખનો અનુભવ થાય છે તે સુખ અને દુ:ખ વાસ્તવિક નથી. તેથી સુખ અને દુ:ખનું વાસ્તવિક સ્વરૂપ જણાવાય છે :

**परस्पृहा महादु:खं नि:स्पृहत्वं महासुखम् ।**
**एतदुक्तं समासेन, लक्षणं सुखदु:खयो: ॥१२-८॥**

''પરસ્પૃહા મહાદુ:ખ છે અને નિ:સ્પૃહતા મહાસુખ છે – આ સુખ અને દુ:ખનું સંક્ષેપથી લક્ષણ કહ્યું છે.'' સુખ અને દુ:ખનું વાસ્તવિક લક્ષણ અહીં જણાવ્યું છે. આત્મા અને તેના ગુણોને છોડીને જે પુદ્ગલાદિ દ્રવ્યો છે તે બધાં જ પર પદાર્થો

છે. તેની સ્પૃહા મોટામાં મોટું દુઃખ છે. તેને લઈને જ બાકીનાં બીજાં દુઃખો પ્રાપ્ત થાય છે. બધા જ દુઃખોનું મૂળ પરસ્પૃહા છે. અનાદિકાળથી પરપદાર્થની પ્રાપ્તિમાં જ આપણે સુખ માન્યું છે. પરન્તુ પરપદાર્થની પ્રાપ્તિની વાત તો દૂર રહી, પણ પરપદાર્થની ઈચ્છામાં પણ દુઃખ જ છે - એમ અહીં ફરમાવ્યું છે. અહીંની વાતમાં અને આપણી વાતમાં ઘણું અન્તર છે. જ્યાં સુધી સાચા સુખની વાત સમજાય નહીં ત્યાં સુધી દુઃખી જ થવાનું છે. દુઃખને જાણ્યા વિના દુઃખનો પ્રતિકાર કરવાથી દુઃખ ક્યારે પણ નહિ જાય. વસ્તુનો અભાવ-એ દુઃખ નથી વસ્તુની સ્પૃહા એ દુઃખ છે. નથી મળ્યું એ દુઃખ નથી, જોઈએ છે - તે દુઃખ છે. દુઃખ જોઈતું ન હોય તો પર પદાર્થને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન છોડી દઈને પરપદાર્થોની સ્પૃહાનો અન્ત લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

શ્લોકના બીજા પાદથી સુખનું વાસ્તવિક લક્ષણ જણાવ્યું છે. પુણ્યથી પ્રાપ્ત થનારા અનુકૂળ વિષયોની પ્રાપ્તિ કે અનુભૂતિમાં પરમાર્થથી સુખ નથી. પરન્તુ વિષયોની સ્પૃહાના અભાવમાં સુખ છે. અત્યાર સુધી અનન્તીવાર આપણે વિષયોના ઉપભોગથી સુખને પ્રાપ્ત કરવા માટે ચિકાર પ્રયત્નો કર્યા છે. પરન્તુ હજુ સુધી આપણી ઈચ્છા મુજબનું સુખ આપણને મળ્યું નથી : એ નક્કર હકીકત છે. ઉત્કટ પ્રયત્ન હોવા છતાં આપણે ઈષ્ટ વસ્તુ મેળવી ના શકીએ તો માનવું જ પડે કે આપણે જે ઉપાય સેવીએ છીએ તે ઉપાય વાસ્તવિક નથી. આપણા ઈષ્ટનો વાસ્તવિક ઉપાય આ શ્લોકમાં જણાવ્યો છે. સ્પૃહાનો અભાવ જ સુખની પ્રાપ્તિનો ઉપાય છે. સુખ આત્માનો ગુણ છે. કર્મના ઉદયથી પ્રાપ્ત થનારું સુખ ઔદયિકભાવનું છે. એ આત્માનો ગુણ નથી. કર્મયોગે પ્રાપ્ત થતું સુખ વાસ્તવિક રીતે દુઃખસ્વરૂપ છે. એની સ્પૃહાનો નાશ થયે છતે આત્માને પરમ સુખનો અનુભવ થાય છે. ઘણાની ફરિયાદ છે કે વિષયોના ઉપભોગથી જેમ સુખનો અનુભવ થાય છે તેમ આત્મિક સુખનો અનુભવ ક્યાં થાય છે ? પણ એ ફરિયાદ સાચી નથી. આપણા જીવનમાં દરરોજ ઓછાવધતા પ્રમાણમાં આપણે આત્મિક સુખનો અનુભવ કરી જ રહ્યા છીએ. આપણે એ ધ્યાનમાં લેતા નથી, એટલે આપણને એની જાણ થતી નથી. દુનિયાની દૃષ્ટિએ આપણે જે વિષયસુખો અનુભવીએ છીએ તે અત્યન્ત તુચ્છ અને અલ્પ છે. છતાં દુનિયાની અપેક્ષાએ આપણે વધારે સુખી છીએ. એ સુખ વિષયોના ઉપભોગનું નથી. પરન્તુ સન્તોષના ઘરનું અને 'નથી જોઈતું' એ અધ્યવસાયના ઘરનું છે. આ જ તો આત્મિક સુખ છે. જેટલા અંશમાં સુખનો અનુભવ થાય છે તેટલા અંશમાં વિષયસુખની ઈચ્છાનો

અભાવ છે - એ સ્પષ્ટ છે. 'મળ્યું છે, એનો આનંદ જ નથી. નથી જોઈતું : એનો જ આનંદ છે.' બાકી તો આપણી પાસે જે પણ સુખની સામગ્રી છે એમાંની આપણને ગમે એવી કઈ વસ્તુ છે ? આપણે રાખી લઈએ, નભાવી લઈએ કે વાપરી લઈએ- એ જુદી વાત છે. એનો અર્થ એ નથી કે એ આપણા સુખનું કારણ છે.

અન્તે આત્માના વાસ્તવિક સુખના અંશને ધ્યાનમાં લઈને આત્માના પૂર્ણ સુખનો અનુભવ કરવા માટે નિઃસ્પૃહ બનવા પ્રયત્નશીલ બની રહીએ એ જ શુભાભિલાષા.

**॥ इति श्रीज्ञानसारप्रकरणे द्वादशं निःस्पृहाष्टकम् ॥**

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे त्रयोदशं मौनाष्टकम् ।

## १३

આ પૂર્વે નિઃસ્પૃહાષ્ટકમાં પરસ્પૃહાને મહાદુઃખ સ્વરૂપ અને નિઃસ્પૃહતાને મહાસુખરૂપે વર્ણવી છે. પૌદ્ગલિક સુખની સામગ્રીના અભાવમાં અને તે સામગ્રીની પ્રાપ્તિમાં દુઃખ અને સુખને માનીને તેને મેળવવા માટે આપણે પ્રયત્ન કરતા હોઈએ છીએ. તે વસ્તુતઃ મિથ્યાત્વનો પરિણામ છે. તેને દૂર કરવા માટે સમ્યક્ત્વનો પરિણામ પ્રાપ્ત કરવો જોઈએ. તેથી સમ્યક્ત્વના વાસ્તવિક પરિણામનું સ્વરૂપ, આ અષ્ટકથી વર્ણવાય છે :

**मन्यते यो जगत्तत्त्वं, स मुनिः परिकीर्त्तितः ।**
**सम्यक्त्वमेव तन्मौनं, मौनं सम्यक्त्वमेव च ॥१३-१॥**

''જગતના વાસ્તવિક સ્વરૂપને જે માને છે, તે મુનિ છે. તેથી સમ્યક્ત્વ જ મુનિપણું છે અને મુનિપણું સમ્યક્ત્વ જ છે.'' આશય એ છે કે પૂર્વે જણાવેલી નિઃસ્પૃહતા વાસ્તવિક રીતે પૂ. મુનિભગવન્તોને પ્રાપ્ત થતી હોય છે. તેથી નિઃસ્પૃહતાનું વર્ણન કર્યા પછી મુનિપણાનું વર્ણન કરાય છે. જેમને પરસ્પૃહા મહાદુઃખ છે અને નિઃસ્પૃહતા પરમસુખ છે - એનો બોધ થયો છે, એવા મહાત્માઓને આત્મા અને તેના ગુણોને છોડીને સમગ્ર પર પદાર્થો સ્વરૂપ જગત અનુપાદેય જણાય છે. જગતનું એ સ્વરૂપ જ વાસ્તવિક છે. સ્વપરના વિવેકથી પૂર્ણ એવા જ્ઞાન વડે મુનિભગવન્તો સકલ જગતને પર સ્વરૂપે જુએ છે. તેથી તદ્દન જ નિરર્થક એવા પરપદાર્થોની તેમને સહેજ પણ સ્પૃહા થતી નથી. થોડી પણ પરપદાર્થોની સ્પૃહા થાય તો સમજી લેવું જોઈએ કે હજુ જગતનું વાસ્તવિક જ્ઞાન થયું નથી.

''આ સુખનું સાધન છે અને આ દુઃખનું સાધન છે.'' ''આ અનુકૂળ છે અને આ પ્રતિકૂળ છે.'' ''આ ઈષ્ટ છે અને આ અનિષ્ટ છે'' ... ઇત્યાદિ સ્વરૂપે જગતને આપણે જાણીએ છીએ. પરન્તુ વસ્તુતઃ એ જગતના તત્ત્વનું જ્ઞાન નથી. 'આત્મા અને આત્મગુણોને છોડીને સમગ્ર જગત પર છે.' 'જગતના કોઈ પણ પદાર્થો આત્મસ્વરૂપના સાધક પણ નથી અને બાધક પણ નથી.' ... ઇત્યાદિ સ્વરૂપે જગતને જાણી લેવાથી જગત્તત્ત્વનું જ્ઞાન થાય છે.

એવું જ્ઞાન થયેલું હોવાથી અને તેથી જ દૃઢ શ્રદ્ધા પ્રાપ્ત થવાથી પૂ. મુનિભગવન્તો જગતના સઘળાય પરપદાર્થોની સ્પૃહાથી રહિત હોય છે. આથી જ્ઞાન દર્શન અને ચારિત્રનું ઐક્ય મુનિપણામાં છે. ચોથા ગુણસ્થાનકે વ્યવહારનયની અપેક્ષાએ જ્ઞાન દર્શન હોવા છતાં અવિરતિના કારણે ચારિત્ર નથી. જાણકાર હોય અને શ્રદ્ધાળુ હોય પરન્તુ આચરે નહિ, તો જ્ઞાન અને દર્શન હોવા છતાં ન હોવા બરાબર છે. તે અપેક્ષાએ નિશ્ચયનયની દૃષ્ટિએ જ્ઞાન અને દર્શન ચારિત્રવન્ત પૂ. મુનિભગવન્તને જ હોય છે. "મૌન(મુનિપણું)સ્વરૂપ જ સમ્યક્ત્વ છે અને સમ્યક્ત્વસ્વરૂપ જ મુનિપણું છે... - આ વાત નિશ્ચયનયની દૃષ્ટિએ સમજી શકાય છે. જે કારણથી તેનું પોતાનું કાર્ય ન થાય તો તેને કારણ માનવાનું કોઈ જ કારણ નથી - એ સુપ્રસિદ્ધ છે. શ્રી આચારાંગસૂત્રમાં જણાવેલી એ વાત ખૂબ જ સ્પષ્ટ છે. દરરોજના વ્યવહારમાં આપણે નકામી વસ્તુને વસ્તુ નથી જ માનતા. પરન્તુ ધર્મના વિષયમાં એ પ્રમાણે માનવાનું બનતું નથી. કરેલા ધર્મનું તે તે ફળ ન પણ મળે તો ય આપણને ધર્મ કર્યાનો આનંદ હોય છે. દુનિયાનું કોઈ એવું ક્ષેત્ર નથી કે ફળ ન મળે તો ય કાર્ય કર્યાનો આનંદ થાય. એક ધર્મનું ક્ષેત્ર એવું છે કે પ્રાયઃ ફળના અભાવમાં પણ કાર્ય કર્યાનો આનંદ ત્યાં અનુભવાય છે. આવી વિષમસ્થિતિનું મુખ્ય કારણ એ છે કે લૌકિક ફળની ઈચ્છા જેટલી ઉત્કટ છે, એટલી ઈચ્છા લોકોત્તર ફળની નથી. ફળના અર્થીપણાના અભાવમાં ફળની અપ્રાપ્તિનું દુઃખ કઈ રીતે અનુભવાય ?

ઉપર જણાવ્યા મુજબ સમ્યગ્દર્શનસ્વરૂપ મુનિનું મુનિપણું છે. હવે તે સમ્યગ્જ્ઞાનસ્વરૂપ છે-એ જણાવાય છે :

**आत्मात्मन्येव यच्छुद्धं, जानात्यात्मानमात्मना ।**
**सेयं रत्नत्रये ज्ञप्ति-रुच्याचारैकता मुनेः ॥१३-२॥**

"આત્મા, આત્મા વડે આત્મામાં આત્માને જે શુદ્ધરૂપે જાણે છે, તે જ્ઞાન રુચિ અને આચારની એકતા રત્નત્રયીમાં મુનિને છે." - આશય એ છે કે આત્મા પોતાના જ્ઞાનાદિ ગુણોનો કર્ત્તા અને જ્ઞાતા વગેરે સ્વરૂપ છે. આત્મા અને જ્ઞાનાદિ ગુણો કથંચિદ્ અભિન્ન છે. તે ગુણો આમ તો સહભાવી છે, પરન્તુ તે તે ગુણોની તે તે અવસ્થાને લઈને તે તે ગુણો કાર્યરૂપ મનાય છે. તેનો કર્ત્તા કે જ્ઞાતા વગેરે આત્મા જ છે. આત્માને છોડીને જ્ઞાનાદિ ગુણોનો કોઈ કર્ત્તા નથી, તેમ જ જ્ઞાનાદિ ગુણોને છોડીને બીજા કોઈના પણ ગુણોનો આત્મા કર્ત્તા નથી. જેમ માટી ઘટાદિસ્વરૂપે

પરિણમે છે અને પટાદિ સ્વરૂપે પરિણમતી નથી તેથી ઘટનું કારણ માટી છે અને માટીનું કાર્ય ઘટ વગેરે છે. પરન્તુ ઘટાદિનું કારણ તન્તુ વગેરે નથી અને તન્તુ વગેરેનું કાર્ય ઘટાદિ નથી. તેમ અહીં જ્ઞાનાદિનો કર્ત્તા આત્મા છે અને આત્માનું કાર્ય જ્ઞાનાદિ છે. જ્ઞાનાદિ સ્વગુણોને છોડીને પુદ્ગલાદિ દ્રવ્યોના ગુણોનો (રૂપાદિનો) કર્ત્તા, આત્માને માનવામાં આવે તો તે પુદ્ગલાદિસ્વરૂપે પરિણમે અને તેથી તેમાં અચેતનતાદિને માનવાનો પ્રસંગ આવે. આથી સમજી શકાશે કે આત્મા સ્વભાવોનો જ કર્ત્તા વગેરે છે. પરન્તુ પરભાવોનો તે ર્ક્તા વગેરે નથી.

આવી જ રીતે આત્મા કર્માદિ કારક સ્વરૂપે પણ છે. કારણ કે પરપદાર્થોને કર્માદિ સ્વરૂપે આત્મા ગ્રહણ કરે તો તે તે સ્વરૂપમાં આત્માનું પરિણમન થાય, જે ઈષ્ટ નથી. સ્વભાવનું પરિવર્તન કારણસહસ્રથી પણ શક્ય નહિ બને. સ્વભાવોની અપેક્ષાએ જ આત્મામાં કર્મત્વ કરણત્વ વગેરે ભાવો ઘટે છે. પરભાવોની અપેક્ષાએ તેમાં જણાવાતા તે તે ભાવો વાસ્તવિક નથી, વૈભાવિક છે.(ઔપાધિક છે.) વ્યવહાર નયની અપેક્ષાએ તે પ્રમાણે જણાવાય છે. નિશ્ચયથી તો આત્મા સ્વભાવોનો જ કર્ત્તા વગેરે છે. કોઈ પણ દ્રવ્ય સ્વસ્વભાવોનું જ કારણ બને, અન્યથા કાર્યકારણભાવની વ્યવસ્થા નહિ રહે. નિમિત્ત ગમે તે બને પરન્તુ ઉપાદાન(પરિણામી કારણ) સ્વદ્રવ્ય જ બને, પરદ્રવ્ય ન બને. ચેતન એવો આત્મા જડ એવાં પુદ્ગલાદિદ્રવ્યોનો કર્ત્તા વગેરે ન જ બને, એ સ્પષ્ટ છે.

આ આશયથી અહીં જણાવ્યું છે કે આત્મામાં જ આત્મા વડે શુદ્ધ આત્માને (અધિકરણ, કરણ અને કર્મ સ્વરૂપ આત્મા જ અહીં જણાવ્યો છે.) જે આત્મા (કર્ત્તા) જાણે છે તે જાણવાની પ્રવૃત્તિ જ અહીં મુનિની રત્નત્રયીની આરાધનાને વિશે આચારની સાથે જ્ઞાનદર્શનની એકતા છે. આ આત્મા ચેતન જીવ સ્વરૂપ કર્ત્તા છે. જ્ઞાન અને વીર્ય તેનું સ્વરૂપ છે, જે આત્માથી અભિન્ન છે. આ આત્મસ્વરૂપ જ્ઞાનવીર્ય જાણવા માટેનું કરણ (અસાધારણ કારણ) છે. અસ્તિત્વ વસ્તુત્વ દ્રવ્યત્વ સત્ત્વ અને પ્રમેયત્વ વગેરે અનન્તધર્મથી યુક્ત અને કાર્યરૂપને પ્રાપ્ત કરેલા આત્માને શુદ્ધ સ્વરૂપે આત્મા જાણે છે. અર્થાદ્ આત્મા જ આત્માને જાણે છે અને તે પણ અનન્તગુણપર્યાયના આધારભૂત આત્માને વિશે જાણે છે.

કહેવાનો આશય એ છે કે પૂ. મુનિભગવન્તો નિઃસ્પૃહ હોવાથી જ તેઓશ્રી શરીરાદિ પરદ્રવ્યોને કે તેના ધર્મોનો વિચાર કરતા નથી. ''આત્મા અને તેના ગુણોને

છોડીને બીજા કોઈ પણ પદાર્થો આત્માના મોક્ષના કારણ નથી-'' આ વાતનો પૂ. મુનિમહાત્માઓ સતત ઉપયોગ રાખે છે. તેથી તેઓશ્રી આત્મારૂપે જ જુએ છે, આત્મામાં જ જુએ છે, આત્માને જ જુએ છે, આત્મા વડે જ જુએ છે. તેથી સાધક, સાધ્ય, સાધન અને સાધનાનો આધાર પણ આત્મસ્વરૂપ જ છે. આ રીતે જ્ઞાન દર્શન અને ચારિત્ર-આચાર, એ ત્રણનો વિષય એક જ થવાથી એ ત્રણે ય એકરૂપ થાય છે. એ જોતાં આપણી સાધના ખૂબ જ વિચિત્ર છે. આત્માના સ્થાને શરીરનો પ્રયોગ કરવાથી આપણી સાધનાનો બરાબર ખ્યાલ આવશે. 'શરીરમાં શરીર વડે શરીરને જ શરીર જુએ છે.' - એમ સ્પષ્ટ દેખી શકાય છે. આત્માનું ભાન તો લગભગ વીસરાયું છે. આપણામાં આપણા વડે આપણી જાતને આપણે જ જોવાની છે - એ પ્રમાણે જોવાથી જ પૂ. મુનિભગવન્તો જ્ઞાન દર્શન અને ચારિત્રની એકતાને સાધી શકે છે. તેઓશ્રીનું મુનિપણું જ એ છે. મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમની એકતાને લઈને પૌદ્ગલિક સુખને જ સુખરૂપે માનીને, જાણીને અને તેને પ્રાપ્ત કરવા માટે પ્રવૃત્તિ કરીને આપણે અનન્તકાળ વિતાવ્યો છે. ગ્રીષ્મકાળમાં તાવથી પીડાતા આત્માને જેમ માટીનો લેપ કરાય છે તેમ કર્મપુદ્ગલોથી લેપાયેલા આપણને તત્ત્વનો બોધ પ્રાપ્ત થયો નહિ. મિથ્યાત્વ અજ્ઞાન અને અસંયમની એકતાને દૂર કર્યા વિના તત્ત્વનો બોધ થાય એવો નથી. પૂ. મુનિભગવન્તોનું મુનિપણું દર્શન જ્ઞાન અને ચારિત્રની એકતા સ્વરૂપ છે, તે જણાવીને હવે ચારિત્ર, જ્ઞાનદર્શનસ્વરૂપ છે - તે જણાવાય છે :

**चारित्रमात्मचरणाद्, ज्ञानं वा दर्शनं मुनेः ।**
**शुद्धज्ञाननये साध्यं क्रियालाभात् क्रियानये ॥१३-३॥**

''આત્મામાં રમણતા (ચરણ) કરવાથી તે વખતે પરપ્રવૃત્તિનો ત્યાગ થવાથી તેને અર્થાદ્ આત્મરમણતાને ચારિત્ર કહેવાય છે, જે મુનિભગવન્તોને જ્ઞાન દર્શન સ્વરૂપ હોય છે. શુદ્ધજ્ઞાનનયની અપેક્ષાએ તે સાધ્ય બને છે. ક્રિયાનયની અપેક્ષાએ તે ક્રિયાના લાભથી સાધ્ય છે.'' - આશય એ છે કે પરપ્રવૃત્તિનો ત્યાગ કર્યા વિના આત્મરમણતા શક્ય નથી. ઈષ્ટ પૌદ્ગલિક પર પદાર્થોને ગ્રહણ કરવાની પ્રવૃત્તિ અને અનિષ્ટ એવા પૌદ્ગલિક પદાર્થોનો પરિહાર કરવાની પ્રવૃત્તિને સામાન્યથી પરપ્રવૃત્તિ કહેવાય છે. જ્યાં સુધી એનો ત્યાગ કરવામાં ન આવે ત્યાં સુધી આત્મામાં ચરવાનું (ચરણ) અર્થાદ્ રમવાનું શક્ય નહિ બને. પરપ્રવૃત્તિ, સ્વપ્રવૃત્તિ જ થવા દેતી નથી, તો પછી રમણતાની તો વાત ક્યાંથી હોય ? બહારથી ગમે તેવી શુભ પ્રવૃત્તિ કે

અશુભની નિવૃત્તિ જણાતી હોય તોપણ આત્મરમણતાનો અનુભવ થતો ન હોય તો તે બાહ્ય પ્રવૃત્તિનિવૃત્તિ વાસ્તવિક રીતે ચારિત્ર નહીં બને. વાસ્તવિક ચારિત્ર આત્મરમણતા સ્વરૂપ છે, જે આત્મસ્વરૂપના અવબોધથી અભિન્ન છે.

આત્માના શુદ્ધ-સ્વભાવસિદ્ધ સ્વરૂપનો અવબોધ (અનુભવાત્મક બોધ) થાય તો પરપદાર્થોમય સમગ્ર વિશ્વ, તુચ્છ લાગ્યા વિના નહિ રહે. જે આપણું સ્વરૂપ નથી અને જે આપણા માટે સર્વથા નકામું છે - એવા પરપદાર્થોથી સમગ્ર વિશ્વ પરિપૂર્ણ છે. આપણું પોતાનું (આત્માનું) સ્વરૂપ ક્યારે પણ નાશ પામતું નથી અને બીજે ક્યાંય જતું નથી. સદાને માટે તે આપણામાં જ છે. પરપદાર્થો સ્વરૂપ આપણે નથી તેમ જ તે આપણા કામના પણ નથી. આપણને આપણું જ કામ લાગે છે. ગમે તેટલું પરપદાર્થોનું સ્વરૂપ સારું હોય પરન્તુ તે આપણાથી ભિન્ન હોવાથી આપણા કામનું નથી... ઇત્યાદિ પ્રકારે જે આત્માનો અવબોધ છે, તેને જ્ઞાન કહેવાય છે.

'પોતાના અસંખ્યાત પ્રદેશમાં વ્યાપકસ્વરૂપે સહજપણે રહેલા અનન્તજ્ઞાનાદિ પર્યાયવાળો હું છું. મારું બીજું કોઈ સ્વરૂપ નથી.' - આ પ્રમાણે આત્માનો જે નિર્ણય છે, તેને દર્શન કહેવાય છે. આથી સ્પષ્ટ છે કે આત્મા જ્ઞાન અને દર્શન સ્વરૂપ બે ઉપયોગમય છે. આત્માથી અભિન્ન દર્શન અને જ્ઞાન છે. તેનાથી અભિન્ન ચારિત્ર છે. શુદ્ધજ્ઞાનની મુખ્યતાની અપેક્ષાએ વિચારીએ તો ચારિત્રની સિદ્ધિ, શુદ્ધ જ્ઞાનથી જ થાય છે. ક્રિયાની મુખ્યતાએ વિચારીએ તો શરૂઆતની અવસ્થામાં ક્રિયાનો લાભ થવાથી ચારિત્રની સિદ્ધિ થાય છે. જોકે ક્રિયાની પ્રાપ્તિ થયા પછી પણ ચારિત્રની સિદ્ધિ તો શુદ્ધજ્ઞાનથી જ થાય છે. અશુદ્ધજ્ઞાનથી ચારિત્રની સિદ્ધિ થતી નથી - એ સ્પષ્ટ રીતે જણાવાય છે :

**यतः प्रवृत्ति र्न मणौ, लभ्यते वा न तत्फलम् ।**
**अतात्त्विकी मणिज्ञप्ति, र्मणिश्रद्धा च सा यथा ॥१३-४॥**

''જેથી મણિને વિશે પ્રવૃત્તિ થતી નથી અથવા મણિથી પ્રાપ્ત થતું ફળ મળતું નથી, તો તે જેમ વાસ્તવિક રીતે મણિનું જ્ઞાન પણ નથી અને મણિની શ્રદ્ધા પણ નથી.'' આશય એ છે કે જ્ઞાનનું ફળ શ્રદ્ધા છે, શ્રદ્ધાનું ફળ તેના વિષયમાં પ્રવૃત્તિ છે અને પ્રવૃત્તિનું ફળ છે તેના ઉદ્દેશની સિદ્ધિ. જે કોઈ પણ વસ્તુનું આપણને જ્ઞાન હોય અને તે વસ્તુની શ્રદ્ધા હોય તો તેને મેળવવાની પ્રવૃત્તિ અવશ્ય આપણે કરતા

હોઈએ છીએ. તેનાથી પ્રાપ્ત થનારા ફળને પણ આપણે મેળવતા હોઈએ છીએ. પરન્તુ જો એવી કોઈ પ્રવૃત્તિ આપણે કરતા ન હોઈએ અથવા તો તેના ફળની સિદ્ધિ આપણને મળતી ન હોય તો માનવું પડે કે તે વસ્તુનું વાસ્તવિક જ્ઞાન આપણને નથી, તેમ જ તેની શ્રદ્ધા પણ આપણને વાસ્તવિક નથી. આ વાતને જ અહીં દૃષ્ટાન્તથી જણાવી છે.

જે માણસને મણિનું જ્ઞાન જ નથી અથવા જે મણિ નથી એવા કાચ વગેરેમાં જ જેને મણિ તરીકેનું જ્ઞાન(વિપર્યય-ભ્રમ) છે તેવો માણસ મણિના વિષયમાં પ્રવૃત્તિ કરતો નથી તેમ જ મણિના વિક્રય વગેરેથી પ્રાપ્ત થતા ધન કે શરીરની શોભા વગેરે સ્વરૂપ ફળને પણ પામતો નથી. કારણ કે તેને મણિનું વાસ્તવિક જ્ઞાન જ નથી. તેથી તેને તેની શ્રદ્ધા પણ નથી. 'આવી જ રીતે જે આત્માને આત્માની વાસ્તવિક જ્ઞપ્તિ (જ્ઞાન) કે શ્રદ્ધા ન હોય તેને ચારિત્રની પ્રાપ્તિ થતી નથી.' - આ વાતને જ જણાવાય છે :

**तथा यतो न शुद्धात्मस्वभावाचरणं भवेत् ।**
**फलं दोषनिवृत्ति र्वा न तज्ज्ञानं न दर्शनम् ॥१३-५॥**

''તેમ જેનાથી શુદ્ધાત્માના સ્વભાવમાં રમણતા ન થાય અથવા દોષની નિવૃત્તિ સ્વરૂપ ફળની સિદ્ધિ ન થાય તે જ્ઞાન પણ નથી અને દર્શન-શ્રદ્ધા પણ નથી.'' - દૃષ્ટાન્તમાં (શ્લો. નં. ૪માં) જણાવ્યા મુજબ મણિથી ઝેર દૂર કરવા વગેરેની પ્રવૃત્તિ ન થાય અથવા તો તેના ફળની પ્રાપ્તિ ન થાય તો જેમ મણિનું જ્ઞાન અને શ્રદ્ધા તાત્ત્વિક નથી તેમ શુદ્ધ આત્મસ્વભાવનું આચરણ ન હોય તો તે આત્મજ્ઞાન અને આત્મદર્શન તાત્ત્વિક રીતે આત્મજ્ઞાન અને આત્મદર્શન નથી.

'આત્મા અને તેના ગુણો જ્ઞાનાદિને છોડીને અન્ય શરીરાદિ પર પદાર્થોથી હું ભિન્ન છું'.... ઇત્યાદિરૂપે જે આત્માનો નિશ્ચય છે - તે દર્શન છે. તત્ત્વ-સ્વપરતત્ત્વનો જે વિવેકપૂર્ણ અવબોધ છે, તે જ્ઞાન છે અને તે બંન્નેથી શુદ્ધ અર્થાત્ પરભાવથી રહિત એવા આત્મસ્વભાવમાં જે આચરણ-રમણતા છે તે ચારિત્ર છે. એ ત્રણની જે એકતા (અભેદ) છે તે મૌન છે. આત્મસ્વરૂપના અજ્ઞાનને લઈને આત્માને પરપદાર્થોમાં જ રમવાનું બન્યું હતું, જે સકલ દુઃખનું મૂળ છે. આત્માના એ અજ્ઞાનનો નાશ આત્મજ્ઞાનથી જ શક્ય છે. આત્મજ્ઞાનથી રહિત પરપદાર્થોનું ગમે તેટલું જ્ઞાન હોય

તોપણ તે આત્માના દુઃખને દૂર કરી શકતું નથી. તેથી આત્મજ્ઞાનને જ પ્રાપ્ત કરવા માટે યત્ન કરવો જોઈએ તે જણાવાય છે :

**यथा शोफस्य पुष्टत्वं, यथा वा वध्यमण्डनम् ।**
**तथा जानन् भवोन्मादमात्मतृप्तो मुनिर्भवेत् ॥१३-६॥**

''સોજાની પુષ્ટિની જેમ અને વધ કરવા માટે લઈ જવાતા માણસના અલંકારની જેમ ભવના ઉન્માદને જાણતા મુનિ આત્મામાં તૃપ્ત બને.'' - આશય એ છે કે શરીરમાં સોજા આવવાથી શરીર સ્થૂલ-પુષ્ટ બનેલું દેખાય છે, પરન્તુ તેવી પુષ્ટતા રોગના ઘરની હોવાથી તેને કોઈ ઈચ્છતું નથી. આવી જ રીતે જે માણસને વધ કરવા માટે લઈ જવાય છે ત્યારે તેને કણેરની માલા વગેરે પહેરાવવામાં આવે છે. પરન્તુ તે શણગાર મરણ માટેના હોવાથી તેને પણ કોઈ ઈચ્છતું નથી. સોજાને લઈને આવતી પુષ્ટતા અને વધને કારણે પ્રાપ્ત થનારી વિભૂષાના જેવો આ ભવનો ઉન્માદ-આનંદ છે.

સામાન્ય રીતે માદક દ્રવ્યના પરિસેવનથી અનુભવાતો જે આનંદ છે, તેને ઉન્માદ કહેવાય છે. ક્ષણ માટે આનંદનો અનુભવ કર્યા પછી વિપાકસ્વરૂપે અનેક પ્રકારની યાતનાઓ જ, માદક દ્રવ્યોના પરિસેવનથી અનુભવવી પડતી હોય છે. સંસારમાં ગમે તેટલી અનુકૂળતા મળે તોપણ તેના વિપાકસ્વરૂપે અન્તે તો અનેક પ્રકારની યાતનાઓ જ વેઠવી પડતી હોય છે. તેથી સોજાની પુષ્ટતાની જેમ અને વધ્યના મંડનની જેમ અત્યન્ત તુચ્છ એવા ભવના ઉન્માદને પૂ. મુનિભગવન્તો જાણે છે અને તે કારણે તેઓશ્રી આત્મજ્ઞાનમાં તૃપ્તિનો અનુભવ કરે છે. સમસ્ત સંસાર પરભાવ સ્વરૂપ છે. તેમાં આનંદનો અનુભવ કરનારા ઉન્માદભાવને પામેલા છે. પૂ. મુનિભગવન્તો પરભાવના ત્યાગી છે. તેથી માત્ર તેઓ આત્મસ્વરૂપના જ ભોક્તા છે. આ જ તેઓશ્રીનું મૌન છે.

મુનિપણાના ભાવ સ્વરૂપ એ મૌન ઉત્તમોત્તમ છે. તેથી વાસ્તવિક જ આ મૌનનું અહીં વર્ણન કર્યું છે. વચન નહિ બોલવા સ્વરૂપ સુપ્રસિદ્ધ મૌન તો અનન્તીવાર પ્રાપ્ત કર્યું હોવાથી દુર્લભ નથી - એ જણાવાય છે :

**सुलभं वागनुच्चारं, मौनमेकेन्द्रियेष्वपि ।**
**पुद्गलेष्वप्रवृत्तिस्तु योगानां मौनमुत्तमम् ॥१३-७॥**

''વચનના ઉચ્ચારણના અભાવ સ્વરૂપ મૌન તો એકેન્દ્રિયપણામાં પણ સુલભ છે. મનવચનકાયાના યોગોની પુદ્ગલોને વિશે જે પ્રવૃત્તિનો અભાવ છે, તત્સ્વરૂપ મૌન ઉત્તમ છે.'' - આશય એ છે કે નહિ બોલવાની પ્રવૃત્તિ સ્વરૂપ મૌન સુપ્રસિદ્ધ છે. લોકમાં મૌન તરીકે એને જ મનાય છે. પરન્તુ જેમને માત્ર સ્પર્શનેન્દ્રિય જ પ્રાપ્ત થઈ છે, એવા એકેન્દ્રિય જીવોને એવા પ્રકારનું મૌન નિસર્ગથી જ પ્રાપ્ત થયેલું હોય છે. રસનેન્દ્રિયનો અભાવ હોવાથી તેઓ સદા બોલી શકે એમ નથી. તેથી આવું મૌન તો જીવોને ખૂબ જ સુલભ છે. પરન્તુ તેથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

આત્મસ્વરૂપના આવિર્ભાવ માટે, મન-વચન-કાયાના યોગોની પ્રવૃત્તિ(જે પુદ્ગલોમાં થાય છે તે)ને દૂર કર્યા વિના ચાલે એવું નથી. પુદ્ગલોમાં તેવા પ્રકારના યોગોની પ્રવૃત્તિનો જે અભાવ છે તે જ મૌન પારમાર્થિક છે. વર્ણ ગન્ધ રસ અને સ્પર્શ જેમાં છે - એને પુદ્ગલ કહેવાય છે. મનગમતાં પુદ્ગલોને ગ્રહણ કરવા સ્વરૂપ પ્રવૃત્તિને વિશે અને અણગમતાં પુદ્ગલોને દૂર કરવા સ્વરૂપ નિવૃત્તિને વિશે મન-વચન-કાયાના યોગોની પ્રવૃત્તિ સતત ચાલતી હોય છે, જે સંસારમાં પરિભ્રમણ માટેનું મુખ્ય કારણ છે. તેને રોકવા માટે જ મુનિપણું - મૌન છે. માત્ર બોલવાની પ્રવૃત્તિ રોકવાથી વસ્તુતઃ કશું જ બંધ થતું નથી. મન તો નિરન્તર પુદ્ગલનું ગ્રહણ કરતું જ રહે છે. આત્મા અને તેના ગુણોના વિષયમાં મનવચનકાયાની પ્રવૃત્તિ ચાલતી હોય તોપણ તે પારમાર્થિક રીતે મૌન છે. પરન્તુ મનવચનકાયાની પ્રવૃત્તિ લગભગ બન્ધ જેવી હોય તોપણ લોકોત્તર દૃષ્ટિએ તે મૌન નથી - એ સમજી શકાય છે. ક્રિયા પ્રવર્ત્તતી હોય તોપણ મૌન છે - તે જણાવાય છે :

**ज्योतिर्मयीव दीपस्य, क्रिया सर्वाऽपि चिन्मयी ।**
***यस्यानन्यस्वभावस्य, तस्य मौनमनुत्तरम् ॥१३-८॥***

''દીપકની પ્રકાશમય ક્રિયાની જેમ, જેમનો અનન્ય (પરભિન્ન) સ્વભાવ છે તેમની બધી જ જ્ઞાનમય ક્રિયા, અનુત્તર કોટિનું મૌન છે.'' - આત્માનો શુદ્ધ સ્વભાવ જ્ઞાનાદિ ગુણ સ્વરૂપ છે. કર્મનાં આવરણોથી આચ્છાદિત થયેલા એ શુદ્ધ સ્વરૂપનો આપણને ખ્યાલ ન હોવાથી એને પ્રગટ કરવાનો આપણને વિચાર પણ આવે નહિ - એ સ્પષ્ટ છે. અનન્તજ્ઞાની હોવા છતાં અનાદિથી આપણી પ્રવૃત્તિ અજ્ઞાનમૂલક જ રહી છે. આનાથી બીજી કોઈ વિટંબણા હોઈ શકે ? જે મહાત્માઓને સદ્ગુરુદેવોના પાવન પરિચયે પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થયું છે, તે મહાત્માઓની દરેક પ્રવૃત્તિ જ્ઞાનમય હોય છે.

દીપકની બળવાની દરેક ક્રિયા જેમ પ્રકાશમય હોય છે, તેમ શુદ્ધાત્માની દરેક ક્રિયા જ્ઞાનમય હોય છે. દીપક નાનો હોય કે મોટો હોય, તેની ઊંચે નીચે આડી અવળી કોઈ પણ થતી ક્રિયા જેમ પ્રકાશમય છે, તેમ આત્માની કોઈ પણ પ્રકારની ક્રિયા જ્ઞાનમય છે. શુદ્ધ આત્મા, પરપદાર્થમાં પ્રવૃત્તિ કરતો નથી. સ્વભાવમાં જ એની બધી પ્રવૃત્તિ થતી હોય છે. તેથી તે બધી જ પ્રવૃત્તિ જ્ઞાનમય છે. પર પ્રવૃત્તિ જડને લઈને છે, જે અજ્ઞાનમૂલક છે. સ્વ અને પરમાં ઐક્ય-અભેદની કલ્પના અજ્ઞાનજન્ય છે. મન, વચન અને કાયા સ્વરૂપ યોગો કર્મજન્ય પર છે. તેના નિરોધ માટેની કોઈ પણ પ્રવૃત્તિ જ્ઞાનમય છે અને તે જ વાસ્તવિક રીતે મૌન છે. માત્ર વચનનો નિરોધ એ મૌન નથી. અન્તે યોગનિરોધ સ્વરૂપ પારમાર્થિક મૌનની પ્રાપ્તિ માટે મન-વચન-કાયાના સામર્થ્યનો ઉપયોગ કરવામાં પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.

**॥ इति श्रीज्ञानसारप्रकरणे त्रयोदशं मौनाष्टकम् ॥**

## अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे चतुर्दशं विद्याष्टकम् ।

## १४

આ પૂર્વે મૌનનું વાસ્તવિક સ્વરૂપ વર્ણવ્યું. તે મૌન યથાર્થ વિદ્યાવન્ત મહાત્માઓને જ પ્રાપ્ત થતું હોય છે. તેથી વિદ્યાનું સ્વરૂપ વર્ણવાય છે :

**नित्यशुच्यात्मताख्यातिरनित्याशुच्यनात्मसु ।**
**अविद्या तत्त्वधीर्विद्या योगाचार्यैः प्रकीर्त्तिता ॥१४-१॥**

"અનિત્ય અશુચિ અને આત્માથી ભિન્ન એવા શરીરાદિમાં અનુક્રમે નિત્યત્વ શુચિત્વ અને આત્મત્વનું જે જ્ઞાન છે તે અવિદ્યા છે. શુદ્ધ આત્મદ્રવ્યમાં નિત્યત્વ શુચિત્વ અને આત્મત્વનું જે જ્ઞાન છે, તે તત્ત્વબુદ્ધિને પતંજલિ વગેરેએ વિદ્યા કહી છે." - કહેવાનું તાત્પર્ય એ છે કે આ પૂર્વેના મૌનાષ્ટકમાં પૂ. મુનિભગવન્તોને જ વાસ્તવિક મૌન હોય છે, તે જણાવ્યું. હવે આ અષ્ટકમાં તેનો સંભવ તેઓશ્રીને કયા કારણે હોય છે, તે જણાવાય છે.

વિદ્યાનું સ્વરૂપ વર્ણવતાં પૂર્વે અવિદ્યાનું સ્વરૂપ વર્ણવવાનું આવશ્યક હોવાથી સર્વપ્રથમ અવિદ્યાનું જ સ્વરૂપ અહીં વર્ણવ્યું છે. એ અવિદ્યાના સ્વરૂપના જ્ઞાનથી વિદ્યાના સ્વરૂપનું જ્ઞાન ખૂબ જ સ્પષ્ટપણે થઈ શકે છે. જ્ઞાન - એ આપણા માટે નવી વસ્તુ નથી. આપણો અનાદિનો સહજ સદાવસ્થિત અને વિશુદ્ધ એવો એ ગુણ છે. પરન્તુ કર્મના આવરણથી ઢંકાયેલ હોવાથી આપણને એનું સહેજ પણ ભાન ન રહ્યું. આવરણના વિગમના કારણે થોડું થોડું જ્યારે પણ ભાન થયું, ત્યારે પૂર્વના મલિન સંસ્કારાદિના કારણે તે અવિદ્યામાં પરિણમ્યું, જેથી પારમાર્થિક મૌનનો પરિચય પણ ન થયો.

આ શરીરાદિ પુદ્ગલ સ્વરૂપ પદાર્થો અનિત્ય છે, અપવિત્ર અને અનાત્મ સ્વરૂપ-જડ છે. એવા પદાર્થને નિત્ય, પવિત્ર અને આત્મ સ્વરૂપ ચેતનરૂપે જાણવાનું કામ અવિદ્યાનું છે. એનાથી તદ્દન વિપરીત રીતે આત્માને જ નિત્ય, પવિત્ર અને આત્મસ્વરૂપે જાણવાનું કાર્ય વિદ્યાનું છે. શરીરાદિ પુદ્ગલોની અનિત્યતા, અપવિત્રતા અને જડતા પ્રત્યક્ષસિદ્ધ છે તેમ જ આત્માની નિત્યતા, પવિત્રતા અને ચેતનતા પણ પ્રતીત છે. આમ છતાં અનાદિકાળના શરીરાદિ પુદ્ગલોના ગાઢ સંસર્ગથી જીવને

શરીરાદિ પરપદાર્થોમાં આત્મસ્વરૂપતાનો અને આત્મીયસ્વરૂપતાનો ખૂબ જ ઉત્કટ ગ્રહ છે, જે અવિદ્યાસ્વરૂપ છે. તેને લઈને અનિત્ય, અશુચિ અને જડ એવા શરીરાદિને વિશે નિત્યતાદિની ખ્યાતિ થાય છે તેમ જ તે અવિદ્યા છે - એનો ખ્યાલ પણ આત્માને આવતો નથી. શરીરાદિને અનુકૂળ બની જાય અને પ્રતિકૂળ ન બને-એટલે આત્મા કૃતકૃત્ય બની ગયો-એમ જ લાગ્યા કરે તે અવિદ્યાની અસર છે. શરીરાદિની પુષ્ટિમાં આત્માની પુષ્ટિ થતી જણાય અને શરીરાદિની ક્ષીણતામાં આત્માની ક્ષીણતા જણાય - તેમાં અવિદ્યા કારણભૂત છે. પૂ. મુનિભગવન્તોને એવી અવિદ્યા હોતી નથી. સમ્યગ્દર્શનાદિના પ્રબળ સામર્થ્યથી તેઓશ્રીને, જડ અને ચેતનનો જે ભેદ છે તેનું સ્પષ્ટપણે વિવેકપૂર્ણ જ્ઞાન છે. તેથી શરીરાદિમાં નિત્યતાદિનો ગ્રહ તેઓશ્રીને થતો નથી. દ્રવ્યની વિવક્ષાથી અને પર્યાયની અવિવક્ષાથી આત્માને વિશે તેઓશ્રીને નિત્યતા, પવિત્રતા અને આત્મતાનો ગ્રહ થાય છે, જે તત્ત્વબુદ્ધિ છે. તેને યોગાચાર્ય પતંજલિ આદિએ 'વિદ્યા' તરીકે વર્ણવી છે.

શરીરાદિ અને આત્માની ભિન્નતાનું જ્ઞાન થયા વિના કોઈ પણ રીતે અવિદ્યાનો નાશ થતો નથી અને વિદ્યાનો પ્રાદુર્ભાવ થતો નથી. 'આજ સુધી કર્મોના બંધનથી જેઓ પણ સર્વથા મુક્ત થયા છે તેમાં આ ભેદજ્ઞાન જ કારણ છે.' - એમ અધ્યાત્મબિન્દુમાં ફરમાવ્યું છે. પૂ. મુનિભગવન્તોને મોહનીયાદિ ઘાતિકર્મોનો ઉદય હોવા છતાં, આ ભેદજ્ઞાન હોવાથી તેઓશ્રીને અવિદ્યા હોતી નથી - આ વાતને જ જણાવાય છે :

**यः पश्येन्नित्यमात्मानमनित्यं परसङ्गमम् ।**
**छलं लब्धुं न शक्नोति, तस्य मोहमलिम्लुचः ।।१४-२।।**

"જેઓ નિત્ય એવા આત્માને દેખે છે અને પરસંયોગને અનિત્ય દેખે છે તેઓના છળને પ્રાપ્ત કરવા માટે મોહરૂપ ચોર સમર્થ થતો નથી." આત્માનું શુદ્ધ સ્વરૂપ અનન્તજ્ઞાનાદિમય છે. આત્માથી ભિન્ન એવા કર્મના યોગે આત્માનું એ સ્વરૂપ આચ્છાદિત હોવા છતાં પર(આત્મભિન્ન)નો - કર્મનો એ સંયોગ અનિત્ય - અધ્રુવ (અસ્થિર) છે, એનો પૂર્ણ ખ્યાલ આત્મજ્ઞાનીને છે જ. તેથી તેઓ નિરન્તર આત્માને નિત્ય - ધ્રુવ અને સ્થિર એક સ્વભાવવાળો દેખે છે અને ગમે તેટલો પરનો સંયોગ અનુકૂળ જણાતો હોય તોપણ તે વિનશ્વર-અનિત્ય છે, એનું સતત ભાન તેમને હોય છે. તેથી તેવા આત્મજ્ઞાની મહાત્માઓને મોહની કોઈ અસર થતી નથી.

શ્લોકમાં મોહને ચોરની ઉપમા આપી છે. ચોરનો સ્વભાવ અને તેની કાર્ય કરવાની પદ્ધતિ આપણે જાણીએ છીએ. સારભૂત વસ્તુઓની ચોરી કરવી : એ એનો સ્વભાવ છે અને સામા માણસના પ્રમાદનો વ્યવસ્થિત રીતે લાભ લઈ લેવાની તેની કાર્યપદ્ધતિ છે. મોહની પણ રીતભાત એવી છે. જ્ઞાનાદિનું હરણ કરવું અને નિદ્રા-વિકથા પ્રમુખ પ્રમાદનો પૂરતો લાભ લઈ લેવો. જેઓ ખરેખર જ અપ્રમત્ત છે, તેમની આગળ મોહનું કાંઈ જ ચાલતું નથી. પરન્તુ જે પ્રમાદપરવશ છે તેમની આગળ મોહ ખૂબ જ બળવાન છે. પ્રમાદને આધીન બનેલાનું ભાન જ્ઞાન અને સાન બધું જ મોહ હરી જાય છે. મોહાધીનતા, ભલભલા જ્ઞાનીઓના ભાનનો નાશ કરતી હોય છે અને એકવાર ભાન જતું રહે, પછી તો જ્ઞાન અને સાન તો એની મેળે જતા રહે છે. એને દૂર કરવા કશું જ કરવાની જરૂર નથી પડતી. ઉપર જણાવ્યા મુજબ આત્માને નિત્ય અનન્તજ્ઞાનાદિ સ્વરૂપે જેઓ નિરન્તર જુએ છે અને કર્માદિ પર પદાર્થના સંયોગને સદાને માટે અનિત્ય અસ્થિર જુએ છે તેમને મોહસ્વરૂપ ચોર કોઈ પણ રીતે છેતરી શકવા માટે સમર્થ બનતો નથી. કારણ કે નિત્ય અપ્રમત્ત સમર્થ જ્ઞાનીઓમાં એવું કોઈ પ્રમાદનું છિદ્ર નથી કે જેમાંથી મોહસ્વરૂપ ચોર પેસી જાય.

આઠ પ્રકારના પ્રમાદમાં એક અજ્ઞાન પણ પ્રમાદ છે. 'આત્મા નિત્ય છે અને શરીરાદિ પુદ્ગલ સ્વરૂપ પરનો સંગ અનિત્ય છે.' – આવા પ્રકારના જ્ઞાનનો અભાવ : એ અજ્ઞાન છે. લોકોને સમજાવવું એ જ્ઞાન નથી, આપણી જાતને સમજાવવું તે જ્ઞાન છે. જગતને સમજાવી શકનારા પણ પોતે સમજી શકતા નથી. આઠ પ્રમાદમાં અજ્ઞાન નામનો પ્રમાદ ભયંકર છે. મોહને છિદ્ર આપવાનું કામ જ આ પ્રમાદ કરે છે. નિદ્રા કે વિકથાદિ પ્રમાદને દૂર કર્યા પછી પણ અજ્ઞાનને દૂર કરવાનું ઘણું જ અઘરું છે. અજ્ઞાનને દૂર કરવાની વાત તો દૂર રહી પરન્તુ 'તે એક પ્રમાદ છે.' – આટલું પણ જો વાસ્તવિક રીતે સમજી લેવાય તોપણ અજ્ઞાનનો નાશ કરવાનો આરંભ થઈ શકે. એ અજ્ઞાનને દૂર કરવાનો ઉપાય જણાવાય છે :

**तरङ्गतरलां लक्ष्मीमायुर्वायुवदस्थिरम् ।**
**अदभ्रधीरनुध्यायेदभ्रवद् भङ्गुरं वपुः ॥१४-३॥**

"નિર્મલબુદ્ધિવાળા મહાત્મા; તરઙ્ગની જેમ ચંચળ એવી લક્ષ્મી છે, આયુષ્ય વાયુની જેમ અસ્થિર છે અને વાદળાની જેમ વિનાશ પામવાના સ્વભાવવાળું શરીર છે - એમ વિચારે." - કહેવાનું તાત્પર્ય એ છે કે અનાદિ-અનન્ત આ સંસારમાં

મિથ્યાત્વ અને અવિરતિ વગેરે કર્મબન્ધનાં કારણોના કારણે આત્માઓ પરિભ્રમણ કરતા રહે છે. વિષયસુખના અર્થી હોવાથી તે સુખને પામવા માટે તેઓ જે કરવું પડે તે કરી લેતા હોય છે.

સામાન્ય રીતે વિષયજન્ય સુખના અનુભવ માટે લક્ષ્મી, આયુષ્ય અને શરીર : આ ત્રણ મહત્ત્વનાં સાધન છે. એ ત્રણમાંથી કોઈ પણ સાધનની ખામી હોય તો એ સુખનો અનુભવ શક્ય નથી. તેથી લક્ષ્મી આદિને મેળવવા માટે, ટકાવવા માટે અને વધારવા માટે વિષયસુખના અર્થીજનો પ્રબળ પુરુષાર્થ કરે છે. આમ છતાં આજ સુધી તેઓ પોતાની ઈચ્છા મુજબનું સુખ મેળવી શક્યા નથી : એ વાત માન્યા વિના ચાલે એવું નથી. જેના માટે આપણે આ રીતે પ્રબળ પુરુષાર્થ કરીએ છીએ, તે વસ્તુતઃ પર પદાર્થ છે અને અનિત્ય છે, એ યાદ રાખવું જોઈએ.

સમુદ્રના તરઙ્ગ જેવી ચપળ લક્ષ્મી છે. સુવિશેષપણે વિચારીએ તો લક્ષ્મીની ચપળતા સમજી શકાય છે. સમુદ્રના તરઙ્ગ, જેમ ક્ષણવારમાં લય પામે છે, તેમ લક્ષ્મીને જતાં વાર લાગતી નથી. પુણ્યથી મળેલી ચીજ પુણ્ય પૂરું થયે જતી રહે - એ સમજી શકાય છે. પુણ્ય કદાચ ટકી રહે, તોપણ આયુષ્ય પૂર્ણ થવાથી, પુણ્યથી મળેલી તે તે ચીજોને છોડીને આપણે જતા રહીએ. આયુષ્ય વાયુની જેમ અસ્થિર છે. વાયુની અસ્થિરતાની જેમ આયુષ્યની અસ્થિરતા ખૂબ જ સ્પષ્ટ છે. માની પણ ન શકાય એવી રીતે જીવો વિદાય થતા હોય છે. ક્ષણ પૂર્વે તો જીવો આપણી પાસે હોય અને બીજી ક્ષણે તો તેઓ પરલોકમાં પહોંચી ગયા હોય એમ જોવા મળે. કઈ રીતે આયુષ્યનો -જીવનનો વિશ્વાસ કરાય ?

લક્ષ્મી અને આયુષ્ય કદાચ મળી જાય પરન્તુ શરીર જ ભંગારજેવું મળે તો વિષયસુખના અનુભવથી રહિત જ બનવું પડે. આકાશમાં ચઢી આવેલાં વાદળો જેમ ક્ષણવારમાં વીખરાઈ જાય છે તેમ શરીરનું આરોગ્ય નાશ પામતાં વાર લાગતી નથી. શ્રી સનત્કુમાર ચક્રવર્તી, શ્રી અનાથી મુનિ અને શ્રી નમિરાજર્ષિ આદિ મહાત્માઓના દૃષ્ટાન્તથી સમજી શકાય છે. વર્ત્તમાનમાં પણ કંઈકિટલાંય દૃષ્ટાન્તો આપણે જોઈ રહ્યા છીએ. સાંજે નીરોગી હોય અને સવારે રોગી બને. સવારે નીરોગી હોય અને સાંજે રોગી હોય - આવું તો ડગલે ને પગલે જોવા મળે છે. આ રીતે લક્ષ્મી, આયુષ્ય અને શરીર સંબન્ધી વિચારણા નિર્મળ બુદ્ધિ વડે કરવામાં આવે તો ચોક્કસ જ અવિદ્યા દૂર થઈ શકે. લક્ષ્મી વગેરે ત્રણને વાસ્તવિક રીતે જો ઓળખી લેવામાં આવે તો તેની

પ્રત્યેનો રાગ ઓછો થાય અને આત્મસ્વરૂપના ભાનની દિશા પ્રાપ્ત થઈ શકે. લક્ષ્મી આયુષ્ય અને શરીર : આ ત્રણમાં શરીરના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું ઘણું જ કઠિન છે. લક્ષ્મીનો ત્યાગ કર્યા પછી પણ શરીર પ્રત્યે ખૂબ જ રાગ થતો હોય તો માનવું પડે કે શરીરની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવ્યો નથી. આપણું આયુષ્ય કેટલું છે એની આપણને ખબર નથી. પરન્તુ લક્ષ્મી અને શરીરને નજરે જોતા હોવાથી તેની રક્ષાદિ માટે આપણે ચિકાર પ્રયત્ન કરતા હોઈએ છીએ. એ પ્રયત્નમાં આત્મતત્ત્વ લગભગ વીસરાય છે અને શરીરને જ આત્મતત્ત્વ માનીને તેને પવિત્ર બનાવવા માટે અનેકવિધ પ્રવૃત્તિઓ આપણે કરીએ છીએ. પરન્તુ અશુચિ (અપવિત્ર) એવા શરીરને પવિત્ર બનાવવાની કે માનવાની વાત અજ્ઞાનમૂલક છે - તે જણાવાય છે :

**शुचिन्यप्यशुचीकर्त्तुं, समर्थेऽशुचिसम्भवे ।**
**देहे जलादिना शौचभ्रमो मूढस्य दारुणः ॥१४-४॥**

''પવિત્ર એવી વસ્તુઓને પણ અપવિત્ર બનાવવા માટે સમર્થ અને અપવિત્ર વસ્તુઓથી બનેલા એવા શરીરને વિશે પાણી વગેરેથી પવિત્રપણાનો મૂઢ જનોનો ભ્રમ અત્યન્ત ભયંકર છે.'' આપણે જાણીએ છીએ કે શરીરની ઉત્પત્તિ કઈ રીતે થઈ છે. જેને જોતા અને જેની વાત કરતાં પણ જુગુપ્સા પેદા થાય એવી અપવિત્ર વસ્તુઓથી બનેલું અને સાત ધાતુ(માંસ લોહી... વગેરે)ઓના પિંડ સ્વરૂપ આ શરીર અશુચિમય છે. ગમે તેવી પવિત્ર કસ્તુરીચંદનાદિ વસ્તુઓથી એને પવિત્ર બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવે તોપણ તે પવિત્ર બનતું નથી. પરન્તુ પોતાના સંપર્કથી પવિત્ર વસ્તુઓને જ તે અપવિત્ર બનાવે છે.

અત્યન્ત મૂલ્યવાળા વસ્ત્ર વિલેપન કે ભોજનાદિને નિર્માલ્ય બનાવવાનું સામર્થ્ય આ શરીરમાં છે. પાણી વગેરે દ્રવ્યોથી એને ગમે તેટલું પવિત્ર કરવા માટે પ્રયત્ન કરવામાં આવે તોપણ તે અપવિત્ર જ રહેવાનું છે. આમ છતાં પાણી કે પવિત્રભૂમિની માટી વગેરેથી શરીર પવિત્ર થાય છે - એવું જે મૂઢ માણસો માનતા હોય છે, તે તેમનો ભયંકર કોટિનો ભ્રમ છે. કારણ કે એવા ભ્રમને લઈને તેઓ અનેક પાપોને આચરીને સંસાર વધારવાનું કામ કરતા હોય છે. શૌચધર્મના નામે વસ્તુતઃ અધર્મનું જ આચરણ થતું હોય છે. માત્ર બાહ્ય આવરણ સાફ થવાથી અંદરની અશુચિ દૂર ન થાય. આન્તરિક અશુદ્ધિને ઢાંકી દેવાથી પવિત્ર બનવાનું શક્ય નથી. ગમે તેટલી મહેનત કરીએ પરન્તુ શરીરનો સ્વભાવ નહિ બદલાય. થોડા સમય માટે આપણને

એમ લાગે કે તે ચોખ્ખું થયું છે. પરન્તુ તે શરીરનો વિભાવ છે, સ્વભાવ નથી. આમ છતાં શરીરને પવિત્ર બનાવીને મનને પવિત્ર બનાવવાની વાત કરનારાની સંખ્યા નાની નથી. પરમાત્માની પૂજાદિ કરતી વખતે તેઓશ્રીની આશાતનાથી બચવા માટે શરીરની શુદ્ધિ કરવામાં આવે છે. મનને પવિત્ર બનાવવા માટે શરીરની શુદ્ધિ આવશ્યક નથી. તેથી શરીરની શુદ્ધિ વિના મનની શુદ્ધિ કઈ રીતે થાય છે - તે જણાવાય છે :

**यः स्नात्वा समताकुण्डे, हित्वा कश्मलजं मलम् ।**
**पुनर्न याति मालिन्यं, सोऽन्तरात्मा परः शुचिः ॥१४-५॥**

"સમતાના કુંડમાં સ્નાન કરીને અને પાપથી ઉત્પન્ન થયેલા કર્મમલનો ત્યાગ કરીને જે ફરીથી મલિન થતો નથી, તે અન્તરાત્મા પવિત્ર છે." આશય એ છે કે સામાન્ય રીતે પરમાત્માથી ભિન્ન, કર્મ સાથેના આત્માને કે ભાવમનને અન્તરાત્મા કહેવાય છે. શરીરાદિ બાહ્યાત્મા છે, તેમાં રહેલો આત્મા અન્તરાત્મા છે, અને કેવલજ્ઞાનાદિ ગુણોનો આવિર્ભાવ જેમાં થયો છે, તે પરમાત્મા છે.

મિથ્યાત્વાદિના કારણે આત્મા મલિન બને છે. અનાદિકાળથી લાગેલા એ કર્મમળને દૂર કરવા માટે સમતાજેવું કોઈ સાધન નથી. આંશિક પણ સમતા આવ્યા વિના આત્મા ઉપરનો કર્મમળ કોઈ પણ રીતે દૂર થતો નથી. અનન્તાનુબન્ધીના પણ કષાય ન જાય તો સમ્યગ્દર્શનની પણ પ્રાપ્તિ થતી નથી. આત્માના સહજસિદ્ધ ગુણોને એ કર્મમળ પ્રગટ થવા દેતો નથી, તે કર્મમળને 'સમતા' દૂર કરે છે. ક્રોધાદિ કષાયોના અભાવને સમતા કહેવાય છે. જળથી ભરેલા કુંડમાં સ્નાન કરવાથી જેમ શરીર ઉપર લાગેલો મેલ ધોવાય છે તેમ સમતાના કુંડમાં સ્નાન કરવાથી, પાપને લઈને ઉત્પન્ન થયેલો કર્મમળ પણ ધોવાય છે. આ રીતે કર્મમળનો વિગમ કર્યા પછી પણ પાપ ચાલુ રહે તો અન્તરાત્માની શુદ્ધિ થતી નથી. અન્તરાત્માને પવિત્ર બનાવવા માટે પાપની પ્રવૃત્તિ રોકવી જોઈએ. કર્મમળનો ત્યાગ અત્યાર સુધી અનન્તીવાર કર્યો છે, પરન્તુ પાપની પ્રવૃત્તિ અવિરતપણે ચાલતી હોવાથી અન્તરાત્માની શુદ્ધિ ના થઈ. પાપની પ્રવૃત્તિને દૂર કરી કર્મના બંધને દૂર કર્યા વિના આત્માને પવિત્ર બનાવવાનું કાર્ય કોઈ પણ રીતે શક્ય નથી. તેથી કર્મબન્ધને દૂર કરવાના ઉપાય તરીકે કર્મબન્ધનું કારણ જણાવાય છે, જેથી તેને દૂર કરી કર્મબન્ધને અટકાવી શકાય :

**आत्मबोधो नवः पाशो, देहगेहधनादिषु ।**
**यः क्षिप्तोऽप्यात्मना तेषु, स्वस्य बन्धाय जायते ॥१४-६॥**

''શરીર, ઘર અને ધન વગેરેને વિશે આત્મા કે આત્મીયપણાનો જે બોધ છે, તે નવા જ પ્રકારનો પાશ(બંધન) છે. કારણ કે આત્માએ તે પાશ શરીરાદિમાં નાંખેલો હોવા છતાં તે, આત્માના પોતાના બંધ માટે થાય છે. શરીરાદિના બંધ માટે થતો નથી.'' સામાન્ય રીતે કોઈ પણ પ્રકારનું બન્ધન આપણે જેની ઉપર નાંખીએ તે બન્ધનથી તે જ બંધાય છે પણ બન્ધન નાંખનાર પોતે બન્ધાતો નથી. અહીં વિચિત્રતા એ છે કે આત્મબોધ સ્વરૂપ બન્ધન ફેંકનાર આત્મા પોતે બન્ધાય છે. તેથી આ એક નવા જ પ્રકારનો પાશ-બન્ધ છે.

કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે જે આત્મા શરીરને આત્મસ્વરૂપ માને છે અને ઘર કે ધન વગેરેને આત્મીય (પોતાના) સ્વરૂપ માને છે, તે આત્માના કર્મબન્ધ માટે થાય છે. શરીર અચેતન છે, વિનાશી છે અને પુદ્ગલાદિસ્વરૂપ છે જ્યારે આત્મા ચેતનાદિસ્વરૂપ છે, તદ્દન જ શરીરથી વિલક્ષણ સ્વરૂપ છે. ઘર કે ધન વગેરે આત્માના ગુણો નથી. જ્ઞાન, દર્શન કે ચારિત્રાદિ આત્માના ગુણો છે. કર્મયોગે આત્માના જ્ઞાનાદિ ગુણો ઢંકાયા છે અને ઘર કે ધન વગેરે મળેલાં છે. અજ્ઞાનવશ આત્મા, પોતાના ગુણોને જોયા વિના કર્મથી વળગેલા શરીર અને ગૃહાદિને સ્વ અને સ્વકીય સ્વરૂપે માન્યા કરે છે, જેથી કર્મનો બંધ થયા જ કરે છે. આત્મા અને તેના ગુણોનું જ્ઞાન ન થાય ત્યાં સુધી કર્મબન્ધને અટકાવવાનું શક્ય નથી. અનાદિના જડ અને ચેતનના સંબન્ધથી એ બંન્નેમાં કોઈ પણ ભેદ જ વર્તાતો નથી. એ બંન્ને એક જ છે- એમ જ લાગ્યા કરે છે. અનાદિના ગાઢ પરિચયથી થયેલું જડ અને ચેતનના અભેદનું જ્ઞાન અનેક દોષોનું નહિ, સર્વ દોષોનું મૂળ છે. જ્યાં સુધી આત્મા અને શરીરાદિમાં રહેલા ભેદનું જ્ઞાન ન થાય ત્યાં સુધી રાગાદિ દોષોથી મુક્ત થવાનું શક્ય નહીં બને. શરીરાદિ જડ દ્રવ્યો અને ચેતનભૂત આત્મદ્રવ્ય પરસ્પર ભિન્ન છે - એમ બોલવું કે માનવું : એ જેટલું સરળ છે, એટલું સરળ એનો અનુભવ કરવાનું નથી. એવો અનુભવ જે રીતે થાય છે - તે જણાવાય છે :

**मिथोयुक्तपदार्थानामसङ्क्रमचमत्क्रिया ।**
**चिन्मात्रपरिणामेन, विदुषैवानुभूयते ॥१४-७॥**

"પરસ્પર જોડાયેલા પદાર્થોના સઙ્ક્રમના અભાવ સ્વરૂપ ચમત્કારને માત્ર જ્ઞાન સ્વરૂપ પરિણામ વડે વિદ્વાન જ અનુભવે છે." - અનાદિકાળથી આત્માને અને કર્મને ખૂબ જ ઘનિષ્ઠ સંબન્ધ છે, જેના યોગે આત્માને અને કર્મને એકરૂપ જ આપણે જોતા આવ્યા છીએ અને માનતા આવ્યા છીએ. પરન્તુ વાસ્તવિકતા એ છે કે આત્માનો અને કર્મનો સ્વભાવ તદ્દન જ ભિન્ન છે. ગમે તેટલો કાળ જાય અને ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તોપણ આત્મા જડ નહિ બને અને કર્મ ક્યારે પણ ચેતનસ્વરૂપ નહિ બને.

લોકાકાશમાં વ્યાપીને રહેલાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો અનન્તાનન્ત કાળથી પરસ્પર અનુગત હોવા છતાં સ્વસ્વરૂપનો ત્યાગ કરી પરસ્વરૂપે પરિણમેલાં નથી, પરિણમતાં નથી તેમ જ ભવિષ્યમાં પરિણમવાનાં પણ નથી. આવી જ રીતે આત્મા અને કર્મ અનાદિકાળથી પરસ્પર સંયુક્ત છે. દૂધ અને પાણીની જેમ પરસ્પર અનુગત છે. તેથી પરસ્પર એ બંન્ને યુક્ત છે-એમ જણાય છે. પરન્તુ વસ્તુતઃ એ બન્નેનું સ્વરૂપ એક નથી. કર્મો જડ-પુદ્ગલસ્વરૂપ છે અને આત્મા ચેતન છે. આત્મા જડ નહિ બને અને કર્મો ક્યારે પણ ચેતનસ્વરૂપ નહિ બને. આ રીતે પરસ્વરૂપમાં નહિ પરિણમવાનો સ્વભાવ દરેક પદાર્થનો છે. પરસ્પર સંયુક્ત પદાર્થો દ્રવ્યાદિને આશ્રયીને પરમાર્થથી ભિન્ન છે. પોતપોતાની જ અર્થક્રિયાને તે કરતા હોય છે. પરદ્રવ્યની ક્રિયાને તે દ્રવ્યો નિમિત્તભાવે કરતાં હોય છે. દ્રવ્યથી દ્રવ્ય ભિન્ન છે, ગુણથી ગુણ ભિન્ન છે અને પર્યાયથી પર્યાય ભિન્ન છે. ચેતન દ્રવ્ય, તેના ગુણો અને પર્યાયથી કર્માદિ પુદ્ગલ દ્રવ્ય, તેના ગુણો અને પર્યાય ભિન્ન છે. ક્યારે પણ તે એકબીજારૂપે પરિણામ નથી પામતા. આમ છતાં અજ્ઞાનને લઈને આપણે જીવ અને પુદ્ગલના ભેદને જાણી શકતા નથી અને તે અવિદ્યાના પ્રભાવે સતત જીવ અને પુદ્ગલના અભેદનો જ અનુભવ કરતા હોઈએ છીએ. અવિદ્યાથી વિલક્ષણ વિદ્યા છે.

દ્રવ્ય, ક્ષેત્ર અને કાળમાં એકસાથે રહેલા ભાવોને શ્રુતજ્ઞાનના પ્રભાવે ભિન્ન સ્વરૂપે જાણવા, તે વિદ્યા છે. આ વિદ્યાના પ્રભાવે જ્ઞાનમાત્રના પરિણામથી વિદ્વાનો પરસ્પર અનુગત (એકબીજામાં પ્રવિષ્ટ) એવા પણ પદાર્થોના અસઙ્ક્રમ (સ્વસ્વરૂપનો ત્યાગ કર્યા વિના, બીજાની સાથે રહેવા છતાં બીજાના સ્વરૂપને ધારણ ન કરવા) સ્વરૂપ ચમત્કારને અનુભવે છે. અર્થાદ્ એવા પ્રકારના ચમત્કારનો અનુભવ કરનારા જ વિદ્વાન છે અને તેમનો એ અનુભવ જ વિદ્યા છે. એ વિદ્યાસમ્પન્ન આત્માઓને જે ફળની પ્રાપ્તિ થાય છે, તે ફળને જણાવાય છે :

**अविद्यातिमिरध्वंसे, दृशा विद्याञ्जनस्पृशा ।**
**पश्यन्ति परमात्मानमात्मन्येव हि योगिनः ॥१४-८॥**

આ પૂર્વે જણાવ્યા મુજબ ''અવિદ્યાસ્વરૂપ અન્ધકારનો ધ્વંસ થયે છતે, વિદ્યાસ્વરૂપ અંજનના સ્પર્શવાળી દૃષ્ટિથી પોતાના આત્મામાં જ યોગીજનો પરમાત્માને જુએ છે.'' - આશય સ્પષ્ટ છે કે અન્ધકારને લીધે જેમ વિદ્યમાન વસ્તુને પણ જોઈ શકાતી નથી, તેમ ચેતન અને અચેતનમાં ભેદ હોવા છતાં અવિદ્યાને લીધે તે ભેદ જોઈ શકાતો નથી. તેથી અવિદ્યાને અહીં અન્ધકાર તરીકે વર્ણવી છે. અન્ધકારનો ધ્વંસ થયા પછી પણ જો દૃષ્ટિ નિર્મળ ન હોય તો સ્પષ્ટ દેખાતું નથી. તેથી ચક્ષુમાં અંજન આંજવાનું આવશ્યક બને છે. અહીં પણ અવિદ્યાસ્વરૂપ અન્ધકારનો નાશ થયા પછી યોગીજનોને વિદ્યાસ્વરૂપ અંજનનો ઉપયોગ કરવો પડે છે. એ અંજનના સ્પર્શથી દૃષ્ટિ નિર્મળ બને છે. આવી નિર્મળદૃષ્ટિવાળા યોગીઓ પોતાના આત્મામાં જ પરમાત્મતત્ત્વને જુએ છે.

મિથ્યાત્વગુણસ્થાનકે મિથ્યાજ્ઞાની બાહ્યાત્માસ્વરૂપ છે. ચોથા ગુણસ્થાનકથી માંડીને બારમા ગુણસ્થાનકે રહેલા આત્માઓ 'અન્તરાત્મા' છે અને ત્યાર પછી તેરમા-ચૌદમા ગુણસ્થાનકે રહેલા શ્રી કેવલીભગવન્તો પરમાત્મા છે. વિદ્યાના અચિન્ત્ય સામર્થ્યથી યોગીજનોને પોતાના આત્માનું એ પરમાત્મસ્વરૂપ દેખાય છે. કર્મથી આચ્છાદિત હોવા છતાં કર્મના લેશથી પણ અનનુવિદ્ધ એવા પોતાના શુદ્ધ સ્વરૂપને તેઓ જ્ઞાનમાત્ર પરિણામથી સારી રીતે જુએ છે. અન્તે આ વિદ્યાષ્ટકના પરિશીલનથી આપણા આત્માના પરમાત્મસ્વરૂપને જોવા માટે પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા.

**॥ इति श्रीज्ञानसारप्रकरणे चतुर्दशं विद्याष्टकम् ॥**

# अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे पञ्चदशं विवेकाष्टकम् ।

## ૧૫

આ પૂર્વે વિદ્યાનું સ્વરૂપ વગેરે વર્ણવ્યું. તેની પ્રાપ્તિ સ્વ-પરના વિભાગથી થાય છે. તેથી સ્વપરના વિભાગસ્વરૂપ વિવેકમાં અભ્યાસશીલ બનવું જોઈએ. આ સંબન્ધથી પ્રાપ્ત થયેલા અવસરને પામી હવે 'વિવેક' નું વર્ણન કરાય છે :

**कर्म जीवं च संश्लिष्टं सर्वदा क्षीरनीरवत् ।**
**विभिन्नीकुरुते योऽसौ, मुनिहंसो विवेकवान् ।।१५-१।।**

''દૂધ અને પાણીની જેમ જીવ અને કર્મ સંશ્લિષ્ટ છે. સદાને માટે સંશ્લિષ્ટ એવા તેને જે મુનિસ્વરૂપ હંસ જુદા કરે છે, તે વિવેકવાળા છે.'' આ અનાદિ-અનન્ત સંસારમાં વિવેક એ કોઈ નવી વસ્તુ નથી. સામાન્યથી કોઈ પણ વસ્તુને જુદી પાડવા સ્વરૂપ 'વિવેક' ખૂબ જ પ્રસિદ્ધ છે. દરેક વ્યક્તિ પોતાની સમજણ અને શક્તિ અનુસાર દરેક વિષયમાં વિવેક તો કરે છે. પરન્તુ અહીં જે વિવેકની વિવક્ષા છે તે વિવેકને પામવાનું ખૂબ જ અઘરું છે.

અર્થ કામ અને તેનાં સાધન તેમ જ તેને પ્રાપ્ત કરાવનાર આપણા નિકટના પરિચિતો : એ બધામાં આપણે વિવેક કરતા જ આવ્યા છીએ. 'આ બરાબર છે અને આ બરાબર નથી..' આ વિવેકનો મુખ્ય સૂર છે. એનું ગાન કરનારા આપણે, સાચું કહીએ તો વિવેકનો વિવેક કરી શક્યા નથી. શાનો વિવેક કરાય અને ન કરાય : એનો નિર્ણય જ કરાયો નથી. અર્થ અને કામની પ્રાપ્તિ માટે અને અનિષ્ટની નિવૃત્તિ માટે પૂરતા પ્રમાણમાં આપણે વિવેક કર્યો છે, જે વાસ્તવિક રીતે અવિવેક છે.

અનાદિકાળથી આ સંસારમાં કર્મના યોગે આપણું પરિભ્રમણ છે. ઈષ્ટની અપેક્ષા, ઈષ્ટપ્રાપ્તિનો અભાવ, અનિષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના વિયોગની અપેક્ષા : એ આ સંસારના કારણે છે. સંસારમાં શું સારું છે અને ખરાબ છે, શું ઈષ્ટ છે અને શું અનિષ્ટ છે, કોણ સદ્ છે અને કોણ અસદ્ છે તેમ જ કામનું શું છે અને નકામું શું છે.. ઇત્યાદિ રીતે વિવેક ચાલુ છે. પરન્તુ જ્યાં સંસાર જ બધાનું મૂળ છે, ત્યાં સંસારમાં એવો વિવેક કરવો તે જ વસ્તુતઃ અવિવેક છે. અનાદિકાળથી તપેલા લોઢામાં રહેલા અગ્નિની જેમ આત્મામાં એકમેક થઈ ગયેલાં કર્મો પણ આત્માથી

તદ્દન જ ભિન્ન છે - એમ અનન્તજ્ઞાનીઓ ફરમાવે છે. તો કર્મના યોગે પ્રાપ્ત થનારી વસ્તુઓને આપણી તરીકે કે આપણા સ્વરૂપે જોવી તે ખૂબ જ મોટો અવિવેક છે. દૂધ અને પાણીને હંસ જેમ જુદા પાડે છે તેમ પૂ. મુનિભગવન્તો સ્વરૂપ હંસ આત્મા અને કર્મને જુદા કરે છે. તેથી તે પૂ. મુનિભગવન્તો વિવેકવન્ત છે. છઠ્ઠા સાતમા ગુણસ્થાનકનો એ પ્રભાવ છે. જ્યાં સુધી તાત્ત્વિક રીતે આત્મા અને કર્મને જુદા જાણવામાં નહિ આવે ત્યાં સુધી તેને જુદા પણ કરી શકાશે નહિ. સમ્યગ્દર્શનાદિને પામ્યા પછી પણ આ વિવેકને પામવાનું અત્યન્ત કઠિન છે - તે જણાવાય છે :

**देहात्माद्यविवेकोऽयं, सर्वदा सुलभो भवे ।**
**भवकोट्याऽपि तद्भेदविवेकस्त्वतिदुर्लभः ॥१५-२॥**

"સંસારમાં સર્વ કાળે શરીર અને આત્માદિ સંબન્ધી અવિવેક સુલભ છે. પરન્તુ કરોડ ભવમાં પણ તે સંબન્ધી વિવેક અત્યન્ત દુર્લભ છે." આશય એ છે કે કર્મના યોગે આત્માને શરીરાદિનો સંબન્ધ પ્રાપ્ત થયો છે. અનાદિકાળના સહવાસથી શરીરાદિ પરપદાર્થોને આત્માએ અભિન્નસ્વરૂપે જ માન્યા છે. તાત્ત્વિક રીતે આત્મા અને તેની સાથે એકરૂપ બનેલા શરીરાદિ પરપદાર્થો તેના સ્વરૂપાદિને લઈને સર્વથા ભિન્ન હોવાથી તેને અભિન્ન સ્વરૂપે જાણવા : તે અવિવેક છે. આ સંસારમાં આવો અવિવેક કાયમ માટે જીવને સુલભ છે. અત્યાર સુધીના દરેક ભવમાં તે અવિવેક જ જીવને પ્રાપ્ત થયો છે. જ્યારે પણ વિવેકને પ્રાપ્ત કરવાના સામાન્ય સંયોગો પ્રાપ્ત થયા ત્યારે પણ મિથ્યાત્વાદિ ઉત્કટ દોષોને લઈને વિવેક પ્રાપ્ત થયો નહિ અને અવિવેક વધતો જ રહ્યો.

આશ્ચર્ય તો એ છે કે પરપદાર્થો; અણગમતા, અનિષ્ટ, નકામા અને અહિતકર વગેરે સ્વરૂપે જણાય ત્યારે તો ત્યાં ચોક્કસ રીતે તેને આત્માથી ભિન્ન માનીને તેને દૂર કરાય છે. પરન્તુ જ્યારે તે પરપદાર્થો મનગમતા, ઇષ્ટ, કામના અને હિતકર વગેરે સ્વરૂપે જણાય ત્યારે તો તેને વિશે ભેદજ્ઞાન કરવાનું ખૂબ જ અઘરું છે. સ્વ-પર પદાર્થોનું તાત્ત્વિક સ્વરૂપ વિચારવાથી સમજી શકાશે કે વસ્તુ વસ્તુ છે, સ્વ સ્વ છે અને પર પર છે. તેમાં પ્રિય કે અપ્રિય, ઈષ્ટ કે અનિષ્ટ, સાર્થક કે નિરર્થક અને હિતકર કે અહિતકરનો વિભાગ કરવો : એ એક પ્રકારનું અજ્ઞાન છે, જે અવિવેકનું મૂળ છે. વસ્તુના વસ્તુત્વને છોડીને તેને આપણી કલ્પના મુજબ પ્રિયાપ્રિયાદિ સ્વરૂપે માનવાના કારણે જ વિવેકની પ્રાપ્તિ થતી નથી. કરોડો ભવો વીત્યા પછી પણ શરીર અને

આત્માદિ સંબન્ધી ભેદ સ્વરૂપ વિવેક પ્રાપ્ત થતો ન હોવાથી તે અત્યન્ત દુર્લભ છે. જે અનાદિકાળથી આત્માને નિરન્તર સંશ્લિષ્ટ છે એવા શરીરાદિ જડ પદાર્થો ચેતન એવા આત્માથી તદ્દન જ ભિન્ન છે. એવા ભેદજ્ઞાનને વિવેક કહેવાય છે.

આત્મા ચેતન છે; પુદ્ગલો ચેતન નથી, જડ છે. આત્મા શુદ્ધ છે, શરીરાદિ પુદ્ગલો અશુદ્ધ છે. આત્મા બુદ્ધ અને નિરંજન નિરાકાર છે, શરીરાદિ પુદ્ગલો એવાં નથી. આ રીતે તદ્દન વિલક્ષણ સ્વરૂપ હોવાથી આત્મા શરીરાદિ પુદ્ગલોથી ભિન્ન છે, એ ભેદજ્ઞાન આજ સુધી પ્રાપ્ત થયું નથી. આત્મા, શરીરાદિપરદ્રવ્યથી ભિન્ન છે - એમ બોલવું એ જુદી વાત છે અને તે પ્રમાણે માનવું એ જુદી વાત છે. અગ્નિ બાળે છે, વિષ મારે છે અને પાણી ડુબાડે છે - આ જ્ઞાન જેટલું મજબૂત છે તેટલું 'આત્મા શરીરાદિથી ભિન્ન છે' - આ જ્ઞાન મજબૂત નથી. વાસ્તવિક રીતે તો એ જ્ઞાનની કોઈ છાયા જ વર્તાતી નથી. આથી જ આ શ્લોકમાં જણાવ્યું છે કે કરોડો ભવો થયા પછી પણ શરીર અને આત્માદિની ભિન્નતા સ્વરૂપ વિવેક અત્યન્ત દુર્લભ છે. ભવનિસ્તારક પૂ. ગુરુદેવશ્રીનાં પરમતારક વચનોના પુણ્યશ્રવણથી એ વિવેક પ્રગટે તોપણ ક્ષણવારમાં તો એ જતો રહે - એવું પણ બનતું હોય છે. ખૂબ જ પ્રબળ પુરુષાર્થથી સાધ્ય એ વિવેક છે. આ રીતે શરીરાદિથી આત્મા સ્વભાવથી જ તદ્દન વિલક્ષણસ્વરૂપવાળો હોવાથી ભિન્ન છે તો અવિકારી એવા આત્મામાં વિકારોની ઉપલબ્ધિ કેમ થાય છે - આ શંકાનું સમાધાન કરાય છે :

**शुद्धेऽपि व्योम्नि तिमिराद् रेखाभि र्मिश्रता यथा ।**
**विकारैर्मिश्रता भाति, तथाऽऽत्मन्यविवेकतः ॥१५-३॥**

''જેમ તિમિર નામના આંખના રોગવિશેષથી, આકાશમાં તે શુદ્ધ હોવા છતાં અનેક પ્રકારની રેખાઓ વડે મિશ્રતા(વિચિત્રતા) દેખાય છે તેમ અવિવેકસ્વરૂપ દોષને લઈને આત્મામાં અનેક પ્રકારના વિકારોથી વિચિત્રતા દેખાય છે.'' આંખના રોગવિશેષને કારણે લાલ, પીળા કે કાળા વગેરે રંગની રેખાઓ આકાશમાં દેખાતી હોય છે. વસ્તુસ્થિતિ એ છે કે આકાશમાં તેવી કોઈ જ રેખાઓ હોતી નથી. કારણ કે આકાશ અમૂર્ત(અરૂપી) શુદ્ધ છે. રોગના અભાવમાં આપણને તેની પ્રતીતિ થતી હોય છે. આમ છતાં જ્યારે પણ આકાશમાં તેવી વિચિત્ર પ્રકારની તે તે રેખાઓ દેખાય છે તેમાં કારણભૂત તિમિર નામનો રોગ છે.

આવી જ રીતે આત્માનો સ્વભાવ અમૂર્ત શુદ્ધ બુદ્ધ અને ચૈતન્યાદિ સ્વરૂપ છે. તેમાં કોઈ પણ પ્રકારના રાગાદિ વિકારો નથી. સર્વથા અવિકારી એવા આત્મામાં પણ જે વિકારો દેખાય છે, તે વાસ્તવિક રીતે કર્મના ઉદયાદિને લઈને છે. કપડા ઉપર લાગેલા ડાઘ જેમ તેલ વગેરેના છે, ઔપાધિક છે, સ્વભાવસિદ્ધ નથી તેમ આત્મામાં દેખાતા તે તે વિકારો કર્મજન્ય છે, ઔપાધિક છે, સ્વભાવસિદ્ધ નથી. અન્યથા એ સ્વાભાવિક હોય તો ક્યારે પણ તેનો નાશ નહિ થાય. કારણ કે સ્વભાવનો નાશ થતો નથી. સ્ફટિકમાં દેખાતી લાલાશ જેમ સ્ફટિકની નથી, પરન્તુ તેની પાસે રહેલા ઉપાધિભૂત જપાપુષ્પની છે, તેમ અહીં પણ આત્મામાં જણાતા વિકારો, બધા જ કર્મના કારણે છે. પરન્તુ અવિવેકને લઈને અવિવેકી જનો કર્મજન્ય વિકારોને આત્માના કે આત્માએ કરેલા માને છે, જે એક પ્રકારનું અજ્ઞાન છે. તત્ત્વના પરિચયથી વિવેક પ્રગટે છે. તત્ત્વનો પરિચય કરવાનું એટલું સહેલું નથી. અતત્ત્વનો પરિચય ટળે નહિ ત્યાં સુધી તત્ત્વનો પરિચય શક્ય નથી. અનાદિનો ખૂબ જ નિકટનો અતત્ત્વનો પરિચય છોડતાં મનને ઘણું જ મનાવવું પડે તેમ છે.

અવિકારી અખંડ ચૈતન્ય સ્વરૂપ આત્મા છે. એને શરીરાદિ પરપદાર્થોની સાથે કોઈ જ સંબંધ નથી. પરન્તુ પરપદાર્થની સાથેની તન્મયતા થવાથી તે, પરભાવોના કર્ત્તાદિ સ્વરૂપે ભાસે છે. પરભાવોનો કર્ત્તા વગેરે ન હોવા છતાં તેને તે સ્વરૂપે કેમ કહેવાય છે-તે જણાવાય છે :

**यथा योधैः कृतं युद्धं, स्वामिन्येवोपचर्यते ।**
**शुद्धात्मन्यविवेकेन, कर्मस्कन्धोर्जितं तथा ॥१५-४॥**

"જેમ સૈનિકોએ કરેલું યુદ્ધ, એ સૈનિકોના સ્વામી રાજાદિએ કર્યું છે – એમ ઉપચારથી કહેવાય છે તેમ કર્મપુદ્ગલોના સમુદાયથી નિષ્પન્ન પુણ્ય પાપ કે સુખ દુઃખાદિ સ્વરૂપ ફળ અવિવેકને કારણે શુદ્ધ એવા આત્મામાં ઉપચારથી જણાવાય છે. અર્થાત્ તે શુદ્ધ આત્મામાં મનાય છે." કહેવાનો આશય સ્પષ્ટ છે કે રાજાઓના સૈનિકોમાં યુદ્ધ ચાલતું હોય છે. તેમાં તેમની હારજીત થતી હોય છે. ત્યારે લોકમાં આ રાજા હાર્યો અને આ રાજા જીત્યો-આવો વ્યવહાર થતો હોય છે. વાસ્તવિકતા તો એ છે કે હાર કે જીત સૈન્યની હોય છે. પરન્તુ તેનો ઉપચાર તે તે રાજામાં થાય છે.

એવા પ્રકારનો ઉપચાર અવિવેકના કારણે આત્મામાં પણ થતો હોય છે. કર્મપુદ્ગલોના સ્કન્ધોના વિપાકથી પુણ્યપાપ કે સુખદુ:ખાદિનો પ્રાદુર્ભાવ છે. આ કર્મકૃદ્ભાવોની સાથે આમ જોઈએ તો આત્માને કશો જ સંબન્ધ નથી. પરન્તુ વિવેક વિનાના લોકો કર્મ અને આત્માને એક માનીને કર્મજન્ય સુખદુ:ખાદિને આત્મામાં માન્યા કરે છે. અત્યન્ત નિકટનું સાન્નિધ્ય એકતાનો ભ્રમ કરાવે છે અને ભ્રાન્તજનો તત્ત્વપ્રતીતિથી દૂર રહે છે. અજ્ઞાનના સામ્રાજ્યમાં જ્ઞાન તરફ દૃષ્ટિ જ જતી નથી. સ્વભાવથી અજ્ઞાત લોકો વિભાવને જ સ્વભાવ કલ્પી લઈને કર્મજન્ય પરભાવોમાં રતિ-અરતિને કરવા દ્વારા ઉપચારમાં જ રાચતા હોય છે.

અહીં યાદ રાખવું જોઈએ કે યોદ્ધાઓમાં અરસપરસ યુદ્ધ થતું હોય છે તેમ જ અન્યતરનો જય અને પરાજય થાય છે. પરન્તુ તે યોદ્ધાઓ પોતાના સ્વામી રાજાની આજ્ઞાથી યુદ્ધ કરતા હોય છે તેમ જ જય કે પરાજય પ્રાપ્ત કરતા હોય છે. તેથી તેનો ઉપચાર રાજામાં કરાય છે. કર્મજન્ય તે તે ભાવોમાં આત્માનો એવો કોઈ સંબન્ધ ન હોવાથી તેમાં આત્મીયતાનો ઉપચાર કરવાનું કોઈ કારણ નથી. પરન્તુ અવિવેકને લઈને તેવો ઉપચાર થાય છે. તેથી અહીં ઉપચારમાત્રનું સામ્ય છે. ઉપચારની રીતનું સામ્ય નથી. હવે દોષવિશેષને લઈને ભ્રમ કઈ રીતે થાય છે - તે સ્પષ્ટ કરાય છે :

**इष्टकाद्यपि हि स्वर्णं, पीतोन्मत्तो यथेक्षते ।**
**आत्माऽभेदभ्रमस्तद्वद्, देहादावविवेकिनः ॥१५-५॥**

''જેણે ધતૂરો પીધો છે એવો માણસ જેમ ઈંટ વગેરેને પણ ખરેખર સુવર્ણ સ્વરૂપે દેખે છે, તેમ વિવેકરહિત આત્માને શરીરાદિને વિશે આત્માના અભેદનો ભ્રમ થાય છે.'' કહેવાનો આશય એ છે કે ધતૂરો પીવાના કારણે ઉન્મત્ત બનેલા માણસો માટીથી બનેલી ઈંટોને પણ સોના તરીકે દેખે છે. એમાં તે માણસની આંખમાં ઉત્પન્ન થયેલો દોષ મુખ્ય કારણ છે. વિપરીત દૃષ્ટિને કારણે તેને દરેક વસ્તુ પીળી દેખાય છે. તેથી માટીની બનેલી ઈંટોને પણ તે સોનું જુએ છે.

તેમ અહીં પણ અવિવેકદોષને લઈને શરીર અને ધન વગેરે આત્મભિન્ન પદાર્થોમાં આત્મપણાની અને આત્મીયપણાની વિપરીત-મિથ્યા બુદ્ધિ થાય છે. અવિવેકથી ઉત્પન્ન થયેલી એ મિથ્યાબુદ્ધિને, પૂ. ગીતાર્થ ગુરુભગવન્તોના શ્રીમુખે પરમતારક

આગમના શ્રવણથી દૂર કરી વિવેકવન્ત બનવું જોઈએ. શુદ્ધ દ્રવ્યાદિને શુદ્ધ માનવા ના દે અને અશુદ્ધ દ્રવ્યાદિને શુદ્ધ મનાવ્યા કરે - એ અવિવેકનું કાર્ય છે. દૃષ્ટિની મલિનતા શુદ્ધ દૃશ્યને મલિન દેખાડે : એ સમજી શકાય છે. પરન્તુ મલિનને પણ નિર્મળ શુદ્ધ દર્શાવે - એ ભારે વિચિત્ર છે. અવિવેકની એ વિચિત્રતા છે. અત્યાર સુધીની આપણી અશુદ્ધતાનું વાસ્તવિક કારણ જ અવિવેક છે. આપણી શુદ્ધતાને પ્રગટ કરવાનું જે કારણ છે - તે જણાવાય છે :

**इच्छन्न परमान् भावान्, विवेकाद्रेः पतत्यधः ।**
**परमं भावमन्विच्छन्, नाविवेके निमज्जति ।।१५-६।।**

''પરમ ભાવોને નહિ ઇચ્છનાર, વિવેકસ્વરૂપ પર્વત ઉપરથી નીચે પડે છે અને પરમ ભાવને શોધનાર અવિવેકમાં ડૂબતો નથી.'' આત્માનું શુદ્ધ સ્વભાવસિદ્ધ જે ચૈતન્ય છે તે પરમ ભાવ છે તેમ જ તેને પ્રગટ કરવામાં અનન્ય સાધન એવાં સમ્યગ્જ્ઞાનાદિ પરમભાવો છે. આવા પ્રકારના પરમભાવોની જેમને ઈચ્છા નથી અર્થાદ્ એ પરમભાવોને છોડીને કષાયાદિ કર્મજન્ય ભાવોને જેઓ ઈચ્છે છે તેઓ વિવેક સ્વરૂપ પર્વતના શિખર ઉપરથી નીચે પટકાય છે.

શુદ્ધ ચૈતન્યાદિ ભાવોને છોડીને કર્મજન્ય પૌદ્ગલિક જે જે ભાવો છે તે ગમે તેટલા શુભ અનુકૂળ કે સારા જણાય તોપણ તે આત્મસ્વભાવભૂત ન હોવાથી અનિત્ય અને અસ્થિર - અસાર છે. એવા અપરમભાવોને ઈચ્છવામાત્રથી જ વિવેક નાશ પામે છે. પૌદ્ગલિક ભાવોની અસારતાદિને જેઓ જાણતા નથી અને તેને સારભૂત માનીને રાતદિવસ તેની ઈચ્છાને પૂર્ણ કરવાનું જ જેમનું લક્ષ્ય છે, એવા જીવોનું પતન સુનિશ્ચિત છે. માંડ માંડ સદ્ગુરુભગવન્તોના પુણ્યપરિચયથી વિવેક-સ્વરૂપ પહાડની ટોચે પહોંચવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થતું હોય છે. ત્યાં જ પૌદ્ગલિક પદાર્થોની ઈચ્છા થતાંની સાથે વિવેકના પર્વતથી નીચે પડવાનું થાય છે.

આવા સંયોગોમાં જ્યારે પણ પૌદ્ગલિક પરભાવોને છોડીને શુદ્ધ પરમ ચૈતન્યાદિ ભાવોને શોધવાની શરૂઆત કરીએ ત્યારે અવિવેકમાં ડૂબવાનું થતું નથી. સંસારસાગરથી તરવાની ઈચ્છા હોય તોપણ અવિવેક સંસારસાગરમાં ડુબાડ્યા વિના રહેતો નથી. તેથી અવિવેકનો ત્યાગ કર્યા વિના છૂટકો જ નથી. પર પદાર્થોની સાથે આત્માને કશું જ લાગતુંવળગતું નથી-એવું અત્યન્ત ભેદજ્ઞાન વાસ્તવિક રીતે થાય તો જ અવિવેક દૂર થઈ શકે છે.

સામાન્ય રીતે ક્રિયામાત્રને પોતાના કારણભૂત કર્તા વગેરે છ કારકની સાથે સંબન્ધ છે. કર્માદિ કારકો આત્માદિ સ્વરૂપ કર્ત્તાથી ભિન્ન(જુદા) હોય છે. આથી કર્માદિ પર પદાર્થોની સાથે આત્માને કાર્યકારણભાવસ્વરૂપ સંબન્ધ તો છે જ. તો પછી પર પદાર્થોની સાથે આત્માને કશું જ લાગતુંવળગતું નથી-એમ કઈ રીતે માનવું આ શંકાનું સમાધાન કરાય છે :

**आत्मन्येवात्मनः कुर्याद्, यः षट्कारकसङ्गतिम् ।**
**क्वाविवेकज्वरस्यास्य, वैषम्यं जडमज्जनात् ॥१५-७॥**

''આત્મામાં જ આત્માના 'છ' કારકને જે સંગત કરે છે એને જડ પદાર્થોમાં લીન થવાના કારણે પ્રાપ્ત થનારી અવિવેકસ્વરૂપ તાવની વિષમતા ક્યાંથી હોય ?'' આશય એ છે કે નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા શુદ્ધ ચૈતન્યાદિ સ્વરૂપ છે. પોતાના અને જ્ઞાનાદિ ગુણોના પર્યાયોનો કર્તા છે. પરન્તુ જડ-પુદ્‌ગલાદિ દ્રવ્યાદિનો કર્ત્તા નથી. કારણ કે આત્મા ક્યારે પણ આજ સુધી સ્વસ્વરૂપનો ત્યાગ કરી પરસ્વરૂપે પરિણમ્યો નથી તેમ જ તે તે પુદ્‌ગલો ચૈતન્યસ્વરૂપે પરિણમતાં નથી. સ્વ સ્વ છે અને પર પર જ રહે છે. તેથી સ્વનું કારણ(કારક) સ્વ છે અને પરનું કારણ પર છે. અહીં યાદ રાખવું જોઈએ કે તે તે કાર્યની પ્રત્યે ઉપાદાનકારણ સ્વસ્વરૂપ કે પરસ્વરૂપ જ હોય છે. નિમિત્ત તો ગમે તે બને. વસ્તુતઃ એ અકિંચિત્કર છે. એનું કોઈ મહત્ત્વ નથી.

આત્મા જાણવાદિની ક્રિયા કરે છે, તેથી તે કર્ત્તા છે. આત્મા પોતાને જ્ઞાનસહિત કરે છે, તેથી તે સ્વયં કર્મ છે. ઉપયોગ વડે આત્મા જાણવાદિની ક્રિયા કરે છે, તેથી ઉપયોગ સ્વરૂપ આત્મા કરણ છે. આત્મા પોતે જ જ્ઞાન વગેરેનું પાત્ર બને છે, તેથી તે સમ્પ્રદાન છે. કારણ કે આત્માની ક્રિયા આત્મા માટે જ છે. આત્માની તે તે અવસ્થાઓ પૂર્વ પૂર્વ અવસ્થાઓમાંથી ઉત્પન્ન થતી હોવાથી પૂર્વ પૂર્વ અવસ્થાપન્ન આત્મા અપાદાન છે અને સ્વગુણપર્યાયનો આત્મા પોતે આધાર હોવાથી સ્વગુણ-પર્યાયથી અભિન્ન એવો આત્મા અધિકરણ છે. આ રીતે આત્મા પોતે જ કર્તા, કર્મ, કરણ, સમ્પ્રદાન, અપાદાન અને અધિકરણ સ્વરૂપ છે. પરભાવોની પ્રત્યે તે કારક (કર્ત્તા કર્મ વગેરે) નથી. કાર્યને જે કરે છે તે કર્ત્તા છે. કાર્ય સ્વયં કર્મ છે. તેના મહત્ત્વના સાધનને કરણ કહેવાય છે. તે કાર્ય જેના માટે છે તે સમ્પ્રદાન છે. તે જેમાંથી થાય છે તે અપાદાન છે. તે જેમાં થાય છે તે અધિકરણ છે. આત્માથી અભિન્ન એવા છ કારકોની જેઓ સંગતિ કરી શકે છે, તેમને અવિવેકસ્વરૂપ તાવની

વિષમતા પ્રાપ્ત થતી નથી. કર્માદિ જડ પદાર્થોની મગ્નતાને કારણે અવિવેકની વિષમતા છે. કર્મના સંશ્લેષને કારણે અવિવેક થયા જ કરે છે. અવિવેકના ઉચ્છેદ માટે કર્મનો ઉચ્છેદ કરવાનું ખૂબ જ આવશ્યક છે. એ માટે ઉપાય જણાવાય છે :

**संयमास्त्रं विवेकेन, शाणेनोत्तेजितं मुनेः ।**
**धृतिधारोल्बणं कर्म-शत्रुच्छेदक्षमं भवेत् ॥१५-८॥**

''વિવેકસ્વરૂપ સરાણ ઉપર ઘસવાથી અત્યન્ત તીક્ષ્ણ બનાવેલું અને ધૃતિ સ્વરૂપ ધારાથી ઉત્કટ એવું સંયમસ્વરૂપ શસ્ત્ર, મુનિભગવન્તોના કર્મશત્રુના ઉચ્છેદ માટે સમર્થ બને છે.'' કર્મના ક્ષય માટે 'સંયમ' એ એક જ શસ્ત્ર-અસ્ત્ર છે. કર્મને અહીં શત્રુની ઉપમા આપી છે. કર્મ શત્રુરૂપ લાગે તો તેના ઉચ્છેદ માટે સંયમ-સ્વરૂપ શસ્ત્રનો ઉપયોગ અનિવાર્ય છે.

સર્વ સાવદ્ય યોગથી (પાપવ્યાપારથી) વિરામ પામવા સ્વરૂપ સંયમ છે. પૌદ્ગલિક પદાર્થોમાં લીનતા-રતિ વગેરે થાય ત્યારે સંયમનું પાલન શક્ય બનતું નથી. તેથી પારમાર્થિક રીતે તો પરપરિણતિના ત્યાગ સ્વરૂપ જ સંયમ છે. પરનો ત્યાગ કર્યા પછી પણ પરપરિણતિનો ત્યાગ કરવાનું ઘણીવાર બનતું નથી. વસ્તુનો ઉપયોગ ન કરવા છતાં તે સારી છે કે ખરાબ છે.... ઇત્યાદિ સ્વરૂપ પરિણામ તો પડ્યા જ રહે છે. તેથી બાહ્ય દષ્ટિએ સંયમ હોવા છતાં તે કર્મના ઉચ્છેદ માટે સમર્થ બનતું નથી. આ સંયમ એવું તીક્ષ્ણ હોતું નથી, કે જેથી તે કર્મશત્રુનો ઉચ્છેદ કરે. આત્મા અને શરીર વગેરેના ભેદનું પારમાર્થિક જ્ઞાન થવાથી પ્રાપ્ત વિવેકના કારણે સંયમસ્વરૂપ શસ્ત્ર તીક્ષ્ણ બને છે. કારણ કે પરના કોઈ જ પરિણામની અસર આત્માની ઉપર પડતી નથી. વિવેકને લઈને આત્માને સ્વ-પરના સ્વભાવનો પૂર્ણપણે ખ્યાલ હોય છે.

આ રીતે પરપરિણતિનો ત્યાગ કરવા સ્વરૂપ સંયમને તીક્ષ્ણ બનાવ્યા પછી પણ પૂર્વે કરેલાં શુભાશુભ કર્મના ઉદયથી અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો પ્રાપ્ત થયા પછી ધીરજ રહેતી નથી. મળેલી અનુકૂળતા જાય તોપણ અને ગમે તેવી પ્રતિકૂળતા આવે તોપણ ચિંતા ન કરવી-એ ધૃતિ છે, જે સન્તોષવિશેષ સ્વરૂપ છે. સંયમ-સ્વરૂપ શસ્ત્રને એ ધારદાર બનાવે છે. શસ્ત્રમાં મૂળથી જ ધાર ન હોય તો તીક્ષ્ણ બનાવી જ ના શકાય. સંયમશસ્ત્રની ધાર ધૃતિ છે. મૂળથી જ જેની ધાર ન હોય એવા શસ્ત્રને વસ્તુતઃ શસ્ત્ર જ ન કહેવાય. એવા અવાસ્તવિક શસ્ત્રને તીક્ષ્ણ બનાવવાનું

કોઈ પણ રીતે શક્ય નથી. ધૃતિસ્વરૂપ ધારને લઈને સંયમાસ્ત્ર કર્મનો ઉચ્છેદ કરવા સમર્થ બને છે. બધા કર્મનું મૂળ લોભ છે. તેનો વિરોધી પરિણામ સન્તોષ છે. તેનાથી સર્વ કર્મોનો ઉચ્છેદ થાય - એ સમજી શકાય છે. અન્તે વિવેકસમ્પન્ન બનીને સંયમશસ્ત્રથી કર્મનો ઉચ્છેદ કરવા આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.

**॥ इति श्रीज्ञानसारप्रकरणे पञ्चदशं विवेकाष्टकम् ॥**

## अथ प्रारभ्यते श्रीज्ञानसारप्रकरणे षोडशं माध्यस्थ्याष्टकम्।

## १६

આ પૂર્વેના અષ્ટકથી વિવેકનું નિરૂપણ કર્યું. વિવેકસમ્પન્ન આત્માઓ રાગ-દ્વેષને આધીન બન્યા વિના મધ્યસ્થ બની રહે છે. તેથી વિવેકના કાર્ય સ્વરૂપ મધ્યસ્થ-પણાનું હવે નિરૂપણ કરાય છે :

**स्थीयतामनुपालम्भं मध्यस्थेनान्तरात्मना ।**
**कुतर्ककर्करक्षेपैस्त्यज्यतां बालचापलम् ॥१६-१॥**

''કુતર્કસ્વરૂપ કાંકરા નાંખવા વડે કરાતી અજ્ઞજનોચિત રમતનો ત્યાગ કરવો જોઈએ અને સાધક આત્માએ પોતાને ઉપાલંભ(ઠપકો) ન મળે એ રીતે મધ્યસ્થ બની રહેવું જોઈએ.'' આશય એ છે કે કર્મના ઉચ્છેદ માટે સંયમસ્વરૂપ ઉત્કટ - તીક્ષ્ણ શસ્ત્રનો ઉપયોગ કરનારા પૂ. મુનિભગવન્તોએ બાલ - અજ્ઞજનોચિત કાંકરા નાખવાની રમતનો ત્યાગ કરવો જોઈએ. બાળકોનો સ્વભાવ એવો હોય છે કે તેમની પાસે બીજી કોઈ રમત ન હોય તો તે તે ઠેકાણે કાંકરા નાખવાનું કામ તેઓ કર્યા જ કરે છે. એની પાછળ રમવા સિવાય બીજો કોઈ હેતુ હોતો નથી. તેમને તે માટે ગમે તેટલું કહેવામાં આવે તોપણ ક્ષણવાર એ રમતનો ત્યાગ કરે ખરા, પરન્તુ ફરી પાછી રમત કરવા લાગે. ચપળતા - ચંચળતા : એ તેમનો સ્વભાવ હોય છે. મોટા થાય ત્યારે કુદરતી રીતે તેમાં ફેરફાર થાય છે.

સંયમજીવનનો સ્વીકાર કર્યા પછી વિવેક અને ધૃતિના અચિન્ત્ય સામર્થ્યથી કર્મનો ઉચ્છેદ ધાર્યા કરતાં ઘણી જ સારી રીતે થાય છે. પરન્તુ એ માટે બાલસહજ કુતર્કસ્વરૂપ કાંકરા ફેંકવાની પ્રવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. આટલી ઊંચી ભૂમિકાને પામ્યા પછી પણ કુતર્ક કરવાની પ્રવૃત્તિનો ત્યાગ કરવાનું ઘણી વાર શક્ય બનતું નથી. સંયમની પરમસાધના દરમ્યાન જ્યારે એ સાધના અત્યન્ત કઠોર લાગે અને તે સાધકોને અનુકૂળ ન લાગે ત્યારે સાધનામાર્ગને દૂષિત કરવા અનેક પ્રકારના કુતર્કો, સાધકો કર્યા કરે છે. એનાથી પારમાર્થિક રીતે સાધકને કોઈ લાભ થતો નથી. બાળકોની કાંકરા નાંખવાની પ્રવૃત્તિ જેવી જ એ પ્રવૃત્તિ છે. તેથી સાધકનું એ કર્ત્તવ્ય છે કે બાલ-જીવોને ઉચિત એવી કુતર્કસ્વરૂપ કાંકરા નાંખવાની પ્રવૃત્તિનો ત્યાગ કરે.

બોધ માટે કુતર્ક રોગસમાન છે. કુતર્કથી શમનો અપાય-નાશ થાય છે. શ્રદ્ધાનો ભંગ કરનાર અને અભિમાનને ઉત્પન્ન કરનાર એવો કુતર્ક અનેક રીતે આત્માનો શત્રુ છે. એનો ત્યાગ કરી રાગદ્વેષને આધીન બન્યા વિના સાધકને ઠપકો ના મળે તે રીતે મધ્યસ્થ બની રહેવું જોઈએ. મોક્ષની સાધના કરનારા માટે સ્વભાવનો ત્યાગ કરી પરભાવમાં જવું તે જ અહીં ઉપાલંભ છે. મોક્ષની સાધના કરનારા રાગ-દ્વેષને આધીન બની કોઈ પણ પ્રવૃત્તિ કરે તો તેઓ સ્વભાવથી વિચલિત બની પરપદાર્થમાં રમનારા બને છે, જે સાધક આત્મા માટે ખૂબ જ અનુચિત હોય છે. તેથી તેઓ વિદ્વાનોના ઉપાલંભને યોગ્ય બને છે. શરીરાદિ પર પદાર્થોની પ્રત્યે રાગદ્વેષ ધરનારા આત્મસ્વભાવમાં ક્યારે પણ લીન બનતા નથી અને તેથી તેઓ મોક્ષને સાધી પણ શકતા નથી. જે કાર્ય માટે પોતે પોતાની ઇચ્છાથી સંયમની સાધનાનો આરંભ કર્યો હોય તે કાર્યથી જ જેઓ વિમુખ થાય ત્યારે ચોક્કસ જ તેઓ ઉપાલંભને પામતા હોય છે. તેથી તે રીતે ઉપાલંભને પાત્ર ન બનવા માટે સાધક આત્માએ મધ્યસ્થ બની જવું જોઈએ.

મધ્મસ્થ બનવું એટલે બધાને સમાન માનવું, એમ નહિ. તત્ત્વ અને અતત્ત્વ, સદ્ અને અસદ્, સત્ય અને અસત્ય, સ્વ અને પર તેમ જ ગુણ અને દોષ.... ઇત્યાદિને યથાર્થ રીતે જાણીને તે તે વિષયમાં રાગ-દ્વેષને કર્યા વિના સ્વસ્વરૂપમાં સ્થિર થવું, તે માધ્યસ્થ્ય છે. આવા પ્રકારના માધ્યસ્થ્યને પામેલા આત્માની વિશેષતા કેવી હોય છે - તે જણાવાય છે :

**मनोवत्सो युक्तिगवीं, मध्यस्थस्यानुधावति ।**
**तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनःकपिः ॥१६-२॥**

''મધ્યસ્થ આત્માનું મનસ્વરૂપ વાછરડું યુક્તિસ્વરૂપ ગાયની પાછળ દોડે છે અને તુચ્છ-આગ્રહવાળા જીવોના મનસ્વરૂપ વાંદરો તેને પૂંછડાથી પોતાની તરફ ખેંચે છે.'' પહેલા શ્લોકમાં જણાવ્યા મુજબ મધ્યસ્થ આત્માઓ સદસદ્ વગેરેના વિવેકી હોવાથી તત્ત્વના અર્થી હોય છે. રાગાદિને વિવશ બન્યા વિના તત્ત્વને સમજવા માટે પ્રામાણિકપણે તેઓ પ્રયત્ન કરતા હોય છે. નિસર્ગથી જ તેમની પ્રજ્ઞા માર્ગ તરફ દોડતી હોય છે. આ શ્લોકના પૂર્વાર્દ્ધથી એ વાત પ્રસિદ્ધ દૃષ્ટાન્તથી જણાવી છે. 'ગાય ત્યાં વાછરડું' - આ લૌકિક કહેવત મુજબ વાછરડું સદાને માટે ગાયની પાછળ પાછળ ફરતું હોય છે તેમ મધ્યસ્થ જનોનું મન સદૈવ યુક્તિ(પ્રમાણસિદ્ધ સિદ્ધાન્ત)

નું અનુસરણ કરે છે. જ્યાં યુક્તિસ્વરૂપ ગાય છે ત્યાં જ તે મધ્યસ્થ જનોના મન-સ્વરૂપ વાછરડું જતું હોય છે. કુદરતી રીતે જ મધ્યસ્થોનું મન યુક્તિઓની પાછળ જ દોડતું હોય છે.

અહીં યાદ રાખવું જોઈએ કે અહીં જે વાત છે તે સાચા મધ્યસ્થોની છે. બનાવટી મધ્યસ્થોની એ વાત નથી. સાચું સમજવું નથી અને પોતાની વાત છોડવી નથી : આવી મનોદશાને વરેલા હોવા છતાં 'મારી કોઈ ભૂલ બતાવે તો તરત જ સુધારી લેવાની તૈયારી છે' - આવું કહેનારા મધ્યસ્થો સાચા મધ્યસ્થો નથી. શાસ્ત્ર જોયા વિના અને કોઈ પણ બહુશ્રુત મહાત્માને પૂછ્યા વિના કોઈ પણ પ્રવૃત્તિ કરે અને પછી કોઈ ભૂલ બતાવે તો સુધારી લેવાની વાત કરે - આવા મધ્યસ્થોની અહીં વાત નથી. સ્વભાવથી જ જેઓ તત્ત્વના અર્થી છે અને જ્યાં સુધી તત્ત્વનો નિર્ણય ન થાય ત્યાં સુધી તે વિષયમાં બોલવાદિની પ્રવૃત્તિને નહિ કરનારા, સાચી રીતે મધ્યસ્થ છે. તેમનું મન સહજપણે જ યુક્તિને અનુસરે છે.

પરન્તુ તુચ્છ-આગ્રહવાળા જીવોનું મન વાંદરાજેવું છે. યુક્તિસ્વરૂપ ગાયને પૂંછડાથી પોતાની તરફ તે ખેંચે છે. 'મારું તે સાચું' એવી મનોદશાને વરેલા પ્રાયઃ દુરાગ્રહી હોય છે. તેમને ગમે તેટલું સમજાવવામાં આવે તોપણ તેઓમાં તે સમજવાની યોગ્યતા જ હોતી નથી, તેથી તેઓ સમજાવનારાની વાતને ધ્યાનમાં લીધા વિના પોતાની જ વાતનું સમર્થન કરતા હોય છે. એ માટે તેમને યુક્તિઓ પ્રાપ્ત થતી ન હોવાથી યુક્તિઓને ખેંચી લાવવા માટે તેઓ ઉત્કટ પ્રયત્ન કરતા હોય છે. આમ છતાં યુક્તિઓ મળતી ન હોવાથી પરિણામે તો તેમને માર જ પડે છે. ગાયને પૂંછડેથી ખેંચનારાને જેમ ગાયની લાત ખાવી પડે છે તેમ અહીં પણ દુરાગ્રહીના મનને માર જ ખાવો પડે છે.

વાસ્તવિક રીતે તો શ્રી વીતરાગપરમાત્માએ પ્રરૂપેલા મોક્ષ અને તેની સાધનાનો માર્ગ યુક્તિઓથી પૂર્ણ છે. તેમાં યુક્તિઓ આપવા માટે આપણને પ્રયત્ન કરવાની આવશ્યકતા નથી. પરન્તુ એ વિષયમાં આપણી કલ્પનાઓ ભળવા માંડે અને એનું સમર્થન કરવાની ઉત્કટ ઈચ્છાઓ થાય એટલે આપણા દુરાગ્રહને લઈને આપણું મન યુક્તિઓને ખેંચવા માંડે છે; જે વાંદરાને ઉચિત છે, વાછરડાને ઉચિત નથી. શ્રી સર્વજ્ઞભગવન્તોની વાત માનવાના બદલે આપણા મનની વાત શ્રી સર્વજ્ઞભગવન્તોના પુણ્યનામે કરવી : એ દુરાગ્રહ છે. તેને લઈને બળાત્કારે યુક્તિને પોતાની તરફ ખેંચવી

પડે છે. પોતાની માન્યતાના સમર્થન માટે એકાદ નયનું આલંબન લઈને દુરાગ્રહી જનો પોતાની માન્યતાનું સમર્થન કરતા હોય છે. વસ્તુના અનન્તાંશોમાંથી એકાદ અંશને પ્રાધાન્ય આપીને તેને જ વસ્તુના સ્વરૂપ તરીકે તેઓ માની લઈને દુરાગ્રહી બન્યા રહે છે. પરન્તુ મધ્યસ્થ પુરુષો વસ્તુના સમગ્ર સ્વરૂપને જોઈને સકલ યુક્તિઓને અનુસરતા હોવાથી સમદષ્ટિ હોય છે - તે જણાવાય છે :

**नयेषु स्वार्थसत्येषु, मोघेषु परचालने ।**
**समशीलं मनो यस्य, स मध्यस्थो महामुनिः ॥१६-३॥**

"પોતાની માન્યતાનું સમર્થન કરવામાં સાચા અને બીજાની માન્યતાનું નિરાકરણ કરવામાં નકામા એવા નયોના વિષયમાં જેમનું મન સમાનસ્વભાવવાળું છે, તે મહામુનિ મધ્યસ્થ છે." અનન્તધર્માત્મક વસ્તુના તે તે ધર્મની મુખ્યતાનો અને તે તે ધર્મોથી ભિન્ન ધર્મોની ગૌણતાનો સ્વીકાર કરાવનારા નયો છે. એ નયો, સ્વાભિપ્રેતાર્થનું નિરૂપણ કરવામાં સાચા છે. પરન્તુ સ્વાભિપ્રેતાર્થથી ભિન્ન અર્થનું નિરાકરણ કરવામાં તદ્દન જ નકામા છે. કારણ કે નયાન્તરની અપેક્ષાએ સ્વાનભિ-પ્રેતાર્થની સિદ્ધિ સારી રીતે થઈ શકે છે.

આશય એ છે કે વસ્તુના અનન્તા ધર્મોમાંથી તેના એકાદ ધર્મને આશ્રયીને વસ્તુના સ્વરૂપને વક્તા જણાવે છે. વક્તાની વાણીના પ્રકારોને આશ્રયીને નયોના અસંખ્ય પ્રકારો છે. સામાન્યથી નૈગમ, વ્યવહાર, સંગ્રહ, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત - આ સાત નયો પ્રસિદ્ધ છે. અનેક પ્રકારથી વસ્તુને જણાવવાનું કાર્ય, નૈગમનય કરે છે. લોકમાં પ્રસિદ્ધ વસ્તુને જણાવવાનું કાર્ય વ્યવહારનય કરે છે. જાતિની અપેક્ષાએ અનેકને એક જણાવવાનું કાર્ય સંગ્રહનય કરે છે. આપણી પોતાની અને વર્તમાનમાં ઉપયોગી બનતી વસ્તુને જ વસ્તુ તરીકે જણાવવાનું કાર્ય ઋજુસૂત્રનયનું છે. શબ્દને અનુસરીને તેની મુખ્યતાએ ભાવભૂત અર્થને જણાવવાનું કાર્ય શબ્દનયનું છે અર્થાદ્ સામ્પ્રત નય સ્વરૂપ પ્રથમ પ્રકારના શબ્દનયનું છે. શબ્દનયનો બીજો પ્રકાર સમભિરૂઢનય છે. પર્યાયવાચક તે તે શબ્દથી જણાવાતા અર્થને ભિન્ન માનવાનું કાર્ય સમભિરૂઢનયનું છે અને જે પદનો જે અર્થ છે તે અર્થ વિદ્યમાન હોય ત્યારે જ તે અર્થને જણાવવાનું કાર્ય તે પદથી એવંભૂતનય કરે છે, જે શબ્દનયનો ત્રીજો ભેદ(પ્રકાર) છે. 'શબ્દનય' આ પદથી સામાન્ય રીતે સમભિરૂઢ અને એવંભૂત પદના પ્રયોગના સન્નિધાનમાં શબ્દનયનો 'સામ્પ્રત' આ પ્રથમ પ્રકાર સમજાય છે. સામાન્યથી સાત

નયોનું સ્વરૂપ અહીં જણાવ્યું છે. વિસ્તારથી વિશેષ સ્વરૂપ તેના જ્ઞાતા એવા મહાત્માઓ પાસેથી સમજી લેવું જોઈએ.

ઘડાના વિષયમાં નૈગમાદિ નયોની માન્યતા એ છે કે દરેક પ્રકારના, દરેક ક્ષેત્રના, નાના કે મોટા, નામ સ્થાપના દ્રવ્ય કે ભાવ તેમ જ પોતાનો કે પારકાનો તે હોય, તો તે બધાય ઘડાને ઘડા તરીકે જણાવવાનું કાર્ય નૈગમનય કરે છે. પાણી વગેરે ભરવા માટે જે ઘડો કામ લાગે તેને જ ઘડો કહેવાનું કાર્ય વ્યવહારનય કરે છે. સંગ્રહ નય, ઘટજાતીય બધા જ ઘડાને એક જણાવે છે. પોતાના કામમાં આવતા વર્ત્તમાન ઘડાને જ ઘડો માનવાનું કાર્ય ઋજુસૂત્રનયનું છે. ઘટ શબ્દના અર્થને અનુસરનારા ઘડાને જ ઘડો, શબ્દ-સામ્પ્રતનય માને છે. એવા પણ ઘડાને કળશ, કુમ્ભ, ઘડીથી જુદો માનવાનું સમભિરૂઢનય જણાવે છે અને એ ઘડો પાણી વગેરેથી ભરેલો હોય એટલે પોતાનું કાર્ય કરતો હોય. ત્યારે જ તેને ઘડો માનવાનું એવંભૂતનય જણાવે છે..... ઇત્યાદિ નયના જ્ઞાતાઓ પાસેથી સમજી લેવું. અહીં માત્ર દિશાસૂચન કર્યું છે.

આ નયો પોતપોતાની અપેક્ષાને સ્પષ્ટ કરતી વખતે સાચા છે. પરન્તુ બીજા નયની માન્યતાનું નિરાકરણ કરવાના વિષયમાં તે નકામા-નિરર્થક છે. કારણ કે જે નય બીજા નયની વાતનું નિરાકરણ કરે તે નયની વાતનું નિરાકરણ પણ બીજો નય કરી શકે છે. એમ કરવામાં આવે તો અરસ-પરસ કોઈ પણ નયની વાત ટકી શકશે નહિ. સ્વાભિપ્રાયથી સ્વાભિમતની સિદ્ધિ થવાથી તે રીતે દરેક નયની વાત સિદ્ધ થઈ શકે છે. તેથી પરના નિરાકરણ માટે નયો નિરર્થક છે. દરેક નય સ્વાભિમતાર્થમાં મુખ્ય હોવા છતાં ગૌણસ્વરૂપે પરનયની વાતનો સ્વીકાર કરનારા છે. અન્યથા પરનયની વાતનો ગૌણસ્વરૂપે પણ સ્વીકાર ન કરે તો તે નય દુર્નય બને. આથી જ મધ્યસ્થ પુરુષો દરેક નયની વાતોને સમજ્યા પછી સમસ્વભાવમાં સ્થિર બને છે. તેઓ સમજે છે કે 'દરેક નયો પોતાના વિષયમાં મુખ્ય છે અને બીજાના વિષયમાં ગૌણ છે.' એ રીતે દરેક નયને એક જ સ્વરૂપે જોતા હોવાથી તેઓ સમશીલ(સમસ્વભાવી) બની રહે છે.

स मध्यस्थो महामुनिः - આ પદથી જણાવેલી વાત કોઈ પણ રીતે વિસ્મરણીય નથી. મહામુનિ જ ખરી રીતે મધ્યસ્થ રહી શકે છે. જેમને કોઈ પણ પ્રકારની પરસ્પૃહા નથી, તેઓશ્રી જ તત્ત્વદ્રષ્ટા છે. સંસારની કોઈ પણ ચીજની જેમને સ્પૃહા છે તેઓ તે તરફ ઢળ્યા વિના નહિ રહે. વિચિત્રતા તો એ છે કે એક તરફ ઢળી ગયેલા પાછા

મધ્યસ્થતાનો ડોળ કરતા હોય છે. એવા મધ્યસ્થોની સંખ્યા ખૂબ જ ઝડપથી વધતી ચાલી છે. એને આપણે અટકાવી ના શકીએ, પરન્તુ ચોક્કસ રીતે ઓળખી પણ ના શકીએ એવું નથી. અવાસ્તવિક અને વાસ્તવિક મધ્યસ્થોને ઓળખ્યા પછી વાસ્તવિક મધ્યસ્થો, વાસ્તવિક મધ્યસ્થની પ્રત્યે અને અવાસ્તવિક મધ્યસ્થની પ્રત્યે રાગ અને દ્વેષ કરતા નથી - તેનું કારણ જણાવાય છે :

**स्वस्वकर्मकृतावेशाः, स्वस्वकर्मभुजो नराः ।**
**न रागं नापि च द्वेषं, मध्यस्थस्तेषु गच्छति ॥१६-४॥**

''પોતપોતાના કર્મના ઉદયથી પરવશ બનેલા અને પોતપોતાના કર્મના વિપાકને ભોગવવાવાળા જીવો છે. મધ્યસ્થ (મહામુનિ) એવા મહાત્મા, તેઓને વિશે રાગને કે દ્વેષને પણ કરતા નથી.'' આશય એ છે કે મધ્યસ્થ એવા મહામુનિઓ તેઓશ્રીની કોઈ સ્તુતિ કરે કે હીલના કરે તોપણ રાગ કે દ્વેષ કરતા નથી. કારણ કે તેઓશ્રી સારી રીતે સમજે છે કે મોક્ષની સાધનામાં સ્તુતિ કે હીલના કરનારા કોઈ પણ રીતે સાધક કે બાધક થતા નથી. આપણી મોક્ષની સાધના માટે એનો કોઈ ઉપયોગ નથી કે અવરોધ નથી. તેથી તેઓશ્રી બંન્નેને વિશે મધ્યસ્થ(સમસ્વભાવ) રહે છે.

આવી જ રીતે બીજા બધાની પ્રત્યે પણ તેઓશ્રી મધ્યસ્થ બની રહે છે. કારણ કે એ બધા પણ પોતાની મોક્ષની સાધના માટે સહાયક કે અવરોધક બનતા નથી. કર્મવશ એ આત્માઓ પોતાના કર્મના વિપાકો ભોગવી રહ્યા હોય છે. તેમના થકી આપણને કશું મળતું નથી અને તેમના વિના આપણું કશું અટકતું નથી. મધ્યસ્થ-મહામુનિને સંસારમાં કશું જ જોઈતું ન હોવાથી અને બીજું બધું નડતું ન હોવાથી કોઈની પ્રત્યે રાગ-દ્વેષ થતા નથી, જેથી તેઓશ્રી મધ્યસ્થ બની રહે છે. આવી મધ્યસ્થતાને મેળવવા માટે મનને કેળવવું પડે છે. કારણ કે અનાદિકાળથી પરપદાર્થોને પામીને આ સારું અને આ ખરાબ, આ અનુકૂળ અને આ પ્રતિકૂળ તેમ જ આ શુભ અને આ અશુભ... ઇત્યાદિ રીતે પરના ગુણ અને દોષનું ગ્રહણ કરવામાં મન તત્પર છે. આવી અવસ્થામાં રાગ-દ્વેષનો પરિણામ થયા વિના ન રહે. તેથી મનને કેળવવાનો ઉપાય જણાવાય છે :

**मनः स्याद् व्यापृतं यावत्, परदोषगुणग्रहे ।**
**कार्यं व्यग्रं वरं तावन्, मध्यस्थेनात्मभावने ॥१६-५॥**

''જ્યાં સુધી પરપદાર્થોના દોષ અને ગુણને ગ્રહણ કરવામાં મન પ્રવૃત્ત હોય ત્યાં સુધી મધ્યસ્થ પુરુષે મનને આત્માની પરિભાવનામાં વ્યગ્ર(આસક્ત) બનાવવું શ્રેષ્ઠ છે.'' રાગદ્વેષથી મુક્ત બનવા માટે રાગદ્વેષના વિષયથી મનને દૂર રાખવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. રાગદ્વેષના વિષયભૂત ઇષ્ટાનિષ્ટ પરપદાર્થો છે, જેને આત્માની સાથે કોઈ સંબંધ નથી. આત્માથી તદ્દન વિલક્ષણસ્વભાવવાળા પર પદાર્થોને આત્મીય માનીને સતત એના જ ગુણદોષોને ગ્રહણ કરવામાં આપણું મન તત્પર હોય છે. નિરન્તર પરપદાર્થોની વિચારણામાં પ્રવૃત્તિશીલ એ મનનું ધ્યાન અન્યત્ર ખસેડવું જોઈએ. પરપદાર્થોથી અન્ય 'આત્મા' અને 'આત્મગુણો' છે. મધ્યસ્થ પુરુષે આત્મા અને તેના ગુણોના ધ્યાનમાં જ મનને વ્યગ્ર (કાર્યરત) રાખવું જોઈએ, જેથી મનને પરપદાર્થોની વિચારણા માટે અવકાશ જ ન રહે.

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યથી વિલક્ષણ એવો આત્મા છે. જ્ઞાન દર્શન ચારિત્ર અને વીર્ય વગેરે ગુણોનો એ સ્વામી છે. આવા આત્મતત્ત્વની પરિભાવના માટે બાર ભાવના, નવ તત્ત્વ, કર્મના બન્ધાદિનાં કારણો, નયનિક્ષેપાનું અધ્યયન મહામુનિ ભગવન્તો કરે છે તેમ જ દ્રવ્યાનુયોગના ગ્રન્થોનું પણ પરિશીલન તેઓ કરે છે. પરપરિણતિની હેયતાનું અને સ્વપરિણતિની ઉપાદેયતાનું ચિન્તન-મનન તેઓ કરે છે. જેથી મનને પરદોષગુણગ્રહણાદિ માટે સમય જ પ્રાપ્ત થતો નથી. આવા મધ્યસ્થ આત્માઓને જે રીતે જે ફળની પ્રાપ્તિ થાય છે - તે જણાવાય છે :

**विभिन्ना अपि पन्थानः समुद्रं सरितामिव ।**
**मध्यस्थानां परं ब्रह्म प्राप्नुवन्त्येकमक्षयम् ॥१६-६॥**

''જુદા જુદા પણ નદીઓના માર્ગો જેમ સમુદ્રને મળે છે, તેમ મધ્યસ્થોના જુદા જુદા પણ માર્ગો એક અક્ષય એવા પરમબ્રહ્મને મળે છે.'' લોકપ્રસિદ્ધ વાત છે કે બધી જ નદીઓ સમુદ્રમાં જઈ મળે છે. તે તે નદીઓના માર્ગ જુદા જુદા હોવા છતાં તે તે માર્ગે નદીઓ અન્તે સમુદ્રમાં જઈ મળે છે અર્થાદ્ નદીઓના તે તે માર્ગો સમુદ્રમાં મળે છે તેમ અહીં મધ્યસ્થ આત્માઓ અન્તે જુદા જુદા પણ માર્ગે એક અક્ષય એવા પરમ બ્રહ્મને પ્રાપ્ત કરે છે. અર્થાદ્ એ બધા માર્ગોની પૂર્ણતા પરમબ્રહ્મમાં થાય છે.

કેટલાક મધ્યસ્થ પુરુષો અપુનર્બન્ધક દશાને પામેલા હોય. કેટલાક સમ્યક્ત્વને પામેલા હોય. કેટલાક દેશવિરતિને પામેલા હોય. કેટલાક સર્વવિરતિને પામેલા

સ્થવિરકલ્પી કે જિનકલ્પી મહાત્માઓ હોય. આ બધા મહાત્માઓ જુદા જુદા માર્ગે રહેલા હોવા છતાં અન્તે બધા જ શ્રી કેવલજ્ઞાનસ્વરૂપ પરમબ્રહ્મને પ્રાપ્ત કરે છે. એ શ્રી કેવલજ્ઞાનનો ક્યારે ય ક્ષય થતો ન હોવાથી અક્ષયસ્વરૂપ છે અને તે એક જ સ્વરૂપવાળું હોવાથી એક છે. મધ્યસ્થ આત્માઓ અપુનર્બન્ધકાદિ અવસ્થા સ્વરૂપ જુદા જુદા માર્ગ ઉપર હોવા છતાં ઉત્તરોત્તર તે તે અવસ્થાઓને પામી પરબ્રહ્મસ્વરૂપ શ્રી કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

આ રીતે મધ્યસ્થ પુરુષો રાગ કે દ્વેષ વિનાના હોય છે તો તેઓ કોઈ એક જ ધર્માદિને માનનારા હોય અને બીજા બધા ધર્માદિનો ત્યાગ કરનારા કેમ હોય છે ? આવી પ્રવૃત્તિ તો પોતાની માન્યતાવાળા ધર્મ કે શાસ્ત્ર વગેરે પ્રત્યેના રાગને અને બીજાના ધર્મ કે શાસ્ત્ર પ્રત્યેના દ્વેષને જણાવનારી છે જે મધ્યસ્થ આત્માઓ માટે ઉચિત નથી - આવી શઙ્કાના સમાધાન માટે જણાવાય છે :

**स्वागमं रागमात्रेण, द्वेषमात्रात्परागमम् ।**
**न श्रयामस्त्यजामो वा, किन्तु मध्यस्थया दृशा ॥१६-७॥**

''રાગમાત્રથી પોતાના આગમનો અમે સ્વીકાર કરતા નથી તેમ જ માત્ર દ્વેષથી બીજાના આગમનો અમે ત્યાગ કરતા નથી. પરન્તુ મધ્યસ્થદૃષ્ટિ વડે વિચાર કરીને પોતાના આગમનો સ્વીકાર અને બીજાના આગમનો ત્યાગ અમે કરીએ છીએ.'' કહેવાનો આશય એ છે કે અમે જૈન કુળમાં જન્મ્યા છીએ. શ્રીતીર્થંકરપરમાત્મા અમારા દેવ છે. શ્રી ગણધરભગવન્તાદિ અમારા પૂ. ગુરુદેવ છે અને તેઓશ્રીએ બનાવેલાં-રચેલાં અમારાં શાસ્ત્ર છે - માટે એની પ્રત્યેના મમત્વ-રાગથી તેનો અમે સ્વીકાર કરતા નથી તેમ જ સાંખ્ય કે બૌદ્ધ વગેરે પ્રત્યેના દ્વેષને કારણે તે તે દર્શન-પ્રસિદ્ધ દેવ, ગુરુ કે શાસ્ત્રોનો અમે ત્યાગ કરતા નથી.

પરન્તુ સ્વપરદર્શનપ્રસિદ્ધ દેવ ગુરુ કે શાસ્ત્રનો, મધ્યસ્થ દૃષ્ટિ વડે ક્રમશઃ સ્વીકાર અને ત્યાગ કરીએ છીએ. સ્વપર આગમની કષ છેદ અને તાપ વડે સુવર્ણની જેમ પરીક્ષા કરીને જે શુદ્ધ જણાયું, તેનો સ્વીકાર કર્યો અને જે અશુદ્ધ જણાયું તેનો ત્યાગ કર્યો. પૂરતા પ્રમાણમાં વિધિ અને નિષેધને ફરમાવનારાં વાક્યો (વચનો) જેમાં છે, તે આગમ(શાસ્ત્ર) કષશુદ્ધ છે. વિધિ અને નિષેધના વિષયમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ માટેના જે જે ચોક્કસ ઉપાયો છે, તેનું ચોક્કસ વર્ણન જેમાં છે, તે આગમ

છેદશુદ્ધ છે અને એ પ્રવૃત્તિ કે નિવૃત્તિ તેમ જ તેનું ફળ જેમાં સંગત થઈ શકે છે, તે આગમ તાપશુદ્ધ છે. તાપથી જે આગમ શુદ્ધ ન હોય, તે આગમ કષ અને છેદથી શુદ્ધ હોય તોપણ તે અશુદ્ધ જ છે. કસોટીના પથ્થર ઉપર ઘસવાથી કે તોડવાથી સુવર્ણ જણાતું હોય તોપણ તપાવ્યા પછી શુદ્ધ ન જણાય તો તે અશુદ્ધ જ છે. સમજી શકાય છે.

અહિંસાદિ ધર્મ આચરવો જોઈએ... ઇત્યાદિ સ્વરૂપ વિધિવાક્યો અને હિંસા વગેરે સ્વરૂપ અધર્મ આચરવો ના જોઈએ... ઇત્યાદિ સ્વરૂપ નિષેધવાક્યો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય તેમ જ તે ધર્મના પાલન માટે અને અધર્મના પરિહાર માટે જે જે ઉપાયો સેવવા જોઈએ તે ઉપાયો પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય પરન્તુ આત્માદિ પદાર્થોને એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય માની લેવાથી ધર્મના આચરણનું અને અધર્મની નિવૃત્તિનું ફળ જ આત્માને મળે એ શક્ય નથી. કારણ કે આત્માદિને એકાન્તે નિત્ય માનવામાં આવે તો તેના સ્વભાવમાં સહેજ પણ ફેરફાર નહિ થાય. કાં તો તે સદા મુક્ત છે અને કાં તો તે સદા બદ્ધ છે – એમ જ માનવાનો પ્રસંગ આવશે. તે અનાદિથી બદ્ધ હતો અને હવે મુક્ત થયો : આ રીતે સ્વભાવનું પરિવર્તન માની શકાશે નહિ. આવી જ રીતે આત્માદિને એકાન્તે અનિત્ય માનવામાં આવે તો કરેલા કર્મના ફળને પામતાં પૂર્વે તેનો જ નાશ થવાથી પરલોકમાં કે આ લોકમાં આત્મા ફળને પામવા જ નહિ પામે.... ઇત્યાદિ રીતે, જૈનદર્શનને છોડીને બીજાં દર્શનો એકાન્તવાદાદિને લઈને તાપથી અશુદ્ધ છે. તાપથી જણાતી અશુદ્ધિમાં કષ કે છેદની શુદ્ધિ કોઈ જ કામની નથી. આવી રીતે મધ્યસ્થ દષ્ટિથી વિચારીને જૈન શાસ્ત્રોનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને જૈનેતર શાસ્ત્રોનો ત્યાગ કરવામાં આવ્યો છે. શુદ્ધ અને અશુદ્ધ : બંન્નેને વિશે રાગ અને દ્વેષ ન કરવો – એ માધ્યસ્થ્ય છે. પરન્તુ બંન્નેને એક સરખા માનવા : એ માધ્યસ્થ્ય નથી, પણ તે અવિવેક છે. શુદ્ધને શુદ્ધ જાણીને તેનો સ્વીકાર કરવો અને અશુદ્ધને અશુદ્ધ જાણી તેનો ત્યાગ કરવો, એ જ વાસ્તવિક રીતે માધ્યસ્થ્ય છે. ગોળ અને ખોળને એક માને : તે માધ્યસ્થ્યને જણાવતું નથી, પણ અવિવેકને જણાવે છે. આ પ્રમાણે અશુદ્ધનો ત્યાગ કરવા છતાં અને શુદ્ધનો સ્વીકાર કરવા છતાં અશુદ્ધ પ્રત્યે દ્વેષ ન હોવાથી અને શુદ્ધ પ્રત્યે રાગ ન હોવાથી મધ્યસ્થ બુદ્ધિને લઈને સર્વત્ર હિતબુદ્ધિ ટકી રહે છે – તે જણાવાય છે :

**मध्यस्थया दृशा सर्वे-ष्वपुनर्बन्धकादिषु ।**
**चारिसञ्जीवनीचार-न्यायादाशास्महे हितम् ॥१६-८॥**

"અપુનર્બન્ધકદશાદિને પામેલા બધા ય જીવોને વિશે 'ચારિસંજીવની ચાર' ના ન્યાયે મધ્યસ્થદષ્ટિ વડે અમે હિતને ઈચ્છીએ છીએ." આશય એ છે કે અપુનર્બન્ધકદશાને પામેલા જીવો, માર્ગાનુસારી, માર્ગપતિત તેમ જ અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર એવા બધા જીવોને તેમની યોગ્યતા (ભૂમિકા) પ્રમાણે હિતની પ્રાપ્તિ થાય : એવી ઈચ્છા મધ્યસ્થદષ્ટિવાળાને હોય છે.

દરેકનો આત્મા અનાદિથી સહજસિદ્ધ શુદ્ધ સ્વભાવવાળો હોવા છતાં તેના કર્મના યોગે તે શુદ્ધસ્વભાવ તિરોહિત હોવાથી કર્મના યોગે આત્મા જુદી જુદી અવસ્થાઓને પામે છે. જેટલા અંશમાં આત્માના શુદ્ધ સ્વભાવનો આવિર્ભાવ થાય છે, તેની અપેક્ષાએ આત્માને તેટલા અંશે હિતની પ્રાપ્તિ થાય છે. જેમ રોગીને જોઈને દ્વેષ થતો નથી કે નથી તો નીરોગીને જોઈને રાગ થતો. તેમ અહીં પણ મધ્યસ્થ આત્માને કર્મના રોગીને જોઈને દ્વેષ થતો નથી તેમ જ કર્મના વિયોગીને જોઈને રાગ થતો નથી પણ બંન્ને સ્થાને હિતની દષ્ટિ જળવાયેલી હોય છે. જીવની ભૂમિકાને અનુરૂપ તે તે જીવોનું હિત કરવા માટે મધ્યસ્થ પુરુષો ચારિસંજીવનીચારન્યાયે તત્પર હોય છે.

કોઈ એક સ્ત્રીએ પોતાને સ્વાધીન રહે-એ માટે ઔષધી ખવરાવીને પોતાના પતિને બળદ બનાવેલો. પાછળથી તેણીને ઘણું દુ:ખ થયું. બળદને ફરી પાછો માણસ બનાવવાના ઉપાયને જાણતી ન હોવાથી બળદને ચારો ચરાવવા તે લઈ જાય છે. એકવાર વિદ્યાધર યુગલની વાત સાંભળીને તેણીને ખબર પડી કે આ વૃક્ષની નીચે રહેલી સંજીવની ચરાવવાથી આ બળદ પાછો માણસ થઈ જશે. તેથી તે સ્ત્રીએ સંજીવનીનું જ્ઞાન ન હોવાથી તે વૃક્ષની પાસેનો બધો જ ચારો બળદને ચરાવ્યો. એમ કરતાં એકવાર ચારાના ભેગી સંજીવની પણ ચરાવવામાં આવી. તેથી તે બળદ ફરી પાછો માણસ બની ગયો. આ રીતે ચારો ચરાવવાથી પણ બળદનું જે હિત થયું તે 'ચારિસંજીવનીચારન્યાય' છે. બળદમાંથી માણસ બનાવવા માટેનો આ ન્યાય છે. માણસને બળદ બનાવવા માટે આ ન્યાય નથી. અજ્ઞાનીને જ્ઞાની બનાવવા માટે આ ન્યાયનો ઉપયોગ કરવાનો છે. અપુનર્બન્ધકાદિ દશાને પામેલા જીવોને માર્ગાભિમુખાદિ સ્વરૂપ બનાવવાનો મધ્યસ્થદષ્ટિનો પ્રયાસ છે.... અન્તે આવા પ્રકારની વાસ્તવિક માધ્યસ્થ્યદષ્ટિને કેળવવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.

**॥ इति श्रीज्ञानसारप्रकरणे षोडशं माध्यस्थ्याष्टकम् ।**

